

# અમૃતપુત્ર

સૌ. રાજલક્ષ્મી દેશપાંડે

# ॥ અમૃતપુત્ર ॥

પરમ ભાગવદીય પરમાત્મસ્વરૂપ
શ્રીમત્ સ્વામી ચિદાનંદ સરસ્વતીજીનું
જીવન કથામૃત

લેખિકા
**સૌ. રાજલક્ષ્મી દેશપાંડે**

સંપાદન અને અનુવાદ
**સ્વામી અધ્યાત્માનંદ**

**શ્રી સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞનિધિ**
**દિવ્ય જીવન સંઘ, અમદાવાદ**

**અમૃતપુત્ર**
સૌ. રાજલક્ષ્મી દેશપાંડે

**AMRITPUTRA**
Mrs. Rajlaxmi Deshpande

પ્રકાશક :
શ્રી સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞનિધિ
દિવ્ય જીવન સંઘ, અમદાવાદ

કાર્યાલય :
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫

ફોન : ૦૭૯-૨૬૮૬૧૨૩૪, ફેક્સ : ૨૬૮૬૨૩૪૫
E-mail : Sivananda_ashram@yahoo.com
website : http//www.divyajivan.org
પ્રથમ આવૃત્તિ પ્રત-૩૦૦૦
કિંમત રૂા. ૧૦૦/-

શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મીભવન અને શ્રી સ્વામી ચિદાનંદ યોગ ધ્યાન મંદિરના એકાદશમા પાટોત્સવ તથા પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ૬૭મા પ્રાકટ્યપર્વ પ્રસંગે મુદ્રિત

મુદ્રક :
પ્રિન્ટ વિઝન પ્રા. લિ.
પ્રિન્ટ વિઝન હાઉસ
આંબાવાડી બજાર, અમદાવાદ-૩૮૦૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૪૦૫૨૦૦, ૨૬૪૦૩૩૨૦



# અમૃતપુત્ર

બૃહદ મુંબઈના શિવાનંદ પરિવાર દ્વારા લોનાવલા-ખંડાલા ખાતે સાધના શિબિરમાં વર્ષો પૂર્વે આદરણીયા માતૃસ્વરૂપ અ.સૌ. રાજલક્ષ્મી દેશપાંડેએ મૂળ મરાઠી 'અમૃતપુત્ર'ના થોડા ફકરાઓ વાંચ્યા હતા. તે લખાણ એટલું બધું હૃદયસ્પર્શી હતું કે સૌની આંખો ભીની થયેલી. પછી આ પુસ્તકનો તેમણે હિન્દીમાં પણ અનુવાદ કર્યો. હવે આપણે અહીં ગુજરાતીમાં અનુવાદ અ-મરાઠીભાષી ભક્તોની સેવાર્થે પ્રકાશિત કરતાં હર્ષ અનુભવીએ છીએ.

શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે સાંગલીના આદરણીય નાઈક સાહેબનાં સુપુત્રી છે. તેમનો સંબંધ મોટા ભાગે શિવાનંદ આશ્રમ સાથે 'ધી ડિવાઈન લાઈફ પત્રિકા'થી જ રહ્યો છે. આશ્રમમાં થતી પ્રવૃત્તિઓ અને ગતિવિધિઓની વાતો હવામાં તેમને કાને પડ્યા કરતી હતી. આમ તેમના હૃદયમાં કલ્પનાનું એક સામ્રાજ્ય ખડું થતું હતું. તેથી મૂળ મરાઠી અને પછી હિન્દી ભાષાંતરમાં તથ્યો ઓછાં અને કલ્પના વધુ ઊભરાતી હતી. હવે આ ગુજરાતી ભાષાંતરમાં બને તેટલો શક્ય પ્રયત્ન કરીને સત્ય હકીકતો અને ઠોસ સત્યને પ્રસ્તુત કરવાનો વિનમ્ર પ્રયત્ન કર્યો છે.

મૂળ પુસ્તક અને હિન્દી ભાષાંતર પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજના દેહવિલયના છ વર્ષ પૂર્વે પ્રકાશિત થયાં હતાં, તેથી પૂજ્ય સ્વામીજીના અંતિમ દિવસોનું પ્રકરણ સંક્ષિપ્તમાં આ પ્રકાશનમાં સામેલ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન શ્રી ગુરુ મહારાજ પ્રત્યેની એક માત્ર ભક્તિનું સ્તુત્ય પગલું હોઈ તેને શ્રી સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિએ માત્ર દસ રૂપિયાના 'ટોકન મૂલ્ય' ન્યોચ્છાવરમાં જ આપવાનું નક્કી કર્યું છે, તેનો આનંદ છે.

'અમૃતપુત્ર'નું વાંચન શ્રી ગુરુ ભગવાનની સાથે સત્સંગ કરાવે છે, ક્યારેક આનંદે હિંચોળે છે, તો ક્યારેક આંખો પણ ભીની કરે છે,

કરાવે છે. આ પુસ્તક શ્રી સદ્‌ગુરુદેવનાં પ્રત્યક્ષ પુનઃ દર્શનનો આનંદ અર્પી રહે છે, તેનો આનંદ છે, માટે જ પ્રકાશિત છે.

આદરણીય ડૉ. મફતલાલ જે. પટણી સાહેબ હવે તેમની જીવન યાત્રાનાં નેવુમાં વર્ષમાં પ્રવેશ્યા છે. શારીરિક અનેક દુવિધાઓ વચ્ચે તેમણે સમગ્ર પુસ્તકનું પ્રૂફરિડીંગ કર્યું છે, તેમના આપણે સૌ સદૈવ આભારી રહીશું. ઈશ્વરઅનુગ્રહ અને ગુરુકૃપાનું વરદાન આ પુસ્તકના મુદ્રણ સાથે સંકળાયેલા સૌ મુમુક્ષુઓનું બહુવિધ મંગલ કરે એ જ અભ્યર્થના.

સાદર જય ચિદાનંદ સાથે,

શ્રી ગુરુચરણાશ્રિત,
સેવક
સ્વામી અધ્યાત્માનંદ
ૐ

ચૈત્રી પૂર્ણિમા
તા.૧૮-૪-૨૦૧૧
શિવાનંદ આશ્રમ,
અમદાવાદ.



# સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતી (૧૯૧૬-૨૦૦૮)

| | | |
|---|---|---|
| જન્મ | : | દક્ષિણ ભારતમાં કર્ણાટકમાં સુખી જમીનદાર કુટુંબમાં જન્મ. |
| નામ | : | શ્રી શ્રીધરરાવ, પિતા : શ્રીનિવાસ, માતા : સરોજિનીદેવી |
| શિક્ષણ | : | બાળપણથી જ પ્રભુ પ્રત્યે પ્રેમ. અધ્યાત્મમાર્ગમાં રુચિ. સ્નાતક થયા. |
| વિકાસ | : | અંતઃપ્રેરણાથી હૃષીકેશ ગયા. સ્વામી શ્રી શિવાનંદજીના શિષ્ય બન્યા. જનસેવાને પ્રભુસેવા માની રક્તપિત્ત જેવા ચેપી રોગોના દરદીઓની સેવા કરી. આશ્રમમાં યોગ મ્યુઝિયમ સ્થાપ્યું. યોગવેદાંત અરણ્ય એકેડમીના ઉપકુલપતિ બન્યા. |
| ૧૯૪૯ | : | સંન્યસ્ત દીક્ષા |
| ૧૯૫૦ | : | અખિલ ભારતયાત્રા |
| ૧૯૬૦ | : | અમેરિકાની યાત્રા |
| ૧૯૬૩ | : | દિવ્ય જીવન સંઘ, 'Divine Life Society'ના પ્રમુખ તરીકે વરણી. |
| ૧૯૯૧ | : | દિવ્ય જીવન સંઘના મુખ્ય મથકના શિવાનંદ આશ્રમ (હૃષીકેશ) તથા સંઘની શાખાઓમાં તા.૨૪-૮-૧૯૯૧ના દિને પૂ. સ્વામીજીના ૭૫મા જન્મદિન (અમૃત મહોત્સવ)ની ઉજવણી કરવામાં આવી. |
| ૧૯૯૧-૨૦૦૦ | : | દસ વર્ષના આ ગાળાને દિવ્ય દશક તરીકે જાહેર કર્યો અને તે દરમિયાન માનવ ઉત્થાનની વિવિધ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. |
| ૨૦૦૦ | : | મિલેનિયમ સત્રની પ્રથમ ઉજવણી તા.૩૦-૩૧ ડિસેમ્બર ૧૯૯૯ના દિનોમાં મુંબઈમાં અને દ્વિતીય ઉજવણી તા. ૧-૨ જાન્યુઆરી ૨૦૦૦ના દિનોમાં કટક (ઓરિસ્સા)માં કરવામાં આવી. |
| ૨૦૦૨ | : | છેલ્લા સાત વર્ષોથી શાંતિસદન-દહેરાદૂન ખાતે શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના વિશાળ શિષ્ય અને ભક્ત સમુદાયના આત્મકલ્યાણ તથા આત્મોન્નતિ માટે સતત સાધના નિરત એકાંત જીવનયાપન. |
| ૨૦૦૮ | : | તા.૨૮-૮-૨૦૦૮ મહાનિર્વાણ. |

# સ્વામી શ્રી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિ

**દિવ્ય જીવન સંઘ, નવરંગપુરા શાખા, અમદાવાદ.**

પ્રાતઃસ્મરણીય બ્રહ્મલીન સ્વામી શ્રી શિવાનંદ મહારાજનું માત્ર સ્મરણ પણ એક નવચેતના જગાવે છે. તેમનો દિવ્ય ઉપદેશ આપણી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. મૂળ અંગ્રેજીમાં લખાયેલી આ દિવ્ય વાણી ગુજરાતીમાં પણ નિયમિત રીતે મળી રહે તે હેતુથી ''સ્વામી શ્રી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિ''ની સ્થાપના કરવામાં આવી છે. આ યોજનાને પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજની મંજૂરી અને અમોઘ આશીર્વાદ સાંપડ્યા છે.

**પૂજ્ય શ્રી ચિદાનંદ મહારાજના આશીર્વાદ**

પવિત્ર આત્મા,

જય ગુરુદેવ, તમે તૈયાર કરેલી શતાબ્દી જ્ઞાનયજ્ઞ પ્રચારની અદ્‌ભુત યોજના વાંચી ખૂબ આનંદ થયો. નિધિના વ્યાજમાંથી આમ જ્ઞાનયજ્ઞ દ્વારા લોકસેવા થઈ શકશે. આ એક કાયમી ભંડોળ હોવાથી શતાબ્દી પછી ભવિષ્યમાં પણ આ પ્રવૃત્તિ ચાલુ રહેશે. આ એક ઉત્તમ યોજના છે. તેને હું સંપૂર્ણ સફળતા અને સિદ્ધિ ઇચ્છું છું. પ્રભુની દૈવી કૃપા અને ગુરુદેવના આશીર્વાદ તમારી યોજનાને તમામ પ્રકારે સંપૂર્ણ સફળતા બક્ષે. ગુરુદેવના ઉપદેશોના અસરકારક વિતરણ માટે કાળજીપૂર્વક યોજના તૈયાર કરો. જય હો.

તા. ૧૭-૮-૮૫ **સ્વામી ચિદાનંદ ૐ**



# વિશ્વ પ્રાર્થના

ઓ સ્નેહ અને કરુણામૂર્તિ પૂજ્ય પ્રભુ !
તને નમસ્કાર હો ! નમસ્કાર હો !
તું સચ્ચિદાનંદઘન છે,
તું સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશક્તિમાન છે.
તું સર્વાન્તર્યામી છે.
અમને ઉદારતા, સમદર્શિતા અને સમતા આપ.
શ્રદ્ધા, ભક્તિ અને ડહાપણ આપ.
અમને આધ્યાત્મિક અંતઃશક્તિ આપ, કે જેથી
અમે વાસનાઓનું દમન કરી મનોવિજેતા બનીએ.
અમને અહંકાર, કામ, ક્રોધ, લોભ અને દ્વેષથી મુક્ત કર.
અમારું હૃદય દિવ્ય ગુણોથી ભરી દે.
બધાં જ નામ રૂપોમાં તારું જ દર્શન કરીએ.
બધાં જ નામ રૂપોમાં તારી જ સેવા કરીએ.
હંમેશા તારું જ રટણ કરીએ, તારું જ સ્મરણ રહે.
તારો જ મહિમા ગાઈએ.
કેવળ તારું જ પાપનાશક નામ અમારા હોઠ પર રહે.
અમે તું માં જ સ્થિર થઈએ.

**હરિ : ૐ તત્સત્**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રાક્કથન, પૂર્વજો અને પ્રાકટ્ય | ૧ |
| ૨. | બાળપણ, અભ્યાસ અને અધ્યાત્મપ્રવેશ | ૧૧ |
| ૩. | સાહિત્ય, શિવાનંદ અને ગૃહત્યાગ | ૩૧ |
| ૪. | મુક્ત ગગનની ઉડાન અને સદ્‌ગુરુશરણ | ૪૬ |
| ૫. | નાગપુર યાત્રા, સંન્યાસ અને સેવાકાર્ય | ૬૦ |
| ૬. | દિવ્ય જીવન - દેશ અને પરદેશ | ૭૫ |
| ૭. | પરિવ્રાજક ચિદાનંદ અને સદ્‌ગુરુદેવનું મહાપ્રયાણ | ૯૭ |
| ૮. | અધ્યક્ષપદ અને દરિયાપારના દેશોમાં | ૧૨૨ |
| ૯. | ભારત આગમન, ઈવૉન અને ‘NO’ | ૧૪૪ |
| ૧૦. | સેવાનાં મૂર્ત - વિવિધ સ્વરૂપ | ૧૬૧ |
| ૧૧. | શિવાનંદ જન્મ શતાબ્દી અને ડિવાઈન લાઈફ પ્રથમ આંતરરાષ્ટ્રીય સમ્મેલન | ૧૮૯ |
| ૧૨. | સ્વામી કૃષ્ણાનંદજીનું મહાપ્રયાણ અને સ્વકીય પ્રયાણનાં એંધાણ | ૨૦૮ |
| ૧૩. | દહેરાદૂનમાં બ્રહ્મલીન | ૨૧૯ |

૧

# પ્રાક્કથન, પૂર્વજો અને પ્રાકટ્ય

## [૧]

પ્રભાતની શાંત અને પ્રસન્ન વેળા હતી. ગંગા શાંતિથી વહી રહી હતી. ગંગાને કિનારે એક ભવ્ય શિલાખંડ ઉપર એક કાષાય વસ્ત્રધારી કૃષકાય સંન્યાસી ધ્યાનમગ્ન હતા. સમગ્ર વિશ્વ પણ આ સંન્યાસીની પ્રગાઢ શાંતિસમ્પન્ન સમાધિમાં ખલેલ ન પડે માટે શાંતિ જાળવવા જાગૃત હતું. પક્ષીઓનો કલરવ નિઃશબ્દ હતો અને ગંગાનો ખળખળ નિનાદ નિતાંત શાંતપણે વહી રહ્યો હતો. આ નિઃસ્તબ્ધતામાં જ સમય પણ સ્થિર થઈ ગયો હતો. સૂરજથી પણ વિશેષ તેજસ્વી પરંતુ અણુમાત્ર પણ દાહકતા વગર શીતળ શાંત સ્વસ્થ આ જ્ઞાનરવિનાં દર્શન કરવા માટે નભોમંડળમાં ઉષા અવતરી રહી હતી. ત્યાં ધીરે ધીરે પક્ષીઓનો કલરવ મુખરિત થયો. સંન્યાસીનાં નેત્રકમળ ધીરે ધીરે ખૂલ્યાં. તેણે હાથ જોડ્યા. પોતાના મધુર સ્વરે; સ્પષ્ટ ઉચ્ચારણ સાથે પ્રાર્થના કરી.

**હે પ્રભો ! મને શાંતિનું વાહન બનાવ.**<br>
**જ્યાં ઘૃણા હોય; ત્યાં સ્નેહ સિંચન કરું;**<br>
**જ્યાં આઘાત હોય; ત્યાં ક્ષમા**<br>
**જ્યાં વિસંવાદ હોય; ત્યાં એકાત્મતા**

**જ્યાં શંકા હોય; ત્યાં શ્રદ્ધા**
**જ્યાં નિરાશા હોય; ત્યાં વિશ્વાસ**
**અને જ્યાં દુઃખ હોય ત્યાં શાશ્વત ચિરંતન આનંદ.**
**હે સર્વશ્રેષ્ઠ પ્રભો; વરદાન આપો કે**
**હું એટલી પણ આશા ન રાખું; સાંત્વનાની કે**
**જ્યાં સાંત્વના કરવાની હોય,**
**જેટલી સમજ લોકો કરે, તેથી વિશેષ સમજી લેવાનું, કારણ કે**
**બીજાઓને આપવામાં જ અમોને કંઈક મળે છે;**
**બીજાઓને ક્ષમા આપવામાં જ અમોને ક્ષમા મળે છે અને મૃત્યુથી જ અમને ચિરંતન જીવન પ્રાપ્ત થાય છે.''**

'સેન્ટ ફ્રાન્સિસ' ! પશ્ચિમનો વાયરો બોલ્યો !

'ઈસુ' ! આફ્રિકન દેશોએ કહ્યું !

'પરવર દિગાર' ! અરે ! આ તો ખુદા !' ઈસ્લામી રાષ્ટ્રો બોલ્યાં !

'જી ના ! આ તો સ્વામી ચિદાનંદ' ગંગા સમગ્ર વિશ્વમાં કહી રહી હતી.

'એ તો ભારતના સંત ! સ્વામી ચિદાનંદ ! ફરીથી આ પુણ્યભૂમિ ભારતમાં પ્રભુનું પરમ પવિત્ર પ્રાગટ્ય થયું. ૮૪ વર્ષ વીત્યાં. હું કેટલી ખુશનસીબ કે મારાં હુંફાળાં તટ પર તમોએ નિવાસ કર્યો. પરંતુ ધન્ય તો તે નેત્રવતી છે કે જેના તટે તમારાં સુકોમળ ચરણોએ પા પા પગલી કરી. એ ૮૪ વર્ષ જૂનાં પવિત્ર સંસ્મરણો કે જે નેત્રાવતીને તટે ખેલાયાં તેને ગંગા વાગોળતી રહી...'

## [૨]

ભાદરવા વદ બારસનો એ દિવસ. વર્ષાઋતુનાં વાદળો પાસેથી આકાશે પણ તે કૃષ્ણ વર્ણ માગી લીધો હતો. મેંગલોરમાં નેત્રાવતી કલકલ નિનાદ સાથે વહી રહી હતી, અને પોતાને જ કિનારે ઊભેલ 'મનોહર વિલાસ' અટ્ટાલિકા પર આંખ માંડીને દેખી રહી હતી.

આ પુનિત ભવનમાં સરોજિનીદેવી પ્રસૂતિ વેદનાથી પીડિત હતાં.

અને એ પવિત્ર પળનો ઉદય થયો. વાદળોના ઘૂંઘટને હટાવીને



સૂરજને ધરતી ભણી મીટ માંડી. આ પુણ્ય પ્રસાદની ચોપાસ મંદ મંદ પવન વહી રહ્યો હતો. સમગ્ર વાતાવરણ પુલકિત હતું... સવારના દસ વાગીને પાંત્રીસ મિનિટનો સમય હતો. અને અંતઃપુરમાંથી નવજાત શિશુનાં રૂદનનો અવાજ આવ્યો. પરંતુ પ્રસૂતાના કક્ષની બહાર ઊભેલ શ્રી શ્રીનિવાસજીએ તો અનુભવ્યું કે ચોપાસથી અગણિત ૐકારનું ગુંજન થઈ રહ્યું છે. પ્રસૂતાની સહાયકે એક કમળ સમાન કોમળ બાળકને માતા સરોજિનીદેવીની બાજુમાં સુવરાવ્યું. ક્ષણભર તો માતા ભાવવિભોર થઈ ગયાં, જાણે કે કૌશલ્યાજીએ શ્રીરામનાં દર્શન કરીને આત્મીય આહ્‌લાદકતા કેમ ન અનુભવી હોય ? પરંતુ તેમની થાકેલી અને હર્ષસભર આંખોની પાંપણો સહેજે ઢળી ગઈ... અને નેત્રાવતીનો વેગ સાગર ભણી વધ્યો. તે કહેવા માગતી હતી... 'અરે ! આવા તો સાત સાગર પાર જેનું નામ આકાશને આંબવાનું છે, તેનું પ્રાકટ્ય થયું છે. ૨૪ સપ્ટેમ્બર, ૧૯૧૬ (તા.૨૪-૯-૧૯૧૬)નો આ ધન્ય દિવસ દિવ્ય જીવનનો દિવ્ય સંદેશવાહક બન્યો.

ધન્ય પળોની ધન્યતા વધતી ચાલી. શ્રીનિવાસરાવ સરોજિનીદેવીના કક્ષમાં આવ્યા. તેમનો ચહેરો શાંત પરંતુ તૃપ્ત હતો. હજુ સુધી મોતીઓની લડીઓ જેવાં પ્રસ્વેદ બિંદુ ચળકતાં હતાં. નવ માતૃત્વ પ્રાપ્ત જનનીનાં સૌંદર્ય ઉપર હવે માતૃત્વના ભારનાં દર્શન થતાં હતાં. શ્રીનિવાસજીને દેખીને તેમણે ઉઠવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમને બેઠાં ન થવા માટે હાથોથી જ ઈશારો કરી શ્રીનિવાસજીનાં ડગ નવજાત શિશુ ભણી આગળ વધ્યાં. માતાની કોખમાં ચંદ્રમાનો ટુકડો પડ્યો હોય તેવું આહ્‌લાદક દર્શન હતું. તેમણે પોતાના પુત્રને મન ભરીને જોયો. અને સત્વરે જ તેઓ સુવિખ્યાત જ્યોતિષીને ત્યાં ગયા. જનમકુંડળી કરો તાત !

જ્યોતિષીએ ટીપણું ખોલ્યું. લેખાં માંડ્યાં ! વારંવાર એકની એક ગણતરી ફરી ફરીને કરવા લાગ્યા ! તેના પ્રભાવશાળી મુખારવિંદ પર ન કળાય તેવી રેખાઓ આટાપાટા રમતી હતી.

'કેમ ? શું થયું ?'

'આ અપાર વૈભવશાળી પરિવારનો આ બાળક યોગી થશે.

વૈભવ-વિલાસનો ત્યાગ કરશે. માટે જ વિચારું છું કે ક્યાંય ભૂલ તો નથી થતી ને ?... પણ... ના... ના... ભૂલ નથી જ... કારણ કે આ ત્રીજા ઘરમાં રાહુ, છઠ્ઠા ઘરમાં ગુરુ, શુક્ર અને શનિ અને કેતુ નવમા ઘરમાં છે... આ બધાં તો જીવનમુક્ત મહાપુરુષનાં લક્ષણ છે. પ્રભો ! આપને ત્યાં એક મહાન સંતનું અવતરણ થયું છે. મારો વરસો જૂનો અનુભવ અસત્ય નહીં ઠરે ! 'શ્રીરામ' એમ કહીને શ્રીનિવાસરાવે નેત્રો બંધ કરી લીધાં.

તેમણે આ વાત સરોજિનીદેવીને પણ કરી. તેઓ બંને દિવ્ય માતૃત્વ અને પિતૃત્વનો આનંદ માણતાં રહ્યાં. સરોજિનીદેવીએ પોતાના અક્ષરોમાં કુંડળીની પ્રતિલિપી તૈયાર કરી. દેવનાગરી લિપીમાં મોતી જેવા મરોડદાર અક્ષરો જ્યારે કાગળ ઉપર આકાર લેતા હતા ત્યારે તેમના મનમાં અનેક શમણાં સાકાર થઈ રહ્યાં હતાં... 'આ મારો લાલ ! સમગ્ર વૈભવ, સુખ-સાહેબીનો ત્યાગ કરશે. પરંતુ તેનો ગમ નથી. હા ! વૈભવ તો મારા પિતાશ્રીને ત્યાં પણ છે, અને શ્વસુર પક્ષે પણ ! પરંતુ પરિવારોમાં કોઈને પણ આ વૈભવનો મોહ નથી. સૌનાં જીવન કમળપત્ર સમાન અલિપ્ત છે ! શુદ્ધ ! નિર્મળ !!!

'મનોહર વિલાસ' તેમનું પિતૃગૃહ હતું. રાજપ્રાસાદ જેવું ભવ્ય. અહીં કોઈ પણ વસ્તુની ખોટ ન હતી. લક્ષ્મીજી અત્રે આઠેય પ્રહર આનંદે હિંડોળતાં હતાં. તેમના દાદાજીનો વ્યાપાર વિપુલ હતો. કોફીના બગીચાઓની લખલૂટ જમીનદારી હતી. તે છલકતી પ્રકૃતિનાં અષ્ટધા સ્વરૂપનાં દર્શન કરીને આંખો તૃપ્ત થતી હતી. દાદાજી પછી આ બધો વૈભવ તેમના આદરણીય પિતાશ્રી શ્રીનેલ્લીકાઈ વેંકટરાવજીને મળ્યો. સરોજિનીદેવી સમક્ષ જાણે કે પ્રસંગોની હારમાળા સર્જાઈ. તેમના પિતાશ્રીની લોકપ્રિયતા અપાર હતી. તેઓ મેંગલોરની મહાનગરપાલિકાના ત્રણવાર મહાપૌર બન્યા હતા. તેમનાં ઘરમાં યુરોપિયન લોકોની મોટી અવરજવર રહેતી. પોર્ટુગાલના, ડચ અને બીજા બધા બહુ ગોરાઓ તેમને ત્યાં આવતા જતા. સરોજિનીદેવીનું શિક્ષણ પણ અંગ્રેજી માધ્યમમાં થયું હતું. માત્ર આટલું જ યાદ આવતાં તેમના કાનોમાં શાળાના



પિયાનોના સ્વર ગુંજવા લાગ્યા. તેઓ બહુ જ સૂરીલા કંઠે ગાયન ગાતાં અને પિયાનો વગાડતાં. જ્યારે તેમના ઘેરા ગંભીર અવાજમાં તેઓ અંગ્રેજી પ્રાર્થનાઓ ગાતાં ત્યારે ઈસુનાં દેવળના પવિત્ર ગિરીજાઘરનો મધુર ઘંટારવ કે મસ્જિદની આજાન અથવા તો હિન્દુ મંદિરોના શંખનાદની પવિત્રતાની લહેર આવતી હોય તેવો દિવ્ય અનુભવ થતો. અંગ્રેજી શિક્ષણ સાથે અંગ્રેજી રમતગમત ટેનિસ રમવાનો પણ તેમને જબરો શોખ હતો.

પરંતુ આ પાશ્ચાત્ય વાતાવરણનો ઉછેર હોવા છતાં તેઓ આપણી સંસ્કૃતિ અને સંસ્કારથી વિમુખ નહોતાં થયાં. તેનું પ્રમુખ કારણ હતું તેમના માતા-સુંદરમ્મા. કેટલાં ધાર્મિક અને પવિત્ર ચારિત્ર્યનાં મૂર્તિ ! સરોજિનીદેવી આવા દિવ્ય વિચારોનાં સ્પંદનોમાં સ્પંદિત થતાં ગયાં. સુંદરમ્મા કન્નડ ભાષામાં અનેક કાવ્યો રચનાર સુપ્રસિદ્ધ કવયિત્રી હતાં. તેમનાં કાવ્યો 'દેવરનામ' નામે પુસ્તકરૂપે પ્રકાશિત થયેલાં. આ વિદ્વાન અને કરુણામૂર્તિ તથા ભક્તિમતી માતાની નિશ્રામાં સરોજિનીદેવીને લાંબું રહેવાનું ન મળ્યું. માતૃવાત્સલ્યની સમજણ પાકે તે પૂર્વે માત્ર બાર વર્ષની કુમળી વયે તેમનું લગ્ન થઈ ગયું.

પોતાનાં લગ્નની મધુર સ્મૃતિમાં તેઓ મનોમન હસ્યાં. એ નટખટ બાળપણ પણ કેવું હતું. શ્રીનિવાસરાવજીના ગળામાં વરમાળા પહેરાવતી વખતે તેને એટલી જ ખબર હતી કે આ છે મારા પતિદેવ ! અને તે નવા ઘરમાં તેમનાં સાસુમાએ ખૂબ જ ઉત્સાહ, ઉમંગ અને સ્નેહ સાથે તેમનું સ્વાગત કરેલું. તેને આ સાસુ શબ્દની સમજણ જ ક્યાં હતી. તેને માટે તો તે બીજી મા જ હતી. તેમની આંખો સમક્ષ વિચારો મૂર્ત થવા લાગ્યા. 'હું પરણીને આવેલી ત્યારે મારાં સાસુએ મને વહાલથી આવકારી હતી, અને કહ્યું હતું કે 'હવે તમો જાગીરદારના ઘરનાં વહુ છો. આપણું ખાનદાન મોટું છે.' આમ તો એ લોકો મહારાષ્ટ્રના, પરંતુ છત્રપતિ શિવાજીના સમયમાં તેમને કુંભકોણમ્‌ની જાગીર મળી હતી, તેથી તેઓ ત્યાં આવી વસ્યાં હતાં. 'તારા સસરા (તેમનું નામ સરખેલ ગોવિંદરાવ- પરંતુ સાસુ નામ કેમ ઉચ્ચારે ?) તંજાવરમાં રાજકીય

પ્રતિનિધિ હતા. પરંતુ તું ડરતી નહીં. તે બહુ જ ઉદાર અને દયાળુ છે. અને સાચું પૂછો તો તેમનો મોટાભાગનો સમય આધ્યાત્મિક સાધનામાં જ વ્યતીત થાય છે. તેમની અંતઃપ્રેરણા અસામાન્ય છે. હા ! આ ઘરનો એક નિયમ છે. તેનું પાલન તારે પણ કરવું પડશે. ભૂખ્યા અભ્યાગતો-અતિથિઓને જમાડ્યા વગર આપણા ઘરમાં કોઈ પણ જમતું નથી. તું આ ઘરની અન્નપૂર્ણા છે. આજથી તારા પવિત્ર હાથોથી જ અન્નદાન થશે.'

અને સરોજિનીદેવી આ બધું શીખી ગયાં.

પોતાનાં સાસુમા-કાવેરીજીનો જીવનક્રમ તે સદૈવ નિરખતાં રહ્યાં. કદાચ એ ક્રમ એક તપસ્વિનીનો જીવન ક્રમ હતો. ક્યારેક ક્યારેક વળી તેના પિતાશ્રી પણ દીકરીને આવીને મળી જતા. તેઓ મૈસોર રાજ્યમાં ઉચ્ચપદે હતા. પરંતુ ખરેખર તો તેથી કંઈ વિશેષ તેઓ હતા સાક્ષાત્કારી સંત ! તેઓ અને સાસુમા જ્યારે પણ સાથે બેસીને કંઈ પણ ચર્ચા કરતાં ત્યારે ઘરમાં એક પવિત્ર સત્સંગનું વાતાવરણ સર્જાતું. સાધારણ પ્રસંગોએ કે અવારનવાર કાવેરીજી ભક્તોને નિમંત્રીને સત્સંગ કરાવતાં જ રહેતાં. લોકોના મનમાં કાવેરીજી માટે ખૂબ જ આદરણીય સ્થાન હતું. આ આધ્યાત્મિક સાધનાસમ્પન્ન જીવનના બળે જ તેમને જીવનચર્યાની ચડ-ઉતર વચ્ચે સમત્વ જાળવવાનું બળ મળ્યું હતું. સરોજિનીદેવીને તે દિવસની યાદ આવી ગઈ કે જ્યારે ગોવિંદરાવજીનું પરલોકગમન થયેલું ત્યારે અપાર શાંતિથી સાસુમાએ સૌભાગ્યવતી સ્ત્રીનાં સર્વે આભૂષણોનો ત્યાગ કર્યો હતો. શ્વેત વસ્ત્રોમાં તેમનાં તપનું તેજ વધુ દેદીપ્યમાન થવા લાગ્યું હતું. તે દિવસને આજની ઘડી... તેમણે દૂધ અને ફળ સિવાય બીજા કોઈ સ્વાદિષ્ટ અન્નનો સ્પર્શ પણ કર્યો ન હતો.

શ્વસુરજીની ચિર વિદાય પછી શ્રીનિવાસરાવ અને તેમના અનુજ શ્રી કૃષ્ણરાવ-બંનેએ કોઈમ્બતૂર છોડ્યું હતું. મદ્રાસ શહેરની બહાર 'કિંબર્લી' નામે ખૂબ મોટા પરંતુ જૂનવાણી ઢંગના મકાનમાં સૌ રહેવા આવ્યાં હતાં. કોઈમ્બતૂર, મદ્રાસ અને તંજાવરમાં પણ તેમની જાયદાદ તો હતી જ. પરંતુ મન તો તેવું જ હતું. વિરક્ત !!!



આ વિચાર પ્રવાહમાં અટવાયેલાં સરોજિનીદેવીને વિચારવમળમાંથી બહાર ખેંચી લાવી તેમની પહેલી બોલકી દીકરી.

'મા ! મા ! આ નાનકડો બાબો મારો ભઈલો છે ને ? મા ! મા ! હું તેની જોડે રમું ! મા ! આપણે તેનું નામ શું પાડીશું ?'

અને તે બોલકી તે નવજાત શિશુની ચોપાસ ઘોંઘાટ કરવા લાગી; ત્યારે માતા બોલ્યાં, 'અરે હેમલતા ! શાંત રહે ! આમ ઘોંઘાટ ન કર !'

થોડા દિવસોમાં જ તે બાળકનું નામકરણ થયું. માતા-પિતા બંને વૈષ્ણવ પરિવારનાં હતાં. ઘર તો જાણે સદૈવ વૈષ્ણવોનો મેળો. તેથી બાળકનું નામ પાડવામાં આવ્યું 'શ્રીધર'. ઘરમાં બધાં જ તેને શ્રીધર કહીને જ બોલાવતાં. પરંતુ તેની ફોઈ ગોપીજી તેને 'સિદ્ધા' કહીને બોલાવતી. ખરા અર્થમાં તો શ્રીધર 'સિદ્ધા' જ હતો.

જોતજોતામાં શ્રીધર બે વર્ષનો થઈ ગયો. સરોજિનીદેવીને બીજા બાળકના આગમનની સૂચના મળી ગઈ.

આ તરફ શ્રીનિવાસજીના મનમાં જબરી ગડમથલ ચાલી રહી હતી. મનમાં ઊઠેલા ભક્તિ-વંટોળમાં તોફાન આવ્યું હતું. તેમની હરિ-દર્શનની તાલાવેલી તીવ્ર બની હતી. એક દિવસે તીવ્ર વિરક્તિને કારણે તેમણે ગૃહત્યાગ કર્યો. આ પ્રસંગથી સરોજિનીદેવી ખૂબ જ ગંભીર થઈ ગયાં. ચોપાસના આ એશઆરામનો પતિની ગેરહાજરીમાં ઉપયોગ શું ? ઉનાળે સૂકાતી નદીઓની જેમ તેમની કાયા કૃશ થવા લાગી. પરંતુ તે મર્યાદાસમ્પન્ન વહુએ પોતાની અંતરવેદનાને ક્યાંય પ્રગટ થવા દીધી નહી. હવે તેમનો શાંત સ્વભાવ વધુ શાંત થયો.

તેમના દેર શ્રીકૃષ્ણરાવ હવે ચિંતામાં ડૂબી ગયા. એકવાર ગૃહસ્થજીવન ધારણ કર્યા પછી કોઈ ક્યાંય ભાવનાઓથી મુક્ત થયું છે ? નિત્યક્રમ થતો હતો. પરંતુ બધું યંત્રવત્ ! શ્રીકૃષ્ણરાવ બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાનમગ્ન થતા, પરંતુ મનમાંથી ભાઈની વિદાયનો વિચાર છૂટતો ન હતો. એક દિવસ એવી જ ધ્યાનાવસ્થામાં તેમણે એક ગેબી અવાજ સાંભળ્યો.

'હું મંત્રાલયથી રાઘવેન્દ્ર સ્વામી કહી રહ્યો છું. શ્રીનિવાસ મારી

સાથે છે. ડરશો નહીં. તે સત્વરે પાછો આવશે.' શ્રીકૃષ્ણરાવે આંખો ખોલી. અપાર આનંદથી તેમનું હૃદય ગદ્‌ગદ થઈ ગયું અને થોડા જ દિવસોમાં શ્રીનિવાસરાવ સાચે જ ઘરે પાછા ફર્યા.

સરોજિનીદેવીએ ફરીથી એક પુત્રરત્નને જન્મ આપ્યો. તેનું નામ રાખવામાં આવ્યું 'રાઘવેન્દ્ર !'

ત્યારબાદ વસુધા અને વત્સલા એમ બે કન્યાઓનો જન્મ થયો. શ્રીધર આ સર્વે ભાઈબહેનો સાથે રમતો અને આમ પરિવાર બાળમંડળીના કલરવથી કિલ્લોલતું બની ગયું. શ્રીધર મોટો થતો ગયો. તેના ચહેરા પર એવો તો પ્રકાશ પ્રકાશતો કે જાણે નવો જ તરાશેલો ચમકતો હીરો હોય ને !

## [૩]

સરોજિનીદેવી એક આદર્શ ગૃહિણી હતાં. તેમનું અંતઃકરણ નિષ્કલંક શુદ્ધતા અને ભક્તિથી પરિતૃપ્ત હતું.

એક દિવસ હાથમાં કપડાં ઉપર ભરતકામ કરતાં તેઓ તેમના મધુર કંઠે કંઈક ગણગણતાં હતાં.

'રામ રતન ધન પાયો...'

પાસે જ રમતા શ્રીધરની રમતમાં ભંગ પડ્યો. તેનું ચિત્ત આ ભજનના ગણગણાટમાં ખેંચાયું. તે એકચિત્તે સાંભળવા લાગ્યો.

'મા ! આ શું ગાઈ રહી છો ?'

'બેટા ! આ મીરાંબાઈનું ભજન છે.'

'મીરાંબાઈ ? તે વળી કોણ ? તેનું ભજન ! કહોને ?'

અને માતાએ માંડીને મીરાંબાઈની વાત બાળ શ્રીધરને કહી સંભળાવી. ભજનનો અર્થ પણ કહ્યો. બાળ શ્રીધરનું કુમળું મન મીરાંની મસ્તી અને શ્રીરામની ભક્તિમાં ડૂબી ગયું.

'શું આ જાજરમાન જીવન ! ઝાકઝમાળ ! અને અમીરી ? આ બધું મિથ્યા છે. સાચું ધન શ્રીરામનું નામ ! જેને કોઈ લૂંટી ન શકે ! જે ઘટે નહીં, અને તેથી જ રાજરાણી મીરાં જોગણ બની ?' તેના બાળહૃદયમાં માતાના કથનમાંથી અગણિત પ્રશ્નો ઉત્પન્ન થયા. માતાએ



તેના પ્રત્યુત્તર પણ આપ્યા. શ્રીધર હવે દરરોજ હઠ કરવા લાગ્યો...

'મા ! ભજન ગાઓને !'

અને સરોજિનીદેવી દરરોજ તેને એક નવું ભજન સંભળાવતાં હતાં. માતાના આ ભક્તિપદોમાં કબીર, નરસિંહ મહેતા, રોહિદાસ વગેરે અનેક સંતોનો સત્સંગ થવા લાગ્યો. આ સંતોનાં જીવનચરિત્રને પણ શ્રીધરે ખૂબ જ ગંભીરતા અને એકાગ્રતાથી સાંભળ્યાં. હિમાલયના ઋષિમુનિઓની વાતો પણ જ્યારે મા સંભળાવતી ત્યારે શ્રીધર તેમાં ખોવાઈ જતો. દક્ષિણના આ નાનકડા બાળકના મનમાં હિમાલયનું ચિત્ર આકાર લેતું ગયું. એક નવી આશાનું કિરણ પ્રસ્ફુટિત થતું ગયું.

## [૪]

શ્રીધર, રાઘવેન્દ્ર અને બાકી બધાં બાળકો નેત્રાવતી નદીને કિનારે રમી રહ્યાં હતાં. આ નદી આગળ જઈને અરબી સમુદ્રને મળતી હતી. સાંજ ઢળતી હતી. નાચીકૂદીને-ભાગી દોડીને બાળકો થાકી ગયાં હતાં.

'બસ ! હવે ઘરે ચાલો ! સૂરજ ડૂબવામાં છે. પાછાં ફરતાં અંધારું થઈ જશે. ચાલો !' અનંતૈયાએ કહ્યું. અનંતૈયા તેમના નાનાજીનો જૂનો સેવક હતો. બધાં બાળકોની સંભાળનું કામ તેનું હતું. પરંતુ આ બધાં બાળકો તેને ઘેરી વળ્યાં. 'ના ! ના ! હજુ થોડી વાર રમવા દો ને !'

'અરે ! અનંતૈયાજી એક વાર્તા કહોને ! રાઘવેન્દ્રે કહ્યું. હા ! હા ! વાર્તા ! વાર્તા ! બધાં બાળકો એક સાથે બોલી ઊઠ્યાં. અનંતૈયાને ઘેરો વળીને સૌ બેસી ગયાં. અનંતૈયા પાસે વાર્તાઓની ખોટ જ ન હતી. જૈમિનિ, ભરત, રામાયણ, મહાભારત, પુરાણ કે ભાગવત આ તમામ ગ્રંથોની વાર્તાઓ તેનાં હૈયામાં ઢબુરાયેલી હતી. કૃષ્ણભક્તિથી સભર રસપ્રદ શૈલીમાં અનંતૈયાના કથારસમાં સર્વે બાળકો સદૈવ તલ્લીન થઈ જતાં. શ્રીધર તો જાણે તેમાં ડૂબી જ જતો. વાર્તા પૂરી થઈ, ત્યારે અંધકારે અવની પર સામ્રાજ્ય સ્થાપ્યું હતું. પરંતુ અનંતૈયા પણ ક્યાં કાચી માટીનો હતો. તેણે બાળકોને પૂછ્યું.

'તમો શું થશો ? વાર્તાના રાજા કે ઋષિ ?'

'અમે રાજા થશું. બધાં બાળકો બોલી ઊઠ્યાં.

શ્રીધર એકલો જ ગંભીરતાથી બોલ્યો, 'હું ઋષિ થઈશ.' અનંતૈયાએ હસતાં હસતાં શ્રીધરને માથે વાત્સલ્યભર્યો હાથ ફેરવ્યો. શ્રીધરની મજાક ઉડાવતાં બોલ્યો, 'હા ! ભઈ તું તો નૂશી (મચ્છર) થઈશ.

બિચારો અનંતૈયા !!! તેને શું ખબર કે તેની સામે ખરેખર એક ઋષિ જ બેઠેલો છે.

રાત વીતી, ભોર થઈ. પરંતુ શ્રીધરના મનમાં તો ઋષિના વિચારે ઘેરો ઘાલ્યો હતો. તેણે પૂજાઘરમાંથી વ્યાઘ્રચર્મ લઈને ઋષિ જેવા દેખાવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ભસ્મ ? ના, ના, ભસ્મ વગર તે કંઈ ઋષિ થવાય ? અને બાળક શ્રીધરે ચુપચાપ ટેલકમ પાવડર આખાયે અંગે ચોપડીને વ્યાઘ્રચર્મ પાથરીને, આંખો બંધ કરીને બેઠો. જ્યારે તેની આંખો ખૂલી ત્યારે તેનાં માસીએ લહેકો કરીને પૂછ્યું, 'શ્રીધર ! આ શું કરો છો ? માસી માલતીબાઈના કાનમાં શ્રીધરે ધીરેથી કહ્યું, 'ઋષિ થવાનો અભ્યાસ કરું છું.'

'માસી ! હું ગુફામાં બેસીને તપ કરવાનો છું ને ?'

માસી હસ્યાં, અને બોલ્યાં, 'સારું, સારું. જ્યારે મોટા થાઓ, ત્યારે તપ કરજો.'

અને મનોહર વિલાસની પ્રત્યેક ઈંટ બોલી હશે, 'તથાસ્તુ !'



# ૨

# બાળપણ, અભ્યાસ અને અધ્યાત્મપ્રવેશ

## [૫]

ધીરે ધીરે બાળપણ વીતતું ગયું. કાવેરીબાઈ ઉત્તર ભારતની યાત્રાએ ગયાં હતાં. ત્યાંથી પાછાં ફર્યાં ત્યારે બધાં બાળકો તેમને ઘેરી વળ્યાં.

કાવેરીબાઈ પોતાની તીર્થયાત્રાનું વર્ણન કરી રહ્યાં હતાં. આ વર્ણન સમયે તેમણે ગંગાજી અને હરિદ્વારનું વર્ણન પણ કર્યું. અને સત્વરે શ્રીધરનું મન ગંગાતટે વિચરણ કરવા લાગ્યું. કેવી હશે ગંગા ? અને હરિદ્વાર ? કહેવાય છે કે ગંગા હૃષીકેશમાં શાંતિથી વહે છે, જ્યારે હરિદ્વારમાં તેનું સ્વરૂપ ઉછળકૂદનું છે. અહા ! આ નદીનાં આવાં સ્વરૂપને હું ક્યારે નિરખી શકીશ ?

'કાવેરી'... વેંકટરાવજી... શ્રીધરના પરદાદા પધાર્યા. કાવેરીબાઈ સત્વરે ઊઠ્યાં. પોતાના પિતાશ્રીને બેસવા માટે આસન આપીને પ્રણામ કર્યા. શ્રીધર ત્યાં જ હતો. તેના કાનમાં પણ કહ્યું, 'શ્રીધર તું પણ પ્રણામ કર. મારા પિતાશ્રી સાધારણ પુરુષ નથી. તેઓ સાક્ષાત્કાર પામેલ સંત છે.' શ્રીધરે તેમને પ્રણામ કર્યા અને મનમાં જ બોલ્યો, 'મને પણ પરદાદા જેમ જ મહાન ભક્ત બનાવજો. મારે પણ ઈશ્વરદર્શન કરવાં છે.'

અજાણતાં જ કાવેરીબાઈએ પોતાના પૌત્રના મનમાં ભક્તિની જ્યોત પ્રજ્વલિત કરી. તેની બંનેમાંથી કોઈને પણ જાણ ન હતી; અને શ્રીધરના મનમાં હિમાલય સુદૃઢ થયો હતો. ગંગાપ્રવાહ શાશ્વત વહેતો રહ્યો.

**[૬]**

'હવે શ્રીધરનું યજ્ઞોપવીત કરવું જોઈએ.' આમ જ્યારે સરોજિનીદેવીએ કહ્યું, ત્યારે શ્રીનિવાસરાવે કહ્યું, 'હું પણ એ જ વિચાર કરું છું.'

કાવેરીબાઈએ કહ્યું, 'શ્રી વેંકટેશ્વર આપણા કુળદેવતા છે, તેથી જો મારું માનો તો તેનું ઉપનયન તિરુપતિમાં થાય તે જ ઉચિત છે.' આ પ્રસ્તાવને અમાન્ય કરવાનું કોઈને કંઈ કારણ પણ ન હતું. થોડા જ દિવસોમાં સમગ્ર પરિવાર યજ્ઞોપવીત સંસ્કાર માટે તિરુપતિ જવા રવાના થયો. શ્રીધરનો ઉપનયન સંસ્કાર નિહાળવાનું ગૌરવ ભગવાન શ્રીવેંકટેશને પણ મળ્યું. કારણ આ જ અજન્મા 'દ્વિજ' થવાનો છે. જે જ્ઞાતા છે, તેને વિદ્યાગ્રહણનો અધિકાર મળશે.

શ્રીધરના શિશુમુખ ઉપર ઉપનયન સંસ્કાર એક અલગ જ તેજ પ્રસરાવી ગયો. સામે પ્રજ્વલિત હોમ આ તેજમાં લાલિમા ઉમેરતો હતો. શ્રીનિવાસરાવે તેને પોતાના ખોળામાં બેસાડ્યો. બંને ઉપર એક વસ્ત્ર ઓઢાડવામાં આવ્યું. પછી શ્રીનિવાસરાવે તેના કાનમાં પવિત્ર ગાયત્રીમંત્રનું ઉચ્ચારણ કર્યું. ત્યારબાદ શ્રીધરે પોતાના બાળસહજ પણ શુદ્ધ ઉચ્ચાર સાથે ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ કર્યું.

'ૐ ભુર્ભૂવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહી ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥'

શ્રીધરને યજ્ઞોપવીત ધારણ કરાવવામાં આવ્યું.

તેણે માતા પાસે પહેલી ભિક્ષા માગી.

સરોજિનીદેવીએ તેને ભિક્ષામાં સુવર્ણદાન કર્યું.

આ દર્શન કરીને હવનકુંડના અગ્નિએ પ્રસન્નતાથી ભભૂકીને લપકારા માર્યા.



હવે બધાં પાછાં ફરતાં હતાં; અને જતાં પૂર્વે સૌ તિરુપતિની શોભા નિહાળતાં હતાં. નાનાં મોટાં સૌ કંઈ કંઈક ખરીદવામાં પણ પડ્યાં. એવામાં શ્રીધરે શ્રીરામની એક સુંદર મૂર્તિ જોઈને કહ્યું, 'મને આ શ્રીરામવિગ્રહ અપાવોને ?' માગણી એવી હતી કે માતાપિતા કોઈને પણ ના પાડવાનું કારણ ન હતું. તેમણે ખૂબ પ્રેમથી એ મૂર્તિ શ્રીધરના હાથમાં ખરીદી આપી. શ્રીધરના હાથમાં તો જાણે સમગ્ર બ્રહ્માંડ આવી ગયું અને મનોહર વિલાસમાં ધામધૂમથી શ્રીરામ વિગ્રહની સ્થાપના થઈ ગઈ.

**[૭]**

'બધાં છોકરાં ભૂખાવળાં થયાં છે. પણ સિદ્ધા ક્યાં છે ? ભઈ છે ક્યાંય એની ખબર ?' એમ ગોપીબાઈ કહી રહ્યાં હતાં.

'શ્રીધર ! અરે ! એ તો તેના શ્રીરામજી પાસે હશે, થોભો, હમણાં તેને બોલાવી લાવું છું, તેમ કહેતાં સરોજિનીદેવી પૂજા ઘરમાં આવ્યાં. તેમની અપેક્ષાનુસાર શ્રીધર રામમૂર્તિ સામે બેસીને સંધ્યાવંદન કરી રહ્યો હતો. એકાગ્ર ચિત્તથી હાથમાં જળ લઈને આચમન કરતાં બોલી રહ્યો હતો...

'ૐ માધવાય નમઃ... ૐ ગોવિંદાય નમઃ'

'શ્રીધર ભૂખ નથી લાગી ? માનો મમતાભર્યો અવાજ સાંભળીને શ્રીધરે આંખો ખોલી. તેણે કહ્યું, 'મા ! મારું ઉપનયન થયું છે. જનોઈ થઈ છે ને ? તો પછી સંધ્યાવંદન, નિત્યોપાસના કર્યા વગર વળી હવે કેમ જમાય ? અને હજુ સુધી તો શ્રીરામજીની પૂજા પણ થઈ નથી; મા !'

પુત્રની આવી મધુર વાણી અને પવિત્ર નિશ્ચય સાંભળીને ધર્મનિષ્ઠ માને આનંદ થયો. શ્રીધર પૂજા કરવા બેઠો છે, તેમ જાણીને બધાં બાળકો પણ પૂજાઘરમાં ભેગાં થઈ ગયાં. ભક્તિભાવપૂર્વક પૂજા કરતાં શ્રીધરે શ્રીરામવિગ્રહને ચંદનચર્ચા કરી, પુષ્પ અર્પણ કર્યાં. દીપ પ્રજ્વલન કર્યું. અચાનક શાંતિપૂર્વક પૂજા નિહાળતો રાઘવેન્દ્ર બોલી ઊઠ્યો; જાણે કેમ ચોંકી ગયો ન હોય ? તેણે પાસે બેઠેલી હેમલતાને પૂછ્યું;

'તને કંઈ અનુભવ થયો ?'

મૂર્તિ પરથી નજર દૂર કરીને, તે બોલી,

હા, વળી. જુઓને મૂર્તિમાંથી અસાધારણ તેજ પ્રગટ્યું છે. એટલામાં ઘરનો એક વૃદ્ધ ચાકર બાલુ બોલ્યો;

'બસ તેજ જ દેખાય છે, ભગવાન હસી રહ્યા છે, તે દેખાયું નહીં ?'

'જુઓને ! કેવું મરક મરક હસે છે. જાણે કેમ કોઈ માણસ હસતો હોય ?'

ખરેખર, શ્રીધર જ્યારે જ્યારે પૂજા કરતો હતો, ત્યારે આવી દિવ્ય પરિસ્થિતિ સદૈવ સર્જાતી હતી. એક દિવસ પૂજા સમયે હંમેશાં હાજર રહેનાર બાલુ આવ્યો નહીં. પૂજા પછી ચરણામૃત આપતી વખતે શ્રીધરે પૂછ્યું, 'બાલુ ક્યાં છે ?'

'તેના પેટમાં દુખે છે. ભયંકર શૂળ ઉપડ્યું છે. તેની પીડા અસહ્ય છે,' તેમ રાઘવેન્દ્ર બોલ્યો.

સૌને ચરણામૃત આપીને શ્રીધર બાલુ પાસે ગયો. તેના મુખમાં ચરણામૃત રેડ્યું અને શ્રીધર પોતાની દિનચર્યામાં વળગ્યો. પણ અહા ! આ શું આશ્ચર્ય ? થોડી જ વારમાં બાલુએ આવી શ્રીધરને ખૂબ જ વાત્સલ્યથી ભેટી પડ્યો. આનંદથી બોલી ઊઠ્યો.

શ્રીધર મારી પીડા મટી ગઈ. મારી વેદના ગઈ... તારાં ચરણામૃતથી. તું તો કોઈ સિદ્ધ પુરુષ છે, મોટો યોગી થશે, બેટા ! બહુ મોટો યોગી.'

## [૮]

હવે બાળકોના શિક્ષણ માટે ઘરમાં વિચાર થવા લાગ્યો. શ્રીધરને સેંટ એન કોન્વેન્ટમાં દાખલ કરવામાં આવ્યો. માતા સરોજિનીદેવીનું ભણતર પણ અહીં જ થયું હતું. મીરાં, નરસિંહ મહેતા જેવા સંતોનું શિક્ષણ આપનારી માતા હવે પોતાના લાડલા બેટા માટે જ્ઞાનનો એક ખજાનો જાણે કે ખોલી રહ્યાં હતાં.

શ્રીધરને પાસે બેસાડીને સરોજિનીદેવી કહી રહ્યાં હતાં...



'બેટા ! વિશ્વના જ્ઞાનકોષની કૂંજી જ અંગ્રેજી ભાષા છે. આ ભાષાથી જ જ્ઞાન, સાહિત્ય અને વિજ્ઞાનનો ખજાનો મેળવી શકાય છે. માટે ચાલ, જેમ હું કહું છું તે પ્રમાણે બોલ... એ ફોર એપ્પલ

'એ ફોર એપ્પલ...'

અને શ્રીધરનું શિક્ષણ પ્રારંભ થયું.'

એક વર્ષ 'સેંટ એન સ્કૂલ'માં શિક્ષણ મેળવ્યા બાદ તેને રોઝરીઓ ઇંગ્લિશ સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યો. અહીં શ્રીધરને ઘણા બધા મિત્રો મળ્યા. ભણવામાં તો એ સૌથી આગળ હતો જ. પરંતુ ધાર્મિક અને તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો તે ખૂબ જ લગન સાથે વાંચતો હતો.

એક દિવસ સરોજિનીદેવીએ તેની પાસે આવીને કહ્યું.

'શ્રીધર ! આખોયે દિવસ વાંચ વાંચ કરે છે, તે બરાબર નથી. બાળકોએ થોડું રમત-ગમતમાં પણ ધ્યાન આપવું જોઈએ. ખુલ્લી હવામાં ફરવું પણ જોઈએ.

ખૂબ સારું બૅડમિન્ટન રમનારી માતાએ હવે પુત્રના હાથમાં પણ રેકેટ આપી દીધું. શ્રીધરને આ રમતનો આનંદ પણ ગમવા લાગ્યો. નેત્રાવતીને તટે નિસર્ગના સાન્નિધ્યમાં હવે તે પોતાની જાતને ધીરે ધીરે પ્રકૃતિમય કરવા લાગ્યો.

એક દિવસ ગિરીધરલાલ અને અન્ય થોડા મિત્રો ફરવા જવા માટે શ્રીધરને બોલાવવા આવ્યા. શ્રીધરે તેમનો સંગાથ કર્યો.

'અરે ! તું યાર આવો જ લઘરવઘર આવીશ ?' આશ્ચર્ય સાથે ગિરીધરે પૂછ્યું !

'આવો જ એટલે ?'

'આવાં સીધાં-સાદાં કપડાંમાં ?'

'કેમ ? કપડાં મેલાં છે ?'

'ના, વળી. ધોયેલાં તો છે જ !'...'પરંતુ'.

'પરંતુ ! શરીર છે, એટલે કપડાં જોઈએ. સાફ જોઈએ. તે તો છે, પછી કપડાંમાં આડંબરની ભલા શી જરૂર ?'

બધા મિત્રોને ખૂબ જ અચરજ થયું. એક તો એ અમીર બાપનો

છોકરો અને ઉંમર પણ એટલી કે જેટલો રૂઆબ દેખાડો, ઓછો જ પડે. છતાંયે તે આટલી સાદગીથી રહે છે, જાણે તેને તે કેટલા મોટા ઘરનો… પૈસાદારનો છોકરો છે, તેનું ભાન જ નથી.

રસ્તામાં સૌ હસતા રમતા વાતો કરતા ચાલતા હતા. શ્રીધર તો હંમેશાં હસમુખ અને પ્રસન્ન જ રહેતો હતો. છતાં મનના ઊંડાણમાં તે સદૈવ બીજી જ દુનિયામાં રહેતો હતો. આ રખડપટ્ટી વખતે પણ કુદરતના સૌંદર્યને તે નિરખીને તેના સર્જનહારની સ્મૃતિમાં તે ખોવાઈ ગયો.

‘કેટલાં રંગોનાં આ પુષ્પો ! એ અદ્‌ભુત ચિત્રકારના હાથોમાં કેવોક જાદુ હશે ? આ વૃક્ષો… લતાપત્રાદિક… આ કોમળ કમળ પુષ્પો… આ બધાં મારા રામનું જ રૂપ ! શ્રીરામના ચૈતન્યથી જ પરિપૂર્ણ. અનુભવાય છે કે તેઓ મને બોલાવે છે, તેમની પાસે હું જાઉં ! તેમાં ભરેલાં અખૂટ દિવ્ય ચૈતન્યનો અનુભવ કરું. આ અસીમ, ભૂરું આકાશ… આ નેત્રાવતીનાં નિર્મળ નીર… મને આ બધામાં સતત એક રામ રામ રામ જ દેખાઈ રહ્યો છે. અહીં… ત્યાં… પ્રત્યેક કણકણમાં.’

‘એય શ્રીધર !’ કોઈ તેને પકડી હલાવી રહ્યું હતું.

‘તારું ધ્યાન ક્યાં છે ?’

શ્રીધરને તો જાણે સ્વર્ગારોહણનાં સોપાનો પરથી કોઈ નીચે ખેંચી લાવ્યું. બધા જ મિત્રો મળીને કોઈ શિક્ષકની ઠેકડી ઉતારતા હતા. તેમની નકલ અને નિંદા કરીને ખડખડાટ હસતા હતા.

શ્રીધર ગંભીર થઈ ગયો. ‘માફ કરજો. મને તમારી આવી હલકી ઠઠ્ઠામશ્કરી મુદ્દલ પસંદ નથી.’ તે દૃઢ અવાજે બોલ્યો.

‘શું સારું નથી લાગતું ! તેમનું… ભણાવવાનું ?’ અને ફરીથી બધા ખડખડાટ ખંધુ હસી પડ્યા.

‘ના. તમે જે ગુરુજનોની નિંદા કરો છો તે સારું નથી લાગતું. તેઓ આપણા ગુરુજનો છે. આપણે તેમના પ્રત્યે હંમેશાં વિનમ્રતા અને વિવેકપૂર્ણ વ્યવહાર દાખવવો જોઈએ. ગુરુજન અર્થાત્ સાક્ષાત્ પરમેશ્વર.’ શ્રીધર થોડું રોકાયો. દોસ્તો બધા ચુપ થઈ ગયા. નેત્રાવતી મનમાંને મનમાં બોલી, ‘મારા કિનારે એક સાધુનું જીવનઘડતર થઈ રહ્યું છે.’



ઘરે પાછા આવીને, વસ્ત્રો બદલાવી, હાથ પગ ધોઈને શ્રીધર સંધ્યાવંદન કરવા લાગ્યો. સરોજિનીદેવીએ તેના તરફ મમતાભરી દૃષ્ટિ કરી અને મનમાં તેમણે તૃપ્તિનો શ્વાસ લીધો. શ્રીધર કૉન્વન્ટ સ્કૂલમાં ભણતો હતો, છતાં પૌર્વાત્ય સંસ્કારોને ભૂલ્યો ન હતો. તેણે ખ્રિસ્તી સમાજની આધુનિકતાનું અધ્યયન પણ કર્યું. તેમનાં દેવળોમાં પ્રવર્તતી પવિત્રતાનો પણ અનુભવ કર્યો. ખરા અર્થમાં તેમના પરિવારમાં પૂર્વ અને પશ્ચિમના સંસ્કારોનો પવિત્ર સંગમ થયો હતો. શ્રીધર આવા દિવ્ય પરિવારની ધરોહર હતો. શું ત્યારે તે ભાગ્યશાળી માતાને પણ એવો અનુભવ થયો હશે કે આ બાળકનું સંસારમાં આગમન થયું છે, માત્ર પૂર્વ અને પશ્ચિમનો સુંદર સંગમ જ કરવા માટે ?

## [૯]

‘ઘરમાં સિદ્ધા છે ?’ શ્રીધરના દાદાજી શ્રી વેંકટરાવજી પૂછી રહ્યા હતા.

‘જી હા. કોઈ કામ છે ?’ સરોજિનીદેવીએ નમ્રતાથી પૂછ્યું.

‘આજે મારી અધ્યક્ષતામાં એક પ્રાર્થનાસભા થવાની છે. ખબર છે ? ત્યાં પૂજ્ય મહાત્મા ગાંધીજી પધારવાના છે. વિચાર્યું; સિદ્ધાને પણ સાથે લેતો જાઉં.’

આઠ વરસનો શ્રીધર આ સાંભળીને બહુ જ ખુશ થયેલો.

પોતાના દાદાજીની સાથે શ્રીધર મુખ્ય પ્રાર્થના મંચ ઉપર બેઠો હતો. અને તેની બાજુમાં જ હતા પૂજ્ય મહાત્મા ગાંધીજી. માત્ર ઘૂંટણ સુધી પહેરેલું ખાદીનું પવિત્ર વસ્ત્ર, સત્ય, શાંતિ અને અહિંસાની મૂર્તિ તરફ શ્રીધર એકીટશે નિરખતો જ રહ્યો. રામજીની મૂર્તિમાં તેણે ભગવાનને નિરખ્યા હતા. હવે તે એવા વ્યક્તિત્વને નિરખી રહ્યો હતો જેના રામનામ જ પ્રાણ છે, હૃદયના ધબકાર છે. તે સભામાંથી શ્રીધર ખૂબ જ પ્રભાવિત થઈને પાછો આવ્યો. તેના મનમાંથી એક બળિયો ચૈતન્યપ્રદાયક અવાજ આવી રહ્યો હતો.

‘વૈષ્ણવ જન તો તેને રે કહિયે જે પીડ પરાયી જાણે રે’ પરંતુ ભાગ્યે તો પ્રભુ શ્રી રામચંદ્રજીને પણ ક્યાં શાંતિથી જંપવા દીધા હતા ?

સિદ્ધાર્થ સમાન રાજપુત્રને પણ તેના પિતાશ્રી દુઃખથી દૂર ન રાખી શક્યા. તો પછી શ્રીધરને એવું સુખ ક્યાંથી મળે ?

તે દિવસોમાં તેઓ સૌ મદ્રાસના 'કિંબર્લી' નામક ભવનમાં રહેતાં હતાં. એક દિવસ નાનાં મોટાં સૌ સાથે મળીને દરિયાકિનારે ફરવા ગયેલાં. દરિયાકિનારે રેતીમાં પગલાં પાડતાં સૌ મંથર ગતિએ ચાલી રહ્યાં હતાં. થોડો આનંદ વિનોદ પણ થતો હતો. બાળકો ઠઠ્ઠા મશ્કરી પણ કરતાં હતાં. વડીલો વળી વચ્ચે વચ્ચે બાળકોને સ્નેહથી ટપારતા પણ હતા. આમ તો બાળકોના આનંદ વિનોદથી સૌ નાનાં મોટાં પ્રસન્ન જ હતાં. એટલામાં સરોજિનીદેવીના પગમાં એક પથ્થરની ઠેસ વાગી. થોડીવારમાં પગમાં થોડો સોજો આવ્યો હોય તેવું પણ લાગતાં, સત્વરે સૌ ઘરે પાછાં ફર્યાં. દેખાવમાં તો એક સાધારણ પથ્થરની ઠેસ જ વાગી હતી, પરંતુ જોતજોતામાં વાત એટલી બધી ગંભીર થઈ ગઈ કે ડૉક્ટરને બોલાવવા પડ્યા. ડૉક્ટરના ઈલાજથી કંઈ વિશેષ લાભ દેખાયો નહીં, અને તેમનો પગ કાપવો પડશે તેવો તબીબી નિર્ણય લેવાયો. પરંતુ ભાગ્યમાં કંઈક બીજું જ હતું. પગ કાપવાનો સમય આવ્યો જ નહીં, અને સરોજિનીદેવીનો આત્મા આ નશ્વર દેહમાંથી મુક્તિધામમાં સંચરી ગયો. માનો સરોજિનીદેવીના દેહલાલિત્યે અપંગ થઈને રહેવાનો ઈન્કાર કરી દીધો.

જૂન મહિનાની ત્રણ તારીખ. કડક તડકો હજુ પણ ઓછો થયો ન હતો. પરંતુ શ્રીધરના મનમાં તો સદા વૈશાખનો બપોર જ અંગાર વરસાવતો હતો. મમતાનું શિરછત્ર તેના ઉપરથી હટી ગયું હતું. એ તડકામાં તેની આંખોનાં અશ્રુ પણ સૂકાઈ ગયાં. દસ વરસનો નાનો શ્રીધર માના નિષ્પ્રાણ શરીરને નિરખી રહ્યો હતો. તેની આંખોમાં અશ્રુ ન હતાં. મનની, શરીરની ચેતના જ માની નષ્ટ થઈ ગઈ હતી. અને આંખોમાં આંસુ આવે તો તેને લૂછવા માટે માનો વાત્સલ્યસભર પાલવ ક્યાં ? મા ! તે તો મારી આદ્યગુરુ ! મારી પ્રથમ શિક્ષિકા ! શું મા ખરેખર ચાલી ગઈ ? છત્રછાયા શું આટલી ક્ષણિક ? જીવન આટલું ક્ષણભંગુર ! આટલું દગાબાજ ?



અંગ્રેજી પુસ્તકોનો ઢગલો... બૅડમિન્ટનનું રેકેટ, બધું જ ખરેખર અનાથ અનાથ થઈ ગયું. મીરાં, નરસિંહ મહેતા કે કબીરનાં કોઈનાં પણ ભજન તેને યાદ આવતાં ન હતાં. તે ભજન ગાનારો અવાજ જ ઓસરી ગયો. શ્રીધરના બાળપણની દુનિયાના તમામ સૂર, તમામ શબ્દો ગૂંગા થઈ ગયા. શ્રીધર પોતાના કોદંડધારી શ્રીરામ પાસે ગયો. માની પાસે કહીને તેણે તે શ્રીરામવિગ્રહ ઉપર સુંદર છત્ર બનાવ્યું હતું. તે જ શ્રીરામે આજ શ્રીધરનું છત્ર છીનવી લીધું !

આકસ્મિક શ્રીધરની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેણે પોતાની જાતને શ્રીરામના શ્રીચરણોમાં સમર્પિત કરી દીધી. માતાના આંચળનું સ્થાન હવે શ્રીપ્રભુના આશ્રયે લઈ લીધું.

દૃશ્યમાન વિશ્વ આટલું બધું દગાબાજ અને મિથ્યા છે, તેનો આ પ્રથમ પદાર્થપાઠ શ્રીધરને મળ્યો. જીવનમાં સૌથી વહાલું, સૌથી સ્નેહમય કરુણાસ્રોતસમું માતૃસુખ છીનવાઈ જતાં જીવનની ક્ષણભંગુરતાનું શિક્ષણ આટલી કુમળી વયમાં શ્રીધરને મળ્યું અને મનના એક પ્રકોષ્ઠમાંથી શ્રીધરને એક સ્વર સંભળાયો... 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે.'

**[૧૦]**

હવે શ્રીનિવાસરાવ વિરક્ત થઈ ગયા. પોતાનાં બાળકોને 'મનોહર વિલાસ'ના આધુનિક ઠાઠમાંથી 'કિંબર્લી'ના તપસ્વી વાતાવરણમાં લઈ આવ્યા.

શ્રીધરનું કૉન્વન્ટ શાળાએ જવાનું બંધ થઈ ગયું. 'વ્હી. સુબૈયા નામક એક સેવાનિવૃત્ત વ્યક્તિ બાળકોને ઘરે આવીને ભણાવવા લાગી. પરંતુ તેમના ઘરની અસ્વચ્છતાને જોઈને શ્રીનિવાસરાવે તેમનું બાળકોને ભણાવવા આવવાનું બંધ કરી દીધું. શ્રીધરનું શિક્ષણ પણ થોડા દિવસ માટે ઠપ્પ થઈ ગયું. તેના પિતાશ્રી કંઈક વ્યથિત મનોમાલિન્યમાંથી પસાર થઈ રહ્યા છે, તે શ્રીધર સમજી શકતો હતો. તેઓ કલાકો સુધી પૂજાપાઠ કરતા. હંમેશાં અંતર્મુખ થઈને નામસ્મરણ કરતા રહેતા. ક્યારેક વાયોલિન વગાડીને ભજન ગણગણતા. તેમને તેમના કપડાંલત્તાં દૈનિક

કર્તવ્ય વગેરેની સુધબુધ પણ હવે ન રહી. તેઓ જાણે કે પોતાનાં જીવન બાબતમાં સંપૂર્ણતઃ લાપરવાહ જ થઈ ગયા હતા. ક્યારેક ક્યારેક શ્રીધરને પૂજાઘરમાં બોલાવી તેની પાસે બધા ઉપચાર સહિત પૂજા કરાવતા.

પરંતુ શ્રીધરના નાના-નાનીને, સરોજિનીદેવીના માતાપિતાને બાળકોનું શિક્ષણ રખડી પડ્યું છે તે જોઈને ચિંતા થવા લાગી. તેઓ શ્રીનિવાસરાવને સમજાવીને બાળકોને ફરીથી મેંગલોર લઈ ગયાં. ત્યાં ફરીથી શ્રીધરે રોઝારિઓમાં શિક્ષાનો પ્રારંભ કર્યો. ત્યાંના શિક્ષકો ખૂબ જ દયાળુ, મમતાભર્યા ખ્રિસ્તી ધર્મગુરુ હતા.

ત્યારબાદ 'સેંટ એલોયુશિઅસ' કોલેજના ઉચ્ચ માધ્યમિક વિભાગમાં 'સંસ્કૃત' વિષય સાથે તેણે અભ્યાસ આગળ વધાર્યો.

એક દિવસ કોઈ કામ માટે શ્રીધર તેના નાનાજીના રૂમમાં આવ્યો હતો. ત્યાં તેણે ટેબલ ઉપર લીલા રંગના સુંદર કવરવાળું એક પુસ્તક જોયું. તેનું નામ હતું 'In quest of God.' કાન્હનગઢના સંત શ્રી પાપા રામદાસજીનું આ પ્રથમ પુસ્તક. શ્રીધરે આ પુસ્તક વાંચવાનું ચાલુ કર્યું. તેમાં અનેક એવા શબ્દો હતા કે જેનો આધ્યાત્મિક અર્થ તેને ખબર ન હતો. તે માટે તેણે વારંવાર શબ્દકોષ-ડીક્ષનરીનો આધાર લેવો પડતો હતો. છતાં તેણે તે પુસ્તક છોડ્યું નહીં. જ્યારે બાળકોની ઉંમર પરીકથાઓ વાંચવાની હોય ત્યારે આ બાળક શ્રીધર સંત શ્રી રામદાસજીના 'ઈશ્વરની શોધ' પુસ્તકમાં વર્ણવેલ તીર્થયાત્રાનાં વર્ણન વાંચીને ખૂબ જ પ્રભાવિત થયો. હિમાલય, ગંગા અને હૃષીકેશ આ ત્રણેય શબ્દો તેનાં હૃદય અને મસ્તિષ્ક ઉપર સતત ટકોરા મારતા રહ્યા. કેવો હશે હિમાલય? ગંગાના પવિત્ર જળનો સ્પર્શ હું કરી શકીશ ? અને તે સદૈવ આ જ વિચારોમાં ખોવાયેલો રહેતો. જ્યારે જ્યારે તે નેત્રો બંધ કરતો ત્યારે કદીયે ન દેખી હોય તેવી હિમગિરિ કંદરાઓની શુભ્રતા તેની સમક્ષ આકાર પામતી. નેત્રાવતીને તટે તેને ગંગાજળની તરસ લાગવા લાગી. દક્ષિણના સુદૂર પ્રદેશના આ બાળકનો જીવનદોર દૂર ઉત્તરની સાથે બંધાતો જતો હતો.

અને તેવી જ રીતે ઉત્તરમાં એક મહાપુરુષ પોતાના ઉત્તરાધિકારીની



રાહ જોઈ રહ્યા હતા.

સન ૧૯૩૨માં શ્રીધર ફરીથી મદ્રાસના 'કિંબર્લી' ભવનમાં પોતાના પિતાશ્રી સાથે રહેવા આવી ગયો.

તે સર એમ.સી.ટી. મુથિયા ચેટિયાર સ્કૂલમાં દાખલ થયેલો. આ નવી શાળામાં પણ તેને અનેક નવા મિત્રો મળી ગયા. સૌની સાથે તે અત્યંત વિનમ્રતા, સૌજન્ય અને મૃદુતાથી વાતો કરતો હતો. ખૂબ જ શાંત, હંમેશાં પોતાના વિચારોમાં જ ખોવાયેલો શ્રીધર તેમના મિત્રો માટે એક અચરજનો વિષય હતો.

હમણાં હમણાં તાજેતરમાં જ થયેલી પરીક્ષાના માર્ક સૌને કહેવામાં આવ્યા હતા. તમામ સ્કોલર વિદ્યાર્થી પોતપોતાના માર્કની ચર્ચા કરી રહ્યા હતા. તેમની ચર્ચામાં તેમના આનંદ સાથે અભિમાન પણ નરી આંખે જોઈ શકાતું હતું. શાળાના આ સીમિત વિશ્વમાં આ યશોગાન કંઈ ઓછું ન હતું. એક શ્રીધર એકલો જ નિર્વિકાર હતો. તેની મૂરત શાંત અને અંતર્મુખ હતી.

'અરે શ્રીધર ! તારા માર્ક તો દેખાડ !' સૌએ તેને ઘેરી લીધો. અને તેના માર્ક જોઈને સૌ જાણે હેબતાઈ જ ગયા.

સૌથી વધુ માર્ક મેળવીને, સૌથી વધુ ચુપ !

પરંતુ શ્રીધર શૈક્ષણિક ક્ષેત્રના માન-સન્માન વિષયમાં સંપૂર્ણતઃ નિઃસ્પૃહી હતો. તેણે તેના શિક્ષકો પાસેથી શાળાકીય જ્ઞાન જ માત્ર અર્જિત નહોતું કર્યું, પરંતુ તેમનામાં રહેલા તેમના સમર્પિત અને પ્રતિષ્ઠિત જીવનશૈલીના ચરિત્રસમ્પન્ન સદ્‌ગુણોનો પદાર્થપાઠ પણ ગ્રહણ કર્યો હતો. આ વૈશ્વિક શિક્ષણ સાથે તે એક એવા જ્ઞાનની શોધમાં હતો કે જે જ્ઞાનની પ્રાપ્તિ પછી કંઈ પણ અજ્ઞાત ન રહે.

**[૧૧]**

'શ્રીધર ! કાલે રજા છે, અમારી સાથે રમવા આવીશ ? અમો ક્રિકેટ રમવાના છીએ.'

શ્રીધરની આંખો આનંદથી છલકાઈ ગઈ.

'મને તો ક્રિકેટ ગમે છે, પરંતુ તમો બધાં મારે ઘરે જ રમવાને

આવોને !'

દોસ્તો ખુશ થઈ ગયા. શ્રીધરનું ઘર ગામની બહાર હતું. એટલે ત્યાં જોવાવાળા દર્શકોની ભીડ ન હતી. કમ્પાઉન્ડની અંદર છોકરાઓ ગમે તેટલી ધમાલ કરે તો પણ ગુસ્સો કરવા કે ટોકવાવાળું કોઈ જ ન હતું. બીજે દિવસે ત્યાં આખોયે દિવસ સૌ મન ભરીને ક્રિકેટ રમ્યા. બેટિંગ કરતી વખતે શ્રીધરનો હાથ વીજળીની જેમ ચમકતો હતો. વચ્ચે વચ્ચે ચોક્કા અને છક્કા મારીને તેણે ઘણા રન કર્યા. અંતે જ્યારે તેનો કેચ પકડાયો ત્યારે 'શ્રીધર આઉટ'ની બુમરાણ થઈ, ને દોસ્તો વચ્ચે શ્રીધર શાંતિથી આવીને બેઠો. ખૂબ જ શાંત દેખાવવાળા આ છોકરાની રમતગમતમાં આટલી નિપુણતા જોઈને બધા મિત્રો સ્તબ્ધ થઈ ગયા. જ્યારે રસોયાએ રસોડામાંથી ગરમ ગરમ ઈડલી-વડાં લાવીને પીરસ્યાં ત્યારે ખેલ સમાપ્ત થયો.

## [૧૨]

એક દિવસ શ્રીધર શાળાએ જવા માટે ઘરેથી બહાર નીકળ્યો. તેટલામાં એક વૃદ્ધા, જર્જરિત દેહ સાથે ભીખ માગતી તેમને બારણે આવી. તે સ્વસ્થપણે ઊભી પણ રહી શકતી ન હતી, તેના શરીર પરના ફાટેલાં કપડાં હતાં અને તેણે દીન, આર્ત નજરે શ્રીધર સામે ગરીબડા ભાવે જોયું. ઝાકઝમાળ વચ્ચે જન્મેલા સિદ્ધાર્થ રાજકુમારની જેમ ગરીબીનું પ્રથમ દર્શન શ્રીધરને આ ભિખારણમાં થયું. આ દૃશ્ય અત્યંત દુઃખદાયી હતું. તેનું સંવેદનશીલ સંતહૃદય કરુણાથી ભરાઈ આવ્યું. તેણે ઘરમાં પાછા ફરીને અંદરથી તે સ્ત્રી ભરપેટ ખાઈ શકે તેટલું ભોજન લાવીને તેને આપ્યું. ધીરે ધીરે દરરોજ તેનું એક ભોજન શ્રીધરને ત્યાં જ સમ્પન્ન થવા લાગ્યું.

પરંતુ પીડિતોની આ સેવાનો ક્રમ અહીં જ શેષ થવાનો ન હતો, રસ્તે ચાલતાં રસ્તાની બંને બાજુ બેઠેલા અનેક કુષ્ટરોગીઓ પણ સદા શ્રીધરની આવવાની રાહ જોતા. તેણે પોતાની ખિસ્સાખર્ચીમાંથી દવા લાવીને તેમની સેવા કરવાનું ચાલુ કર્યું. તે તેમના જખમોને સાફ કરવા લાગ્યો. નિષ્કામ સેવાનો અંકુર તેના જીવનમાં પ્રસ્ફુટિત થઈ ગયો હતો.



એક દિવસ તેના પિત્રાઈ ભાઈએ તેને પૂછ્યું.

'તું આ બધું શા માટે કરે છે ?'

'આ કુષ્ટરોગીઓ પણ આપણા જેવા જ છે.' આ ઉત્તરનો અર્થ સમજવા માટે તે ભાઈ ગડમથલમાં પડ્યો.

તેની આ વર્તણૂક બીજી પણ એક વ્યક્તિ દેખી રહી હતી. અને તે હતા તેની ફોઈ ગોપીબાઈના પતિ, શ્રી આર. કૃષ્ણરાવ. દેખાવમાં તો તેઓ સંસારી હતા, પરંતુ સાધનામાં બેજોડ. શ્રીરામનામ જ તેમના જીવનની આધારશિલા હતી. તેઓ શ્રીધરને ઓળખી ગયા હતા. આ છોકરો કંઈ સાધારણ વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિ નથી, તે સત્ય તેઓ પારખી ગયા હતા. તેમણે શ્રીધરને જપયોગની પ્રેરણા આપી. અને મા પછી હવે તેઓ જ શ્રીધરના આધ્યાત્મિક પથદર્શક બન્યા. તેઓ બંને મળે એટલે સત્સંગ જામે. તેઓ જાણી ગયા હતા કે શ્રીધરમાં એક અલૌકિક જીવ આકાર લઈ રહ્યો છે.

ક્યારેક તો ઢળતી સાંજથી મોડી રાત સુધી આ ફુઆ-ભત્રીજા વચ્ચે આધ્યાત્મિક ચર્ચા થતી. પુરાતન શાસ્ત્રોમાં કથિત સત્યની શોધ માટેના સાધનોનું ચિંતન થતું.

એક દિવસ શ્રીધરે પૂછ્યું, 'ફુઆજી ! લોકોનાં મન ઉપર દિવસે દિવસે વિજ્ઞાનનો પ્રભાવ વધતો જાય છે. વિજ્ઞાન વિચારને કારણે લોકોમાં ધર્મ પરની શ્રદ્ધા ઓછી થતી જાય છે. શું આમ આવી રીતે ધર્મશ્રદ્ધાનો સંપૂર્ણ ક્ષય થઈ જશે ? વિજ્ઞાને સર્વસાધારણ માનવના જીવનને સાધન-સુવિધાઓ અને આરામ તો આપ્યો જ છે, એ વાત તો સત્ય છે. અનાવશ્યક રૂઢિવાદને દૂર કરીને સામાજિક બદીઓને દૂર કરી છે, એટલું તો યોગ્ય છે. પરંતુ તેની સાથે આવેલ આ ભોગવાદ, અશાંતિ, અશ્રદ્ધાનું વહન સમાજે કરવું પડશે તેનું શું ?'

'ના, બેટા ! આ અશાંતિ, અશ્રદ્ધા દૂર કરવા માટે પરમેશ્વરનું પ્રાકટ્ય થાય છે. તેનું અવતરણ વારંવાર થયું છે. બંગાળમાં હજુ તાજેતરમાં દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ એક એવી મહાન વિભૂતિ હતા. તેમણે ભોગવાદને રોકવાનું મહાન કાર્ય કર્યું છે, અને સાથે સાથે

ધર્મની ઉત્ક્રાન્તિ પણ કરી છે. સૌ ધર્મો અંતે એક જ ધ્યેયમાં જઈને પરિણિત થાય છે તે તેમણે તેમની સાધના દ્વારા અનુભવ કર્યો છે.'

'શાસ્ત્રોમાં લખેલાં સત્યનો શું તેમણે તેમના વાસ્તવિક જીવનમાં અનુભવ કર્યો હતો ?'

'હા, વળી. તું એક કામ કર, હું તને એક પુસ્તક આપું છું. તેને વાંચ.'

તેમણે તેમના ગ્રંથસંગ્રહમાંથી 'ધ ગોસ્પેલ ઓફ શ્રીરામકૃષ્ણ' નામનું પુસ્તક કાઢીને શ્રીધરના હાથમાં મૂક્યું.

શ્રીધરે દિવસે અને રાત્રે તે ગ્રંથના અધ્યયનમાં ડૂબકી મારી. તેને ખાતરી થઈ, 'સર્વોચ્ચ આધ્યાત્મિક અનુભવ એક નક્કર સત્ય છે.'

પૂજ્ય મા શારદાદેવી અને ભગવાન શ્રીરામકૃષ્ણના અદ્‌ભુત સંબંધને વાંચીને તે ખૂબ જ પ્રભાવિત થયો. યૌવનના મોહસભર ઊંબરે ઊભેલા શ્રીધરના મનમાં સ્ત્રીઓ માટે માત્ર પૂજ્ય ભાવ જ પ્રગટ થતો હતો. તેને માટે પ્રત્યેક નારી સાક્ષાત્ દેવીમા હતાં. આગળ ઉપર તો તેને સ્ત્રી અને પુરુષનો ભેદ જ મનમાંથી હટી ગયો. ઉંમરની એક એવી ક્ષણ કે જ્યાં મોહ પોતાની મનોહારી જાળમાં ધીરેથી સૌને બાંધી લે છે, તે ક્ષણે શ્રીધર માટે પ્રત્યેક નારી ચૈતન્યરૂપ હતી. એક સુંદર વદન નહીં... ભેદરહિત... ભેદઅતીત આત્મા હતી. તે હવે શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ અને શ્રી મા શારદાદેવીના ફોટાઓ લઈ આવ્યો, અને તેમની પૂજા કરવા લાગ્યો. તેના મનમાં ઉપસતા નિવૃત્તિના વિચારોને શ્રી આર. કૃષ્ણરાવ અજાણ્યે જ પોષતા રહ્યા.

હવે શ્રીધર દર રવિવારે મયલાપુરના શ્રીરામકૃષ્ણ મિશનમાં જવા લાગ્યો. શ્રીરામકૃષ્ણદેવની સ્તુતિના સંસ્કૃત સ્તોત્ર ગાવા લાગ્યો. તેણે સ્વામી વિવેકાનંદજીનું જીવન ચરિત્ર પણ વાંચ્યું. બસ, હવે તે એક અજાણ્યા પણ અધ્યાત્મપ્રવાહમાં ડૂબી રહ્યો હતો.

આમ તો શ્રીધરના માતાપિતા અને પૂર્વજો મધ્વાચાર્ય પરંપરાના અનુયાયી હતા. આ મહાન વૈષ્ણવગુરુએ ઉડુપીમાં સંન્યાસી મઠની સ્થાપના કરી હતી. આગળ ઉપર તેમની એક શાખાએ હોસ્પેટમાં



ઉત્તરાધી મઠની સ્થાપના કરી હતી. આ મઠના મઠાધિપતિ સ્વામી સત્યધ્યાનતીર્થ, શ્રીનિવાસરાવજીના પારિવારિક ગુરુ હતા. તેઓ એક મહાન તપસ્વી, જ્ઞાની અને સિદ્ધ મહાપુરુષ હતા. એકવાર તેઓ શ્રીનિવાસરાવને ત્યાં પધાર્યા. ત્યાં ત્યારે તેમની સેવામાં નિયુક્ત આ શ્રીધરને જોઈને પ્રસન્નતા અને વિનોદથી તેમણે શ્રીધરને પૂછ્યું... 'બોલ, તને શું આશીર્વાદ આપું.'

'મારી આધ્યાત્મિક ઉન્નતિ થાય, તેવો આશીર્વાદ આપો.' શ્રીધરના આ જવાબથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે શ્રીધરના અંગ ઉપર શંખ અને ચક્રની મુદ્રા અંકિત કરી. (શંખ અને ચક્રના આકારવાળી લોખંડની પટ્ટીથી તેને ગરમ કરીને છાપ આપી. કટ્ટર વૈષ્ણવપંથી આને 'મુદ્રા લેવી' તેમ કહે છે.) આગળ ઉપરની આધ્યાત્મિક યાત્રા માટે હવે શ્રીધરને કુળગુરુના આશીર્વાદ મળી ગયા.

વૈષ્ણવ પંથના ચૈતન્ય ગૌડીય મઠમાં પણ શ્રીધર અઠવાડિયે એક વાર અવશ્ય જવા લાગ્યો. તેમની પૂજાવિધિમાં સાષ્ટાંગ પ્રણામને મોટું મહત્ત્વ આપવામાં આવે છે. અહંકારના સમૂળ વિનાશ માટે અને વિનયશીલતા માટે આ એક સાધના જ હતી. મૂળથી જ વિનયશીલ શ્રીધરને આ નમસ્કાર કરવાની સાધના ખૂબ જ પસંદ આવી. પૂજ્ય લાગતી પ્રત્યેક વ્યક્તિને તે હવે સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યો. એક તરફ આ આધ્યાત્મિક ઉન્નતિ તો વધી જ, પરંતુ તેની સાથે સાથે બીજી તરફ શ્રીધર તેની લૌકિક શિક્ષામાં પણ ચમકવા લાગ્યો. ૧૯૩૪માં તે એસ.એસ.એલ.સી. (માધ્યમિક શાળાંત) પરીક્ષામાં ખૂબ સારા માર્ક સાથે ઉત્તીર્ણ થયો.

## [૧૩]

હવે ઇંટરમિડિએટ આર્ટ્સ માટે શ્રીધર લોયોલા કોલેજમાં દાખલ થયો. આ કોલેજમાં વિશિષ્ટ ક્ષમતા સમ્પન્ન વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવતો હતો. કોઈપણ મોટા ઘરના યુવાન દીકરા જેવી વેષભૂષા કરવાવાળો આ છોકરો... આધુનિક સ્ટાઈલના વાળ, રેશમી કપડાં... અને તે પણ ચાલુ ફેશનનાં... આ છોકરો આવતીકાલે સંત-

સંન્યાસી થશે તેવું ભલા કોઈના પણ મનમાં ક્યાંથી ઉપજી શકે ? આમ તો તે તેની વેષભૂષાથી નહીં, પરંતુ તેની શાંત, ગંભીર, તેજસ્વી મુદ્રા, તેની અંતર્મુખ વૃત્તિને જોઈને તો તેના ભાવીની કલ્પના તો સ્હેજે કરી શકાય તેમ હતું.

કોલેજમાં આધ્યાત્મિક ચર્ચાઓ, તાત્ત્વિક વિષયો પર સંવાદ તો થતા જ હતા, પરંતુ આ તમામ સમયે શ્રીધર સદૈવ શાંત રહેતો હતો. પોતાના અડધા-અધૂરા જ્ઞાનને પાણીના પરપોટાની જેમ પ્રદર્શિત કરવા કોલેજના યુવકો સદૈવ ઉત્સુક રહેતા હતા. જ્યારે તે સમયે પણ શ્રીધરનું આધ્યાત્મિક જ્ઞાન ખૂબ જ ગહન અને ઊંડું હતું અને ખરા અર્થમાં અવાજ તો છીછરાં પાણીમાં જ થાયને, ઊંડાં પાણી તો સદૈવ શાંત જ હોય છે.

એકવાર આવી જ છીછરી જ્ઞાનની બડાશ હાંકતા એક યુવક મિત્રને શ્રીધરે આકસ્મિક પૂછ્યું...

'આ 'તું' અને 'હું' શબ્દ વિશે તારી શી સમજણ છે, જરા કહે જોઈએ. તું જે વાત કરે છે તે શરીર માટે બોલે છે કે આત્મા માટે ?' સૌ જે કોઈ ઊંચે અવાજે ડીંગ હાંકી રહ્યા હતા... સૌના અવાજ ચૂપ થઈ ગયા. શ્રીધરના આ પ્રશ્નનો કોઈ પણ પાસે જવાબ ન હતો, એટલે સૌ આકસ્મિક જ આ પ્રશ્નથી અકળાઈ ગયા.

લોયોલા કોલેજનું સમગ્ર વાતાવરણ ખ્રિસ્તી ધર્મનું હતું. અહીં શ્રીધરે બાઈબલ વાંચ્યું. થોમસ એ. કેમ્પીસનું પુસ્તક 'ઇમીટેશન ઓફ ક્રાઈસ્ટ' પણ વાંચ્યું. અહીં જ તેણે સેંટ ફ્રાન્સિસનું જીવન ચરિત્ર વાંચ્યું અને એક અદ્ભુત આત્મીય શાંતિનો અનુભવ કર્યો.

ઈશ્વર સર્જિત પ્રત્યેક પ્રાણી, પક્ષી, પશુ પ્રત્યે જ નહીં પરંતુ કીડી-મંકોડા પર પણ પ્રેમ દાખવવાવાળા સેંટ ફ્રાન્સિસ હવે શ્રીધરને પોતાના અંગત હોય તેવું લાગવા લાગ્યું. તે જ સમયે તેણે સેંટ ફ્રાન્સિસની પ્રાર્થના પણ વાંચી...

**હે પ્રભો ! મને શાંતિનું વાહન બનાવ.**
**જ્યાં ઘૃણા હોય, ત્યાં સ્નેહ સિંચન કરું.**
**જ્યાં આઘાત હોય, ત્યાં ક્ષમા**



**જ્યાં વિસંવાદ હોય, ત્યાં એકાત્મતા**
**જ્યાં શંકા હોય, ત્યાં શ્રદ્ધા**
**જ્યાં નિરાશા હોય, ત્યાં વિશ્વાસ**
**અને જ્યાં દુઃખ હોય ત્યાં શાશ્વત ચિરંતન આનંદ.**
**હે શ્રેષ્ઠ પ્રભો ! વરદાન આપો.**
**હું એટલી પણ આશા ન રાખું, સાંત્વનાની કે જ્યાં સાંત્વના કરવાની હોય,**
**જેટલી સમજ લોકો કરે, તેથી વિશેષ સમજી લેવાની; કારણ કે**
**બીજાંઓને આપવામાં જ અમોને કંઈ મળે છે,**
**બીજાંઓને ક્ષમા આપવામાં જ અમોને ક્ષમા મળે છે,**
**અને મૃત્યુથી જ ચિરંતન જીવન પ્રાપ્ત થાય છે.**

આ પ્રાર્થનાથી શ્રીધર ખૂબ જ પ્રભાવિત થયો. ઈશ્વરને હાથ જોડતી વખતે હવે તેને આ જ પ્રાર્થના યાદ આવતી, તેના મુખમાંથી હવે આ શબ્દો જ તેના મુખમાંથી નિઃસૃત થતા.

આ બધાની વચ્ચે શ્રીધરે તેના દૈનિક જીવનની પ્રત્યેક આનંદની પળોને ક્યારેય મિથ્યા ન માની. તેણે પોતાના નિવાસસ્થાને 'કંબર્લી ક્રિકેટ ક્લબ' નામની સંસ્થા શરૂ કરી. તે તેના મિત્રો સાથે કલાકો સુધી ક્રિકેટ રમતો.

તરવાનું તેને ખૂબ ગમતું. ક્યારેક 'મનોહર વિલાસ' જતો ત્યારે ત્યાંના તળાવોમાં ખૂબ લાંબા સમય સુધી તરવાની મજા તે લૂંટતો.

**[૧૪]**

'શ્રીધર આજે એક નવી ફિલ્મ આવી છે, અમો બધા જવાના છીએ, ચાલ તું પણ અમારી સાથે.'

શ્રીધરના દોસ્તોનો ખૂબ જ આગ્રહ હતો. હવે ના કહેવાનું પણ બરાબર ન હતું. અને બધા જ મિત્રો 'પડોસી' સિનેમા જોવા ગયા. આ ફિલ્મની કથા એક હિંદુ અને એક મુસલમાન દોસ્તોની મૈત્રી કથા હતી. તેણે આ ફિલ્મ ખૂબ એકાગ્રતાથી જોઈ. સિનેમાના અંતે તેનું દિલ ઝણઝણી ઊઠ્યું. પાણીમાં ડૂબી ગયેલા આ બંને મિત્રોની લાશ લોકો જ્યારે બહાર કાઢે છે, ત્યારે તે બંને મિત્રોના હાથ એકમેકના હાથમાં

બંધાયેલા હતા. આ દૃશ્ય જોઈને શ્રીધર ખૂબ જ મૂંગો થઈ ગયો. શું અલ્લાહ અને ઈશ્વર આ એક જ માલિકના બે ભિન્ન ભિન્ન નામ નથી. બધા જ ધર્મો એક જ છે. સૌનો માલિક એક જ છે. આવી દૃઢ ભાવનાથી તે ખૂબ જ આવિર્ભૂત થઈ ગયો. હવે તમામ મુસ્લિમ લોકો તેના આધ્યાત્મિક બંધુ-બાંધવ થઈ ગયા.

ત્યારબાદ તેણે 'અછૂત કન્યા' ફિલ્મ પણ જોઈ. પોતાના બાળપણના બે મિત્રો માટે... એક હરિજન અને એક બ્રાહ્મણ. તેમને માટે પોતાની કુરબાની આપવાવાળી એક નારીની આ વાર્તા હતી. શ્રીધર કદીયે હરિજનોને અછૂત ન માનતો. પરંતુ હવે તો તે સૌ તેના પોતાના થઈ ગયા હતા.

દીન-દુર્બળોની સેવા, પીડિતોની સેવા, આટલું જ માત્ર નહીં પરંતુ રખડુ કૂતરાઓની સેવા... પ્રાણીમાત્રની સેવા એ તેનો સહજ સ્વભાવ થઈ ગયો હતો. એકવાર ઓરી-અછબડાથી પીડિત એક રોગીની તેણે એટલી બધી સેવા કરી કે તેની સેવા કરતાં તે પોતે પણ માંદો પડી ગયો. પરંતુ તેને આ વાતનું કોઈ દુઃખ ન હતું. તેને એક ક્ષણ માટે પણ તેના આ કૃત્ય માટે પશ્ચાત્તાપ ન થયો. ખૂબ જ શાંતિપૂર્વક તે પોતાને આવેલી બીમારીની વ્યથા સહન કરતો રહ્યો.

પરંતુ ધીરે ધીરે તેના મનની મુક્તિની જ્વલંત ઈચ્છા ખૂબ જ વધુ પ્રખર બની. તે સમયના તમામ સંત-મહંતોના તેણે દર્શન કર્યા. એક દિવસ તેણે દૈનિક સમાચાર પત્રમાં શ્રી પુરોહિત સ્વામીજી મદ્રાસ પધારે છે, તે સમાચાર વાંચ્યા. તેઓ એક સુપ્રસિદ્ધ હઠયોગી, વિરક્ત સત્પુરુષ હતા. નાદયોગ સાધનામાં તેમનું નામ અજોડ હતું. તેમનું સંભાષણ મદ્રાસ યુનિવર્સિટીમાં થવાનું હતું, તે સમાચાર જાણી શ્રીધર પણ તે સાંભળવા ગયો. તેમના પ્રવચનથી શ્રીધર ખૂબ જ પ્રભાવિત થયો. પૂજ્ય સ્વામીજીનો ઉતારો ક્યાં છે, તે શોધી કાઢી તેમને રૂ-બ-રૂ મળવા પણ ગયો. સ્વામીજીએ શ્રીધર તરફ જોયું. તેની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિને ઓળખી કાઢી. સાધનાની પ્રત્યેક અવસ્થામાં સાધકના મસ્તિષ્કમાં નિર્માણ થનારા વીણા, વેણુ, કંકણ કે ઘંટનાદ વિષયક ખૂબ બારીકીથી



માહિતી આપી. તે સંબંધી થોડાં આવશ્યક તત્ત્વો અને તેમાંથી મળવાવાળા અનુભવો વિશે પણ સ્પષ્ટીકરણ કર્યું.

શ્રીધર મૂળથી જ નિવૃત્તિમાર્ગનો યાત્રી હતો પરંતુ હવે તે રાજમાર્ગ પર તેનાં ચરણ દૃઢતાપૂર્વક આગળ વધવા લાગ્યા.

ઈ.સ.૧૯૩૬માં શ્રીધર અરુણાચલમ્ ગયો. 'નાન યાર ?' (હું કોણ ?) આ પુસ્તકના લેખક શ્રી રમણ મહર્ષિ ત્યાં જ રહેતા હતા. શ્રીધર તેમની પાસે ત્રણ દિવસ રહ્યો. ત્યારબાદ સ્વામી અસંગાનંદજી, સચ્ચિદાનંદ સંઘના સંસ્થાપક શ્રી સ્વામી રાજેશ્વરાનંદજી, શ્રીરામકૃષ્ણ મિશનના સ્વામી અશેષાનંદજીને પણ મળ્યો. એ જ દિવસોમાં 'ઈન ધ ક્વેસ્ટ ઓફ ગોડ' પુસ્તકના લેખક પૂજ્ય પાપા સ્વામી રામદાસજીને પણ તેને મળવાનું થયું. તેમના જ પુસ્તકથી શ્રીધરમાં ઈશ્વર આરાધનાની લગન લાગી હતી. હવે ખુદ પાપા રામદાસજીને મળવાનું થયું. તેમના આશીર્વાદથી તો શ્રીધર ધન્ય ધન્ય થઈ ગયો. હવે ધીરે ધીરે તેણે રેશમી વસ્ત્રો, આધુનિક વેષભૂષાનો ત્યાગ કર્યો. સુતરાઉ કપડાં... ધોતી અને ખમીશ પહેરવાનું ચાલુ કર્યું. પગમાંના મોંઘા જોડા પણ કાઢી નાખ્યા.

સમૃદ્ધ, સમ્પન્ન ઘરનો આ છોકરો હવે એક એક વસ્તુનો ધીરે ધીરે ત્યાગ કરી રહ્યો હતો.

'કિંબર્લી ભવન' એક સંન્યાસીની જીવન યાત્રાનું સાક્ષી બની રહ્યું હતું.

'શ્રીધર, અરે તું કેટલામી વાર આ સિનેમા જોવા જઈ રહ્યો છે ?' હેમલતા આશ્ચર્યથી પૂછી રહી હતી.

'ચોથીવાર'. થોડું હસતાં હસતાં તે બોલ્યો.

એટલામાં તેનો નાનો ભાઈ રાઘવેન્દ્ર ત્યાં આવ્યો.

'કેમ ? તમો બંનેમાં શું ઘુસર-પુસર ચાલી રહી છે ?' તેણે પૂછ્યું.

'જોને, આ મહાશય 'સંત જ્ઞાનેશ્વર' ફિલ્મ જોવા ચોથી વાર જઈ રહ્યા છે. ચહેરા ઉપર કંઈક આશ્ચર્યના ભાવ સાથે હેમલતા પૂછી રહી હતી. કદાચ વિચારતી હશે, ધાર્મિક વૃત્તિનો આપણો આ ભાઈ આ સિનેમા વારંવાર શા માટે જુએ છે ?

'તે મરાઠી સિનેમા ?' રાઘવેન્દ્રે પૂછ્યું.

એ બંનેની વાત સાંભળ્યા વગર શ્રીધરે જ રાઘવેન્દ્રને પૂછ્યું, 'તારે આવવું છે ?'

'ચાલો-'

હેમલતા તો બિચારી જોતી જ રહી. ત્યારે તેને યાદ આવ્યું કે 'સંત તુકારામ' ફિલ્મ પણ તેણે ચાર-પાંચ વાર તો જોઈ જ હશે. એ દિવસોમાં તે દિવસ રાત મરાઠી સંતોની રચનાઓ જ સદા ગણગણતો (તે અભંગ કહેવાય). જતાં-આવતાં તે એક લાઈન સદા ગાતો... 'આદી બીજ એકલે.'



# ૩

# સાહિત્ય, શિવાનંદ અને ગૃહત્યાગ

## [૧૫]

તે દિવસોની વાત છે. કોલેજ પાસેની એક દુકાનમાંથી ખરીદીને તેના મિત્રો કંઈક અશ્લીલ જ કહેવાય તેવું માસિક ખરીદીને વાંચતા. શ્રીધર તો તેનાથી માઈલો દૂર રહેતો. પરંતુ તેના મિત્રોએ એક દિવસ તેના હાથમાં આ મેગેઝીન પકડાવી જ દીધું. તેના આશ્ચર્ય અને આનંદ વચ્ચે આ પત્રિકા ખોલતાંની સાથે જ તેના સદ્ભાગ્યે તેમાંથી તેને હૃષીકેશના સ્વામી શિવાનંદજીનો લખેલો લેખ જોવા મળ્યો. સ્વામીજીએ મુમુક્ષુઓના માર્ગદર્શન માટે એક લેખમાળા ચાલુ કરી હતી. શ્રીધર હવે જાતે જ આ મેગેઝીન ખરીદવા લાગ્યો. સ્વામીજીની સૂચના અનુસાર તે હવે કલાકો સુધી ધ્યાન કરવા લાગ્યો. શ્રીધરના મનમાં હવે એક જ પ્રશ્ન સળવળ્યો.

'કોણ છે આ સ્વામી શિવાનંદ ?'

પોતાના સંન્યાસ પૂર્વેના જીવનમાં સ્વામી શિવાનંદજી ડૉક્ટર હતા. ત્યારે તેમનું નામ કુપ્પુસ્વામી હતું. તામ્રવર્ણી નદીને તટે પટ્ટમડાઈ નામના ગામમાં એક સમ્પન્ન પરિવારમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતાશ્રી શ્રી વેંગ્ગુ ઐય્યર સુપ્રસિદ્ધ સંસ્કૃત પંડિત અને શિવભક્ત

યોગીના વંશજ હતા. કુપ્પુસ્વામી પોતાની ડાક્ટરી પ્રેક્ટિસ કરવા માટે મલાયા ગયા હતા. ત્યાં લોકોનાં દુઃખ અને ગરીબી જોઈને વિચલિત થઈ ગયા. તેઓ આધ્યાત્મિક સાધનાના હિમાયતી તો હતા જ. અને ઈશ્વરદર્શનની ઈચ્છાથી તેમણે આ સર્વ દુન્યવી બંધનોનો સમૂળગો ત્યાગ કર્યો. તપશ્ચર્યા કરવા માટે શાંત સ્થળની શોધમાં સમગ્ર ભારતનું ભ્રમણ કરવા લાગ્યા. તે સમયે તેમણે કાશીથી છેક મહારાષ્ટ્રના પંઢરપુર સુધીની યાત્રા કરી. એક સમૃદ્ધ પરિવારનો આ ડૉક્ટર દીકરો હતો. લોકોનાં દુઃખ દર્દ કે જે દવાઓની સારવારથી સુદૂર છે, તે દૂર કરવા માગતો હતો. તે દૂર કેમ થાય ? મને જ્ઞાન મળે તો તેનું વિતરણ કરી શકુંને ? તેથી તે તપ કરવા માગતો હતો. શોધ હતી... શાશ્વત જ્ઞાનની. તે સમયે તે તેમના અભ્યાસની એકમાત્ર અંગ્રેજી ભાષા બોલી લોકો પાસે ભિક્ષા માગતો શરીર નિર્વાહ માટે લોભી જરૂરી હતું. ક્યારેક ભોજન મળતું... ક્યારેક ભૂખ્યા પણ રહેવું પડતું. ક્યારેક લોકો તેને શંકાની નજરે પણ જોતા. આ હટ્ટોકટ્ટો યુવાન માણસ છે. આળસને લીધે તો ભિક્ષા નથી માગતો ને ? એને ભલા ભૂખનો શું અનુભવ... કે જેના ઘરનો રસોયો પણ અમીર કહેવાતો હોય !

અંતે તેઓ પંઢરપુરમાં એક પોસ્ટમેનના ઘરમાં રહ્યા. ત્યાં તેમણે પોસ્ટમેનની સેવા કરી. તેની સલાહથી તેઓ હૃષીકેશ આવ્યા. પોસ્ટમેને તેમની યાત્રાનો પણ પ્રબંધ કરી આપ્યો હતો. અહીં ગંગા કિનારે હૃષીકેશમાં સ્વામી વિશ્વાનંદજીએ તેમને સંન્યસ્ત દીક્ષાથી દીક્ષિત કર્યા. હવે તેમનું નામ કુપ્પુસ્વામીમાંથી સ્વામી શિવાનંદ થઈ ગયું. અનેક વર્ષોની કઠોર તપશ્ચર્યા પછી તેમણે ગંગાતટે ‘દિવ્ય જીવન સંઘ’ (ડિવાઈન લાઈફ સોસાયટી) નામની સંસ્થાની સ્થાપના કરી. આ એક વિશ્વવિખ્યાત આધ્યાત્મિક સંસ્થા છે. ત્યાં સત્સંગ, સ્વાધ્યાય, ભજન, કીર્તન, જપ અને ધ્યાન તથા સેવા પરોપકારના માર્ગે મુમુક્ષુઓને પથદર્શન કરાવવામાં આવે છે. સાધનાનું દિશાસૂચન થાય છે. પરંતુ સ્વામી શિવાનંદજી મહારાજ સ્વયં એક ડૉક્ટર હતા. તેઓ બીમાર લોકોની પીડા કેમ જોઈ શકે ? તેથી તેમણે લક્ષ્મણઝૂલા પાસે એક ધર્માર્થ



દવાખાનું પણ ખોલ્યું. અધ્યયન માટે મોટી લાઈબ્રેરી ઊભી કરી. સ્વામી શિવાનંદજી મહારાજે પોતાના જ્ઞાન વૈભવના નિચોડ સમાન ૩૦૦થી વધુ પુસ્તકોનું લેખનકાર્ય કર્યું. જેમાં યોગ, અધ્યાત્મ, સાધના, સ્વાસ્થ્ય અને વૈદકના વિષયોને આવરી લેવામાં આવ્યા. દિવ્ય જીવન સંઘની માસિક, સાપ્તાહિક પત્રિકાઓ પ્રકાશિત થવા લાગી. આ મુદ્રણકાર્ય માટે તેમણે એક પ્રિન્ટિંગ પ્રેસ પણ સ્થાપ્યું. અહીં પૂર્વ અને પશ્ચિમના ભક્તોનો મહેરામણ સદા ઊભરાય છે. સ્વામીજીનાં દર્શન કરીને... આધ્યાત્મિક શિક્ષા ગ્રહણ સૌ મુમુક્ષુઓ તૃપ્ત બને છે. તેમની શિક્ષાનો સંદેશ આ સદીમાં પણ સરળતાથી આચરી શકાય તેટલો સરળ અને સહજ છે.

**‘ભલા બનો, ભલું કરો.**

**અપમાન સહન કરતાં શીખો.**

**નમ્રતાપૂર્વક વર્તાવ કરો.**

**પોતાની દૈનિક અને વ્યસ્ત સંસારિક દિનચર્યામાં પણ થોડો સમય ફાળવી તે જગન્નિયંતાનું મનમાં સ્મરણ કરો.**

**પોતાની શારીરિક આવશ્યકતાઓ ઓછી કરો. સાદગીભર્યું જીવન જીવો.**

**બ્રાહ્મમુહૂર્તમાં વહેલા ઊઠો. જપ કરો. ધ્યાન કરો... આ જ દિવ્ય જીવન કે સ્વામી શિવાનંદજીનો પ્રમુખ સંદેશ છે.**

પૂજ્ય સ્વામીજી કોઈપણ જગ્યાએ પોતાના લેખો લખી મોકલતા, અને તે લેખો લોકો ખૂબ જ રસપૂર્વક વાંચતા. તેમની સમજણ સ્પષ્ટ હતી. બીજ રોપતાં રહેવું. ક્યાંય તો તે ઊગી નીકળશે જ. સ્વામીજી માનવનિર્માણનું કાર્ય કરી રહ્યા હતા. માનવના મનમાં પરમેશ્વરની પ્રતિષ્ઠા કરતા હતા. આ તમામ પ્રવૃત્તિ વચ્ચે પોતાના ઉત્તરાધિકારીની પણ રાહ જોતા હતા.

...અને અહીં સુદૂર મદ્રાસના ‘કિંબર્લી’ બંગલામાં તેમનો ઉત્તરાધિકારી સ્વામી શિવાનંદજીની લેખમાળા માધ્યમે તેમના સંદેશને આત્મસાત્ કરી રહ્યો હતો.

સ્વર સુદૂરથી આવતા હતા. પરંતુ શ્રીધરને ખબર ન હતી કે આ સ્વર તેના જ માટે વહી આવી રહ્યા છે. કોઈ તેને દૂર બોલાવી રહ્યું છે.

**[૧૬]**

શ્રીધરે સ્વામી શિવાનંદજી મહારાજનું જપયોગ પુસ્તક વાંચ્યું. તેમાં આપવામાં આવેલ સૂચના પ્રમાણે તે કલાકો સુધી ધ્યાન અને જપ કરવા લાગ્યો. ‘Spiritual lessons’ અને ‘Mind its mysteries & control’ એ પુસ્તકો પણ તેણે વાંચ્યા. શ્રીધર સાધનાનાં સોપાનો એક એક કરીને સર કરતો જતો હતો. હવે તેને ધાંધલ, ધમાલ દેકારો-ગોકીરો કે ભીડ બિલકુલ પસંદ ન હતાં. પોતાની ચોપાસ જો એવું વાતાવરણ સર્જાય કે તેણે તેવા વાતાવરણનો ભોગ થવું પડે, તો તેનું મન અકળાઈ જતું હતું. તે શાંતિ માટે વલખાં મારતો. આ ધાંધલ ધમાલથી દૂર જવું હોય તો સંન્યાસ લેવો જ જોઈએ... તેવું તેનું મન સદૈવ હાકલ કરતું હતું. ગુરુ પ્રાપ્તિની આશા મનમાં છલકાતી હતી. કિંબર્લીમાં કોઈને પણ તેની આ મનોદશાની ખબર ન હતી.

અને એક દિવસ અચાનક શ્રીધરે ઘર છોડ્યું. ઘરમાં આકસ્મિક સોપો પડી ગયો. શ્રી નિવાસરાવ એટલા બધા નિર્મોહી હતા... પરંતુ શ્રીધરના ગૃહત્યાગથી તેઓ પણ ઢીલા પડી ગયા. ફોઈએ ઘરના તમામ દેવી દેવતાઓને પાણીમાં રાખ્યાં. શ્રીધર પાછો આવે અને તેની સલામતી માટે દિવસે અને રાત્રે પ્રાર્થનાઓ થવા લાગી. ઘરના દેવતાઓ ઘરના લોકોનાં આંસુમાં જ ડૂબવા લાગ્યા.

‘હેમલતા, તને તેણે કંઈ કહ્યું હતું ?’

‘ફોઈ ! મને જો કંઈ ખબર હોય તો શું તેને આમ જવા દઉં ખરી ?’

બસ, આટલું બોલતાં બોલતાં હેમલતા રોઈ પડી.

રાઘવેન્દ્ર ગુમસૂમ બેઠો હતો. ફોઈએ પોતાના પતિ શ્રી આર. કૃષ્ણરાવજી સામે જોયું. પત્નીની આંખોના ઉદાસ પ્રશ્નને વાંચીને તેમણે માથું ઝુકાવી દીધું.

તેઓ બોલ્યા, ‘તે...તે કંઈક જુદી જ વૃત્તિનો ઘડાયેલો છે, એ તો મને ખબર હતી પરંતુ જે ઘરમાં લક્ષ્મીદેવી પાણી ભરે છે, ત્યાં તેનું સાદગીભર્યું જીવન, વ્રત, નિયમ, જપ અને ધ્યાન તે બધું તો આપણે સૌએ સ્વીકાર કર્યું. પરંતુ... આટલી ઝડપથી આકસ્મિક તે આ બધું છોડી જશે તે વાત હજુયે ગળે ઉતરતી નથી.’



પરંતુ હાથ જોડીને બેસી રહેવાથી તો નહીં ચાલે ને ? તેમણે પોતાના દીકરાને ભત્રીજા શ્રીધરની શોધમાં મોકલ્યો. પરંતુ શ્રીધરની ક્યાંય પણ ભાળ મળી નહીં.

અહીં શ્રીધર અરૂણાચલમ્ પર્વત ઉપર રમણ મહર્ષિ પાસે ગયો. તે દિવસોમાં રમણ મહર્ષિ કાષ્ટમૌનમાં અંતર્મુખ થઈને રહેતા હતા. શ્રીધર ત્યાં ત્રણ દિવસ રહ્યો. ત્રણેય દિવસના ત્યાંના નિવાસ દરમિયાન તેને અનુભવ થયો કે ‘ગુરુ’નો નિર્ણય વિધિ જ કરે છે. તેને અનુભવ થયો કે સમગ્ર વાતાવરણ તેને કહી રહ્યું હતું કે આ તારું ગુરુસ્થાન નથી. શ્રીધર ધ્યેયપ્રાપ્તિ માટે ગૃહત્યાગ કરીને આવ્યો હતો. છતાંયે અહીંના ત્રણેય દિવસના નિવાસનો તેને સંતોષ હતો. હવે તેના મનમાં એક જ સ્પંદન સ્પંદિત થઈ રહ્યું હતું. મારા ગુરુ કોણ ?

મારા ગુરુ કોણ ? આ આધ્યાત્મિક પથ પર મને કોણ રાહ બતાવશે ? ત્યાર બાદ તે તિરુપતિ પાસે વ્યાસાશ્રમમાં મલયાલ સ્વામીજીના આશ્રમમાં જવાને માટે નીકળી પડ્યો. સફર લાંબી હતી. ખીસ્સાં ખાલી હતાં પરંતુ તે હિંમત હાર્યો નહીં. તે રેલના પાટા ઉપર ચાલવા લાગ્યો. જે પગ સદા કારમાં ફરવાને જ ટેવાયેલા હતા, તેને આજે જિંદગીમાં પહેલીવાર કાંકરા પગમાં વાગી રહ્યા હતા. કાંટા વાગી રહ્યા હતા. શ્રીધર આ બધી બાહ્ય યાતનાથી પર પૃથક્ આંતરસંવેદનાનો દોર પકડી આગળ ધપી રહ્યો હતો. માથે સૂરજ આગ વરસાવી રહ્યો હતો. પરંતુ તેને આ સ્થિતિની પણ સભાનતા ન હતી. તેની આંખોની સામે તો એક જ ચિત્ર ખડું થતું હતું... એક પરમાત્મા અને બીજા ન દીઠેલા ગુરુ !!! પરંતુ અંતે શરીર તો શરીર જ છે. મનનું તોફાન શરીરથી ક્યાંય શમ્યું છે ? શ્રીધર ભૂખ અને તરસથી પીડિત વિહ્‌વળ થઈ ગયો હતો. એક સ્થાને તેણે જોયું. એક ખેડૂત કૂવામાંથી પાણી કાઢી રહ્યો છે. શ્રીધરે તે ખેડૂત

પાસે જઈને કંઈક ખાવાનું હોય તો માગ્યું. શ્રીધરના જીવનની આ પહેલી ભિક્ષા હતી.

આ ખાનદાન તવંગર પરિવારના સંતાને જ્યારે અન્નની ભિક્ષા માગી, ત્યારે કુદરતે રાજકુમાર સિદ્ધાર્થની સ્મૃતિઓને જ ફંફોસી હશે !

ખેડૂતે કંઈક ખાવાનું આપ્યું. જમીને શ્રીધરે ખેડૂતને કૃતજ્ઞતાપૂર્વક પ્રણામ કર્યા... અને ફરી પાછો આગળ ચાલી નીકળ્યો.

ખૂબ ચાલ્યા પછી તેની શારીરિક શક્તિ ક્ષીણ થવા લાગી. તેનું ગળું સૂકાતું હતું. હાથ-પગ કાંપવા લાગ્યા. આંખોની સામે અંધારું છવાતું ગયું. કપડાં તો મેલાં થઈ જ ગયાં હતાં. થાકેલો, હારેલો લડખડાતે પગે શ્રીધર લોથપોથ થઈને એક રેલવે સ્ટેશનને બાંકડે આવીને બેઠો. સ્ટેશન માસ્ટર સાહેબે તેને જોયો તો તેઓ ચકિત જ થઈ ગયા.

આ કોણ ? દેખાવમાં તો સારા ઘરનો નબીરો દેખાય છે, પરંતુ કપડાં સાવ મેલાંઘેલાં... અને હાલત... સાવ ફકીર જેવી !

તેમણે શાંતિથી... વાત્સલ્યથી વાતચીત કરી. શ્રીધરે પોતાના શુદ્ધ અને સ્પષ્ટ અંગ્રેજીમાં ટૂંકા પરંતુ આવશ્યક જવાબો આપ્યા. હવે સ્ટેશન માસ્ટર સાહેબની ઉત્સુકતા વધી ગઈ. તેમણે શ્રીધર સાથે થોડી આધ્યાત્મિક ચર્ચા કરી. શ્રીધરે તેમની તમામ આશંકાઓ દૂર કરી પોતાનાં ગહન અધ્યાત્મ વૈભવનો ખૂબ જ વિનમ્રતાથી પરચો આપ્યો. તેથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. તેમણે શ્રીધર માટે તિરુપતિની યાત્રાનો પ્રબંધ કરી આપ્યો.

સંજોગવસાત્ તે જ ડબ્બામાં તેમની સાથે બેઠેલો મલયાલ સ્વામીજીનો શિષ્ય હતો. એક યુવાન છોકરો આમ વિરક્ત થઈને ભગવાનની શોધમાં નીકળી પડ્યો છે, તે જાણી તેણે વ્યાસાશ્રમના સદસ્ય-અંતેવાસી ષણ્મુખમજીના નામે ભલામણપત્ર લખી આપ્યો. ષણ્મુખમજી તેને મલયાલ સ્વામીજી પાસે લઈ ગયા. પૂજ્ય સ્વામીજીએ શ્રીધરને આશ્રમના અંતેવાસી થઈને રહેવાની રજા આપી. શ્રીધરનું હવે સાદું, તાપસી જીવન પ્રારંભ થઈ ગયું.

હવે તે દિવસમાં એક જ વાર જમતો હતો. રાત્રે થોડો ગોળ અને



ચણા ખાઈને ચલાવી લેતો હતો. નામ સ્મરણ, ધ્યાન અને ભગવદ્‌ગીતાના સ્વાધ્યાયમાં તેના દિવસો પસાર થવા લાગ્યા. તે નિરંતર પ્રાર્થનાનિરત રહેતો. વચ્ચે વચ્ચે મલયાલ સ્વામીજીને પણ મળતો રહેતો.

શ્રીધરે અનુભવ્યું કે હવે તેની આધ્યાત્મિક યાત્રા નિશ્ચિંતતાથી શરૂ થઈ ગઈ છે. પરંતુ ભાગ્યને કંઈ બીજું જ મંજૂર હતું !

**[૧૭]**

શ્રીનિવાસરાવજીના ઘરમાં 'વિશ્વનાથ' નામનો નોકર હતો. તેણે એક દિવસ સાફસફાઈ માટે શ્રીધરનો રૂમ ખોલ્યો. પોતાના યુવાન માલિક વગરનો સૂમસામ ખાલી ઓરડો જોઈને વિશ્વનાથની આંખો ભીની થઈ ગઈ. શ્રીધરનાં પુસ્તકો, તેની રમતનું બૅડમિન્ટનનું બેટ, ક્રિકેટના સ્ટમ્પ... કપડાં જોડા મોજાં... આ બધું જોઈને તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. તેના મનમાં વિચારોની આંધી આવી. મારે નાના શેઠને શોધી લાવવા જ જોઈએ. તેણે શ્રીનિવાસરાવજીની રજા માગી. તેઓ ખિન્ન અને ઉદાસ હતા. કહ્યું, 'તું શું કરીશ ? ક્યાં જઈશ ? એવું એકેય સ્થાન નથી કે જ્યાં આપણે તેને શોધ્યો ન હોય !'

'માલિક ! હું શું કરીશ ? તે તો મને ખબર નથી. પરંતુ મારું મન કહે છે કે હું ચોક્કસ તેને શોધી લાવીશ.'

'જા ! તને જેમ ઠીક પડે તેમ કર.' તેમણે અનુમતિ આપી. તેમના હાથમાંની જપમાળા વધુ ગતિથી ફરવા લાગી અને વિશ્વનાથે તેમનાં ચરણસ્પર્શ કરી ત્યાંથી રજા લીધી.

તે ગામની બહાર તો નીકળ્યો. પરંતુ જવાનું ક્યાં ? અને તેણે વ્યાસાશ્રમ ભણી મીંટ માંડી... જાણે કે અજાણ્યું આકર્ષણ તેને ત્યાં ખેંચી રહ્યું હતું.

આશ્રમમાં તેને તેના નાના શેઠ મળી જ ગયા.

ખૂબ જ કૃશ થયેલું શરીર... પરંતુ પહેલાંના જેવી જ પ્રસન્નતા, આનંદસભર ચહેરો અને મુખમંડળ પર નિતરતું તપનું તેજ !

'વિશ્વનાથ !' શ્રીધરને આશ્ચર્ય થયું.

'નાના શેઠ ! હું તમને ઘરે પાછા લઈ જવા આવ્યો છું. ચાલો

બાપ !'

'ના, વિશ્વનાથ ! હવે હું ઘરે પાછો નહીં ફરું. મારે સંન્યાસ લેવાનો છે.'

'તમારે ઘરમાં કઈ વાતની ખોટ છે ? શું દુઃખ છે માલિક ? તમે કંઈ કામ ધામ કરતા નહીં. જે તપ કરવું હોય તે ઘરમાં બેસીને કરોને !'

'પાગલ થયો છે ! સોનાનાં પાંજરામાં ભલા કોઈ વાતની ખોટ હોય ! છતાં તે બંધન જ કહેવાય... તેમાં મુક્તિનો માર્ગ કેમ સંભવે ?'

'નાના શેઠ, તમોને ખબર છે, જ્યારથી તમો ઘરમાંથી નીકળી ગયા છો, મોટા શેઠનું ધ્યાન કશેય લાગતું નથી... તેમનું મન ક્યાંય ચોંટતું નથી. મામાજી કલાકો સુધી ગંભીર થઈને બેસી રહે છે. ફોઈબાની આંખો તો રડી રડીને સૂકાઈ ગઈ છે. તેમણે આપના માટે કોઈ માનતા માગવાની બાકી રાખી નથી. અને હેમલતાદીદી, રાઘવેન્દ્રભાઈ બધાં ગુમસૂમ થઈ ગયાં છે. તમારા મિત્રો રોજ આવે છે, નિરાશ થઈને પાછા જાય છે. આપ પાછા પધારો માલિક ! તમારા વિના ઘર ભૂતાવળ જેવું ખાવા ધાય છે.'

'વિશ્વનાથ ! મને મોહમાં ન નાખ. બધાંને કહી દો, શ્રીધર અહીં સુખી છે. હવે આ મમતાનાં સૂત્ર તો મારે તોડવાં જ પડશે.'

'સારું ચાલો, જો આપ પાછા ફરવાના ન જ હોય, તો હું પણ પાછો જતો નથી. અન્નજળનો ત્યાગ કરી અહીં જ બેસું છું. બસ, આપની સામે જ બેઠો રહીશ... ભલે પ્રાણ જાય... મને પરવા નથી... હવે જીવવા જેવું રહ્યું છે શું ?'

'શ્રીધર ! આ શું ચાલી રહ્યું છે ?' ત્યાંથી પસાર થતા મલયાલ સ્વામીજીએ પૂછ્યું. શ્રીધરે તેમને તમામ હકીકત અને ઘટનાક્રમ અક્ષરશઃ કહી સંભળાવ્યો.

'ત્યારે તો તારે ઘરે પાછા ફરવું જ પડશે.' પહેલાં ભણતર પૂરું કર. પરિવારના સભ્યોની અનુમતિ લે, તેના વગર તું સંન્યાસ ન લઈ શકે.'

શ્રીધરને પણ લાગ્યું કે હજુ તેના માટે... સંન્યાસ માટે યોગ્ય



સમય પાક્યો નથી. અહીં પણ મારું ગુરુસ્થાન નથી. છતાં શ્રીધર સ્થિર રહ્યો. તે નિરાશ ન થયો. દુઃખી પણ ન થયો. 'Thy will be done' એમ વિચારીને જેવી ભગવદ્ ઇચ્છા... તેને તેણે સ્વીકાર કરી. છતાંયે તેણે મલયાલ સ્વામીજી પાસે એક આજ્ઞા માગી. થોડા દિવસો પછી જ પૂજ્ય મલયાલ સ્વામીજી શ્વેત વસ્ત્રોનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કરી કાષાય વસ્ત્રો અંગીકાર કરવાના હતા. તે સમય સુધી ત્યાં રહેવાની મંજૂરી માગી, સ્વામીજીએ તે વાત માની. થોડા દિવસો પછી વારાણસીના પરમપૂજ્ય શ્રી સ્વામી શંકરાનંદગિરિજી, મલયાલ સ્વામીજીને સંન્યસ્ત ધર્મનો પવિત્ર દીક્ષા વિધિ કરવા પધાર્યા.

'દશનામ-સંન્યાસ-પરંપરા' આ નામથી ઓળખાતી આ વિધિ હતી. શ્રીમત્ આદ્ય શંકરાચાર્યજીએ ભારતની ચાર દિશાઓમાં ચાર મઠ સ્થાપિત કર્યા. આ ચારેય મઠોની પરંપરા અલગ અલગ છે. તેમને આમ્નાય કહેવામાં આવે છે. શ્રી સ્વામી શંકરાનંદગિરિજી જ્યોતિર્મઠ પરંપરાના છે. ભારતના ઉત્તરીય ભાગના કુરુ (દિલ્હી, હરિયાણા), કાશ્મીર, કામ્બોજ (પંજાબ) અને ઉત્તરી દિશાનો આ પશ્ચિમાર્ધ પ્રદેશ આ મઠ અંતર્ગત આવે છે. આ પરંપરાના યતિ, ગિરિ, પર્વત અને સાગર સંજ્ઞાઓથી ઓળખવામાં આવે છે. જેઓ પર્વત ખીણો અને વનમાં રહે છે, ગીતા, બ્રહ્મસૂત્ર, ઉપનિષદોનું... પ્રસ્થાનત્રયીનું અધ્યયન કરે છે, જેમની બુદ્ધિ ગંભીર અને નિશ્ચલ છે તેવા યતિ 'ગિરિ' કહેવાય છે.

પર્વતો પાસે વસનારા, જ્ઞાનસમ્પન્ન, સાંસારિક વસ્તુઓની અસારતાને સમજવાવાળા 'પર્વત' પરિસરના સંતો છે.

તત્ત્વના સાગરમાં અવગાહન કરીને જ્ઞાનરત્નની પ્રાપ્તિ કરવાવાળા અને આશ્રમની મર્યાદાઓનું કદીયે ઉલ્લંઘન ન કરનારા યતિ 'સાગર' કહેવાય છે.

મલયાલ સ્વામીજીએ વિરજા હોમ કર્યો અને સંન્યાસ દીક્ષા ગ્રહણ કરી. હવે તેમનું નામ અસંગાનંદગિરિ પડ્યું. શ્રીધરને આ પરંપરા વિશે વધુ માહિતી મેળવવાની ઇચ્છા થઈ. તેણે બાકીના ત્રણેય મઠોની પરંપરા

વિશે પણ જાણકારી મેળવી.

આમાંનો પહેલો મઠ દ્વારકામાં 'શારદામઠ'ના નામે ઓળખાય છે. સિંધુ, સૌવીર, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર આ બધો પશ્ચિમાત્ય ભૂભાગ આ મઠ અંતર્ગત આવે છે. 'તીર્થ' અને 'આશ્રમ' આ નામોની પરંપરાથી આ શારદામઠના સંન્યાસીઓ ઓળખાય છે. 'તત્ત્વમસિ' શારદામઠના સંતોનું મહાવાક્ય ચિંતન છે, માનો કે આ ત્રિવેણી સંગમ છે. આ તીર્થમાં અવગાહન કરવાવાળો તીર્થ ! જે સંન્યાસાશ્રમની પ્રતિજ્ઞા સંબંધે દઢ છે, જેને સંસારની કોઈ આશા બાંધી શકતી નથી, તે સાંસારિક જન્મમરણના આવાગમનથી મુક્ત છે, તે સંતો 'આશ્રમ' ટાઈટલથી ઓળખાય છે.

બીજો મઠ પૂર્વમાં છે, ગોવર્ધન મઠ. બિહારનો ઉત્તરીય પ્રભાગ, બંગાળ ઉત્કળ પ્રદેશ અને છોટાનાગપુરના જંગલોનો સમગ્ર ભૂભાગ આ મઠના આધિપત્યમાં આવે છે. આ પરંપરાના યતિઓને 'વન' કે 'અરણ્ય' દશનામી નામથી ઓળખવામાં આવે છે. સુંદર એકાંત અને નિર્જન વનમાં નિવસિત તમામ આશાઓથી મુક્ત 'વન' અને સમગ્ર સંસારનો ત્યાગ કરીને નિત્ય આનંદસ્વરૂપ અરણ્યમાં નિવસિત 'અરણ્ય' કહેવાય છે.

અને અંતે દક્ષિણાત્ય શૃંગેરી મઠ. અહીંના સંન્યાસીઓ 'સરસ્વતી', 'ભારતી', 'પુરી' નામે ઓળખાય છે. આ પીઠના આદ્ય આચાર્ય શ્રી સુરેશ્વરાચાર્ય હતા. 'અહં બ્રહ્માસ્મિ' એમનું મહાવાક્ય છે. આંધ્ર, તમિળનાડુ, કર્ણાટક, કેરળ આદિ પ્રદેશો આ મઠના આધિપત્યમાં આવે છે. સ્વરજ્ઞાનમાં વિરત, સ્વર વિજ્ઞાનમાં પ્રવીણ, શ્રેષ્ઠ, વિદ્વાનો અને અસાર સંસારમાં રહીને સારભૂત બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવાવાળા યતિઓ સરસ્વતી કહેવાય છે. વિદ્યાભ્યાસથી પરિપૂર્ણ, સંસારમાં 'પુત્રકલત્રાદિ' ભારના ત્યાગને કારણે જેને દુઃખ સહન નથી કરવું પડતું તેવા યતિઓ ભારતી કહેવાય છે. જ્ઞાનથી પરિપૂર્ણ, પૂર્ણતઃ બ્રહ્મવાદી સદા પરબ્રહ્મમાં સ્થિત યતિ પુરી પરંપરાના છે. આમ આ ચાર દિશાઓમાં વહેંચાયેલી આ તીર્થ, આશ્રમ, વન, અરણ્ય, ગિરિ, પર્વત,



સાગર, સરસ્વતી, પુરી, ભારતી દસ નામોના સંન્યાસીઓ હોવાને કારણે તેમને દશનામ-સંન્યાસ-પરંપરાથી ઓળખવામાં આવે છે.

આ પરંપરાની લગનમાં જ શ્રીધરે ઘરબાર છોડ્યાં હતાં. ઐશ્વર્યના મોહનો ત્યાગ કર્યો હતો. પરંતુ હજુ તે પવિત્ર પળનો ઉદય થયો ન હતો. પોતાના ગુરુના સ્પર્શથી નિર્વિકલ્પ સમાધિમાં મગ્ન થયેલા સ્વામી અસંગાનંદ ગિરિજીને મૂક પ્રણામ કરી તે પાછો ચાલી નીકળ્યો.

ફરીથી એકવાર કિંબર્લી ભણી...

'કિંબર્લીમાં શ્રીધરનું પુનરાગમન થતાં તે ભવન એવું તો દીપી ઊઠ્યું જેમ શ્રીરામના વનવાસ પછી જ્યારે શ્રીરામનું અયોધ્યામાં આગમન થયું ત્યારે કેમ અયોધ્યા ખીલી ઊઠી હોય ! દેવતાઓ પાસે માગેલી માનતાઓ પૂરી કરવામાં આવી. એક ગંભીર સમસ્યાનો અંત આવ્યો. શ્રી આર. કૃષ્ણરાવે શ્રીધરને પ્રેમભર્યા શબ્દોમાં સમજાવ્યો, કહ્યું, 'પહેલાં ભણતર પૂરું કર, પછી શાંતિથી ભવિષ્યની યોજના ઘડજે. પરંતુ આ ઔપચારિક શિક્ષાનું પણ જીવનમાં મહત્ત્વ ઓછું ન આંકવું જોઈએ. શ્રીધરે આ વાત માની, એટલે સૌ તે ઘડીએ તો નિશ્ચિંત થયાં.

હવે શ્રીધરે પોતાની જાતને અભ્યાસમાં તલ્લીન કરી. પરીક્ષા માટે હવે થોડો જ સમય રહ્યો હતો. છતાં ઇન્ટરમિડિએટની પરીક્ષામાં તે તમામ વિષયોમાં વિશિષ્ટ ક્ષમતા સમ્પન્ન ગુણાંક લઈને પાસ થઈ ગયો. આ ભણતરની સાથે સાથે તે આધ્યાત્મિક ધર્મગ્રંથો, સાક્ષાત્કારી વ્યક્તિઓ દ્વારા લખેલ ગ્રંથોનો સ્વાધ્યાય કરતો જ રહ્યો. અંગ્રેજી સાહિત્યનું અધ્યયન પણ બહુ જ રુચિથી કરી રહ્યો હતો. પોતાનાં જીવનમાં તેણે કદીયે હાર ન માની. ઈ.સ. ૧૯૩૮માં તેણે બી.એ.ની પરીક્ષા ખૂબ જ સારા માર્ક સાથે પાસ કરી. સમગ્ર મદ્રાસ પ્રાંતમાં તેનો પાંચમો નંબર આવ્યો હતો.

શ્રીધર બી.એ. થયો છતાં એક જુવાન દીકરા પાસે ઘરની જવાબદારીની અપેક્ષા તો પરિવારનાં પરિજનો રાખે, તે સ્વાભાવિક જ છે. તે શ્રીનિવાસરાવે કદીયે શ્રીધરને કોઈ પણ કામ ચીંધ્યું નહીં. તેઓ પોતે પણ અધ્યાત્મપથના સાધક હતા જ. તેમને ખબર હતી કે તેમનો

પુત્ર ઈશ્વરના વિશાળ ગગનનું મુક્ત પક્ષી છે. શું કામધેનૂ ગાય પાસે કાંઈ ખેતરમાં હળ ચલાવવાનું કામ કરાવાય ? પરંતુ શ્રીધરને તેની જવાબદારીની સભાનતા હતી. તે વિરક્ત જરૂર હતો, પરંતુ નિષ્ફિકર ન હતો. તેનું અધ્યાત્મ પલાયનવાદી ન હતું. લોકોને કામ કરતાં જોતાં રહેવું અને પોતે માત્ર બેઠાં બેઠાં હરિ હરિ કરવું, તેને ભલા આધ્યાત્મિક જીવન કેમ કહેવાય !

તે સમય બીજા વિશ્વયુદ્ધનો હતો. મદ્રાસ શહેર પર ખતરો હતો. સરકારે ત્યાંની સમગ્ર પ્રજાને સ્થળાંતર કરવાનું વિચાર્યું હતું. રાવ પરિવારે પણ કિંબર્લી બંગલો થોડા દિવસ માટે ખાલી કર્યો અને સૌ કોઈમ્બતુર આવીને રહ્યાં. ત્યાં પોતાના દાદાજીના ઘરે અને તેમની જાયદાદના કામમાં શ્રીધર પૂરેપૂરી મદદ કરતો હતો.

તેના બનેવી શ્રી બી.એન. શર્મા કોઈ ગંભીર બીમારીથી પીડિત હતા. શ્રીધર તેમની પણ સેવા કરતો હતો.

શ્રીધર પ્રત્યેક કાર્ય એટલી બધી લગનથી કરતો કે, માનો તેનો જન્મ તે જ કામ માટે થયો કેમ ન હોય ! તે કર્મથી કદી દૂર ન રહેતો. તેણે અંતર રાખ્યું હતું, કર્મ અને કર્મફળની આસક્તિથી. તેના મનમાં સમગ્ર વિશ્વ માટે સહૃદયતા હતી. મમત્વ હતું. તેની વિરક્તિમાં તે નિર્દય બન્યો ન હતો. તેમાં રુક્ષતા પણ આવી ન હતી. છતાં તે કોઈપણ પ્રકારના મોહપાશમાં બદ્ધ ન હતો.

પોતાની પારિવારિક ફરજની સાથે તેણે આધ્યાત્મિક સાધનામાં પણ એટલી જ ગહનતા દાખવી. આમ તો તે અલિપ્ત અને નિર્મોહી તો હતો જ, છતાં પણ તેણે સંન્યાસ લેવા માટે હવે તેણે ઘર ન છોડ્યું. તેનાં નાનીમાએ તેની પાસે વચન લીધું હતું કે જ્યાં સુધી હું જીવું છું, તું ઘર નહીં છોડે. પોતાની પુત્રીના ચિર વિયોગથી દુઃખી પોતાનાં નાનીને શ્રીધર વધુ દુઃખી કરવા માગતો ન હતો.

ઈ.સ. ૧૯૪૦નો સમય આવ્યો. શ્રીધરનાં નાની સુંદરમ્મા પણ હવે જગતમાં રહ્યાં ન હતાં. હવે તે તેમનાં વચનથી મુક્ત હતો. તેણે પોતાનો અભ્યાસ પણ પૂરો કર્યો હતો. એ જ સમયે કાન્હનગઢના સ્વામી



પાપા રામદાસજી સાથે તેની ફરીથી મુલાકાત થઈ. તેમણે રામકૃપાનું આવાહન કરીને શ્રીધરને આશીર્વાદ આપ્યા. છતાં શ્રીધર જેવા હીરાને ઈશ્વર હજુ પારખી રહ્યો હતો.

રોયલ એરફોર્સના પાયલોટની નોકરી માટે શ્રીધરની પસંદગી કરવામાં આવી હતી. તેનાથી તેનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જ્વલ થવાનું હતું. પરિવારના તમામ સદસ્યોની ઈચ્છા હતી કે શ્રીધર આ નોકરીનો સ્વીકાર કરી લે. પરંતુ દોલત અને ઈજ્જત કમાવાનો આટલો સારો મોકો અને પરિવારની ઈચ્છા... આ બંને શ્રીધરના મનને બદલી શક્યાં નહીં. લક્ષ્મીના મોહમયી રૂપ કે સન્માનની લાલસાથી તે લેશમાત્ર પણ વિચલિત ન થયો. તેણે નોકરીનો અસ્વીકાર કર્યો. આ અસ્વીકૃતિ માટે કંઈક કારણ આપવાનું પણ જરૂરી હતું. તેણે લખ્યું, ‘હું માંસાહારી નથી, અને આ નોકરીના સામાજિક વાતાવરણમાં કદાચ મારો આ સ્વભાવ બંધબેસતો ન પણ થાય.’

ભવસાગરમાં અનેક ડૂબતાં મુમુક્ષુઓને પાર ઉતારનાર આ અલૌકિક ખેવૈયો હતો. કોઈ માનવનિર્મિત ધાતુનાં વિમાન ચલાવવાને કે ઉડાવવા માટે તેનો જન્મ થયો ન હતો... ‘તે’ ઝવેરી પણ પોતાના હીરાને વહાલથી નિરખી રહ્યો હતો.

હવે શ્રીધરે સંન્યાસ લેવાનો નિશ્ચય ખૂબ પાક્કો કરી લીધો. છતાં તે કોઈને દુઃખ દેવા માગતો ન હતો. જેમ પહેલાં તે આકસ્મિક પલાયન થઈ ગયો હતો, તેમ હવે ફરીથી તે કોઈને આઘાત પહોંચાડવા માગતો ન હતો.

શ્રીધર પોતાની બહેનો પાસે ગયો.

કહ્યું, ‘વસુધા, વત્સલા ! મારે કંઈક કહેવું છે.’

બંને બહેનોએ વિસ્મયતાથી ભાઈ તરફ જોયું. તેણે કહ્યું,

‘હવે મારું મન ઘરમાં રહેવાને રાજી નથી. મારો સમય પાકી ગયો છે. મારે હવે સંન્યાસ લઈ લેવો જોઈએ. આમ તો હું તમો બંનેનો મોટો ભાઈ છું. મારે તમારી જવાબદારી નિભાવવી જોઈએ. પરંતુ મને ખરેખર એવું લાગે છે કે પરમાત્મા આ લૌકિક ભાઈ કરતાં તમારી વધુ

સારી સારસંભાળ રાખશે. મારી ગેરહાજરીનો તમને એહસાસ થવા દેશે નહીં. તમારી જ અનુમતિ અને આજ્ઞાથી હું ઈશ્વરની શોધમાં... તે દિવ્ય પથે સંચરવા માગું છું. પરંતુ જો તમોને લેશ માત્રેય એવું લાગે કે ના ! મારે ન જવું જોઈએ તો હું નહીં જાઉં... ઘર નહીં છોડું. જ્યારે તમો તમારાં ઘર વસાવી લેશો, તમારાં જીવનમાં સ્થિર થઈ જશો, તમોને સુખી જોઈને, પછી જ ગૃહત્યાગ કરીશ. હવે તમે જ કહો, હું શું કરું ?'

વહાલો ભાઈ ગૃહત્યાગની અનુમતિ માંગી રહ્યો હતો. મા રહી નથી. પિતાજી વિરક્તિનું જીવનયાપન કરે છે... અને ભાઈ પણ !.. એકવાર સંન્યાસ લઈ લીધા બાદ શ્રીધર આપણો નહીં રહે. તે તો સમગ્ર વિશ્વનો થઈ જશે... અને અમારે માટે 'ત્રાહિત !'... શું આ વાતથી તેઓ બંને અજાણ હતાં ? પરંતુ તે બંને કન્યાઓ પણ એ જ પવિત્ર કુળનાં રત્નો હતી કે જ્યાં શ્રીધરનો પ્રાદુર્ભાવ થયો હતો. મનની મમતાને દૂર કરી તેમણે કહ્યું-

'જાઓ ભાઈ ! મનમાં લેશમાત્ર પણ ચિંતા કરશો નહીં. તમારું શ્રેય, તમારું લક્ષ્ય ! તમોને પ્રાપ્ત થાઓ.'

કેટલી સરળતાથી એક બંધન છૂટ્યું.

ત્યાર બાદ શ્રીધર માસી પાસે ગયો... એ જ સ્વર... એ જ વિનમ્ર પ્રાર્થના. માસીની નજર સામે ટાલ્કમ પાવડર અંગે ભભરાવીને વ્યાઘ્રચર્મ પર બેસેલો સિદ્ધા દેખાયો. તેમની આંખોમાં ઝાળાં બાઝ્યાં... અશ્રુબિંદુ આવીને અટકી ગયાં. મન મમતાથી, વાત્સલ્યથી ભરાઈ આવ્યું. મનમાં જ તેઓ બોલ્યાં...

'જો સરોજિની ! તારો દીકરો કેટલો મોટો થઈ ગયો છે. હવે તેને મારા લાલ ! એમ કહીને આલિંગન પણ અપાય તેવું નથી. જો... જો... હવે તે સમગ્ર વિશ્વને પોતાના આશ્રયમાં લેવા બાથ ભરી રહ્યો છે...'

છતાં પોતાની મમતા ઉપર કાબૂ રાખીને તેમણે કહ્યું :

'શુભાસ્તે પંથાનઃ સન્તુ ।'

શ્રીધરે તેમને પ્રણામ કર્યા. તેમણે આશીર્વાદ આપ્યા. તેમને ખબર



હતી કે આ તો ઈશ્વરના ઘરનો રાજહંસ ! તેને સોનાના પાંજરાનો તે વળી મોહ શું ? સાચાં મોતીનો ચારો ચરનાર આ રાજહંસને આ ભૌતિક અનાજના દાણાનો શું સ્વાદ ?

શ્રીધરે પોતાના પિતાજીની આજ્ઞા પણ મેળવી. જ્યોતિષીઓની આગાહી આજે સાચી પડવાની હતી. તેના જન્માક્ષરના ગ્રહો તેને દૂરની દુનિયામાં ખેંચી રહ્યા હતા. શ્રીનિવાસરાવજીએ તેના માથા ઉપર પોતાનો મમતાભર્યો હાથ મૂક્યો.

ગોપીબાઈ અને શ્રીનિવાસરાવજીએ તેને પ્રેમપૂર્વક આશીર્વાદ આપ્યા.

'જાઓ લાલ ! યશસ્વી થાઓ.'

# ૪

# મુક્ત ગગનની ઉડાન અને સદ્‌ગુરુશરણ

[૧૮]

હવે શ્રીધરને દશે દિશાઓનાં બંધન ન હતાં. પોતાના પિતાશ્રી સહિત ઘરના તમામ સદસ્યો-પરિજનોના આશીર્વાદ અને શુભેચ્છા તેની સાથે હતાં. જે થવાનું હતું, તે થઈ જ ગયું. શ્રીધર ઉપરનો હક હવે તેનાં પરિજનોએ છોડી દીધો. જે મન તેમની સાથે બંધાયેલું હતું, તે પણ હળવે હાથે છોડી લીધું.

પરંતુ શ્રીધર... તેણે શું છોડ્યું હતું ? જે કોઈ મોહપાશમાં બદ્ધ જ ન હોય તો તેને ત્યાગ શેનો ?

તે પહેલાંથી જ હૃષીકેશના સ્વામી શિવાનંદજીના સમ્પર્કમાં હતો. નિવૃત્તિના માર્ગ પર આગળ વધવાની સલાહ તેને તેમનાથી જ મળતી હતી. છતાં તેણે બીજા ચાર સંતોને પણ પત્ર લખ્યા હતા, શ્રી રમણ મહર્ષિ, પૂજ્ય પુરુષોત્તમ પાપા રામદાસ, શ્રી રામકૃષ્ણ મિશનના સ્વામી રાજેશ્વરાનંદજી તથા સ્વામી અશેષાનંદજી. સૌએ તેને આશીર્વાદ આપ્યા હતા.

તે દિવસ ૬ઠ્ઠી માર્ચ ૧૯૪૩ (તા.૬-૩-૧૯૪૩)નો દિવસ હતો. શ્રીધરે મદ્રાસનું ઘર હંમેશ માટે છોડ્યું.



સૌથી પહેલાં તે શ્રી બાલાજી વ્યંકટેશ્વરનાં દર્શને તિરુપતિ આવ્યો. શ્રી બાલાજી સમક્ષ માથું ઝુકાવતી વખતે તેણે પોતાની જાતને પ્રશ્ન પૂછ્યો. તું કોણ છે ?'

મનમાંથી જવાબ આવ્યો.

'હું. હું શ્રીધર રાવ. ઊંચા ખાનદાનનો નબીરો. સુપ્રસિદ્ધ, બ્રાહ્મણ કુળનો, ઊંચી શિક્ષા પામેલો યુવાન.'

અને શ્રીધરના મનમાં ખટકો થયો.

'ના ! જો અહંકાર મનમાં થોડો પણ હોય તો, સૌથી પહેલાં તેનો જ ત્યાગ કરવો જોઈએ.'

મનના અહંકારને નાબુદ કરવા માટે તેણે એક ઠેકેદારને ત્યાં મજૂરીનું કામ શરૂ કર્યું. જે હાથો ઉપર ભોજન પછી હાથ ધોવા માટે પાણી રેડવા માટે નોકરો ઊભા રહેતા, તે હાથ પથ્થર માટીમાં કામ કરવા લાગ્યા. આ તેની મજબૂરી ન હતી... સ્વયં શિક્ષા હતી. મનની શુદ્ધિ માટે આ શરીરશ્રમનું પ્રશિક્ષણ-શિક્ષા હતી. આ કામ પણ તેણે ખૂબ જ લગનથી કર્યું. મનના ખૂણામાં છુપાયેલો અમીર ઘરનો નબીરો હવે આ પથ્થર માટી અને ધૂળનાં ઢેફાંમાં ધરબાઈ ગયો હતો. હવે તેણે જવા માટે ઠેકેદારની રજા માગી. ઠેકેદારે તેને મજૂરીના પૈસા આપ્યા. પરંતુ શ્રીધરે આ કામ પૈસા કમાવા માટે થોડું જ કર્યું હતું. તેણે મજૂરી પેટે એક જ રૂપિયો લીધો, ઈશ્વરે તેને તેની સેવા કરવાની તક આપી બદલ તેણે કૃતજ્ઞતાથી તે રૂપિયો પણ ઈશ્વરને જ સમર્પિત કર્યો.

કહેવાય છે કે- ધનદોલત માગવી હોય તો તિરુપતિ બાલાજીની ભક્તિ કરો, કારણ તે તો સાક્ષાત્ લક્ષ્મીપતિ છે. ધનદોલત તેમનાં ચરણોની રજ છે. જે તેમનો આશ્રય લે તેમને ધન સમ્પત્તિની કમી કોઈ દિવસ રહેતી નથી. તે ભગવાનને તો બંને હાથે ભક્તોની મનસા પૂરી કરવાની ટેવ છે. જે પણ ભક્ત આવે... જે કંઈ માગે તેની મનોવાંચ્છના બાલાજી પૂર્ણ કરે છે. જે ભક્તો આવે તે કંઈ ને કંઈ માગતા જ હોય છે... અને અહીં આ શ્રીધર બાલાજીને કંઈક આપવા આવ્યો હતો... 'ત્વદીય વસ્તુ ગોવિંદ તુભ્યમેવ...' આજે એણે પરિશ્રમથી કમાયેલો

રૂપિયો લક્ષ્મીનાથને શ્રીચરણે ધર્યો. આવો આર્ત... કદાચ વ્યંકટેશે પહેલીવાર જોયો હશે, આ યુવાન કંઈ લેવા નહીં... આપવા આવ્યો હતો. એ ત્રિલોકીનાથ... એક ફકીરની ફકીરીથી અમીર થયો.

ત્યાંથી શ્રીધર શિરડી ગયો. શ્રીસાંઈબાબાનું એ પવિત્ર સમાધિ મંદિર. ત્યાં તેને પરમ પૂજ્ય દાસગણૂ મહારાજ મળ્યા. શ્રી દાસગણૂ મહારાજ તેમના પૂર્વાશ્રમમાં પોલીસ ઇન્સ્પેક્ટર હતા. તેમનું ઉપનામ હતું સહસ્રબુદ્ધે. ચોરડાકુઓને જેલમાં બંદી બનાવતાં બનાવતાં તેમણે ઈશ્વરને જ પોતાનાં દિલમાં કેદ કર્યા હતા, અને પોતાને માટે મુક્તિનો માર્ગ મોકળો કર્યો હતો. તેમનાં દર્શન કરીને શ્રીધરને ખરેખર આનંદ થયો.

શિરડીમાં તેણે ત્યાંનું ગ્રંથાલય સાફ કર્યું. ત્યાં તેણે અનેક પ્રકારની સાફસુફીની સેવા કરી. ત્યાંના વ્યવસ્થાપકોએ તેને ત્યાં જ રહી જવા માટે પ્રાર્થના કરી હતી. પરંતુ શ્રીધરનું મન તો રટણ કરી રહ્યું હતું... લાગી લગન ગુરુ દરશન કી...

એક મહિનો શિરડીમાં રહ્યા પછી શ્રીધર વૃંદાવન આવીને રહ્યો. વૃંદાવનથી તેણે સ્વામી શિવાનંદજીને પત્ર લખ્યો અને કહ્યું કે તેણે ઘરબારનો ત્યાગ કર્યો છે. સ્વામીજીએ શ્રીધરની પરીક્ષા લેવાનું વિચાર્યું. લખ્યું, 'તમો હજુ બાળક છો. ઈશ્વર માટે ઘર છોડવાની આવશ્યકતા નથી. ઘરે પાછા ફરો અને પોતાના વડીલોની સેવા કરો.

શ્રીધરના મનમાં ઘરનું આકર્ષણ કેટલું છે, તે સ્વામીજી જોવા માગતા હતા. માનો માયા હવે ગુરુની આજ્ઞાનું રૂપ લઈને કેમ ન આવી હોય ? પરંતુ શ્રીધર આ માયાને ઓળખી ગયો.

તે સાક્ષાત્ પરબ્રહ્મનો ઉપાસક, માયાના બંધનમાં કેમ ફસાય ? તેણે શ્રીગુરુદેવને લખ્યું, 'કોણ પોતાનાં ? કોણ પારકાં. મારા માટે સમગ્ર વિશ્વ એક સમાન છે. હવે ઘરે પાછા ફરવાનો પ્રશ્ન જ નથી. અને મારા મનના કોઈ એક ખૂણામાં ઘર માટે કોઈ મોહ-મમતા રહ્યાં નથી.' સુવર્ણ માયાની આગમાં તપીને વધુ શુદ્ધ અને ચમકદાર થયું હતું. લાંબા સમાધાન પછી સ્વામીજીએ તેને પોતાની સંમતિ આપી.



વૃંદાવનથી શ્રીધર હરિદ્વાર આવ્યો. ત્યાં કનખલના શ્રીરામકૃષ્ણ મિશનમાં દસ દિવસ રહ્યો. હવે તેનું મન ગુરુદર્શન માટે તડપી રહ્યું હતું.

૧૯ મે, સાંજે પાંચ વાગ્યે, ખાદીનો પાયજામો અને ખાદીનું ખમીસ પહેરી હાથમાં દંડ લઈને શ્રીધરે હૃષીકેશના શ્રી શિવાનંદ આશ્રમમાં પ્રવેશ કર્યો.

આશ્રમનાં દર્શનથી તેનું અંગ અંગ પુલકિત થયું. જન્મ જન્માંતરથી આ તેની પોતાની ભૂમિ હતી, જ્યાં પર તે ઊભો હતો, તે ધરતીએ ધન્યતાનો અનુભવ કર્યો. સમક્ષ વહેતી ગંગાએ પોતાની લહેરોને ઊંચી કરીને જોયું. ઘડીભર સૂરજ થંભી ગયો. દિવ્ય જીવન સંઘના ભાવી અધ્યક્ષના સ્વાગત માટે હવામાં મંગળ સ્વર ગુંજ્યા.

ગંગાતટે ભ્રમણ અર્થે ગયેલા સ્વામીજીને સમાચાર મળ્યા... તેમનો ઉત્તરાધિકારી આવી ગયો છે. પૂર્વ અને પશ્ચિમનો સંગમ કરનારી દૈવી શક્તિનું શિવાનંદ આશ્રમમાં આગમન થયું છે. ભારતીય સંસ્કૃતિની સુગંધ વિશ્વના કણ કણમાં પ્રસરાવનારા મહાત્માનું આજે આગમન થયું છે.

આશ્રમની બાજુમાં રામાશ્રમની લાઈબ્રેરી પાસે સ્વામીજીની રાહ જોતો શ્રીધર ઊભો હતો. આત્યંતિક ભક્તિથી તેની આંખો ભરાઈ આવી હતી. શ્રીધરના હાથમાં થોડી સાકર હતી. માનો સમર્પણનું પ્રતીક ! સાક્ષાત્ ભક્તિ પોતાના ભગવાનની રાહ દેખી રહી હતી.

સંધ્યાની લાલીમા થોડી વધુ પ્રમત્ત બની. સ્વામી શિવાનંદજી મહારાજ ગંગા તટેથી આનંદ કુટીર ભણી પાછા ફરતા હતા. બુદ્ધપૂર્ણિમાનો ચંદ્રમા ગગન ગોખે ડોકિયું કરી રહ્યો હતો. તે પવિત્ર વેળાએ પૂજ્ય સ્વામી શિવાનંદજી મહારાજનું ત્યાં આગમન થયું. ગંગાના પાવન તટે તે મહાન જ્ઞાનસૂર્યને શ્રીધરે ત્રણવાર સાષ્ટાંગ દણ્ડવત્ પ્રણામ કર્યા. પ્રણિપાત કરીને સાકર તેમને અર્પણ કરી. પોતાની વિનમ્ર અને સ્પષ્ટ વાણીમાં કહ્યું, 'હું મદ્રાસથી શ્રીધર રાવ.' તે જ ક્ષણે બંને દિલોની ધડકન એક થઈ ગઈ. સ્વામી શિવાનંદજીની આંખોમાં અપૂર્વ મમતા અને સ્વાગતનો ભાવ ઉત્પન્ન થયો. શ્રીધરનું પ્રત્યેક ગાત્ર કહી રહ્યું હતું,

'આજ મારા ગુરુદેવ છે.' આ જ તે સ્વર કે જે દીર્ઘકાળથી મને નિમંત્રિત કરી રહ્યો હતો. સ્વામી શિવાનંદજી મહારાજની દીર્ઘ સુદૃઢ કાયા... ભવ્ય દેહલાલિત્યનાં શ્રીચરણો ઉપર જ શ્રીધરની નજર સ્થિર થઈ ગઈ. બસ ! હવે આ જ ચરણ... આ જ તીર્થસ્થાન... મારું કાશી... મથુરા... વૃંદાવન બધું જ.

શ્રીધરનાં કૃશ પરંતુ નિરોગી શરીર સૌષ્ઠવને દેખીને ગુરુદેવ મનમાં વિચારી રહ્યા હતા...

'શું મારું આજસુધીનું તપ જ મારી સમક્ષ આવીને સાકાર થયું છે ?'

ગુરુ-શિષ્યની આ પ્રથમ મુલાકાતની અલૌકિક પળને મુઠ્ઠીમાં બાંધીને રાખવા માટે માનો સમય થોડી પળો રોકાઈ ગયો. પરંતુ લાગતું એવું હતું કે આ તેમની પહેલી મુલાકાત ન હતી. તેઓ બંને આધ્યાત્મિક પિતા-પુત્ર એકમેકથી અપરિચિત ન હતા. સ્વામીજીએ મરાઠીમાં શ્રીધરને તેની પ્રકૃતિ... સ્વાસ્થ્ય સંબંધી પૂછ્યું અને સાંજે સત્સંગમાં આવવા માટે કહ્યું.

દૂધમાં સાકર મળે તેમ દિવ્ય જીવન સંઘમાં શ્રીધર ભળી ગયો.

**[૧૯]**

હૃષીકેશનો શિવાનંદ આશ્રમ વાસ્તવમાં સાધુઓનો નિવાસ હતો. તેમનો અધિકારી... એક તેજસ્વી યોગી. તેમના આઠ શિષ્યો તેમની પાસે હતા. સ્વામી કૃષ્ણાનંદજી, સ્વામી વિશુદ્ધાનંદજી, વિશ્વેશ્વર સ્વામીજી, ગોવિંદ સ્વામીજી, પૂર્ણબોધ સ્વામીજી, શાશ્વત સ્વામીજી, રામચંદ્ર સ્વામીજી અને નારાયણ સ્વામીજી. આ તેજસ્વી રત્નોમાં હવે એક તેજસ્વી હીરાનો ઉમેરો થયો... રાવ સ્વામીજી ! હા ! શ્રીધરને તે દિવસોમાં સૌ રાવસ્વામીજીના નામથી ઓળખતા થયા.

આશ્રમમાં તેને સૌથી પહેલી સેવા મળી... મેગેઝીનનાં સરનામાં લખવાની. આશ્રમમાંથી બહાર મોકલવામાં આવતાં પુસ્તક પારસલો ઉપર લેબલ લગાડવાનું કામ પણ શ્રીધર કરતો. ત્યારબાદ તે પુસ્તકાલયનાં પુસ્તકોની વ્યવસ્થા જોવા લાગ્યો. ગુરુદેવ કામ સંબંધે કડક અનુશાસન દાખવતા, પરંતુ તેઓ દયાળુ પિતા અને પ્રેમાળ માતા સમાન પણ હતા.



તેમણે જોયું, શ્રીધર બધાં જ કામ ખૂબ લગનથી કરે છે. ઝાડુપોતાં કરવાં, અતિથિ અને રોગી લોકોની સેવા કરવી, ગંગાજીથી પાણી ભરવું, રસોઈમાં મદદ કરવી, વાસણ સાફ કરવાં, જંગલમાંથી લાકડાં લાવવાં, પૂજા કરવી, પત્રો લખવા, ટાઈપ કરવું અને સાંજના સત્સંગમાં જોશપૂર્વક પ્રવચનો કરવાં, શ્રીધરે શું ન કર્યું ? સન્યસ્ત જીવનનું ભારતીય સમાજમાં બહુ જ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. કારણ કે વાસ્તવિક સંન્યાસીનો પથ કષ્ટદાયક, વિવિધ પ્રકારના કર્મોથી ભરપૂર અને ઉપભોગોથી દૂર હોય છે. શ્રીધર બધાં કામ કઠિન મહેનત અને લગનથી કરતો, માનો કે તેને આ બધાં કામોથી જ બ્રહ્મપ્રાપ્તિ થવાની કેમ ન હોય ? શ્રીધરની યોગ્યતા જાણી ગુરુદેવ તેને નિયમિત રૂપે આશ્રમની સેવામાંથી થોડા થોડા સમયે અવકાશ પણ આપતા હતા. તેવા દિવસોમાં તે આખોયે દિવસ સાધના કરતો હતો. તેવે સમયે શ્રીધર અંતર્મુખ થઈને આત્મપરીક્ષણ, મનન ચિંતન કરતો હતો. ચિત્‌શક્તિ સાથે પોતાનો સ્વરમેળ કરી તે જંગલોમાં ભ્રમણ કરતો.

આવી જ રીતે એકવાર શ્રીધર ભ્રમણ નિરત હતો. પોતાની જ ધૂનમાં મસ્ત... અને ગઈ કાલે સત્સંગમાં શ્રીગુરુદેવે જે કંઈ કહ્યું હતું તે વાગોળતો હતો...

**'એક જ આત્મા સૌમાં છે.**
**માનવતા એક છે.**
**બંધુત્વ એક છે.**
**કોઈ ઊંચું કે કોઈ નીચું નથી.**
**સૌ એક સમાન છે.**
**જગતમાં કેવળ એક જ જાતિ છે... માનવતા.**
**એક જ ધર્મ છે... પ્રેમ.**
**એક જ સત્તા છે - સત્ય.**
**એક જ કાયદો છે... કાર્યકારણ ભાવ.**
**એક જ ઈશ્વર છે... સર્વવ્યાપી... સર્વ સાક્ષી.**
**એક જ ભાષા છે... હૃદયની ભાષા.**

શ્રી ગુરુદેવના આ શબ્દોનું ચિંતન કરતાં શ્રીધર આગળ ધપી રહ્યો હતો, ત્યાં આકસ્મિક તેણે રસ્તા ઉપર એક કુષ્ટરોગીને જોયો. તે ખૂબ જ જર્જરિત અને ઘૃણાસ્પદ શરીરમાં પણ શ્રીધરને ચૈતન્યનાં દર્શન થયાં. તેણે તેને આશ્રમમાં દવા/સારવાર માટે બોલાવ્યો. આશ્રમમાં એક કુષ્ટ રોગીને જોઈને, થોડા લોકોના દિલમાં થોડી ઘૃણા પણ થઈ. પરંતુ શ્રીગુરુદેવે ખૂબ જ આનંદ સાથે શ્રીધરને તેની સેવા કરવાની રજા આપી. ગુરુદેવ પોતે પણ એક કુશળ ડૉક્ટર હતા. જ્યારે તેમણે પહેલીવાર આ હિમાલયની ગિરિકંદરામાં અનેક સાધુ સંન્યાસીઓને દેખેલા ત્યારે તેમણે ફરીથી ગળામાં સ્ટેથોસ્કોપ પહેર્યું જ હતું. પૂર્વાશ્રમની નોકરીમાંથી જે કંઈ ધન મળેલું, તેમાંથી દવાઓ ખરીદ કરીને સાધુ સંતોની નિઃશુલ્ક સેવા કરી હતી. જ્યારે આશ્રમની સ્થાપના થઈ ત્યારે આશ્રમની સ્થિતિ ઓપરેશનો કરી શકાય તેવી થઈ હતી. તેથી શ્રી ગુરુદેવે આંખોનાં ઓપરેશન-મોતિયા ઉતારવાનું ચાલુ કરેલું. પરંતુ મફતમાં થતી આવી સારવાર... ઓપરેશનથી ડરીને લોકો દૂર રહેતા. ત્યારે ગુરુદેવ સ્વયં બજારમાં જઈને, ચાર રસ્તે, મંડી કે પહાડોમાં જઈને લોકોને સમજાવતા કે મોતિયો આવે તે પૂર્વ જન્મનું પાપ નથી, તે ઓપરેશનથી આંખો સારી થઈ શકે છે. તબીબી વિજ્ઞાન જ આ બીમારીનો ઉપાય છે. જુઓ ! જુઓ આ રોગીને ! ઓપરેશન પહેલાં તેને ઊંટ પણ દેખાતો ન હતો, હવે સોયમાં દોરો પરોવી શકે છે.

લોકો અંધશ્રદ્ધા છોડીને તબીબી ઈલાજ કરે, જીવન વૈજ્ઞાનિક પ્રસાધનોના આધારે જીવે તે માટે ગુરુદેવે બહુ જ પ્રયત્ન કર્યો. સાથે સાથે તે પણ કહ્યું, હા ! ભજન, પૂજન, નામ, જપથી માનસિક શક્તિનો વિકાસ થાય છે, અને બીમારી દૂર કરવામાં મદદ મળે છે. મંત્રોની શક્તિથી શારીરિક વ્યાધિ દૂર થાય છે, તે વિજ્ઞાને સિદ્ધ કર્યું છે. તે માટે ગુરુદેવ મૃત્યુંજયમંત્ર જપ કરવા માટે ખાસ સલાહ આપતા અને આ બધું વૈજ્ઞાનિક તબીબી સલાહ અને સેવા સાથે થવું જોઈએ તેમ પણ કહેતા. તબીબી ઈલાજને ધિક્કારવો નહીં, તે તેમની સ્પષ્ટ સલાહ હતી. ગુરુદેવે બીમારોની સેવા અને તેમનો ઈલાજ કરવાને ખૂબ જ



મહત્ત્વ આપ્યું હતું. તેઓ કહેતા, 'ગંગાજીનું વિધિપૂર્વક પૂજન કરો તેનાથી વધુ સારું તો એ છે કે એક બીમારની સાચા મનથી સેવા કરો. (એનો અર્થ એ પણ નથી કે ગંગાપૂજન ન કરવું, કારણ શ્રીગુરુદેવ પોતે જ દરરોજ સવારે ગંગાજીનાં દર્શન અને પૂજન અવશ્ય કરતા.) હવે શ્રીધર પણ આ જ નિષ્કામ સેવાના પંથે અગ્રસર થઈ રહ્યો હતો. ગુરુદેવે તેની આ સેવાની ખૂબ પ્રશંસા કરી. તેથી શ્રીધર નિયમિતરૂપે કુષ્ટરોગીઓની સેવા કરવા લાગ્યો.

શ્રીધરે યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન ભણ્યા હતા. શ્રી ગુરુદેવની માફક તેની પાસે એમ.બી.બી.એસ.ની ડિગ્રી ન હતી. તે ડૉક્ટર ન હતો. પરંતુ સેવા કરવા માટે તેણે તે વિષય સંબંધી પણ જ્ઞાન સંપાદન કર્યું. 'હોમ એન્ડ વિલેજ ડૉક્ટર' અને 'મટેરિયા મેડિકા' આ પુસ્તકોનું અધ્યયન કર્યું. હવે આશ્રમમાં સૌ તેને ડૉક્ટર રાવજીના નામથી ઓળખવા લાગ્યાં.

હિમાલયની તળેટીમાં તે દિવસોમાં તબીબી સારવારનો અભાવ હતો. લોકો તબીબી સારવાર વગર મરતા હતા. એવા સમયે શ્રીધર નાનાં નાનાં ગામડાંઓમાં અને પહાડો પર વસેલ છૂટાછવાયા લોકો પાસે જઈને દવાઓ આપતો. લોકોની પ્રેમથી સેવા કરતો. સાચી વાત તો એ હતી કે તેનાં વૈદકીય જ્ઞાન સાથે તેના હૃદયના ઉમળકાથી અને કરુણાથી જ લોકોની અડધી બીમારી તો દૂર થઈ જતી હતી.

એવી એક બળતા ઉનાળાની રાત્રી હતી. કરુણ અવાજમાં એક મહિલા સ્વામીજીને પોકારતી આવી. તેની કાખમાં તેની નાની દીકરી નિષ્ચેષ્ટ પડી હતી. તેને વીંછી કરડ્યો હતો. રાવસ્વામીજી બહાર આવ્યા. તેમણે એ બાળકીને પોતાની કુટીરમાં સુવડાવી. પોતાનો નેપકીન તેના દંશના ભાગ પર હલાવતાં કંઈક નામસ્મરણ ચાલુ કર્યું. તે નામામૃતનો પ્રભાવ હતો, કે રાવ સ્વામીજીના મનના પ્રેમામૃતનો પ્રભાવ... પરંતુ તે નાની દીકરીએ થોડી જ વારમાં ધીરે ધીરે આંખો ખોલી... માતાની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી.

...સવારના કોમળ કિરણો સમગ્ર આશ્રમને અજવાળી રહ્યાં હતાં.

પક્ષીઓ બહુ લાંબા ગાળાથી કલરવ કરી રહ્યાં હતાં. આસપાસની વનરાજીમાં કળીઓને ખીલ્યે ખાસ્સી વાર થઈ ગઈ હતી. પરંતુ રાવ સ્વામીજી ક્યાંય દેખાતા ન હતા. આશ્રમમાં ચોપાસ શોધખોળ ચાલી. અચાનક લોકોએ જોયું કે એક બીમાર કૂતરો તેમના કાર્યાલય પાસે પડેલો છે. તેના શરીર ઉપર ઘણા જખમ થયા હતા. તેમાં કીડા મંકોડા પણ હતા. પરંતુ કોઈએ તેના ઉપર મલમ લગાડ્યો હતો. પાટો બાંધ્યો હતો. અને તેની પાસે પોઢ્યા હતા ડૉ. રાવ સ્વામીજી !!! અચરજ સાથે ગુરુદેવ પાસે જઈને લોકોએ આ ઘટના કહી સંભળાવી.

ગુરુદેવે આવીને પૂછ્યું.

'શ્રીધર, અહીં કેમ સૂતા છો ?'

'ગુરુદેવ ! ગઈકાલે રાત્રે પીડાથી અને વેદનાથી એ બહુ જ દુઃખી હતો. તેથી આ મલમપાટો તો કર્યો જ, અને આ ઇન્જેક્શન પણ આપ્યું છે. પરંતુ તેને આવી અવસ્થામાં એકલો મૂકવાનું યોગ્ય ન લાગ્યું, તેથી હું અહીં જ સૂઈ ગયો. ગુરુદેવ ! આ દવા અને ઇન્જેક્શન બરોબર છે ને ?'

શ્રીધરે કંઈક એવું કર્યું હતું કે જેની સાધારણ લોકો કલ્પના પણ ન કરી શકે. પરંતુ શ્રીધરના મનમાં તો આ પરિસ્થિતિની યોગ્યતા કે અયોગ્યતાનો વિચાર પણ ન હતો તો પછી અહંતાનો તો પ્રશ્ન જ ક્યાંથી ઉપજે. તે કૂતરાની બીમારી વિશે વિચારી રહ્યો હતો. ગુરુદેવ ભાવવિભોર થઈને સત્ શિષ્ય વિશે વિચારી રહ્યા હતા. ડૉક્ટર રાવ...તો... ડૉક્ટર શિવાનંદ કરતાં પણ આગળ નીકળી ગયા છે.' તેમ તેમણે આનંદથી કહ્યું.

આ દયામૂર્તિએ પોતાના જીવનના બે બહુમૂલ્ય મહિના તે કૂતરાની સેવામાં સમર્પિત કર્યા.

**[૨૦]**

ગુરુદેવ ભગવદ્‌ગીતા વિશે કહી રહ્યા હતા. 'તિતિક્ષા જ સાધુનું સાચું ધન છે. દરેક સાધુએ સહનશીલ થવું જ જોઈએ. સુખ કે દુઃખ, ઉનાળો કે શિયાળો સમભાવથી સહેવાં જોઈએ. સાધુજીવનમાં આ



આવશ્યક સાધના છે.

સ્વામી શિવાનંદજીને તો આ બધું કહેવાનો અધિકાર હતો. તેમના સાધનાકાળમાં તેમણે પોતાનાં શરીરને બહુ પીડા આપી હતી. અન્નક્ષેત્રમાં જતાં આવતાં તેમનો સમય બહુ બરબાદ થતો હતો, માટે તેઓ અઠવાડિયે એક જ વાર ભિક્ષા માગી લાવતા. તે સૂકાઈ ગયેલી રોટલીઓને જ ગંગાના પાણીમાં પલાળીને ખાઈ લેતા.

રાવસ્વામી પણ પોતાના શ્રીગુરુદેવને પગલે જ ચાલતા હતા. શ્રીગુરુદેવ પાસેથી તેમના સાધનાકાળની વાતો સાંભળીને, એશઆરામમાં પંપાળેલાં શરીર પાસેથી કડક હાથે કામ લેવાનું શરૂ કર્યું.

શિયાળાના દિવસો હતા, અને હિમાલયની કડકડતી ઠંડી હતી. તેવા શિયાળે ઠુંઠવતા રાવસ્વામીજી આખી રાત કુટીરની બહાર બેઠા હતા. તેમના શરીર ઉપર એક લુંગી અને એક ખાદીનું ખમીસ હતું. તેના સિવાય બેસવા માટે કોઈ ગાદી કે ઓઢવા માટે કોઈ ચાદર પણ નહીં. ક્યારેક ક્યારેક તેઓ એવી જગ્યાએ જઈને ધ્યાનસાધનામાં બેસતા કે જ્યાં સર્પ કે હિંસક રાની પશુઓની અવરજવર હોય. (૧૯૮૦ સુધી શિવાનંદભવનમાં ઉનાળામાં મોટા મોટા સર્પ અને વીછીઓ હરતા ફરતા જ રહેતા, જ્યારે આ વાત તો છેક ૧૯૫૦ પૂર્વેની છે. જંગલી હાથીઓનો ભય તો હજુ પણ છે, શ્રી ગુરુદેવના શતાબ્દી વર્ષમાં પણ શ્રી વિશ્વનાથ મંદિર પાછળ ચિત્તો આવ્યો હતો.) શ્રીરાવજી ક્યારેક ક્યારેક તો માત્ર નામ માત્રનું અન્ન લઈને નિર્જન સ્થળો પર જઈને ધ્યાનસાધના કરતા હતા. આવા નિર્જન સ્થળોની શોધમાં તેઓ દૂર દૂર સુધી ચાલીને જતા. દુર્ગમ પહાડો પર કે ગંગાજીની વચ્ચે વિશાળ શિલાખંડો પર જઈને પણ બેસતા. આવી ઉગ્ર તપશ્ચર્યા પછી આશ્રમમાં અવિશ્રાંત-અથક પરિશ્રમ કરીને સેવા પણ કરતા હતા.

ગુરુદેવ પોતાના પ્રિય શિષ્યની આ સહજાવસ્થા જાણી ગયા હતા. પ્રાપ્ત કરવા માટે હવે શ્રીરાવજીને આ વિશ્વમાં કંઈ પણ શેષ રહ્યું ન હતું. અધ્યાત્મના માર્ગે તેઓ હવે સર્વોચ્ચ સ્થિતિમાં હતા. 'હવે આટલી કઠોર તપસ્યાની આવશ્યકતા કે કારણ શું ?' કોઈએ તેમને પૂછ્યું.

રાવસ્વામીજીએ કહ્યું, 'શરીર એક ગધેડા જેવું છે, અને મન એક વાંદરું. તેની સાથે વ્યવહાર કરતી વખતે તિતિક્ષા, તપસ્યાની લાકડી અને ચાબુક હાથમાં રાખવાં જ જોઈએ. અને ગુરુદેવ પણ કહે જ છે ને કે તમે જીવનમુક્ત પણ કેમ ન હો, તમારે તમારી નિત્ય સાધના તો કરવી જ જોઈએ.

ગુરુદેવનો નિત્ય વ્યવહાર જોઈને પણ રાવસ્વામીજી ખૂબ જ પ્રભાવિત થતા હતા. તેમનાં ખૂબ સાદાં વચનો અને વાતચીતમાં કેટલો ગૂઢાર્થ રહેલો છે, તેનું રાવજી સદા મનન કરતા. શ્રીગુરુદેવને જેટલું શ્રીરાવસ્વામીજી સમજ્યા તેટલું ભાગ્યે જ કોઈ સમજી શક્યું હશે. તેમણે શ્રીગુરુદેવનું જીવન ચરિત્ર પણ લખ્યું. પુસ્તકનું નામ આપ્યું 'લાઈટ ફાઉન્ટન'.

ગુરુદેવે આ પુસ્તકની પ્રશંસા કરતાં કહ્યું...

'શિવાનંદ જશે... પરંતુ 'લાઈટ ફાઉન્ટન' અમર રહેશે.'

ત્યાર પછી શ્રીરાવસ્વામીજીનાં પ્રવચનોનાં સંકલનમાંથી અનેક પુસ્તકો છપાયાં... શ્રીગુરુદેવનો જ્ઞાનયજ્ઞ પૂર્વવત્ ચાલુ જ રહ્યો.

હવે રાવસ્વામીજીના મનમાં એકાંતમાં જઈને પૂર્ણતઃ અંતર્મુખ થઈને આત્મવિચાર કરવાની ઈચ્છા જાગી. સાચી વાત તો એ હતી કે લોકની ભીડ, સમારોહ, પદ, પ્રસિદ્ધિ વગેરેમાં તેમનું મન સહેજે લાગતું નહોતું.

ગંગાનાં ખળખળ પ્રવાહમાં તેમને ઈશ્વરીય સ્વર સંભળાતો.

કોઈ પક્ષી બોલે તો તેમના કલરવમાં પણ તેઓ ઈશ્વરના ધ્વનિને જ સાંભળતા.

ખુલ્લા નીલા આકાશ તરફ નજર પડતાં જ તેમનું મન બ્રહ્મસ્વરૂપ થતું હતું. અહીં કે ત્યાં તેમને મન માત્ર તે જ તે સર્વત્ર હતો. તેમના મનમાં ઈશ્વર સિવાય બીજો કોઈ પણ વિચાર ઉદ્ભવતો નહોતો. અને વિચાર ઉત્પન્ન થવા માટે તો મન જોઈએ, અહીં તો મન હતું જ નહીં. તેમને તો 'અહં બ્રહ્માસ્મિ' મહાવાક્યની અનુભૂતિ થઈ ચૂકી હતી. હવે દ્વૈત ક્યાંથી સંભવે ?



રાવસ્વામીજી હવે આ મહાવાક્યના દેહ સ્વરૂપની શોધ કરી રહ્યા હતા. પરંતુ અગણિત અબુધ જન, બદ્ધ જીવ કે દયાળુ આત્મા, કોઈ ઈશ્વરસાક્ષાત્કાર પ્રાપ્ત માર્ગદર્શકની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. વિશ્વના પાશ્ચાત્ય ખંડમાં ભોગવાદ પ્રસરેલો હતો, અને પૂર્વ પોતાની અંધશ્રદ્ધામાં ધર્મનો મર્મ ભૂલી રહ્યો હતો. સમગ્ર અંધકારને જ્ઞાનસૂર્યની ખોજ હતી. અને તે સૂરજ પણ એવો કે... શીતળ... તાપહીન ! ગુરુદેવ જાણતા હતા, કે વિશ્વને રાવસ્વામીજીની આવશ્યકતા છે. તેથી તેમણે તેમને દિવ્ય જીવન સંઘના કાર્યોમાં જોડ્યા. ગુરુદેવની આજ્ઞા રાવસ્વામીજી માટે બ્રહ્મવાક્ય હતી. તે તેનું ઉલ્લંઘન કેમ કરે ? અવજ્ઞા કેમ કરે ?

સ્વામી શિવાનંદજીએ પોતાની 'યોગ વેદાંત ફોરેસ્ટ યુનિવર્સિટી' (અત્યારે... યોગ વેદાંત ફોરેસ્ટ અકાદમી) નામક સંસ્થામાં રાવસ્વામીજીને રાજયોગના પ્રાધ્યાપક પદ પર નિયુક્ત કર્યા. તેઓ આ વિદ્યાપીઠના ઉપકુલપતિ પણ હતા. આ પૂર્વે અનેક સમર્પિત સંતોએ આ વિશ્વવિદ્યાલયની કીર્તિને ઉજ્જ્વળ કરી હતી. અહીંના પ્રત્યેક પ્રાધ્યાપક સ્વયંપ્રકાશી તારા સમાન હતા.

શ્રીરાવ સ્વામીજી બ્રાહ્મમુહૂર્તે પ્રવચન કરતા હતા, તેને સાંભળીને બ્રહ્મચારીઓ તૃપ્ત થતા હતા. તેમનાં આવાં અનેક પ્રવચનોનો 'ફિલોસોફી, સાયકોલોજી એન્ડ પ્રેક્ટિસ ઓફ યોગ' ગ્રંથમાં સમાવેશ કરવામાં આવેલ છે. ત્યાર બાદ 'પાથ ટુ બ્લેસેડનેસ' નામક પુસ્તકમાં પણ પ્રસિદ્ધ થયાં છે.

પરંતુ કાર્યાલયનું કામકાજ, પ્રાધ્યાપક તરીકેની સેવા (આશ્રમની યોગ વેદાંત ફોરેસ્ટ અકાદમીને ત્યારે યોગ વેદાંત ફોરેસ્ટ યુનિવર્સિટીના નામથી ઓળખવામાં આવતી હતી, તેમાં ડૉ. રાવ સ્વામીજીનાં પ્રવચનો સંન્યાસ પૂર્વે અને સંન્યાસ પછી થતાં રહ્યાં) પોતે... જાતે જ ઉત્સાહપૂર્વક સેવાર્થે રાખેલા બીમાર રોગી કે પ્રાણીઓની સેવાનું કામ આ બધું તેમના સમર્થ ખભાઓ માટે જાણે ઓછું જ હતું. શ્રીગુરુદેવે તેમની ક્ષમતા અને ઉત્સાહ જોઈને થોડું બીજું કામ અને આશ્રમ વ્યવસ્થા વગેરેની જવાબદારી પણ વધારી આપી. તેમને ખબર હતી કે આ બધું રાવસ્વામીજી માટે

સહજ છે, અને તેમનામાં આ બધું ઉત્સાહથી કરવાની રુચિ છે, શક્તિ પણ છે જ.

રાત્રીના દસ વાગ્યા હતા. હૃષીકેશનો ગંગાતટ નીરવ શાંતિનાં સ્પંદનોથી આવૃત્ત હતો. આંતરરાષ્ટ્રીય સંસ્થા દિવ્ય જીવન સંઘના ખજાનચી નારાયણ સ્વામી કપડાં ધોઈ રહ્યા હતા. દિવસભરની અખંડ સેવાના કર્મયજ્ઞ વચ્ચે વ્યક્તિગત નિજી કામો માટે સમય કાઢવાનું સૌને મુશ્કેલ પડતું. તે સમયે આનંદકુટીરમાંથી શ્રીગુરુદેવ બહાર પધાર્યા. નારાયણ સ્વામીજીએ તેમના તરફ જોઈને બંને હાથે ઘૂંટણે પડીને પ્રણામ કર્યા. શ્રી ગુરુદેવ બોલ્યા, 'જ્ઞાનયજ્ઞ એક મહાન યજ્ઞ છે. છે ને ?'

'જી, ગુરુદેવ !'

'સમાજને આજ સારા સુદૃઢ સ્વસ્થ વિચારોની આવશ્યકતા છે. સ્વસ્થ અને નીરોગી સમાજનું આ ટૉનિક છે.' ગુરુદેવ કહી રહ્યા હતા.

'આપણે માત્ર એક જ માસિક પ્રકાશિત કરીએ છીએ. થોડાં વધુ સાપ્તાહિક અને દૈનિક શરૂ કરો.'

ગુરુદેવ તો ખૂબ જ સરળતાથી કહી રહ્યા હતા. પરંતુ નારાયણ સ્વામીજીના મનનો ખજાનચી જાગી ઊઠયો. વિરક્ત હતા છતાં શ્રીગુરુદેવ અનુશાસનપ્રિય હતા. દિવ્ય જીવન સંઘ, રજીસ્ટર્ડ સંસ્થા છે. દર વર્ષે તેનું નિયમિતરૂપે ઑડિટ થાય છે. દરરોજનો પાઈ પાઈ... પૈસા... પૈસાનો હિસાબ રાખવામાં આવે છે. ગુરુદેવ ધનના ઉપયોગના વિષયમાં ખૂબ જાગૃત હતા. કોઈ બ્રહ્મચારી કે જેને આશ્રમજીવનની ટેવ ન પડી હોય... દાંત સાફ કરવા માટે ટૂથપેસ્ટ વાપરે, તો સત્વરે શ્રીગુરુદેવ કહેતા... 'ઓ જી ! આ આશ્રમ લોકોની આર્થિક સહાયતા પર ચાલે છે. આશ્રમનો મોટાભાગનો ખર્ચો જનગણના કલ્યાણ માટે ખર્ચાવો જોઈએ. આપણે એટલો જ ખર્ચ કરવો જેટલો શરીર નિર્વાહ માટે આવશ્યક હોય. સાધુજીવન ઉપભોગ માટે નથી જ. બજારમાંથી આ ટૂથપેસ્ટ લાવો છો તેને બદલે આશ્રમની ફાર્મસીમાં બનાવેલ ટૂથ પાવડર કેમ નથી વાપરતા ?' ત્યારે બ્રહ્મચારીને સાદગી અને કરકસરના મહત્ત્વની સમજણ પડતી હતી. અનેક વસ્તુઓનો ત્યાગ કરી કરીને



ગુરુદેવે જ્ઞાનયજ્ઞ માટે પ્રેસ ચાલુ કર્યું હતું. હવે આ નવાં કામ માટે પૈસા ક્યાંથી લાવવાના ? 'પોસ્ટેજ પણ વધી જશે.' નારાયણસ્વામીએ કહ્યું. 'પરમેશ્વર આપશે. તમે કામનો પ્રારંભ તો કરો.' શ્રી ગુરુદેવે જવાબ આપ્યો.

અને બીજા જ દિવસે રાવસ્વામીજી અને થોડા બીજા સાધકોએ આ નવા કામનો પ્રારંભ કરી દીધો. 'જ્ઞાનસૂર્યમાલિકા', 'કેન માલિકા' યોગ વેદાંત ફોરેસ્ટ યુનિવર્સિટી વીકલી', 'લાઈટ પાવર', 'હેલ્થ એન્ડ લોંગ લાઈફ' ધી ડિવાઈન લાઈફ, યોગ વેદાંત. આમ અનેક પત્રિકાઓ પ્રકાશિત થવા લાગી.

શ્રીરાવ સ્વામીજીના મનમાં એક વિચાર આવ્યો. વિવિધ પ્રતીકો, પુસ્તકો, ચિત્રોના માધ્યમથી યોગ વિષયક મહત્ત્વપૂર્ણ સાહિત્ય આકર્ષક રીતે પ્રદર્શિત કરવામાં આવે તો જિજ્ઞાસુ લોકોને પ્રશિક્ષિત માર્ગદર્શન સાથે આ પ્રદર્શન દેખાડી શકાય. જેથી લોકોને સાધના વિષે માહિતી સરળતાથી આપી શકાય, આ પ્રદર્શનનો આવો દિવ્ય હેતુ હતો. આ સંગ્રહાલય માટે સામગ્રી ભેગી કરવાનું કામ તેમણે સત્વરે જ... ખૂબ ઉત્સાહથી પ્રારંભ કરી દીધું અને એક સુંદર પ્રદર્શન તૈયાર કર્યું. આમ ૧૯૪૭માં યોગ મ્યુઝિયમની સ્થાપના થઈ.

રાવસ્વામીજી હવે દિવ્ય જીવન સંઘની સેવામાં ગળાડૂબ જોડાઈ ગયા. તેઓ કામમાં એટલા બધા તો ઓતપ્રોત થઈ ગયા હતા કે આશ્રમનું કોઈ પણ કામ તેમના વગર થતું નહીં.

## ૫

# નાગપુર યાત્રા, સંન્યાસ અને સેવાકાર્ય

### [૨૧]

૧૯૪૭ના ડિસેમ્બરના દિવસો હતા. હિમાલયમાં હિમવર્ષા થઈ રહી હતી. શિયાળો ચોપાસથી ઉગ્રરૂપે ઠંડી લઈને આવ્યો હતો. કોઈ પણ ઋતુ હોય પણ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જવાનો રાવસ્વામીજીનો નિયમ હતો. તેમની તિતિક્ષા તો અસામાન્ય હતી. આવી કડકડતી ઠંડીમાં અંગે એક માત્ર ખમીસ પહેરીને ચાદર પણ ઓઢ્યા વગર એક આખી રાત તેમણે પોતાની કુટીરની બહાર ગુજારી હતી. પરંતુ આજે તેઓ ઊઠી શક્યા જ નહીં. નસેનસમાં ઠંડી ભરાઈ ગઈ હતી. બેચાર ધાબળા તેમના ઉપર નાખ્યા પરંતુ કંઈ ફરક ન પડ્યો. સૂરજ ઊંચા આકાશમાં આવતાં જ શ્રી ગુરુદેવ રૂ-બ-રૂ તેમની પાસે આવ્યા. તેમને જોઈને રાવસ્વામીજીએ ઉઠવાની કોશિષ કરી, પરંતુ શ્રી ગુરુદેવે પોતાના હાથે તેમને ફરીથી સુવડાવી દીધા, તેમના સ્પર્શથી શ્રીગુરુદેવને લાગ્યું કે તેમનું શરીર જાણે દાઝી રહ્યું છે. તાવથી રાવસ્વામીજીનું શરીર ધાણી ફૂટે તેવા તાવમાં લપેટાઈ ગયું હતું. શ્રીગુરુદેવે તેમની તબીબી પરીક્ષા કરીને અનુભવ્યું કે તેમને કોઈ ઝેરી તાવ છે. તેમને દવા આપી. પોતાનાં તબીબી જ્ઞાન અને વાત્સલ્યસભર મમતા સાથે શ્રી રાવસ્વામીજીની શ્રીગુરુદેવ કાળજી



લઈ રહ્યા હતા. પરંતુ કંઈક હવા એવી ચાલી હતી કે રાવ સ્વામીજીનું સ્વાસ્થ્ય પાટે ચડતું જ ન હતું અને આશ્રમમાં તે વળી તેમનાથી આરામ થાય ? જે કંઈ બને તેટલી કંઈ ને કંઈ સેવા તેઓ કર્યા જ કરતા. હવે શ્રીગુરુદેવે નક્કી કર્યું કે તેમને આશ્રમથી દૂર હવાફેર માટે મોકલવા. સ્વામી વિશ્વેશ્વરાનંદજીની સાથે તેમણે રાવ સ્વામીજીને નાગપુર મોકલ્યા. ત્યાં ધંતોલીમાં ગુરુદેવના શિષ્ય ડૉ. બી.એ. વૈદ્યનું દવાખાનું હતું. તેઓ નાગપુર હોસ્પિટલના વિઝિટિંગ ડૉક્ટરના સ્વરૂપે પણ સેવા બજાવતા હતા. સ્વામીજી તેમને ત્યાં રોકાયા.

શ્રી રાવ સ્વામીજીની સેવા કરીને ડૉક્ટર વૈદ્યને લાગ્યું કે તેમનાં તબીબીજ્ઞાનનું સન્માન થઈ રહ્યું છે, જાણે કેમ આજે તેમણે અનુભવ્યું કે ‘મારું ડૉક્ટરપણું સાર્થક થયું.’ ગળામાં સ્થેટોસ્કોપ નહીં પરંતુ... સ્વર્ગથી ઉતરી આવેલ દૈવી પુષ્પહાર છે.

નાગપુરમાં ત્રીસ જાન્યુઆરીનો દિવસ પ્રારંભ તો થયો દરરોજની માફક જ... પરંતુ સાંજ ઢળતાં ઢળતાં રાષ્ટ્રના એક મહાન આત્માની હત્યા... આ દિવસ કરી ગયો.

સ્વામી વિશ્વેશ્વરાનંદજીએ રાવ સ્વામીજીને કહ્યું કે... મહાત્મા ગાંધીજીની હત્યા કરવામાં આવી છે.

સ્વામીજીને ઊંડો આઘાત લાગ્યો. મહાત્માજીનાં દર્શનનો પ્રભાવ તેમના બાળપણમાં જ તેમની ઉપર પડ્યો હતો. રામનામથી રંગાયેલું તેમનું જીવન સ્વામીજીના જીવનનો આદર્શ હતો. અસ્પૃશ્યતા નિવારણ માટે તેમનું કાર્ય, કુષ્ટરોગીઓની સેવા, સત્ય પ્રત્યેની તેમની નિષ્ઠા, અહિંસાનું તત્ત્વજ્ઞાન આ બધું એક સાથે તેમની આંખો સામે ચિત્ર સ્વરૂપે ઉપસી આવ્યું. આંખો ભીની થઈ ગઈ. મનમાં વિચાર આવ્યો... ‘હિંસાથી સમસ્યાનું સમાધાન થઈ શકે ? શરીરના નષ્ટ થવાથી વિચાર નષ્ટ થઈ શકે ?’

સ્વામીજીના વિચારોમાં નક્કર સત્ય હતું. આજે તે સત્યનો મહાન ઉપાસક અને હત્યારો બંને નથી રહ્યા. પરંતુ ગાંધીજીની વિચારધારા નષ્ટ નથી થઈ... અને દુર્ભાગ્યે તેમના વિરોધી વિચાર પણ નષ્ટ નથી

પામ્યા. હિંદુ-મુસ્લિમોમાં સંશય અને તનાવ વધુ પ્રગાઢ થયા છે... અને યાદ શું રહ્યું ?... પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીની હત્યા પછી થયેલાં હિંસક તોફાનો... શ્રી રાવ સ્વામીજી ખૂબ ધીરેથી કુંઠિત સ્વરે બોલ્યા... 'શ્રી રામ જય રામ જય જય રામ...'

નાગપુરમાં થોડા લોકોએ પ્રાર્થના કરી કે... સ્વામી રાવજીના પ્રમુખપદે પૂજ્ય બાપુજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવે. શરીર રુગ્ણ હતું. સ્વસ્થ ન હતું... પરંતુ આ તો મહાન આત્માની સાથે જોડાયેલા કર્તવ્યનો પ્રશ્ન હતો... આમ આ વિનંતીના અસ્વીકાર કરવાનો પ્રશ્ન જ ન હતો.

બીમારીમાં થાકેલો પરંતુ કરુણાથી ભર્યો સ્વર નાગપુરમાં મહાત્મા ગાંધીજીની શ્રદ્ધાંજલિ સભામાં ગૂંજ્યો... વૈષ્ણવ જન તો તેને રે કહીએ... જે પીડ પરાયી જાણે રે...

રાવ સ્વામીજી પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજી માટે બોલી રહ્યા હતા... 'મહાત્મા ગાંધીજી એક મહાન આધ્યાત્મિક વ્યક્તિ હતા. તેમણે રાજનીતિમાં જીવન સમર્પણ કર્યું. પરંતુ તેમાં નીતિ અને નિષ્ઠા પાયામાં હતાં. ત્યાં સ્વાર્થ નહીં પરમાર્થ હતો. તેમણે સમાજસેવા નહીં... રાષ્ટ્ર સેવા કરી છે. અનેક નૂતન અર્થશાસ્ત્રીય વિચાર તેમણે દેશને આપ્યા છે. પરંતુ પ્રાર્થના અને રામનામ જ તેમના જીવનના પાયાના પથ્થરો હતા. તેમના જીવનમાં પ્રાર્થના, ધ્યાન, રામનામ, ગીતા અને સત્યમાં નિષ્ઠા આ પંચશીલ હતા. ગાંધીજી આપણા રાષ્ટ્રની એક મહાન આધ્યાત્મિક વિભૂતિ હતા.'

રાવ સ્વામીજી સ્વસ્થ થઈને શિવાનંદ આશ્રમ, ઋષીકેશ પાછા ફર્યા. અહીં શ્રી ગુરુદેવની પાસે સેવાર્થે સ્વામી નિજબોધજી બેસતા હતા. સન. ૧૯૪૪થી તેઓ દિવ્ય જીવન સંઘના સચિવ... મહામંત્રી હતા. વૃદ્ધાવસ્થાને કારણે તેઓ હવે આ જવાબદારી ઉપાડવામાં મુશ્કેલી અનુભવતા હતા. તેમણે શ્રી ગુરુદેવ પાસે નિવૃત્તિ માટે આજ્ઞા માગી. શ્રીગુરુદેવે તેમને નિવૃત્ત કરીને તેમની સાથે રાવ સ્વામીજીને સંસ્થાના જનરલ સેક્રેટરીપદનો સ્વીકાર કરવા આદેશ કર્યો. શ્રી રાવ સ્વામીજી



જનરલ સેક્રેટરી થયા... જાણે કે દિવ્ય જીવન સંઘ સન્માનિત થયું.

એક આંતરરાષ્ટ્રીય સંસ્થાના જનરલ સેક્રેટરી પદ સંભાળ્યા બાદ પણ તેમની રહેણીકરણીમાં કંઈ ફેરબદલ થયો નહીં. સાદું ખાદીનું ખમીસ અને કમર નીચે ટૂંકું ધોતિયું... જ રહ્યાં. શ્રીગુરુદેવ ખુશમિજાજ હતા... વિનોદી સ્વભાવ પણ ખરો... એકવાર થોડે ઊંચે સ્થાનેથી ઝરણું જેમ સહજતાથી નીચે આવે તેમ ઉતરતા આ તેમના પ્રિય શિષ્યને જોઈને તેમણે વિનોદ કરતાં કહ્યું...

ઓ જી ! હવે તો તમો દિવ્ય જીવન સંઘના મહાસચિવ છો, હવે સારાં પૂરાં... લાંબાં કપડાં કેમ નથી પહેરતા ?

શ્રી રાવ સ્વામીજીએ ખૂબ જ વિનમ્રતાથી જવાબ આપતાં કહ્યું, 'જી, આ પહાડો ઉપર ચઢતાં ઉતરતાં આવાં ટૂંકાં કપડાંમાં ઝપાટાબંધ ચાલવાનું સહેલું પડે છે.' આમ તો શ્રી ગુરુદેવ પોતે પણ આંતરરાષ્ટ્રીય સંસ્થાના પરમાધ્યક્ષ હતા. મહત્ કીર્તિના તત્ત્વજ્ઞ, વિશ્વવંદ્ય હતા પરંતુ પરમ સાદગીમાં રહેતા હતા. એક શિષ્યે બહુ શ્રદ્ધાપૂર્વક શ્રી ગુરુદેવને ઓવરકોટ આપ્યો. શ્રી ગુરુદેવે તેને પહેર્યો. એ જોઈને થોડા લોકોના મનમાં આવ્યું, 'શું સંન્યાસીઓથી આવાં કપડાં પહેરાય ? પરંતુ દુર્ભાગ્ય છે કે લોકો ઉપરનો કોટ જ જોતા હતા, તેમના પગ તો ઉઘાડા હતા ! સાચા સંતને તો તે કંઈ પહેરે કે ન પહેરે અથવા કંઈ પણ પહેરે, તેને તેમાં કંઈ પણ આસક્તિ કે મોહ હોતાં જ નથી. (શ્રી ગુરુદેવ ડૉક્ટર હતા, સેવા કરતા હતા. તેમની સમજણ સ્પષ્ટ હતી. તમે ધાબળો ઓઢો છો. મારે સેવા કરવાની છે, ધાબળો ઓઢીને બેસવાથી નહીં ચાલે માટે તેને કાપીને કોટ સીવી કાઢ્યો છે... તેમાં ભલા ખોટું શું ?)

કપડાં તો શરીરની રક્ષાનું એક સાધન છે, અને શરીર ઈશ્વર પ્રાપ્તિનું સાધન ! શ્રી રાવ સ્વામીજીને પોતાની તરફ જોવાની ફુરસદ ક્યાં હતી, અને જ્યારે ફુરસદ હતી ત્યારે પણ તેમણે પોતાની સગવડ કે સુવિધા ભણી ક્યાં જોયું હતું ?

સૌ સંતો-મહંતો હવે રાવ સ્વામીજીને સન્માન આપવા લાગ્યા

અને પગે પણ લાગવા લાગ્યા. હિમાલયનાં ઉત્તુંગ શિખરો તેમની પાસે નતમસ્તક હતાં, પરંતુ હજુ તેમણે કાષાયવસ્ત્ર ધારણ કર્યાં ન હતાં.

રાવ સ્વામીજીની અધ્યાત્મસ્તરની સ્થિતિ એટલી ઊંચી હતી કે જ્યાં પહોંચ્યા પછી જો તેઓ ગેરુ વસ્ત્ર ધારણ કરે તો તે વસ્ત્રો માટે ગૌરવનો વિષય હતો. ગેરુ વસ્ત્રોનો અર્થ થાય છે... તમામ ઐહિક ઈચ્છા, આકાંક્ષા, સંબંધો, પ્રેમ, લોભ અને માયાનો ત્યાગ. કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર આ ષડ્રિપુઓ પર વિજય. અને એની સાથે જ વિશ્વના સમગ્ર જનગણ-પશુ પંખી પ્રાણીઓ પ્રત્યે નિષ્કામ પ્રેમ. રાવસ્વામીજી પાસે આમાંનું શું ન હતું ?

વીસમી સદીમાં કુદરતનો કસ કાઢીને તેમાંથી ભોગનાં સાધનો નિર્માણ કરનારો પાશ્ચાત્ય રાષ્ટ્રોનો ભોગવાદ એક તરફ આગળ વધી રહ્યો હતો. ત્યારે બીજી તરફ સૃષ્ટિનું સર્વોચ્ચ સત્ય ઈશ્વરીય પ્રેમનું રૂપ લઈને સ્વામીજી પાસે આવી રહ્યું હતું.

પોતાના આ તેજસ્વી શિષ્યને સર્વોચ્ચ ત્યાગની દીક્ષા આપવાની પ્રેરણા શ્રી ગુરુદેવને થઈ અને એ શુભ દિવસ આવી પહોંચ્યો.

૧૦ જુલાઈ ૧૯૪૯ (તા.૧૦-૭-૧૯૪૯). ગુરુપૂર્ણિમાનો મંગળ દિવસ હતો. હૃષીકેશના શિવાનંદ આશ્રમમાં એક ગંભીર પરંતુ પવિત્ર સમારોહમાં પ્રારંભ થયો. 'વિરજા હોમ'નો તેજસ્વી અગ્નિપૂંજ તેની ચરમસીમા પર હતો. શ્રીધરે પોતાના પૂર્વાશ્રમનું જીવન આ યજ્ઞમાં આહુતિરૂપે અર્પણ કર્યું. યજ્ઞોપવીત તોડી નાખ્યું, લૌકિક દૃષ્ટિથી હવે હું બ્રાહ્મણ નથી, તે અહંકારનો ત્યાગ કર્યો. વિશ્વના તમામ સંબંધોનો વિચ્છેદ કરી વિશ્વને આલિંગન આપી સમગ્ર વિશ્વને સ્વકીય જીવનનું અવિભાજ્ય અંગ કહેવાનો... અદ્ભુત ! અલૌકિક ! પ્રસંગ !

'મનોહર વિલાસ' અને 'કિંબર્લી'થી જોડાયેલા શેષ સર્વે તંતુઓ તૂટી ગયા.

'રાવ' નામના સઘન અને કીર્તિમાન ખાનદાનના સંબંધોની પૂર્ણાહુતિ થઈ.

સર્વે ઐહિક, પારલૌકિક સુખ યજ્ઞાર્પણ થઈ ગયાં.



**ચતુર્થો દક્ષિણામ્નયાયઃ શૃઙ્ગેરી તુ મઠો ભવેત્ ।**
**સંપ્રદાયો ભૂરિવારો ભૂર્ભુવોગોત્રમુચ્યતે ॥**

દશનામ સંન્યાસ પરંપરાનો આ ચોથો આમ્નાય દક્ષિણમાં સ્થિત શૃંગેરી મઠ છે, જ્યાં 'ભૂરિવાર' સંપ્રદાયના અને 'ભૂર્ભુવઃ' ગોત્રના યતિઓની દીક્ષા સમ્પન્ન થાય છે. શ્રીધરને યાદ આવી રહ્યું હતું...

**'પદાનિ ત્રીણિ ખ્યાતાનિ સરસ્વતી, ભારતી, પુરી ।**
**રામેશ્વરાહ્વયં ક્ષેત્રમાદિવારાહ દેવતા ॥'**

આ પરંપરાના સંન્યાસીઓને સરસ્વતી, ભારતી કે પુરી નામની સંજ્ઞા ઓળખવામાં આવે છે. તેમનું ક્ષેત્ર રામેશ્વર છે અને તેમના દેવતા આદિવારાહ છે.

આવી સરસ્વતી પરંપરામાં હવે શ્રીધર પદાર્પણ કરી રહ્યો હતો.

**'કામાક્ષી તહ્ય દેવીસ્યાત્ સર્વકામફલપ્રદા ।**
**સુરેશ્વરાખ્ય આચાર્ય તુંગભદ્રેતિ તીર્થકમ્ ॥'**

આ મઠનાં ઉપાસ્ય દેવી કામાક્ષી અને આદ્યાચાર્ય શ્રી સુરેશ્વરાચાર્ય તથા તીર્થ તુંગભદ્રા છે.

**'ચૈતન્યાખ્યો બ્રહ્મચારી યજુર્વેદસ્ય પાઠકઃ ।**
**અહં બ્રહ્માસ્મિ તત્રૈય મહાવાક્યં સમીરિતમ્ ॥'**

આ મઠના બ્રહ્મચારીઓને ચૈતન્ય કહેવાય છે. યજુર્વેદનું અધ્યયન આ મઠની પરંપરા છે. આ સમ્પ્રદાયનું મહાવાક્ય 'અહં બ્રહ્માસ્મિ' છે.

**આંધ્ર દ્રવિડ કર્ણાટકેરલાદિ પ્રભેદતઃ ।**
**શૃઙ્ગેર્યધીના દેશાસ્તે હયવાચી દિગવાસ્થિતઃ ॥**

આંધ્ર, દ્રવિડ (તામિલનાડુ), કર્ણાટક, કેરળ આદિ દક્ષિણી ભૂભાગ આ મઠને આધીન રહેશે.

**સ્વરજ્ઞાનરતો નિત્યં સરસ્વતી કવીશ્વરઃ ।**
**સંસારસાગરાસાર હન્તાસૌહિ સરસ્વતી ॥**

સ્વરજ્ઞાનમાં રત, સ્વર સંબંધી વિશેષ વિચક્ષણ રહેવાવાળા, શ્રેષ્ઠ વિદ્વાન, આ અસાર સંસારમાં રહીને પણ બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરનારા યતિઓ 'સરસ્વતી' કહેવાશે... શું શ્રીધર આવા જ ન હતા ?

આ સંપ્રદાયના ભારતી અને પુરી એ સંજ્ઞાઓના અર્થ પણ એટલા જ શ્રેષ્ઠ છે. વિદ્યા-ભારથી પરિપૂર્ણ, સંસારના 'પુત્ર-કલત્રાદિ' ભારને જેમણે ઉતારી દીધો છે, તેઓ ભારતી કહેવાય છે. જ્ઞાનથી પરિપૂર્ણ, પૂર્ણતઃ બ્રહ્મવાદી અને હંમેશાં પરબ્રહ્મમાં લીન એવા યતિ 'પુરી' કહેવાય છે. ફરીથી શ્રીધરને યાદ આવ્યું...

**ભૂરિ શબ્દેન સૌવર્ણ્ય વાર્યતે યેન જીવિતામ્ ।**
**સંપ્રદાયો યતિનાં ચ ભૂરિવારઃ સ ઉચ્યતે ॥**

'ભૂરિ' અર્થાત્ 'આધિક્ય' ધન ધાન્ય અને સાંસારિક વસ્તુઓનો ત્યાગ કરીને જે નિતાંત વિરક્ત રહે છે, તે સાધુઓને ભૂરિવાર સમ્પ્રદાયના સાધુઓ તરીકે ઓળખવામાં આવે છે.

**ચિન્માત્ર, ચેત્યરહિતમનન્તમજરં શિવમ્ ।**
**યો જાનાતિ સ વૈ વિદ્વાન્ ચૈતન્યં તદભિધીયતે ॥**

બ્રહ્મ ચિન્માત્ર છે. અનુભવજનિત વિષય રહિત, જન્મ મરણાદિ વિકાર ન પામનાર અને જગત્કલ્યાણકારી શિવરૂપ બ્રહ્મને ઓળખનાર મુમુક્ષુ બ્રહ્મચારીને ચૈતન્ય નામથી ઓળખવામાં આવે છે.

આવી આ ઉજ્જ્વળ પરંપરા છે.

વિરજા હોમમાં 'શ્રીધરરાવ' આ નામ યજ્ઞાર્પણ થઈ ગયું, અને ગેરુ વસ્ત્રો સહિત શ્રીધરે નૂતન નામને અંગીકાર કર્યું... 'સ્વામી ચિદાનંદ સરસ્વતી.'

આશ્રમના સર્વે વડીલ સંતોને ખબર હતી કે શ્રીધરને કયા નામથી...યોગપટથી વિભૂષિત કરવો તે શ્રી ગુરુદેવ એક વર્ષથી વિચારતા હતા. પોતાના આ સદ્ગુણી શિષ્યનું શું નામકરણ કરવું તે પણ અત્યંત ગહન અને આવશ્યક વિષય હતો. અંતે તેમણે નામકરણ કર્યું... 'ચિદાનંદ !'

'ચિદાનંદ' જે જ્ઞાન અને આનંદથી સદાને માટે પરિપૂર્ણ છે... આમ આજે 'સરસ્વતી' પરંપરાનું પણ સન્માન વધ્યું.

રાત્રી સત્સંગમાં આજે શ્રી ગુરુદેવે પોતાના મધુર અને ગંભીર અવાજે ગાયું...



**Knowledge bliss, Knowledge bliss... bliss absolute.**
**In all condition I am knowledge bliss absolute.**
**ચિદાનંદ ચિદાનંદ ચિદાનંદ હૂં ।**
**હર હાલ મેં અલમસ્ત સચ્ચિદાનંદ હૂં ।**

આશ્રમમાં સૌને ખબર પડી ગઈ કે શ્રી ગુરુદેવે પોતાનું જ નામ પોતાના પરમપ્રિય શિષ્યોત્તમને આપ્યું છે.

ચિદાનંદ હી શિવાનંદ હૈ, શિવાનંદ હી ચિદાનંદ હૈ !

## [૨૨]

રાત્રીના દસ વાગ્યા હતા. આશ્રમમાં રાત્રીનો સત્સંગ પૂરો થવામાં હતો. સ્વામીજીએ પ્રાર્થના કરી.

**'સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્ ॥**

એટલામાં સત્સંગ હૉલમાં કોઈએ આવીને કહ્યું... બહાર એક રોગી સ્વામી ચિદાનંદજીની રાહ જોઈ રહ્યો છે. હાથમાં ટોર્ચ લઈને સ્વામી ચિદાનંદજી બહાર આવ્યા. ખૂબ જ ખરાબ હાલમાં એક પંજાબી સાધુ બહાર પડ્યો હતો. સ્વામીજીએ તેના તરફ જોયું અને મનમાં ને મનમાં બોલ્યા...

'આપનું ત્રિભુવનસુંદર રૂપ છોડીને આવા આ સડેલા હાથ-પગ લઈને અહીં શા માટે પધાર્યા પ્રભુ ! તમે બહુરૂપી છો, મને છેતરી શકો તેમ નથી. નાથ ! હું આપને ઓળખી ગયો છું. ભગવન્ ! કસ્તૂરીતિલક અને ચંદનની સુગંધ છુપાવવા માટે આ રોગી શરીરની ગંધ સમગ્ર વાતાવરણમાં લઈને આવ્યા છો, દીનાનાથ ! ચાલો ! હવે આપની પૂજા આ સ્વરૂપે કરવાનું સૌભાગ્ય આપવા બદલ દાસ આપનો ઋણી રહેશે... પરંતુ પ્રભો ! આપની પૂજા કરવાનું મારું કામ રોકાઈ જવાનું નથી જ...!

'ધૂપ, અત્તર અને સુગંધિત પુષ્પોથી જ શું સેવાની સુગંધ પ્રસરે છે ?'

'જુઓ, હવે ક્લોરોફૉર્મ, ટર્પેન્ટાઈન અને બીજી દવાઓની સુગંધ

માણો.'

સ્વામીજીએ તેમને આશ્રમના દવાખાનામાં રાખવા માટે શ્રી ગુરુદેવની આજ્ઞા માગી. તેઓ તો ડૉક્ટર હતા. સંન્યાસી પણ ખરા જ. સમગ્ર માનવ જાતિ માટે પ્રેમ અને કરુણા વરસાવનાર, હવે આ સેવાને માટે ના કેવી રીતે કહે ?'

ચિદાનંદજીએ પોતાની કુટીરની સામે જ આ સાધુ માટે એક ઝૂંપડી બનાવડાવી. દવાઓ લગાડીને તેના શરીરમાંથી કીડાઓ કાઢ્યા. તેના જખમો ઉપર પોતાને હાથે જ મલમપટ્ટી કરી. પોતાનાં શરીરધર્મ માટે પણ ઊઠી-બેસી શકવાની ક્ષમતામાં એ ન હતો. આમ સ્વામીજીએ તેનાં મળમૂત્ર સ્વચ્છ કરવાની પણ સેવા કરી. વાળંદે તેના વાળ કાપી આપવા માટે ના પાડી દીધી, એટલી હદે તેનું શરીર ગંધાતું હતું. પરંતુ સ્વામી ચિદાનંદજી માટે તો કંઈ પણ... બધું ઠાકુર સેવા જ હતી. તેઓએ માતાના વાત્સલ્યથી એ પંજાબી સાધુની સેવા કરી, પરંતુ પરમાત્મા પણ તેમના સેવાભાવને પરખતા હતા. એવામાં જ એક રાત્રે ભયંકર તોફાન આવ્યું અને તે સાધુની ઝૂંપડી પડી ગઈ. હવા ખૂબ જ જોરથી ફૂંકાતી હતી. વાદળ ગરજતાં હતાં. કોઈ પણ ક્ષણે જોરદાર વરસાદ પડવાનાં એંધાણ હતાં. ચારેય તરફ અંધારું થઈ ગયું હતું. તેની સાથે જ ભયંકર ભયાવહ વીજળીના કડાકા પણ થતા હતા. સૌ પોતપોતાની કુટીરોમાં બેઠા હતા, અને બહાર આ અસહાય જીવ ! પરંતુ તે એકલો ન હતો. ભલે આખુંયે જગત મોઢું ફેરવી લે, પરંતુ જેને માથે ભગવાનનો હાથ છે, તે ભલા એકલો કેમ હોઈ શકે ? સ્વામીજી આ તોફાનમાં પોતાની કુટીરથી બહાર આવ્યા. પોતાના હાથે તેને ઊંચકીને તેને નિકટની સુરક્ષિત જગ્યાએ સુવડાવ્યો. તેનો ખાટલો, તેની જરૂરી ચીજો બધું જ તેની ઝુંપડીમાંથી લાવી તેની પાસે મૂક્યું. રાતની વ્યવસ્થા તો થઈ ગઈ. બીજે દિવસે તેને માટે નવી ઝૂંપડી બનાવડાવી - ક્યારેક તે મીઠાઈ ખાવાની ઇચ્છા કરતો. આશ્રમમાં તે વળી મીઠાઈ ક્યાંથી લાવવાની ? ત્યાં તો સાધકો માટે સાદાં ભોજનની જ વ્યવસ્થા હતી. તે સાધુ મીઠાઈ બનાવવાની વિધિ દરરોજ બતાવતો અને સ્વામીજી એ મીઠાઈઓ



પોતાના હાથે બનાવીને તેને જમાડતા.

ધીરે ધીરે તે સાજો થઈ ગયો. હરવા ફરવા લાગ્યો. પોતાની જાતે નહાવાધોવા લાગ્યો. તે જ દિવસોમાં સ્વામીજીને શ્રી ગુરુદેવ સાથે તેમની અવિસ્મરણીય ભારત-શ્રીલંકા યાત્રામાં જવાનું હતું અને તે પંજાબી સાધુએ પણ અમૃતસર ખાતે પોતાના આશ્રમમાં જવાની ઇચ્છા વ્યક્ત કરી. ટિકિટના પૈસા આપીને સ્વામીજીએ સ્નેહપૂર્વક તેને વિદાય આપી.

પરંતુ સ્વામીજીની આવી સેવાઓ માત્ર એક જ વ્યક્તિ પૂરતી સીમિત ન હતી.

સાંજે સ્વામીજી ગંગાતટે ફરવા ગયા હતા. ત્યાં કુષ્ટરોગીઓની ખાસ્સી મોટી લાઈન ભીખ માગવા માટે બેસેલી હતી. સ્વામીજીને જોઈને તેઓ વિચારતા હશે કે આ સંન્યાસી જે પોતે જ ભિક્ષા વહન કરીને જીવન યાપન કરે છે, તે વળી અમને શું આપશે ?

પરંતુ સ્વામીજીના મસ્તિષ્કમાં તેમનું ભલું શું અને કેમ કરી શકાય તે જ વિચાર ચાલતો હતો. તેમનો વિચાર... તેમની ચિંતા એક દુર્ઘટનાને કારણે કાર્યમાં પરિણત થઈ ગઈ. ૧૯૫૨માં ભયંકર વર્ષાતાંડવમાં... મુશળધાર વૃષ્ટિને કારણે મુનીકી રેતીમાં રહેતા કુષ્ટરોગીઓની ઝૂંપડીઓ પાણીમાં તણાઈ ગઈ. સંકટના સમયે બાળક જેમ પોતાની માતા પાસે દોડીને જાય, તેવી રીતે બધા જ કુષ્ટરોગીઓ શિવાનંદ આશ્રમના આશ્રયે દોડી આવ્યા. અને ફરીથી એકવાર સ્વામી ચિદાનંદજીએ તેમની સેવાર્થે કમર કસી. શ્રી ગુરુદેવની અનુમતિ લઈને સૌને ગરમાગરમ ભોજન-જમણ જમાડ્યું. ત્યારબાદ તેમણે જિલ્લાધીશ-કલેક્ટરનો સંપર્ક કર્યો. ગામના લોકોની સભા બોલાવીને 'કુષ્ટનિવારણ સમિતિની રચના કરી. તેમણે હૃષીકેશ બદરીનારાયણ માર્ગ પર બ્રહ્મપુરી નામની કુષ્ટરોગીઓની વસાહતની સ્થાપના કરી. તેમના જીવનનિર્વાહ અને અનાજપાણી મળી રહે માટે એક ફંડ ઊભું કર્યું. તેમને માટે એક ડૉક્ટરની નિમણૂક કરી. આ બધાં સામે સ્વામીજીની એક જ શરત હતી કે... ફરીથી તમો ભીખ નહીં માગો... અને આંગળીઓ વગરના અગણિત હાથ આકસ્મિક જ જોડાઈ ગયા. તેમની આંખો ભીની થઈ.

આર્ત હૃદય વ્યાકુળ બન્યું... અરે ! આ તો કોઈ પયગંબર છે... એમ લોકો કહેવા લાગ્યા... પરંતુ આ પયગંબર તો તેના નિજી જીવનની રફતારમાં જીવ્યે જ જતો હતો. તેને માટે તો સેવા એ જ જીવનનો પર્યાય હતો... તે શાંતિથી જીવી રહ્યો હતો... જાણે... તેણે કંઈ કર્યું જ નથી.

શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજનો પ્રાકટ્ય દિવસ આઠમી સપ્ટેમ્બરે ઉજવવામાં આવતો હતો. તેમના શિષ્યો દર વર્ષે આ ઉત્સવ આનંદ અને ઉમંગથી ઉજવતા હતા. તે દિવસે સત્સંગ, ભજન ઉપરાંત બ્રહ્મપુરીમાં ફળ અને મિષ્ટાન્ન વહેંચવામાં-પીરસવામાં આવતાં હતા. આ વર્ષે શ્રી ગુરુદેવના મનમાં પોતાના વહાલા શિષ્યનો જન્મોત્સવ ઉજવવાનો વિચાર આવ્યો. તેમણે કહ્યું,

'આપણે ચોવીસમી જૂનના રોજ સ્વામી ચિદાનંદજીનો જન્મોત્સવ ઉજવશું...' 'પરંતુ... તેમની જન્મતારીખ તો ચોવીસ સપ્ટેમ્બર છે' તેવું નિજબોધ સ્વામીજીએ કહ્યું.

શ્રી ગુરુદેવ થોડું હસ્યા... મલક્યા... પછી બોલ્યા.

'હા, એ તો છે. પરંતુ આઠમી સપ્ટેમ્બર પછી ચોવીસમી સપ્ટેમ્બર ઉજવવામાં આવે તો તેનું કંઈ વિશેષ મહત્ત્વ નહીં રહે. સ્વામી ચિદાનંદજીનો જન્મોત્સવ તો ખૂબ ધામધૂમથી ઉજવવો જોઈએ. તેમની પૂજા તે સાક્ષાત્ પરમાત્માની પૂજા છે. તેઓ તમારા ગુરુ છે. મારા પણ ગુરુ છે. આ તેમનો છેલ્લો જન્મ છે. હવે તેમના જીવનમાં આ જન્મમરણના ચક્રનું કંઈ વિશેષ મહત્ત્વ કે પ્રયોજન નથી.

આશ્રમમાં ચોવીસમી જૂને ખૂબ જ ભક્તમહેરામણ ઊભરાયો. સ્વામી ચિદાનંદજીના ગુરુભાઈઓના મનમાં પણ તેમના પ્રત્યે ખૂબ જ આદર, પ્રેમ, ભક્તિ અને સદ્ભાવ હતો. તેઓ સૌના વહાલા હતા. આમ પ્રત્યેક ગુરુભાઈના મનમાં પોતાના વહાલસોયા ભાઈના પ્રત્યે આદર અને પ્રત્યેકના મનમાં રહેલ સ્નેહ તથા સૌજન્યને વ્યક્ત કરવાનો અવસર હતો.

બધા ગુરુભાઈઓ અને ભક્તોએ મળીને તેમને ઊંચા આસને



બેસાડ્યા. દૂધ અને ગંગાજળથી તેમનાં શ્રીચરણોને પખાળ્યા. તેમના કંઠમાં પુષ્પમાળાઓ પહેરાવવામાં આવી, ધૂપ-કપૂરથી તેમની આરતી ઉતારવામાં આવી. પરંતુ શ્રી ગુરુદેવની સામે બેસીને શું સ્વામી ચિદાનંદજી આવી પૂજા ગ્રહણ કરી શકે ? તેમણે મનોમન બધી જ પૂજા શ્રી ગુરુદેવના શ્રીચરણે અર્પણ કરી.

પોતાના ગુરુભાઈઓની ભીડમાં પણ તેઓ ગહન ધ્યાનમાં હતા. તેઓ દેહાતીત અવસ્થામાં હતા કે તેમના શરીર પર કરવામાં આવતા ષોડશોપચાર તો તેમને કે તેમના મનને સ્પર્શ્યા પણ નહીં.

ચિદાનંદજીના ગૌરવ માટે સૌ સાધુઓ કંઈક ને કંઈક બોલવા માગતા હતા. તેનો પ્રારંભ શ્રી ગુરુદેવે કર્યો. તેમણે કહ્યું, 'સ્વામી ચિદાનંદજીના પ્રાગટ્યઉત્સવની પૂજા પ્રત્યક્ષ પરમાત્માની પૂજા છે.' સ્વામી ચિદાનંદજીએ આ સાંભળી માથું ખૂબ નીચે ઝૂકાવી દીધું. અરે ! આ શું થઈ રહ્યું છે. તેમના મનમાં ભારે ગડમથલ ચાલી. હું જેને ઈશ્વર માનીને પૂજું છું તે ઈશ્વર જ પોતાના ભક્તની પૂજા કરી રહ્યો છે. 'ખુદા બંદે કી ઈબાદત કર રહા હૈ ?' તેમણે બહુ જ શરમનો અનુભવ કર્યો.

શ્રી ગુરુદેવ કહી રહ્યા હતા... 'આવા મહાન આત્માઓનો જન્મ દિવસ ઉજવતી વખતે આપણે તેમનાં સત્કાર્યો અને તેમનાં જીવન ચરિત્ર વિશે વિચારીએ છીએ. તેમનો સંદેશ સાંભળીએ છીએ. તેઓ કયા શુભ માર્ગે ચાલ્યા. તેમણે પોતાનું જીવન કેવી રીતે જીવ્યું ? એ બધું આપણે સાંભળીએ છીએ. આમ તેમના તમામ સદ્ગુણોની મૂર્તિ આપણી સમક્ષ ખડી થાય છે; આ બધાંનો હેતુ છે આપણે પણ તેમના જેવું જીવનયાપન કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. તેમના સદ્ગુણો આપણાં દૈનિક જીવનમાં આત્મસાત્ થાય તદર્થે જાગૃતપણે પ્રયત્ન કરવો જોઈએ. આજે અહીં ઉપસ્થિત પ્રત્યેક વ્યક્તિએ સ્વામી ચિદાનંદજી વિશે કંઈક જાણ્યું અને સાંભળ્યું હશે. હવે આજે તે મનોમન નિશ્ચય કરે કે, 'હું પણ ચિદાનંદજી જેવો બનવાનો પ્રયત્ન કરીશ.' તે મહા ભાગ્યવાન હશે.

આપણે સારી વાતો જલદીથી ભૂલી જઈએ છીએ. પરંતુ મનને વારંવાર સારાં બનવાની યાદ અપાવવા માટે જ આ જન્મોત્સવો હોય

છે, માટે જ આવા જન્મસમારોહો ધામધૂમથી ઉજવવા જોઈએ. આટલું કહેતાં ફરીથી શ્રી ગુરુદેવે કહ્યું, 'મહાન વ્યક્તિઓના જન્મ દિવસ, જયંતી, પુણ્યતિથિ શા માટે ઉજવવી જોઈએ ? તેમના ઉદ્‌બોધનમાં જમાવટ થતી જતી હતી...

'દયા, સેવાવૃત્તિ, સમગ્ર પ્રાણીમાત્ર માટે પ્રેમ, ભક્તિ આ સદ્‌ગુણોનો વિકાસ કરો. ખૂબ જપ કરીને મનને નિરંતર વશમાં રાખો.' અને અંતે બોલ્યા-

'દરેક વ્યક્તિ સ્વામી ચિદાનંદજી જેવી મહાન વ્યક્તિ બને.'

સ્વામી પરમાનંદજીએ જીવનમુક્ત સંતની છબી સ્વામીજીને ઉપહારમાં આપી. તેમણે કહ્યું, 'સ્વામી ચિદાનંદજી જીવન્મુક્ત છે. કૂતરાં, બિલાડાં કે વાંદરાઓને પણ પ્રેમ આપે છે, પ્રેમથી જમાડે છે. બીમાર પ્રાણીઓની જીવન રક્ષાર્થે મોંઘાં ઈન્જેક્શનો આપે છે. તેમને પોતાના અંગત જીવન ભણી જોવાની ફુરસદ જ નથી. પરંતુ રોગી અને ત્રસ્ત લોકોની સેવામાં તે કલાકો સુધી સેવાનિરત રહે છે. ચિદાનંદજીનું જ્ઞાન, ક્ષમતા અને તેમની નિષ્ઠાનો હજારમો ભાગ પણ જો મારા જીવનમાં હોત તો હું ત્રોટકાચાર્યનું સ્થાન પામી શક્યો હોત.' સ્વામી હરિશરણાનંદજીએ કહ્યું, 'સ્વામીજી જે નિષ્કામ સેવા કરે છે, તેની વ્યાખ્યા કરવી દુષ્કર છે. તેમની પાસે જે કોઈ પણ આવે તે નારાયણ જ છે... તેવી ભાવનામાં જ તેઓ પ્રત્યેક શ્વાસ લઈ રહ્યા છે.'

'હા !' નારાયણ સ્વામીજીએ કહ્યું. 'તમો તો અનેક કળાઓના અધિકારી છો. આદર્શ સાધક છો. તત્ત્વજ્ઞાની અને રાજયોગી પણ છો. આપ જન્મજાત મહાન સંત છો.'

હવે ચિદાનંદજી ઊભા થયા, અને શ્રી ગુરુદેવને સાષ્ટાંગ દણ્ડવત્ પ્રણિપાત કર્યા. ગુરુદેવે કહ્યું, 'ઊઠો, અધ્યાત્મજ્ઞાનજ્યોતિ !'

'અધ્યાત્મજ્ઞાનજ્યોતિ' આ પદવી શ્રી ગુરુદેવે તેમને આપી હતી. બહુ જ દીનભાવે શ્રી સ્વામીજીએ કહ્યું, 'આપ સૌની શુભેચ્છાઓ અને આશીર્વાદને હું શિરોધાર્ય કરું છું. પરંતુ આ બધું તો ગુરુકૃપાનું મૂર્ત સ્વરૂપ જ અનુભવું છું. 'ચિદાનંદ' નામની માટીની આ મૂર્તિમાં જે કંઈ



સૌંદર્ય છે, તેનું બધું જ શ્રેય તેના મૂર્તિકારને... શ્રી ગુરુદેવને જ મળવું જોઈએ. સ્વામી ચિદાનંદના દિવ્ય આધ્યાત્મિક યંત્રના યાંત્રિક કે ચાલક તો ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ જ છે. પછી તેમણે પોતાના બુલંદ શંખનાદ સમાન અવાજમાં જયઘોષ કર્યો...

'અનંતકોટી બ્રહ્માંડનાયક મહારાજાધિરાજ સદ્‌ગુરુ શ્રી સ્વામી શિવાનંદ મહારાજ કી...'

'જય' શબ્દઘોષ સમગ્ર ગગનમાં ગૂંજી ઊઠ્યો.

સ્વામીજીના સુખદ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય અને બહુવિધ માંગલ્ય માટે સૌએ મૃત્યુંજય મંત્રનો જપ કર્યો.

**ૐ ત્ર્યમ્બકં યજામહે સુગંધિં પુષ્ટિવર્ધનમ્ ।**
**ઉર્વારુકમિવ બંધનાત્ મૃત્યોર્મુક્ષીય માઽમૃતાત્ ॥**

એક દિવસની વાત છે.

બપોરના અઢી વાગ્યા હતા. મધ્યાહ્‌ન ભોજન અને વામકુક્ષિ પછી ફરીથી સૌ પોતપોતાની સેવામાં વળગ્યા હતા.

અચાનક હરિદ્વારથી સ્વામી ચિદાનંદજીનો સંદેશ આવ્યો... 'અહીં બહુ મોટા સંત પધાર્યા છે, બસની વ્યવસ્થા કરી છે, સૌએ સત્વરે તેમનાં દર્શન માટે આવવું.'

નાનામોટા સૌ ઉત્સાહપૂર્વક હરિદ્વાર જવા રવાના થઈ ગયા. અરે ! સ્વામી ચિદાનંદજીએ જેને મોટા કહ્યા છે, તે ખરેખર ખૂબ મોટા મહાત્મા જ હશે ને ? સ્વામીજીએ નામ તો નહોતું કહ્યું... છતાં હિમાલયની ગહન ગુફાઓના કોઈ દિવ્ય સંત હશે.

'સાથે ભેટ પૂજા માટે ફૂલના હાર, ફળ, મીઠાઈ દક્ષિણા લઈ જવાનું નથી ?' કોઈએ પૂછ્યું.

'ના, ના, અત્યારે એ બધાં માટે એટલો બધો સમય નથી. મોડું થઈ જશે. માટે સત્વરે સૌ ચાલો.' આવું ડ્રાઈવરે કહ્યું. શિવાનંદ આશ્રમથી સંતોની સ્પેશિયલ બસ હરિદ્વાર માટે રવાના થઈ અને એક સિનેમાઘર પાસે ઊભી રહી. ડ્રાઈવરે કહ્યું, 'ચાલો, સૌએ અહીં ઉતરી જવાનું છે.'

'અરે ! આ શું તમાશો કરો છો ભાઈ ! આપણે સત્સંગમાં જવાનું છે, આ સિનેમા હાઉસ પાસે કેમ રોકાયા ?' સૌએ પૂછ્યું.

'પરંતુ સ્વામીજી અહીં જ છે, તેમણે આપને સૌને અહીં જ લાવવાનું કહ્યું છે.'

અને સ્વામીજી સિનેમાઘરના દરવાજા પાસે હાથમાં ટિકિટ લઈને ઊભા હતા, હસતાં હસતાં બોલ્યા,

'અહીં જ છે, સત્સંગ બપોરે ૩-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધી છે. ત્યાં જ આપણને તે સંતનાં દર્શન થશે.

તે ટોકિઝમાં ફિલ્મ હતી... 'સંત જ્ઞાનેશ્વર.'

બાળપણમાં જોયેલી આ ફિલ્મનો પ્રભાવ એટલો બધો ઊંડો હતો કે સંન્યાસ પછી પણ તેઓ સૌને આ લાભ મળે તે માટે ખૂબ જ ઉત્સુક હતા.

આ ફિલ્મના કલાકાર કે જેમણે જ્ઞાનેશ્વરનું પાત્ર ભજવ્યું હતું તેઓ હતા તો મૂળ મરાઠીભાષી પરંતુ ખ્રિસ્તી ધર્મના અનુયાયી હતા 'શાહૂ મોડક'. જેમણે આ ફિલ્મમાં કામ કર્યા પછી જીવનના અંતિમ શ્વાસ સુધી જ્ઞાનેશ્વરીનું અધ્યયન સતત કર્યું.



# ૬

# દિવ્ય જીવન - દેશ અને પરદેશ

## [૨૩]

હવે સ્વામીજીને સંપૂર્ણ અજ્ઞાતવાસ અને એકાંતની તીવ્ર ઈચ્છા જાગી હતી. તેમને ભક્તોની ભીડ અને આશ્રમનાં માનસન્માન કંઈ પણ સારું લાગતું ન હતું.

હવે હિમાચ્છાદિત ગિરિશૃંગો તેને બોલાવી રહ્યાં હતાં. ખુલ્લું ભૂરું મુક્ત આકાશ તેને ભેટવા તડપી રહ્યું હતું. આશ્રમથી દૂર જવા માટે આંતરવેદના જાગી હતી, જ્યાં કોઈ ન હોય... બસ હું અને મારો પ્રભુ ! અને પછી હું પણ મટી જાય અને એક માત્ર ઈશ્વર જ શેષ રહી જાય. તે ન કહે તો પણ ગુરુદેવ તેના મનની પ્રત્યેક વાત જાણતા હતા. તેમણે સ્વામીજીને એક એવી જગ્યાએ જવાની સલાહ આપી કે જે શ્રી બદરીનારાયણ પાસે હતું અને નિર્જન તો હતું જ. આવા સ્થાનની ભાગ્યે જ કોઈને ખબર હતી.

ત્યાં જઈને સ્વામીજીએ તપશ્ચર્યા શરૂ કરી. આત્મચિંતનમાં તેઓ ખોવાઈ ગયા. આટલી કઠોર તપસ્યાનું ફળ પણ તેજસ્વી હતું, સામર્થ્યવાન હતું. તેમાંથી સ્વામીજીને સૃષ્ટિનું કોઈપણ સુખ કે વૈભવ પ્રાપ્ત કરવાનું અસંભવ ન હતું. તમામ સિદ્ધિઓ, ચારેય પ્રકારની મુક્તિ

તેમની સામે હાથ જોડીને ઊભેલી હતી. હવે સમગ્ર બ્રહ્માંડ સ્વામીજીના શ્રીચરણતળે હતું.

પરંતુ આ અલગારી સાધુ તો મોહાતીત હતો. તપનો આનંદ જ કંઈક અનેરો હતો કે ત્રિભુવનનું સામ્રાજ્ય તેની પાસે તુચ્છ થઈને રહે. તેમણે પોતાની તમામ તપશ્ચર્યાનું ફળ માનવમાત્રના બહુવિધ કલ્યાણ માટે સમર્પિત કરી સ્વામીજીએ હાથ જોડ્યા. કવિવર રવિન્દ્રનાથ ટાગોરના શબ્દો તેમને હૈયે ઉભરાયા...

**'જ્યાં મન હોય ભયમુક્ત અને મસ્તક ઉન્નત ઊઠેલું**
**જ્યાં જ્ઞાન હોય મુક્ત...**
**ને જે જગ ક્ષુદ્ર ટુકડાઓમાં ન થયું હોય ખંડિત**
**સ્વાર્થી દીવાલોથી...**
**જે જગતમાં સત્યના ગહનસ્વરૂપમાંથી શબ્દો સંભવે છે...**
**જ્યાં પરિપૂર્ણતા માટે હાથ અથક પ્રયત્નશીલ છે.**
**જ્યાં બુદ્ધિનો વિશુદ્ધ પ્રવાહ**
**અંધ રૂઢીવાદના વેગમાં લુપ્ત નથી થતો**
**જ્યાં મન હંમેશાં વિકસિત થનારા વિચારોમાં**
**અને કૃતિમાં સંલગ્ન થાય છે.**
**આવા એ સ્વતંત્રતાના સ્વર્ગમાં હે પ્રભો !**
**મારી માતૃભૂમિ પ્રવેશ કરે...**
**એવા એ સ્વર્ગમાં પ્રભો,**
**સમગ્ર માનવજાતિ જાગૃત થાઓ !'**

હવે તો વિજ્ઞાને પણ કબૂલ કર્યું છે કે સમગ્ર જગત વિચારોનો એક મહાન સમૂહ છે. હિંસાચાર, અન્યાય, સત્તાની ઘૃણાસ્પદ અભિલાષાથી ભરેલું હોવા છતાં પણ આ જગત આજે અખંડ અને આબાદ છે, તેનું અસ્તિત્વ છે. માત્ર અસ્તિત્વ જ નહીં, પરંતુ એ પુષ્પ સમાન ખીલી પણ ઊઠે છે, આ એક ચમત્કાર છે, કારણ અનેકાનેક મહાત્માઓના વિચારોનું આ સાર્થક સામર્થ્ય છે. તેમના વિકારરહિત સત્સંકલ્પ વડે જ આ સત્ય બન્યું છે. તેમની શુભ પ્રેરણાનું, વિહિત



વિચારોનું સામર્થ્ય જ વિશ્વના તમામ અનિષ્ટને નિષ્પ્રભ કરી દે છે. જગત તો મનુષ્યોનું બનેલું છે. દુનિયાને બદલવાની હોય તો એ માણસને જ બદલવો પડશે, તેને યોગ્ય અને દિવ્ય જીવન પ્રદાયક માર્ગ પર વાળવો જ પડશે. માનવના જીવનમાં નિઃસ્વાર્થ પ્રેમ ઉપજે તેટલા માટે જ સંતો કષ્ટ સહન કરે છે. સંતોના જીવનના પ્રત્યેક પ્રયત્ન, વિચારવિમર્શ અને કાર્યકલાપોનું એક માત્ર લક્ષ્ય હોય છે કે જનગણનું મંગલ થાઓ, શુભ થાઓ, સર્વ સાધારણ માણસ સુખી થાય. છતાં આપણે પૂછીએ છીએ કે...

હિમાલયમાં જઈને તપશ્ચર્યા કરવાવાળા હે સાધુ- તમારા તપનો સમાજને શું લાભ થવાનો ? સમાજને તમારા તપ સાથે શું સંબંધ ?

સમાજને તો કંઈ પણ સંબંધ નથી. કારણ કે તેનું સ્વરૂપ સમાજનું જ છે. સામાજિક વ્યક્તિની એક આગવી સમજણ છે. તે સમજે છે, હું દીન, પદદલિત અને અજ્ઞાની જીવ છું. મને હું જ મદદ કરું છું, લેવાવાળો કે આપવાવાળો પણ હું જ છું. જ્યારે સમાજસેવા નિરત હોય તેવા સંતોની સમજણ જુદી છે. તેઓ કહે છે કે અમે તો માત્ર પ્રભુનામનું સ્મરણ જ કરીએ છીએ, બાકી તો કંઈ જ કરતા નથી. અને દુર્ભાગ્યે આપણે આપણી સંકુચિત વૃત્તિથી હંમેશાં એમ જ માનીએ છીએ કે, 'આ સાધુસંતો તપ કરે છે, તે તો તેમના પોતાના વ્યક્તિગત અંગત આધ્યાત્મિક પુણ્ય કમાવા માટે છે. સમાજ માટે તેમનું યોગદાન શું ?' તેમને એ ખબર નથી કે આવા અગણિત સંતોની આધ્યાત્મિક સાધનાથી જ આજનો વર્તમાન સમાજ સુરક્ષિત છે. જે સમસ્યા છે તે પેલા મનુષ્યમાં રહેલા હેવાન-શેતાનથી જ ઉત્પન્ન થતી હોય છે અને સંતો જ આ હેવાન સામે લડે છે.

સ્વામીજી એકાંત ઈચ્છતા હતા. તેમણે તો તેમના ઈશ્વરની પ્રાપ્તિ તેમની પોતાની અંદર જ કરી હતી, તેઓ તો તે દિવ્ય અનુભૂતિમાં જ એકરૂપ થઈ ગયા હતા. પરંતુ સમાજને તો તે ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શનની આવશ્યકતા હતી. તે પ્રમાણે તેમણે દૂર જવાનું ન હતું.

ઈ.સ. ૧૯૫૬માં ઓગણીસથી બાવીસ ઓક્ટોબર સુધી કલકત્તામાં

દિવ્ય જીવન સંઘનું આઠમું સંમેલન ભરાવાનું હતું. આ પરિષદના અધ્યક્ષસ્થાન માટે શ્રી ગુરુદેવે સ્વામીજીની નિમણૂક કરી હતી. તેમણે સ્વામીજીને પાછા બોલાવી લીધા. સ્વામીજી હિમાલયની ગિરિકંદરામાં હતા. તે ઉત્તુંગ ગિરિશૃંગો પરથી ધીરે ધીરે તેઓ નીચે ઉતરતા હતા. પહાડોની એ કેડીની બાજુમાં જ એક ઊંડી ખીણ, ભયાનક ઊંડાણ, વચ્ચે નિર્મમ પહાડોની ચટ્ટાનો... અને આમ આ પરિસ્થિતિમાં જ મુશળધાર વરસાદ થયો. જીવતો માણસ, રાંધેલું ધાન અને પહાડની મોસમ, આ ત્રણેયનો ભલા ભરોસો શું ? તેઓ ગમે ત્યારે તેમના સ્વાદ તેમનાં સ્વરૂપ બદલી શકે છે ? સ્વામીજીનાં ગેરુવાં વસ્ત્રો ભીંજાઈ ગયાં. ભીનાં કપડાં, ભયાનક ઠંડી, જોરદાર વરસાદ, અને આશરો મળે તો ક્યાં ? રસ્તામાં ઠેકઠેકાણે પુલો તૂટી ગયા હતા. પરંતુ જવાનું હતું તે તો નક્કી જ, કારણ શ્રી ગુરુદેવનો પાછા આવવાનો આદેશ હતો, અને સ્વામીજીને મન શ્રી ગુરુદેવનો આદેશ એટલે પ્રત્યક્ષ પરમાત્માનો આદેશ. શ્રી ગુરુદેવની ઇચ્છા એટલે જાણે કે પરબ્રહ્મનો સંકલ્પ ! અને તે સમયે પરમેશ્વર... વિધિનાં વિધાન સ્વરૂપ એ ભયાનક પ્રાકૃતિક તાંડવને વિનમ્રતાથી હાથ જોડીને ઈશ્વરસ્મરણ કરતાં સ્વામીજી આગળ વધી રહ્યા હતા.

તે જ સમયે તે જ રસ્તે આવતો તેમણે બીજો એક યાત્રી જોયો... તે પણ એકલો ! તેના ચહેરા ઉપર તેજ હતું. તેની કૃશ કાયા ખાદીનાં કપડાંમાં ઢંકાયેલી હતી. તેની પાસે સામાન પણ કંઈ જ ન હતો. તે પણ સ્વામીજીની માફક જ પ્રત્યેક ડગલાંને સાચવી સંભાળીને આગળ ભરતો હતો.

એક જ માર્ગ, યાત્રી બે, પરંતુ પરિસ્થિતિ એક જ ! સ્વાભાવિક રીતે જ પરસ્પર બંનેએ એકમેકનું અભિવાદન કર્યું.

'હું તો શિવાનંદ આશ્રમના શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજનો એક તુચ્છ સેવક છું. આ દેહ ચિદાનંદના નામે ઓળખાય છે.' શ્રી ગુરુદેવનું નામ ઉચ્ચારણ કરતી વખતે કંઈ ગુનો કરતા હોય તેવા ભાવ સાથે પોતાનાં કાન પકડીને વિનમ્રતાથી સ્વામીજીએ પ્રત્યુત્તર આપ્યો.



'હું તો બહુ જ સાધારણ નાગરિક છું. આપણા ભારતમાં મને જયપ્રકાશ નારાયણના નામથી ઓળખવામાં આવે છે.' તેમણે કહ્યું.

બંનેએ પરસ્પર એકમેકને વંદન કર્યાં. આ વંદન દેશભક્તિ અને ઈશ્વરભક્તિને હતા. જીવનનું અંતિમ લક્ષ્ય તો ઈશ્વરપ્રાપ્તિ જ હતું ને ? પોતાનાં પત્ની પ્રભાની આજ્ઞાથી જયપ્રકાશજી અનેક વર્ષોથી રામનામ જપતા હતા.

ઈશ્વરભક્તિએ રાષ્ટ્રભક્તિને વંદન કર્યાં. જે સંસ્કૃતિએ ઈશ્વરપથ પ્રતિ આગળ વધવાનો રાહ ચીંધ્યો, તે સંસ્કૃતિ, તે દેશનું રક્ષણ. આ દેશભક્તો કરે છે. સ્વાર્થત્યાગ ! ગૃહસ્થ હોવા છતાં તેઓ વિરક્ત સંન્યાસી જ હતા. સ્વતંત્રતાના યજ્ઞકુંડમાં પોતાના દેહની આહુતિ આપવામાં તત્પર. નિસર્ગના તે વિરાટને ખોળે બંને મહાન આત્માઓ એકમેકને મળ્યા. તે પથ સ્વર્ણમંડિત થયો અને પછી બંને પોતપોતાના માર્ગે આગળ વધ્યા.

## [૨૪]

કલકત્તાની દિવ્ય જીવન પરિષદ સ્વામીજીની આધ્યાત્મિક શક્તિથી પ્રભાવિત થઈ. સ્વામી શિવાનંદજીનો સંદેશ ભારતને ખૂણે ખૂણે પહોંચી ગયો.

'તમો જ તમારા જીવનના શિલ્પી છો. તમારા જીવનના ઘડવૈયા. માટે સેવા કરો. નિરપેક્ષ સેવાથી ચિત્તશુદ્ધિ થાય છે. દાન કરો અને જે દાન સ્વીકાર કરે તેમને ધન્યવાદ આપો. તેમને તમારાથી ઉતરતા કે નીચા ન સમજો. તેમનો આભાર માનો, કે તમોને તેમણે સેવા કરવાની તક આપી છે. સદાચારી બનો. ચારિત્ર્યસમ્પન્ન બનો. સચ્ચારિત્ર્ય વિના જપ, તપ, ધ્યાન કે સાધના વ્યર્થ છે. પોતાની આવશ્યકતાઓ ઓછી કરો, અપમાન સહન કરો. દુ:ખ સહન કરો. તેના થકી જ જીવન સાર્થક થશે.'

કેટલો સરળ ઉપદેશ ! પરંતુ ખરા માનવીનું નિર્માણ આ નાની નાની વાતોને જીવનમાં આચરણમાં મૂકવાથી જ થાય છે. તે પૂર્વે ૧૯૫૦માં શ્રી ગુરુદેવની સાથે તેમણે શ્રી ગુરુદેવની ચિરસ્મરણીય

અખિલ ભારત અને શ્રીલંકાની યાત્રા પણ કરી. શ્રી ગુરુદેવની સેવા તેમણે તેમની સાથે પડછાયાની જેમ રહીને કરી. શ્રી ગુરુદેવના પ્રતિનિધિ સ્વરૂપે તેઓ પ્રવચનો કરતા. શ્રી ગુરુદેવ રચિત અંગ્રેજી કાવ્યો અને ભજનો પણ ગાતા.

અહીં કલકત્તામાં પરિષદમાં શ્રી ગુરુદેવના પ્રતિનિધિરૂપે તેઓ એકલા જ આવ્યા હતા. તેઓ દિવ્ય જીવન પરિષદના અધ્યક્ષ હતા. સમગ્ર જીવન તેમણે ગહન આધ્યાત્મિક ચિંતન કર્યું હોવા છતાં પણ તેઓ 'હું' કહું છું તેમ કદીયે કહેતા ન હતા. તેમના પ્રત્યેક ચિંતનની આગળ અને પાછળ 'હું શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજીના પ્રતિનિધિરૂપે બોલી રહ્યો છું.'

તેમની ગુરુભક્તિ અસાધારણ હતી. કલકત્તા પછી સ્વામીજી ગુજરાતના પાટણમાં આયોજિત અખિલ ભારતીય દિવ્ય જીવન પરિષદમાં ભાગ લેવા માટે પધાર્યા.

અધ્યક્ષરૂપે તેમણે કહ્યું,

**સેવા કરો. પ્રેમ કરો. દાન કરો. પવિત્ર બનો. ધ્યાન કરો. આત્મસાક્ષાત્કાર કરો. ભલા બનો. ભલું કરો. દયાળુ બનો. માયાળુ બનો. સૌના પ્રત્યે સદ્‌ભાવ રાખો.**

**અહિંસા, સત્ય અને બ્રહ્મચર્યનું પાલન કરો.**

**યોગ વેદાંતનો આ જ સાર છે.**

**વિચાર કરો હું કોણ છું ?**

**તમારી જાતને ઓળખો અને મુક્ત થઈ જાઓ.**

**તમો આ નાશવાન શરીર નથી, તમો ચંચળ મન કે બુદ્ધિ પણ નથી, તમો અજર અમર અવિનાશી આત્મા છો.**

**તમો અમૃતપુત્ર છો.**

પોતાનાં ઉદ્‌બોધનોથી સ્વામીજીએ આ પરિષદને પ્રભાવિત કરી. હવે સ્વામીજી વ્યષ્ટિમાંથી સમષ્ટિ સ્વરૂપ બન્યા. દિવ્ય જીવન સંઘના સદસ્યોના ઘરોમાં, પૂજાગૃહોમાં સ્વામીજીની છબીઓ મુકાવા લાગી. શ્રીગુરુદેવના વહાલા કૃપાપાત્ર શિષ્યના રૂપે સૌ તેમને ઓળખતા થયા.



હવે ભારતને ખૂણે ખૂણે લોકો તેમને ઓળખતા થયા. તેમના ઉપર ભક્તિ-પુષ્પોની વર્ષા થવા લાગી. સ્તુતિની હારમાળાઓ તેમના ગળામાં પહેરાવવામાં આવતી. અનેક ઉપહાર ભેટ સોગાદો મળવા લાગી. પ્રત્યેક મુમુક્ષુ કે સંસારી જીવ તેમનો ચરણસ્પર્શ કરવા માગતો હતો. એકવાર માત્ર એકવાર... તેમને ઠંડે હૈયે નિરખી લેવા માટે લોકો કલાકો સુધી પ્રતિક્ષા કરવા લાગ્યા. દરેક આંખની જ્યોતિ તેમની આરતી ઉતારવા લાગી. પરંતુ આ વિરક્ત મહાપુરુષને તો એક ઔપચારિક નમસ્કારની પણ આવશ્યકતા ન હતી. ગંગામૈયાની શાંત ધારા જેવું પ્રવાહિત જીવન તેઓ જીવી રહ્યા હતા. કોઈ ગંગાને માતેશ્વરી કહીને પ્રણામ કરે કે કોઈ પોતાના તનમનના મેલથી ગંગાને મલિન કરે, તેનું જળ, તેનો પ્યાર તો સૌને માટે એક સરખો જ હોય છે.

સ્વામી ચિદાનંદજીએ સૌને એક સરખો સ્નેહ આપ્યો. કેવળ નિરપેક્ષ પ્રેમ. તેમને કોઈની પાસેથી કોઈ વાતની અપેક્ષા ન હતી... ફૂલપાનની પણ નહીં...

તેનું મન સદૈવ ઇચ્છતું... હિમાચ્છાદિત ગિરિશૃંગોનું સાન્નિધ્ય. શાંત એકાંત... જ્યાં માનવના ભણકારા ન હોય. પરંતુ આશ્રમમાં કામ પારાવાર હતું. હૉસ્પિટલને વ્યવસ્થિત કરવાની અને હૉસ્પિટલની વ્યવસ્થા સાચવવાની. થોડું શિવાનંદ સાહિત્ય આશ્રમમાંથી નિયમિત પ્રકાશિત થતું, તેનું લેખનકાર્ય, સંશોધનકાર્ય, આયુર્વેદિક ફાર્મસીમાં દવાઓનું નિર્માણ થાય. તેની દેખરેખ, પુસ્તકોનું મુદ્રણ, મુદ્રણમાં મુદ્રણદોષ ન રહે તે માટેની જાગૃતિ પુસ્તકાલય વગેરેનું ધ્યાન પણ સચિવના કાર્યફલકમાં આવતું. તદુપરાંત આશ્રમમાં ચાલતા અખંડ મહામંત્ર સંકીર્તનની સેવા બજાવવાની તે જુદી, આમ સ્વામીજીને પોતાના અંગત જીવન માટે તો સમય મળતો જ નહીં.

કેવળ માત્ર ૧૯૫૯ના ઉનાળાના દિવસોમાં સ્વામીજી ગહન તપશ્ચર્યા માટે શ્રી બદરીનાથ ગયા. રાત્રે તેઓ ઘેટાંબકરાંવાળા ભરવાડો સાથે રહેતા. ચારે તરફ બકરીઓની દુર્ગંધ અને બકરીઓ પણ સળવળાટ કરતી હતી. ઝૂંપડીમાં બરફની ઠંડી હવા પણ અસહ્ય હતી. આ બધાં

વચ્ચે પણ સ્વામીજી ખૂબ જ આનંદ શાંતિ અને સ્વસ્થતાથી રહેતા હતા.

એ જ માર્ગે સ્વામીજી એક મંદિરમાં પહોંચ્યા. ત્યાં કોઈપણ ન હતું. ગર્ભમંદિરમાં શિવલિંગ બરફથી આચ્છાદિત હતું, અને આસપાસ વાસ્તુતત્ત્વના ભગ્નાવશેષ. એ નિરામય એકાંતમાં પરમેશ્વર અને ભક્ત બંને... કદાચ બંને એક જ થઈ ગયા હતા... રહી ગયા હતા. સ્વામીજી એક અવર્ણનીય, શાંત આનંદમાં તન્મય થઈ ગયા હતા.

બદરીનાથ જઈને તેમણે અલકનંદા નદીમાં સ્નાન કર્યું. પછી પદ્માસન વાળીને તેઓ નિર્વિકલ્પ સમાધિમાં ડૂબી ગયા.

ઉનાળાના દિવસો હતા. બરફ ઉપર સૂરજનાં કિરણો ચાંદીની જેમ ચળકી રહ્યાં હતાં. ઊંચા આકાશને આંબતી બરફરૂપી ઘૂંઘટને ધીરે ધીરે રોશની પટોત્થાન કરાવી રહી હતી. આ બધાં વચ્ચે દૂર કોઈ ખીણોમાંથી ઝરણાંના પડવાનો અવાજ પણ આવતો હતો. તે ઉત્તુંગ શિખરો પરથી અસીમ આકાશનાં... એ વિરાટનાં દર્શન થતાં હતાં. ચોપાસનાં કણકણમાં તે પરમ ચૈતન્યના અસ્તિત્વની અનુભૂતિ થતી હતી. સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને સ્વરથી તેનો... માત્ર તેનો જ દિવ્ય અનુભવ થતો હતો. સમગ્ર જગતથી પૃથક એકાંતમાં એક મહાન આત્માને તેના શરીરનું બંધન જ બંધન લાગતું હતું. તે તો ખોવાઈ જવા માગતો હતો કે જ્યાં જળમાં જળ, માટીમાં માટી... આકાશમાં આકાશ, તેજમાં તેજ અને વાયુમાં વાયુ બનીને... આત્માને પોતે પરમાત્મા હોવાનો અનુભવ થઈ રહ્યો હતો. પરંતુ તેમાં તદાકાર થવા માટે તેમને આ દેહ અવરોધ થતો હતો. 'ચિદાનંદ' ધારણ કરેલ આ માટીનો દેહ... માટીનાં હાંડલાં જેમ ફોડી કેમ ન શકાય ? તેનો ત્યાગ કરીને એક વિરાટ, તે અનંત પરમાત્મામાં તદ્રુપ થઈ જવાની ઉત્કંઠા મનમાં હિલોળા લેવા લાગી હતી. તેઓ સમગ્ર સમષ્ટિને પોતાની બાથમાં ભીડી લેવા માગતા હતા. ખુલ્લા ભૂરા આકાશને જોતાં જ જેમ પાંજરામાંનું પક્ષી ઊંચા આકાશને આંબવા તડફડવા લાગે તેવી ભાવનાઓનો જુવાળ તેમના મનમાં ઊભરાઈ રહ્યો હતો. જીવનનું એક પરમ લક્ષ્ય તેની તેમને પ્રાપ્તિ થઈ. બસ... હવે અહીં જ આ દેહનો ત્યાગ થાય. એટલામાં સમગ્ર બ્રહ્માંડમાં સ્વર


ગૂંજ્યો... 'ત્રાહિમામ્...ત્રાહિમામ્ !!!'

'પ્રભો ! વિવિધ અંધશ્રદ્ધાઓમાં અમો અમારા વાસ્તવિક ધર્મને ગુમાવી રહ્યા છીએ. હજુ પણ અમો માનવને તેની જાતિથી જ ઓળખીએ છીએ. શાંતિ અને અહિંસાનું શિક્ષણ આપનારા ધર્મના નામે અમો એકમેકના પ્રાણ લઈ રહ્યા છીએ. ચોપાસ માત્ર શોષણ જ છે. આ કારણે દુઃખી થયેલા લોકો અધ્યાત્મ તત્ત્વ કે ધર્મના તત્ત્વમાંથી શ્રદ્ધા ખોઈ રહ્યા છીએ અને શ્રદ્ધા વગરનું જીવન દિશા વગરની નાવડી જેમ ભટકાઈ જાય... ધક્કે ચડે તેમ ભવસંસારમાં અટવાઈ ગયું છે. આચારમાં સદ્‌વિચારની સુગંધ નથી. અહીં માત્ર મતમતાંતરનો દેકારો અને ગોકીરો જ મચેલો છે. 'ત્રાહિમામ્ ત્રાહિમામ્' પૂર્વમાંથી એક અવાજ ઊઠ્યો. પશ્ચિમનું જગત બોલ્યું, 'ભોગવાદની સંસ્કૃતિ અમને ભરખી રહી છે. વિજ્ઞાને હરણફાળ ભરી છે, પરંતુ માનવમાં પશુ જીવી રહ્યું છે... માનવ પાશવી વૃત્તિઓનો ભોગ બન્યો છે. હવે માત્ર એક જ વિચાર વંટોળ ચાલી રહ્યો છે. 'આપો ! આપો ! મને જ આપો !' રોટીના એક ટુકડા માટે માણસ માણસનું ખૂન કરી રહ્યો છે... અને તે પણ અતિ આધુનિક યંત્રતંત્રોથી !!! એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર પર હાવી થઈ રહ્યું છે. હિંસાના વૈજ્ઞાનિક ઉપકરણોની ભીંસમાં આખુંયે જગત ભયભીત થઈ રહ્યું છે. અમે ચંદ્રમા ઉપર પગલાં કર્યાં છે, પરંતુ આ પૃથ્વી ઉપર પાપા પગલી માંડવાની સભાનતા નથી. ત્રાહિમામ્... ત્રાહિમામ્ !!!

ચોપાસ તેજસ્વી પરંતુ શીતળ પ્રકાશ પથરાવા લાગ્યો. હૃદયના ઊંડાણમાંથી શબ્દ નિઃસૃત થયા :

'ઊઠો ચિદાનંદ ! તમારું જ્ઞાન, તમોને મળેલી શાંતિનું સૌમાં વિતરણ કરો. અંધકારમાં લડખડાતાં અમારાં કદમને... અમારી આગેકૂચને જ્ઞાન અને પ્રેમનો પથ દર્શાવો. પ્રભો ! તેના આધાર બનો. આપ અને આપના જેવા સંતો જે સદ્‌ભાગ્યે જ મળે તેમના વગર જગત અનાથ થઈ જશે. માટે, ઊઠો ચિદાનંદ ઊઠો !'

સ્વામીજીએ આંખો ખોલી. ચિર શાંતિમાં વિલીન થવાની ઘડી હજુ આવી ન હતી. સમાજમાં પાછું જવાનું હતું, તે વાત તેમને સમજાઈ

ગઈ. શ્રી ગુરુદેવ તેમની રાહ જોઈ રહ્યા હતા. અધ્યાત્મ અવકાશના વાયરલેસ વર્લ્ડથી તેમણે તેમનો સંદેશો સ્વામીજીના મસ્તિષ્કના તારને ઝણઝણાવીને સંભળાવી રહ્યો હતો. તેમને જાણ થઈ ગઈ હતી કે તેમનો આ શિષ્ય પોતાના આ નશ્વર દેહનો ત્યાગ કરવાને ઉતાવળો થઈ રહ્યો છે. તેના હૃદયમાં શ્રી ગુરુદેવના આ પરમ દિવ્ય અને શુદ્ધ શબ્દો જ ગુંજી રહ્યા હતા... શા માટે ? પરંતુ ગુરુદેવ જાણતા હતા કે તેઓ સ્વામીજીને યાદ કરે અને તે ન આવે તેવું બની જ ન શકે. અને તેથી જ આપણું સૌનું સદ્‌ભાગ્ય છે કે અનેક વર્ષો પૂર્વે સ્વામીજી જે દેહનો ત્યાગ કરવા માગતા હતા તે તેમણે અનેક કષ્ટો સહન કરીને પણ આપણા સૌનાં કલ્યાણ માટે સાચવી રાખ્યો. શું આપણે ફક્ત અમૂર્ત તત્ત્વોની સાથે અધ્યાત્મના માર્ગે ચાલી શકીએ ?

એક અમેરિકન ભક્તની પ્રાર્થના ધ્યાનમાં લઈને શ્રી ગુરુદેવે તેમને અમેરિકા જવાની આજ્ઞા આપી. શાંત એકાંતની આશા સેવનારા સ્વામીજીને એક બહુરંગી, બહુઢંગી અને ઐશ્વર્યનાં પ્રદર્શન કરનાર મોહમયી ભીડ વચ્ચે ગુરુદેવ ધકેલી રહ્યા હતા.

તેમણે કહ્યું, 'મને ખબર છે, તમે ઉત્તર કાશી જવા માગો છો, અને હું તમોને મોકલી રહ્યો છું અમેરિકા... પરંતુ મને એની પણ પૂરેપૂરી ખબર છે કે, હિમાલયનાં નિઃશબ્દ નિર્મનુષ્ય શિખર હોય કે અમેરિકા... ચિદાનંદજી માટે બધું જ બરાબર છે. આ બંનેમાં તમને પરમાત્માનાં દિવ્ય સ્વરૂપનો એક જ સરખો અનુભવ થશે. તે ભોગવાદી સંસ્કૃતિ તમારાં મનમાં લેશ માત્રેય દખલ નહીં કરી શકે.

ચિદાનંદજી ગુરુદેવના સાચા અનુયાયી... સાચા શિષ્ય હતા. તેમની કોઈપણ વાત પર તેમણે શા માટે ? કેમ ? એવા કોઈ પ્રશ્ન કર્યા નહીં. પોતાની ઢળેલી આંખોએ તેમણે આદેશ શિરોધાર્ય કર્યો અને પછી તે પ્રમાણે વર્તન પણ કર્યું.

'જો તમારે ઈશ્વરને ભૂલી જવો હોય તો તમે મદ્રાસ જાઓ' એમ પોતાનાં માસીને કહેનાર ચિદાનંદ હવે અમેરિકા જવા રવાના થયા. તફાવત માત્ર એટલો હતો... તે સમયે તેઓ સાધક હતા અને હવે



સાક્ષાત્કારપ્રાપ્ત સંત કે જે ગમે તેટલી ધાંધલધમાલ વચ્ચે પણ એક ક્ષણ માટે પણ ઈશ્વરની વિસ્મૃતિ કરે તેવા ન હતા, તેમ ઈશ્વર પણ તેમને ભૂલે તેવું ન હતું. તેમને ઈશ્વરસાક્ષાત્કાર થઈ ચૂક્યો હતો.

## [૨૫]

બીજી નવેમ્બર ઓગણીસસો અડસઠ (તા.૨-૧૧-૧૯૬૮) ! સ્વામી ચિદાનંદજીને લઈને અમેરિકા જનાર વિમાને ઊંચી ઊડાન ભરી.

પોતાની અમેરિકાની યાત્રા વચ્ચે સ્વામીજી 'કેરો'માં રોકાયા. ત્યાંની દિવ્ય જીવનની શાખામાં મોહમ્મદ-અદ-અલ્લાએલ મેહેંદોએ તેમનું સ્વાગત કર્યું. તેમને માટે તો સાક્ષાત્ પયગંબર જ ગેરુ વસ્ત્રોમાં ભગવાનનું નામ લેતા આ પૃથ્વી પર અવતરણ કરીને આવ્યા હતા. તેમણે જયારે સ્વામીજીને વંદન કર્યા, ત્યારે તેમની શ્રદ્ધામાં તેમને વધુ પ્રતિષ્ઠિત કરવા માટે સ્વામીજીએ પણ અલ્લાહના પવિત્ર નામનું ઉચ્ચારણ કર્યું.

દિવ્ય જીવન સંઘમાં સૌ ભક્તો પોતપોતાના આરાધ્ય દેવતાની ઉપાસના-ઈબાદત કે ચિંતન પોતપોતાના રીતરિવાજ પ્રમાણે કરવાને ટેવાયેલા છે. અહીં મુસ્લિમ અને ખ્રિસ્તી મુક્તકંઠે હરિભજન કરે છે. ઈશ્વરના દસ અવતારો પછી અહીંના લોકો ઈસુ ખ્રિસ્તને અગિયારમો અને મોહમ્મદ પયગંબરને બારમો અવતાર માનતા હતા. ઈદ, ક્રિસમસ અને દિવાળી સૌ એક જ સરખા ભાવ અને ભક્તિથી ઉજવતા હતા. બધા લોકોની સ્પષ્ટ સમજણ હતી કે રસ્તા ભલે અલગ હોય પરંતુ મંજિલ સૌની એક જ છે. આ બધું એક જ 'શ્રેયસ્' ભણી લઈ જાય છે.

'ભલા બનો. ભલું કરો. ચારિત્ર્યસમ્પન્ન બનો. સૌ પ્રત્યે નિર્મળ પ્રેમની વર્ષા કરો. કારણ કે આપણે સૌ એક જ અનાદિ અનંત ઈશ્વરના સંતાન છીએ. એક જ પરમાત્મા કોઈને માટે હાથમાં તીર કમાન લઈને આવે છે, તો કોઈને માટે હાથમાં મુરલી ધારણ કરે છે. કોઈને માટે તે શૂળી ઉપર ચઢે છે, તો કોઈને માટે અફાટ રણમાં રઝળે છે.'

ઈદનો ચંદ્ર કે સંકષ્ટી ચતુર્થીનો ચંદ્રમા શું અલગ અલગ પ્રકાશ પાથરે છે. પોતાના આધ્યાત્મિક જ્ઞાનની ચાંદની લઈને આવેલ આ

વૈરાગી ચંદ્રમા જેને આપણે ચિદાનંદ નામથી ઓળખીએ છીએ તે તમામ ધર્મના અનુયાયીઓને સમાનરૂપે જ શીતળતા પ્રદાન કરે છે.

ઈસ્તંબૂલમાં 'અલ રઝા અકિસાને, સ્વામીજીનું સ્વાગત કર્યું. સ્વામીજીએ ત્યાંના પત્રકારોને અને તુર્કસ્તાનની અગ્રગણ્ય સંસ્થાઓને મુલાકાતો આપી અને મુલાકાત કરી. યોગાસનના પ્રયોગો દર્શાવ્યા. વેદ અને ગીતાનો ઉપદેશ ઘેર ઘેર ગુંજતો કર્યો. તે દિવસ તુર્કસ્તાનના તમામ સમાચારપત્રો ભારતના આ અકિંચન સંન્યાસીના ગુણાનુવાદથી જ ભર્યાં ભર્યાં હતાં.

ન્યૂયોર્કની દિશામાં જતી વખતે સ્વામીજી રોમ, ન્યૂસેલડૉર્ફ અને લંડનમાં રોકાયા. ન્યૂયોર્કમાં તેમનું સ્વાગત ખૂબ જ ધામધૂમ અને ઉત્સાહથી કરવામાં આવ્યું. ભારતના આ સુપુત્રનો જયઘોષ અમેરિકામાં ગુંજી ઊઠ્યો. રાજયોગ, વૈદિક તત્ત્વજ્ઞાનમાં માયાની સંકલ્પના, કર્મ અને પુનર્જન્મવાદના વિષયો પર સ્વામીજીએ પ્રવચનો કર્યાં. ભારતીય ઋષિમુનિઓનાં તે તત્ત્વજ્ઞાનની ધ્વજા સાત સાગર પાર ફરકી અને અગણિત મુમુક્ષુઓનાં હૃદય ઉપર આધિપત્ય જમાવ્યું, તે સૌ ભારતીય સંસ્કૃતિ અને વૈદિક વાઙ્મયના ભક્તો થઈ ગયા. આજે તપ અને ત્યાગને પોતાના જીવનમાં આપવાના સંસ્કારો સભર કર્તવ્ય, નિષ્ઠા અને નિષ્કામ કર્મને બદલે આપણે વાસનાઓની પૂર્તિ અને ઉપભોગને જ પ્રગતિની દિશા સમજી રહ્યા છીએ. આપણાં જે તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિની સામે જ્યાં આખીયે દુનિયા ઝૂકી રહી છે, ત્યાં દુર્ભાગ્યે આપણે ખોખલાં સુખો પાછળ આંધળી દોટ મૂકીને માન, મર્યાદા, સંસ્કારને ભૂલતા જઈએ છીએ. આવું જીવન આપણને કઈ દિશામાં લઈ જશે ?

ત્યાં અમેરિકામાં સ્વામીજીએ આકાશવાણી અને ટેલિવિઝન નેટવર્ક કાર્યક્રમોમાં પ્રવચનો કર્યાં. આ કૃશકાય અને અયાચક સંન્યાસીએ સમગ્ર અમેરિકાને માનો કે જીતી લીધું. થોડાં વર્ષો પહેલાં 'મારા અમેરિકન ભાઈઓ અને બહેનો' આ બે શબ્દોમાં અને પોતાની વક્તૃત્વ કળાથી સ્વામી વિવેકાનંદજીએ શિકાગોની ધર્મપરિષદમાં સૌનાં હૃદયને જીતી લીધાં હતાં. આજે ફરીથી એક સંન્યાસીએ એટલું સિદ્ધ કરી દીધું કે વીસમી સદીમાં


પણ ભારતીય તત્ત્વજ્ઞાન અમર છે, અટલ છે, અખંડ છે.

યુગો પૂર્વે ઋષિમુનિઓ યજ્ઞ કરતા હતા. યજ્ઞ એવી જગ્યાએ કરવામાં આવતો કે જ્યાં ભોગવાદ હોય, લોકોને ઉચ્ચ ભારતીય તત્ત્વજ્ઞાનનું વિષદ જ્ઞાન ન હોય. યજ્ઞમાં બપોરના સમયે કથા-વાર્તા દ્વારા જીવનનાં નૈતિક મૂલ્યોનો પ્રચાર-પ્રસાર કરવામાં આવતો.

સ્વામીજીએ પશ્ચિમી દેશોમાં જઈને આ જ પ્રકારનો જ્ઞાનયજ્ઞ કર્યો. ભોગવાદથી ભરેલા અને અનેક સમસ્યાઓના શિકાર બનેલ સમાજને ભારતીય પ્રાચીન સભ્યતા દ્વારા શાંતિ અને સુખનો માર્ગ આપ્યો.

સ્વામીજીએ ચૌદમી ડિસેમ્બરે યોગના એક પ્રશિક્ષણ સત્રનો પ્રારંભ કર્યો. સૂર્યનમસ્કાર, યોગાસન, પ્રાણાયામ, ધ્યાન વગેરે વિષયો પર દરરોજ માર્ગદર્શન આપ્યું. 'યોગ અને ખ્રિસ્તી જીવન', 'યોગ અને આત્મસંસ્કૃતિ', 'નવજીવન', 'ધ્યાનસાધના' 'યોગનું માનસશાસ્ત્ર' 'જીવન વિષયક હિન્દુઓનો દૃષ્ટિકોણ', 'વેદાન્તિક સંકલ્પના-આદર્શ' અને 'યુવકો માટે મહત્ત્વપૂર્ણ આદર્શ' આ વિષયો પર પ્રવચનો કર્યાં.

'ડોરોથી મેડલ' નામની પત્રકાર લેખિકાએ સ્વામીજી માટે લખ્યું :

'પોતાનાં પારંપારિક ગેરુ વસ્ત્ર ધારણ કરીને આ કૃશકાય સાધુ અત્યંત સાવધાનીથી... સ્વસ્થતાથી શ્રીમતી કોંડાને ત્યાં બેઠેલા હતા. પૂછવામાં આવતાં પ્રશ્નોના ખૂબ જ સંતોષપ્રદ જવાબ આપતા હતા. તેમણે કહ્યું, 'યોગમાં ખાનગી રાખવા જેવું કંઈ જ નથી. યોગ કોઈ ધર્મ નથી. યોગ એક વિશિષ્ટ જીવન પદ્ધતિ છે. યોગ એક દિવ્ય પથ છે કે જેના વડે આપણે ઈશ્વરનું સાતત્ય ભોગવી શકીએ છીએ.'

અહીં હૃષીકેશમાં સ્વામી શિવાનંદજીને અમેરિકાથી ઢગલાબંધ પત્રો મળતા હતા. શ્રીમતી નેતા ધૂર ઓલ્સને પોતાના પત્રમાં લખ્યું :

'હું અને કેનેથ... અમે બંને સ્વામી ચિદાનંદજીથી ખૂબ જ પ્રભાવિત થયાં છીએ. તમોએ તમારા શ્રેષ્ઠ પ્રતિનિધિને અમેરિકા મોકલ્યો છે. આ માનવ અસાધારણ પ્રતિભાસમ્પન્ન તો છે જ, પરંતુ સાથે સાથે અગણિત ગુણોનો ભંડાર પણ છે. તે મહાત્મા છે. તેની ઈશ્વરભક્તિ અને સત્યનિષ્ઠા અમારી આંખે ઊડીને આવીને વળગે છે. તે તો જાણે

પોતાના પ્રિય ગુરુદેવનું પ્રતિબિંબ છે. તેમની ઓળખાણ થવી એ એક બહુ મોટું સન્માન છે.'

સેલ્ફ રિઅલાઈઝેશન ફેલોશિપનાં અધ્યક્ષા દયામાતાએ કહ્યું, 'આપના નિષ્ઠાવાન શિષ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજને અમારે ત્યાં મળીને અમારા આધ્યાત્મિક જીવનની અનેક શંકાઓનાં સમાધાન થયાં છે. પોતાની વિનયશીલતા, સાદગી અને શુદ્ધતાથી એમણે અમારાં હૃદય જીત્યાં છે. હૃષીકેશની ગંગાના તટેથી દિવ્ય જીવનનો તાજો અને પ્રેરક સ્પર્શ તેઓ અમારે માટે લાવ્યા છે.'

ગુરુદેવ હવે આત્મીય આનંદની પ્રસન્નતાથી મલકી રહ્યા હતા. તેમને ખાતરી થઈ કે તેમનાં જીવન પછી પણ દિવ્ય જીવનનું કાર્ય ચાલતું જ રહેશે. ...જી ના, વધતું રહેશે, તેટલી ખાતરી તેમને પાકી થઈ ગઈ હતી.

'ધર્મોમાં અનેક અનિષ્ટ પેસી ગયાં છે. ધર્મ, શોષણ કરવાનું સાધન બની ગયું છે. તમારા... તમારા હિંદુ ધર્મમાં તો આવી અઢળક બદીઓ ભરાઈ પેઠી છે.' એક યુવાને ઊભા થઈને જોર જોરથી બોલવા માંડ્યું. જાણે એ ઝઘડો કરવાનું નક્કી કરીને જ આવ્યો હતો.

સ્વામીજીના શાંત સ્વસ્થ ચહેરા પર એટલું જ શાંત સ્વસ્થ મૃદુ હાસ્ય મલકી રહ્યું હતું. તેઓ બોલ્યા, 'કોઈને કોઈ ઉપર શ્રદ્ધા રાખવી એ પ્રત્યેક માણસની આવશ્યકતા છે. સંકટને સમયે જેના ઉપર ભરોસો રાખી શકાય તેવી શક્તિ અને સ્થાન તે સદા ઈચ્છતો જ હોય છે. બુદ્ધિવાદી માનવ પાસે તેના આદર્શ, તેના નીતિનિયમો, સત્ અસત્, વિવેક બુદ્ધિના રૂપે તેમનો જીવન આશ્રય હોય છે. પરંતુ ક્યારેક ક્યારેક આ બધું તેને અધૂરું લાગે છે. કંઈક તેમાં ખૂટે છે. સામાન્ય માણસ તો આ શક્તિ પ્રત્યેક મૂર્તરૂપે ઈચ્છે છે. આવી શક્તિ, આવું શ્રદ્ધાસ્થાન ધર્મ જ આપે છે. ધર્મ માનવના પરસ્પર સંબંધોમાં ઉદારતા લાવે છે. માતાપિતા, ભાઈ બહેન વિજ્ઞાનની દૃષ્ટિમાં નર નારી જ હોય છે. પરંતુ ધર્મ તેમને દેવત્વ આપે છે. માતા પિતાને તેમનાં કર્તવ્યની યાદ અપાવે છે. બાળકોને તેમનાં કર્તવ્યથી સભાન કરે છે.



ધર્મ સામાજિક નીતિમત્તા શિખવે છે. ચોરી ન કરો. બીજા લોકોના જાનમાલને પોતાના ન કરો. હિંસા ન કરો. આ બધું ધર્મ શિખવે છે. માનવના દિલમાંથી જો ધર્મ અને ઈશ્વર પ્રત્યેની આપણી નિષ્ઠા ચાલી જાય, તો માણસ પશુ થઈ જશે.

પરંતુ વહેતાં શુદ્ધ પાણીમાં જેમ ગંદકી આવીને મળે, તેમ ધર્મમાં પણ ગંદકી આવીને મળે છે. શ્રદ્ધા સ્થળોનો લાભ લઈને માણસ જ સ્વાર્થવિવશ લોકોનું શોષણ કરે છે. અવાંછિત પ્રથાનું નિર્માણ કરે છે. સ્વાર્થ, અબુધ, અભણ ગરીબ લોકો સાચા ધર્મ અને રૂઢિવાદથી થયેલા તફાવતને સમજતા નથી. માટે તેઓ છેતરાય છે.'

'તો તેનો ઉપાય શું ?' પેલો યુવાન છોકરો હજુ સુધી અસ્વસ્થ હતો. 'ધર્મનો ત્યાગ... તો તેનો ઉપાય નથી જ. સાચો ધર્મ, જે નીતિ, પ્રેમ અને એકતાની શિક્ષા આપે છે, તેનો સૌને પરિચય તો થવો જ જોઈએ. સાચો ધર્મ અને પરમેશ્વરમાં શ્રદ્ધા વધુ દૃઢ કરીને, અંધશ્રદ્ધા અને સમાજની કુરીતિ-રિવાજોથી માનવને મુક્ત કરવો જોઈએ. ધર્મમાં ભેળસેળ થયેલા કચરાને કાઢીને ફેંકવો જ જોઈએ. ધાર્મિક ઘર્ષણો-તોફાનો ત્યારે જ ખતમ થશે, જ્યારે રામ, રહીમ અને ઈસુ એક જ છે, તે વાત તે સત્ય સૌ સમજશે. આ સત્ય ત્યારે જ સમજાય કે જ્યારે લોકો ખરા અર્થમાં પોતપોતાના ધર્મને સાચી રીતે સમજે.'

સ્વામીજીએ આગળ ફરીથી કહ્યું, 'માણસના સ્વાર્થે જ્યાં જ્યાં દોટ મૂકી, તે તમામ ક્ષેત્રોને તેણે લૂંટનું સાધન બનાવ્યું. વિજ્ઞાનનો આધાર લઈને ક્યારેક ડૉક્ટરો પણ જનતાને લૂંટે જ છે ને ? તેથી શું થયું ? આથી આપણે વિજ્ઞાનને મિથ્યા કે અયોગ્ય કહીએ છીએ ? જો ડૉક્ટરોના મનમાં સાચો ધર્મ પ્રવેશે તો તે દરદીઓને નારાયણ સ્વરૂપે દેખે અને તે જે ઉપચાર કરે તે જ તેની પૂજા. માટે યંગમેન ! ધર્મ બૂરો નથી હોતો... બૂરો તો છે તેને મદહોશ કે બેહોશ કરવાવાળો તેનો સ્વાર્થ.'

એવું લાગતું હતું કે હવે તે યુવકને ગળે કંઈક વાત ઉતરતી હતી. તેના મનનું કંઈક સમાધાન થતું હતું. ત્યાં સ્વામીજી ફરીથી બોલ્યા...

'બાળક જ્યારે માટીમાં રમીને ગંદું થઈ જાય, ત્યારે આપણે તે બાળકને ફેંકી દેતા નથી. ફેંકીએ છીએ ?' અને ક્ષણભર તો સત્સંગમાં સન્નાટો છવાઈ ગયો. સ્વામીજીએ કહ્યું, 'ધર્મમાં અનેક બદીઓ પેસી ગઈ છે, તે હકીકત છે, પરંતુ તેને દૂર પણ આપણે જ કરવાની છે. સાચો ધર્મ કદીયે બૂરો નથી હોતો.'

તે યુવક હવે શાંત થઈ ગયો હતો. એક વૃદ્ધ જર્મન મહિલા આ બધું સાંભળી રહી હતી. તેનું નામ હતું, 'પૌલા'. સ્વામીજીનાં દર્શન, વર્તાવ અને ઉદ્‌બોધનથી તે પહેલાંથી જ ખૂબ પ્રભાવિત હતી. હવે તો તેનો નિશ્ચય વધુ દૃઢ થયો. તેણે નિર્ણય કર્યો કે તે પોતાની બધી જ મિલકત વેચીને ભારત જઈને રહેવા માગે છે, હૃષીકેશ જઈને રહેવાની ઈચ્છા ધરાવે છે. અને ખરેખર થોડા જ દિવસોમાં પોતાની માતૃભૂમિનાં બધાં જ બંધનો તોડીને તે હૃષીકેશ ખાતે શિવાનંદ આશ્રમ આવીને વસી ગઈ.

સૅન્ફ્રાન્સિસ્કોથી હવે સ્વામીજી મોન્ટ્રિયલ ગયા. ત્યાં શિવાનંદ યોગ વેદાંત કેન્દ્રના સંચાલકના રૂપમાં શ્રી સ્વામી વિષ્ણુદેવાનંદજી કાર્યશીલ હતા. સ્વામીજીએ ત્યાં પણ વ્યાખ્યાનો આપ્યાં.

ત્યારબાદ તેઓ કૅનેડા, પશ્ચિમ જર્મની, હોલિવૂડ, વૉનકુંવર ગયા. ન્યૂયોર્ક, લંડન તથા સ્વિત્ઝર્લૅન્ડ ગયા. આ બધાં સ્થળોએ તેમણે ભારતીય તત્ત્વજ્ઞાનનો પ્રચાર કર્યો. ઉપનિષદ, ગીતા અને પાતંજલ યોગસૂત્ર વગેરે-આ સર્વે ભારતની આધ્યાત્મિક વિરાસત પર વ્યાખ્યાન આપ્યાં. શિવાનંદજીનો ઉપદેશ યુરોપ-અમેરિકા એમ ચારેય દિશાઓમાં પ્રસરી ગયો. પ્રત્યેક વાતને પોતાની બુદ્ધિના ત્રાજવે જોખનાર પશ્ચિમના વિદ્વાનો પણ ભારતીય તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થયા.

આવા જ એક સત્સંગમાં એક ફ્રેન્ચ પ્રાધ્યાપકે સ્વામીજીને એક મૂળભૂત પ્રશ્ન કર્યો. 'યોગ વેદાંતનો અર્થ શું છે ?'

ક્ષણભર સ્વામીજીએ આંખો બંધ કરી, પછી બોલ્યા...

'આપણું સામાન્ય જીવન વિવિધ ચેતનાઓથી અને મન સાથે જોડાયેલું હોય છે. દ્વેષ, મત્સર અને દુઃખસભર ભવાટવીમાં આ જીવન અટવાયેલું રહે છે અને માયાનાં કઠોર તીર તેને વધુ દુઃખદાયક બનાવે



છે. આવા જીવનને તેના પોતાના પ્રાકૃતિક સ્વરૂપમાં લાવવાનું અને મનને આત્મામાં તથા આત્માને ઈશ્વરમાં જોડવાનું નામ જ યોગ છે તથા આપણી અંદર વસેલા ઈશ્વરને શાંત ધ્યાનમાં ઓળખવાની પ્રક્રિયા કે વિજ્ઞાનનું નામ છે વેદાંત. જ્યાં યોગની પૂર્ણાહુતિ થાય ત્યાં વેદાંતનો પ્રારંભ થાય. વેદાંતને પોતાનો કોઈ સંપ્રદાય નથી, તે વિભૂતિપૂજાથી પૃથક છે.' હજુ પણ તે પ્રાધ્યાપકના ચહેરા ઉપર થોડી શંકા-આશંકાની રેખાઓ આટાપાટા રમતી હતી. ત્યારે ફરીથી સ્વામીજી બોલ્યા...

'એક દયાળુ, મમતાભરી માતાની જેમ યોગ આપણને એક એક ડગલું આગળ ભરતાં આપણી અંદર વસેલા ઈશ્વર સમીપે લાવે છે. પહેલાં નૈતિક શુદ્ધતા, પછી ઈશ્વર પ્રતિ સંપૂર્ણ ભક્તિ, સ્થિર આસન, પ્રાણાયામ અને અંતે મનને આત્માની શોધમાં સ્થિર કરવું. વેદાંતનો પ્રારંભ, 'કોડહમ્' 'હું કોણ છું ?' એ પ્રશ્નથી થાય છે, અને અંતે હું બ્રહ્મ છું અર્થાત્ 'સોડહમ્'માં સમાપન પામે છે.'

આ ફ્રેન્ચ પ્રાધ્યાપકે ત્યારબાદ સ્વામીજીનાં અનેક વ્યાખ્યાનો સાંભળ્યાં અને ઋષિ-મુનિઓના આ દિવ્ય વારસાની તેને તો એવી લગન લાગી કે તેણે સંન્યાસ લઈ લીધો. પચીસ વર્ષ ભારતમાં રહીને તેણે ઉપનિષદોનો અભ્યાસ કર્યો. અને ક્યારેક કદીયે જે પ્રશ્નનું સમાધાન થયું નથી, તે પ્રશ્ન તેઓ પૂછ્યા કરતા, 'ઉપનિષદોમાં આપણી તમામ આધ્યાત્મિક સમસ્યાઓનું સમાધાન છે, તો પછી માનસિક શાંતિ માટે લોકો ક્યારેક અહીં તો ક્યારેક ત્યાં... આમ ધર્મના વિવિધ વાડાઓમાં શા માટે ભટક્યા કરે છે ?'

દુર્ભાગ્યે તેને ખબર જ ન હતી કે જે મહાન તત્ત્વજ્ઞાનની આશા જગતના મોટા મોટા વિદ્વાનો સેવી રહ્યા છે, તેની મહત્તાનું લેશ માત્રેય ભાન આ ભારતીઓને ન હતું. પોતાના સ્વાર્થ માટે, ધાતુના થોડા ટુકડાઓ માટે આ પવિત્ર તત્ત્વજ્ઞાનને આ લોકોએ મલિન કર્યું. અનિષ્ટ રૂઢિવાદ અને કાલ્પનિક ઝેરને ધર્મ અને કર્મનાં તત્ત્વમાં એવું તો ભેળવ્યું કે સમાજની આધ્યાત્મિક આસ્થાની અટ્ટાલિકાનો વિધ્વંશ થતો ગયો. પરંતુ ભારતનું પુણ્ય હજુ પરવાર્યું ન હતું. જ્યારે જ્યારે અજ્ઞાનનો

અંધારપીછોડો પથરાયો ત્યારે ત્યારે ઈશ્વર સંતોના રૂપમાં અવતર્યો. સામાન્ય માણસને તેણે ખૂબ જ સરળ પરંતુ આદર્શ જીવનનો બોધપાઠ આપ્યો. સ્પૃશ્ય અને અસ્પૃશ્યના ભેદભાવે તો હદ કરી નાખી, ત્યારે તેનાં નિવારણાર્થે ઈશ્વર 'જ્ઞાનેશ્વર' થઈને અવતર્યો. એકનાથ, નામદેવ, તુકારામ, ગોરો કુંભાર, ચોખા-મેલા કે નરસિંહ મહેતા, શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ, નાનકદેવનાં સ્વરૂપોમાં પણ ઈશ્વર જ આવ્યો અને તેણે બુલંદી અવાજમાં કહ્યું... 'ધર્મને કોઈ આભડછેટ નથી !!!'

'સમાજમાં જ્યારે અજ્ઞાન ખૂબ વધ્યું, ગંદકી વધી ત્યારે તે મહારાષ્ટ્રના વિદર્ભમાં 'ગાડગેબાબા'નું રૂપ ધારણ કરીને આવ્યો, અને હાકલ કરી... 'ભણો, અભણ ન રહો, સાક્ષર બનો.' દેશમાં સ્વાભિમાનનાં વળતાં પાણી થયાં હતાં, ત્યારે તે તુકડોજી થઈને આવ્યો અને રાષ્ટ્રાભિમાનનું શિક્ષણ આપી જનજાગરણ કર્યું.

અને જ્યારે સમગ્ર વિશ્વ અમીર અને ગરીબના બે ભાગમાં વિભાજિત થઈ ગયું. અણુયુદ્ધની સંભાવનાઓથી ભયગ્રસ્ત થઈ ગયું, વિજ્ઞાનનિષ્ઠાના નામ પર સૌ શ્રદ્ધા વિહોણાં બન્યાં, અને ધર્મના નામે લોકો એકમેકનો પ્રાણ લેવાને તત્પર થયાં ત્યારે તે પરમાત્મા 'ચિદાનંદ'ના રૂપે પ્રગટ થયો.

પશ્ચિમી દેશોનું અનુશાસન, સ્વચ્છતા, સેવા, કર્તવ્યભણી નિષ્ઠાને સ્વામીજીએ પૂર્વના દેશોને શિખવ્યું, અને પૂર્વનો દિવ્ય આધ્યાત્મિક વારસો પશ્ચિમને આપ્યો. ધર્મ, હૃદય અને માણસ માણસ વચ્ચે ઊભા થયેલા અવરોધોને ખેરવવાનું મહત્ પુણ્યકાર્ય તેમણે કર્યું. માટે જ આ દુબળાં પાતળાં શરીરવાળો ઈશ્વર દુનિયાને ખૂણે ખૂણે દિવસ રાત ભટકી રહ્યો હતો. ગંગાધારાની જેમ આ અલૌકિક જીવનને થંભી જવાની અનુમતિ ન હતી. પોતાના બંને કિનારાઓને પ્રેમનું પીયૂષપાન કરાવતી આ જીવનધારા વહ્યા કરતી હતી. દોઢ વર્ષ સુધી સ્વામીજી ઉત્તર અમેરિકામાં યોગ અને વેદાંતનું જ્ઞાન સંપાદન કરાવતા રહ્યા. ત્યારબાદ તેઓ બ્રાઝિલ, બર્ન અને ઝુરિચ ગયા. તે તમામ સ્થળોએ તેમણે જાહેર વ્યાખ્યાનો આપ્યાં. પછી સ્વામીજી ઈટાલીમાં પાટ્રેપિયો નામક કૅથલિક ધર્મોપદેશકના દર્શને ગયા, તેઓ એક મહાન સંત હતા.



સિત્તેર વર્ષની ઉંમરના તેઓ એક વરિષ્ઠ પાદરી હતા. ઈસુ ખ્રિસ્તની વેદના સાથે તેઓનું આત્મચિંતન એટલું બધું ગહન હતું કે ઈસુની વેદનાના ઘાવ બંને હાથ, બંને પગ, છાતી અને માથા ઉપર તેઓ સ્પષ્ટપણે અનુભવતા હતા. આ ઘાવનાં નિશાન કોઈપણ નરી આંખે જોઈ શકે તેવાં પડી ગયાં હતાં. સ્વામી ચિદાનંદજીએ ઈસુ ખ્રિસ્તનો જયજયકાર કરી તેમને દંડવત્ પ્રણામ કરીને આશીર્વાદ માગ્યા. તે દિવ્ય સાધુ આનંદવિભોર થઈ ગયા. તેમણે ચિદાનંદજીને પ્રેમપૂર્વક આલિંગન આપ્યું અને આશીર્વાદ આપ્યા. બંને સંત એકમેકને એટલા બધા પ્રેમથી મળ્યા કે જાણે ગંગાયમુનાનો સંગમ !

ત્યારબાદ સ્વામીજી દક્ષિણ અમેરિકા ગયા. ઉરુગ્વે, લોસ એન્જીલ્સ, સૅન્ફ્રાન્સિસ્કો, પોર્ટલેન્ડ, વૉનકુંવર એમ ઠેકઠેકાણે વ્યાખ્યાનો આપ્યા બાદ તેઓ માતૃભૂમિ ભણી પાછા ફર્યા. રસ્તામાં થોડા સમય માટે પેરિસમાં પણ રોકાણ કર્યું. અહીંથી પાંચસો માઈલ દૂર થનારા 'લૌરદે' તીર્થક્ષેત્રની યાત્રા કરી. માતા મેરીના ચરણસ્પર્શથી આ ક્ષેત્ર પુનિત થયું છે. ત્યાં એક અદ્ભુત ઝરણું છે. કહેવાય છે કે તેમાં સ્નાન કરવાથી વિકલાંગ વ્યક્તિ સ્વસ્થ થઈ જાય છે. સ્વામીજીએ અહીં આ પવિત્ર ઝરણામાં સ્નાન કર્યું.

ત્યાંથી તેઓ અસીસી આવ્યા. અઢારસો વર્ષ પૂર્વે આ શહેરમાં સેન્ટ ફ્રાન્સિસનો જન્મ થયો હતો. પોતાના કોલેજકાળ દરમિયાન સ્વામીજી સેન્ટ ફ્રાન્સિસની પ્રાર્થનાથી પ્રભાવિત થયા હતા. તેમનો પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ, કીડા મકોડા ઉપરનો સદ્ભાવ, પદદલિતો પ્રત્યે આત્મભાવ અને સેવા આ બધું સ્વામીજીના જીવનમાં પ્રગટ થઈ ગયું હતું. ભારતના આ સેન્ટ ફ્રાન્સિસે અસીસીના સેન્ટ ફ્રાન્સિસને પ્રણામ કર્યા અને પોતાના ગંભીર સ્વરમાં પ્રાર્થના કરી.

'હે પ્રભો ! મને તારી શાંતિનું વાહન બનાવ.'

ત્યારબાદ જેરુસલેમ અને બેથલેહેમ થઈને સ્વામીજી ભારત પાછા પધાર્યા, તેમના પોતાના દેશમાં !

## [૨૬]

ચોપાસ વ્યાપ્ત બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થયા બાદ સ્વામીજીની દૃષ્ટિમાં હવે દેશ-વિદેશનો હવે કોઈ ભેદ જ રહ્યો ન હતો. તેમનાં જીવનમાંથી દ્વન્દ્વોની તમામ દીવાલો પડી ચૂકી હતી. ઈશ્વરની આ ધરતી ઉપર વિભિન્ન દેશોનું વિભાજન કરનારી રેખાઓ તેમને મન નકશામાં દોરેલી રેખાઓ જ હતી. છતાં 'ભારત મારું ભારત મહાન !' આટલું બોલતાં તેમની આંખોમાં એક અવર્ણનીય પ્રેમ અને આદર છલકાવા લાગતાં હતાં.

ઓગણીસસો બાસઠના જાન્યુઆરી મહિનામાં સ્વામીજી શ્રી ગુરુદેવ પાસે પાછા પહોંચ્યા. પોતાનું સમગ્ર કાર્ય, યશ તેમણે શ્રીગુરુદેવને શ્રીચરણે સમર્પિત કર્યાં. પરંતુ તેમના મનમાં કંઈક બીજું જ ચાલી રહ્યું હતું. ગુરુદેવે જ્યારે પૂછ્યું ત્યારે તેમણે ખૂબ જ વિનમ્રભાવે કહ્યું...

'ગુરુદેવ ! બહુ લાંબા સમયથી જગતની ભીડમાં ભટકી રહ્યો હતો, કંઈક ને કંઈક બોલ્યા કરતો હતો. હવે મનને શાંતિની ચાહના છે. આશ્રમથી દૂર પરિવ્રાજક જીવન વ્યતીત કરવાની આજ્ઞા આપો !'

ગુરુદેવ જાણી ગયા હતા કે આ આજ્ઞા આવા ભ્રમણ માટે જ નથી, તે તો આ મર્ત્ય શરીરનો ત્યાગ કરીને પરબ્રહ્મમાં વિલીન થવા માગે છે. પરંતુ શ્રી ગુરુદેવ એ પણ જાણતા હતા કે હજુ સુધી એ સમય પાક્યો નથી. આપણે તો હજુ બીજું ઘણું બધું કાર્ય કરવાનું છે. એટલામાં ચિદાનંદજી બોલ્યા...

'ગુરુદેવ, પાશ્ચાત્ય જીવનમાં પ્રભવતા ભોગવાદનો પ્રભાવ, ત્યાંની બધી ચમક-દમક અને એશઆરામનો પ્રભાવ જો મન ઉપર હાવી થયો હોય તો તેમાંથી નિવૃત્ત થવા તીર્થયાત્રાની અનુમતિ માગું છું. ગુરુદેવ મનમાં જ હસ્યા અને મનમાં જ બોલ્યા...

'તમારું મન ! અને તે પણ પાશ્ચાત્ય ભોગવાદથી પ્રભાવિત થાય તેવું તો બને જ કેમ ? પ્રલયકાળના ઊથલ-પાથલમાં પણ તે નિર્વિકાર રહી શકે છે. એવાં અનેક અમેરિકન રાષ્ટ્રોનું સંપૂર્ણ ઐશ્વર્ય તમારાં ચરણોમાં અર્પિત કરવામાં આવે તો પણ તમારા વૈરાગ્યને લેશમાત્રેય



આંચ આવે તેમ નથી. તમારા મનમાં તમો આ શું ધારણા ધરી રહ્યા છો ? જેમ નિત્યશુદ્ધ માતા જાનકી પોતાનાં નિષ્કલંક ચારિત્ર્ય માટે અગ્નિપરીક્ષા આપી રહ્યાં હોય તેમ ચિદાનંદ પણ સદૈવ શુદ્ધ નિષ્કલંક અને વિરાગી જ છે.'

ગુરુદેવ સ્વયં સાધકોને હંમેશાં સાધનામાં સાવધાની રાખવાની સલાહ આપતા. જ્યારે કોઈ ભક્ત મોટી મોટી સાઈઝના ફૂલહાર લાવીને ગુરુદેવને પહેરાવતા, આરતી ઉતારતા, અથવા કોઈ મોટું સન્માન કરતા, ત્યારે ગુરુદેવ પોતાની કુટીરમાં આવીને જોડાથી-પગરખાંથી-માથામાં ટપલા મારતા અને પૂછતા, 'મન ! હવે કેવું લાગે છે ?' (ગુરુદેવે આ શિક્ષાનું નામ ફોર્મ્યુલા SB47-શુબીટીંગ-૪૭ એવું નામ આપ્યું હતું) પોતાની જાતમાં પોતાનો અહંકાર ન જાગે, શરીર કે મનમાં સન્માનનો મોહપાશ ન બંધાય માટે તેઓ આવું વર્તન કરતા. (પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીએ આવી પ્રક્રિયાનું નામ Self restraint (આત્મસંયમ) V/S Self indulgence (ભોગાસક્તિ) આપ્યું હતું.) મન બહુ વિચિત્ર છે, તેમાં ક્યારે સૂક્ષ્મ અહંકાર જાગે, તેનો કંઈ ભરોસો નહીં. આ તો તેમની પોતાની જ શિક્ષા-પોતાની આધ્યાત્મિક સાધનાનું એક મહત્ત્વનું પાસું હતી. છતાં ચિદાનંદજી માટે તેમનો ગજબનો વિશ્વાસ-ભરોસો હતો, જેમ કે શ્રી રામકૃષ્ણ પરમહંસદેવને સ્વામી વિવેકાનંદજી પ્રત્યે વિશ્વાસ હતો, તેવું જ. એક વાત તો સત્ય હતી કે વિદેશની આટલી લાંબી અવધિની યાત્રા પછી ગુરુદેવને લેશ માત્રેય ઇચ્છા ન હતી કે ચિદાનંદજી ફરીથી પરિવ્રાજક બનીને કઠોર પરિશ્રમ કરીને તીર્થયાત્રાનું કષ્ટ સહન કરે. ગુરુદેવ માત્ર ગુરુ જ નહીં, પરંતુ એક વાત્સલ્યપૂર્ણ માતા સમાન પણ હતા. પોતાનાં માતા-પિતા, ઘરબાર છોડીને જેઓ આશ્રમમાં આવીને રહેતા હતા, તેમને માટે તેઓ માતાપિતાથી વિશેષ હતા. અને હવે આ માને એવું લાગતું હતું કે દીકરો થોડો વિશ્રામ કરે. તેમના મનના વિચાર જાણે કેમ સ્વામીજી વાંચી રહ્યા હોય તેમ તેઓ બોલ્યા...

'ગુરુદેવ ! મનનાં શુદ્ધીકરણ માટે તો કોઈ પણ મર્યાદા નથી હોતી

ને ?' ગુરુદેવે સ્મિત કર્યું, અને બોલ્યા- 'જાઓ, પરમેશ્વર તમારી રક્ષા કરે.' ઓગણીસસો બાસઠના એપ્રિલ મહિનામાં અજ્ઞાત સંચાર માટે સ્વામીજી યાત્રાનો પ્રારંભ કરવાના હતા. પરંતુ ડૉ. બી.જી. અધ્વર્યુએ (ડૉ. ભાનુશંકર ગૌરીશંકર અધ્વર્યુ- બાપુજી) એમને ખૂબ જ આગ્રહપૂર્વક નિમંત્રિત કર્યા. તેમણે વિનંતી કરી કે સ્વામીજી વીરનગર આવીને રહે. ત્યાં શ્રીમદ્ ભગવદ્ગીતા પર વ્યાખ્યાનમાળા કરે. ગુરુદેવ પણ આવું જ કંઈક ઇચ્છતા હતા. તેથી ચિદાનંદજી પહેલાં ગુજરાત ગયા. ત્યાં સૌને રાજીપો આપી... નીકળી પડ્યા... એક એકાકી યાત્રામાં... એક અટૂલો યાત્રિક !

સ્વામીજી જયારે અમેરિકા ગયા હતા, ત્યારે તેમની પાસે-તેમની ચોપાસ ટોળાબંધ ભક્તો, પ્રશંસકો હતા. પ્રત્યેક વ્યક્તિ તેમની સેવા માટે ઉત્સુક હતી. મોટા ભાગે તેમનો નિવાસ ધનવાન લોકોને ત્યાં જ હતો, અથવા તો કોઈ આલીશાન હોટલમાં. 'સ્વામી ચિદાનંદ' નામ સાંભળીને લોકોના મનમાં એક વિશેષ આદરભાવ જાગૃત થતો હતો. મોટરકાર-ગાડી વજીફો તેમની તહેનાતમાં હાજર હતાં.

પરંતુ, હવે સ્વામીજી એકલા હતા. હાથ પસારીને જે કંઈ ભિક્ષા મળતી હતી, તેનો આનંદપૂર્વક સ્વીકાર કરતા હતા. તેમને ઓળખવાવાળું કોઈ ન હતું. યાત્રાની તમામ મુશ્કેલી કે અડચણો એક સર્વસાધારણ યાત્રીની માફક સહન કરીને રહેતા હતા. ક્યારેક ધર્મશાળા, કોઈક દિવસે કોઈ ઝાડ નીચે, અથવા કોઈ દિવસે ગામના મંદિરની પરસાળમાં. (એક દિન લાડુ, એક દિન બાટી, એક દિન ફાકમફાકી... એક દિન હાથી. એક દિન ઘોડા... એક દિન હાઠમહાઠી... એક દિન કમ્બલ, એક દિન અંબર. કભી દિગમ્બર... મન મસ્ત રહેના... રંગ અવધૂતજી...) (હર હાલ મેં અલમસ્ત સચ્ચિદાનંદ હૂં - સ્વામી શિવાનંદજી) ભારતના દક્ષિણાવર્તી પ્રદેશને તો ખબર પણ ન હતી કે એક દિવ્ય સંત તેમના જ પરિસરમાં આમ પરિવ્રાજક થઈને ભ્રમણનિરત છે. લોકો સૌ સૌના પ્રપંચિક જીવનમાં વ્યસ્ત હતા. સ્વામીજી આત્માના આનંદમાં વિભોર હતા.



# ૭

# પરિવ્રાજક ચિદાનંદ અને સદ્ગુરુદેવનું મહાપ્રયાણ

## [૨૭]

ગુજરાતમાંથી સૌથી પહેલાં સ્વામીજી મહારાષ્ટ્રમાં ગયા. આ પવિત્ર ભૂમિ સંતોની અને બૌદ્ધિક ઉપાસના કરનારા વરિષ્ઠોની ભૂમિ છે. આ ભૂમિ ધનાઢ્ય નથી, પરંતુ વીતરાગી તો છે જ. વિષયોના પ્રમાણમાં વિચારોને વધુ મહત્ત્વ આપે છે. શ્રદ્ધાનો સ્વીકાર પણ બુદ્ધિને સરાણે ચઢાવીને જ કરે છે. સ્વામીજી અહીં થોડો સમય રહ્યા, ત્યારબાદ બેંગલુરુ ગયા. કર્ણાટક ! આ પ્રદેશ શ્રદ્ધા સમ્પન્ન અને આચરણસંહિતાનું કઠોરતાથી પાલન કરનારો પ્રદેશ છે. કર્ણાટક ઈશ્વરસેવાર્થે સંગીત અને નૃત્યની અર્ચા પણ પ્રસ્તુત કરે છે. અહીં સ્વામીજી અનેક તીર્થક્ષેત્રોમાં ગયા. માયસોર અને મર્કરા (હુબલી-બેલગાંવ) પ્રદેશમાં પણ ફર્યા. તેમણે ચામુંડેશ્વરીનું પૂજન કર્યું, ત્યાંથી તેઓ પુત્તુર આવ્યા. આ છે તેમના ગુરુભાઈ શ્રીમત્ સ્વામી કૃષ્ણાનંદજી મહારાજની પ્રાકટ્યભૂમિ !

ત્યાંથી સ્વામીજી મંગળુરુ આવ્યા. મંગળુરુની માટીનો સ્પર્શ તેમનાં ચરણોમાં થતાં જ તેમને તેમની જન્મદાત્રીની સ્મૃતિ થઈ આવી.

'મનોહર વિલાસ'ની પ્રશસ્ત હવેલી સામે પણ તેઓ જઈને ઊભા

રહ્યા. આજ સુધી આ હવેલીમાં અનેકાનેક અતિથિઓને અન્નદાન મળ્યું હતું. અનેક યાચકો અહીંથી તૃપ્ત થઈને ગયા હતા... અને આજે ?

આ હવેલીમાં જન્મેલો... અહીં જ પા પા પગલી પાડનારો... હવેલીનો જ કુળદીપક...નબીરો... એક અભ્યાગતના રૂપમાં તેની સામે ઊભો હતો. બાળુએ તેના છોટા માલિકને... નાના શેઠને... આ વેશમાં પણ ઓળખી કાઢ્યા... આનંદમાં પ્રમત્ત...ભાગતો દોડતો તે અંદર ગયો... અને માલતીબાઈ પણ સત્વરે... જેટલું બને તેટલું ઝડપથી... દોડતાં બહાર આવ્યાં...

'અરે !... આ તો શ્રીધર !' આ ઉદ્ગાર સાથે તેઓ હર્ષાશ્રુમાં ડૂબી ગયાં... કારણ કે હવે તો સામે ઊભા હતા...

'સ્વામી ચિદાનંદ સરસ્વતી.' તેને હવે કોઈ પણ માલતીબાઈ કે શ્રીધર સાથે કોઈ જ સંબંધ ન હતો. મનોહર વિલાસ સાથે પણ તેને હવે કોઈ સંબંધ ન હતો. ઉપનયન સંસ્કાર સમયે બટુક-બ્રહ્મચારી જાણીને ભિક્ષા આપી હતી, અને નમસ્કાર પણ કર્યા હતા, અને હવે તે જ બાળક ખરેખર નમસ્કાર કરવાને પાત્ર-યોગ્ય થઈ ગયો છે. સંન્યાસીની ઉંમર કેટલી છે ? તે વાત ગૌણ છે- સંન્યાસી એટલે તેને પ્રણામ કરવા જ જોઈએ. તેની સામે ઝૂકીને... નીચાં નમીને પ્રણામ કરીને માલતીબાઈ સન્માનપૂર્વક તેમને ઘરમાં લઈ આવ્યાં. સ્વામીજીએ નાના મોટાં સૌના ખબર અંતર પૂછ્યા. રાઘવેન્દ્ર, હેમલતા, વસુધા, વત્સલા સૌએ તેમને પ્રણામ કર્યા. સ્વામીજી સરોજિનીદેવીની મોટી છબી પાસે જઈને ઊભા રહ્યા. તેમની સ્મૃતિમાં જ તેઓ અહીં ખેંચાઈ આવ્યા હતા. આ તો એવો પ્રગાઢ સંબંધ હતો કે આ પ્રેમ-સ્નેહ-વાત્સલ્ય તંતુ કદીયે તૂટી શકે નહીં. વિરજાહોમના અગ્નિની દાહક શક્તિ પણ આ સ્નેહ સંબંધને પ્રજાળી શકી ન હતી. તે માત્ર 'મા' જ ન હતી. તે આદ્યગુરુ પણ હતી. ભક્તિની કેડી ઉપર આંગળી પકડીને પા પા પગલી કરતાં તેણે જ શિખવ્યું હતું. માને શ્રદ્ધાંજલિ અર્પિત કરીને સ્વામીજી ત્યાં રોકાયા નહીં.

નેત્રાવતીનાં જળમાં તેમણે પોતાનાં ચરણ પખાળ્યાં. જાણે સમગ્ર



નેત્રાવતીમાં એક વિરહાર્ત માતાનાં આંસુઓનું પૂર આવ્યું હોય ! તડકા છાંયામાં, ગિરિકંદરાઓમાં ભટકતા આ પ્રૌઢ ચરણોના સ્પર્શથી, નેત્રાવતીને તે નાના નાજુક ચરણોની સ્મૃતિ થઈ આવી... જે તેના જ કિનારે પોષણ પામીને મોટા થયાં હતાં. નેત્રાવતીએ આ પવિત્ર ચરણોને અગણિત વાર પખાળ્યાં... અને પછી તેની ધારા પૂર્વવત્ શાંતિથી વહેવા લાગી. માનો કે કહેતી હોય...

'જા બેટા ! સમગ્ર વિશ્વ તારી રાહ જોઈ રહ્યું છે.'

કદાચ એટલા માટે જ પોતાના લાડલા પુત્રને નેત્રાવતીએ ગંગા મૈયાને ખોળે કેમ ન સોંપ્યો હોય ?'

સ્વામીજીએ એ જ વીતરાગી અવસ્થામાં મંગળુરુ છોડ્યું. શું કમળપત્ર કદી પાણીથી ભીંજાઈ શકે ?

પછી સ્વામીજી ઉડુપી આવ્યા. દ્વૈતવાદના પ્રચારક મધ્વાચાર્ય અને જીવાત્માને પરમાત્માનો દાસ માનવાવાળા પુરંદરદાસજીની આ પ્રાકટ્યભૂમિ. ત્યાંથી સ્વામીજી કોલૂર ગયા. અહીં લક્ષ્મીજીની મૂકાંબિકાના સ્વરૂપમાં પૂજા કરવામાં આવે છે. એવું કહેવામાં આવે છે કે ગુંગો ભક્તોની મનોકામના પણ અહીં 'મૂક-હોય-વાચાલ' પૂરી થાય છે. સ્વામીજીએ દેવી માને પ્રણામ કર્યા. શ્રદ્ધાપૂર્વક વંદન કર્યા. તેમના મનમાં જ પ્રાર્થના ગુંજી...

'હે મા ! આપની કૃપાથી સમાજમાં રહેલા ગરીબ લોકોની પણ ઉન્નતિ થાઓ. દીન અને દુર્બળોને આપની શક્તિ પ્રાપ્ત થાઓ. સમગ્ર માનવજાતિનો ઉદ્ધાર થાઓ.'

બધું બધાંને માટે જ માગવાવાળા આ યાચક તરફ માએ પોતાની મમતાભરી નજરોએ જોયું હશે ને ?

ત્યાંથી સ્વામીજી કાન્હનગઢ ખાતે પૂજ્ય શ્રી સ્વામી રામદાસજીના આનંદ આશ્રમમાં આવ્યા. ત્યાંથી કન્નૂર અને ફરીથી ઉડુપી થઈને મદ્રાસ આવ્યા. મદ્રાસ પહોંચતાંની સાથે જ સ્વામીજીને શ્રી આર. કૃષ્ણરાવજીનું સ્મરણ થયું. આમ તો તેઓ તેમના પૂર્વાશ્રમમાં ફુવા (ફોઈના પતિ) થાય. પરંતુ આ સંબંધ તો પ્રાપંચિક હતો. તેઓ બંનેમાં આનાથી કંઈક

અલગ જ સંબંધ હતો. અધ્યાત્મપથે તેઓ સ્વામીજીના ગુરુ થાય. સ્વામીજી ખૂબ આદર સાથે તેમને મળવા ગયા. પોતાના ભત્રીજાને યતિવેષમાં જોઈને તેમનું હૃદય ગદ્‌ગદ થઈ ગયું. સ્વામીજીએ તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. સાથે લાવેલાં પુષ્પો તેમને ચરણે સમર્પિત કર્યાં. થોડાં ફળ પણ તેમને ધર્યાં. માનો તેઓ કોઈ સંતની સેવા કરી રહ્યા છે. તેમની દૃષ્ટિમાં તેઓ એક સંત જ હતા, કારણ કે સ્વામીજીના અધ્યાત્મજીવનના સૌ પ્રથમ પથપ્રદર્શક તેઓ જ હતા. કૃષ્ણરાવજીને મનમાં ખૂબ સંકોચ થતો હતો. પરંતુ ક્ષણભર માટે તેમને સ્વામીજીમાં પોતાનો પુત્રવત્ શિષ્ય જ દેખાયો... શ્રીધર... અને તેમણે બંને હાથ પ્રસારી તેને વાત્સલ્યસભર આલિંગન આપ્યું. ભાવી ભવિષ્યમાં અધ્યાત્મનાં ઉન્નત શિખરો સર કરવાના આશીર્વાદ આપ્યા. પછી સ્વામીજી તિરુપતિ બાલાજીનાં દર્શન માટે રવાના થયા.

સ્વામીજી એક બસમાં યાત્રા કરી રહ્યા હતા. બસ તિરુકોઈનૂર પહોંચવામાં હતી. માર્ગમાં સ્વામીજીએ એક નિરાધાર અંધ સ્ત્રીને દેખી. જગન્માતાનું આ દીન-દુર્બળ સ્વરૂપ ! અચાનક સ્વામીજી બસમાંથી ઊતરી ગયા. તે મહિલા પાસે જઈને તેમણે મૃદુ સ્વરમાં તેને પૂછ્યું, ‘મા ! શું તમારા ઘરમાં કોઈ નથી ?’

તે બહેન આંખે દેખતી ન હતી. એને તો જીવન નિર્વાહ માટે મદદ જોઈતી હતી. બસ...મદદ... જે કોઈ પણ કરે... તેને તો કંઈ દેખાતું જ ન હતું. પોલીસ અને રોમન કૅથલિક ધર્મગુરુઓની સહાયતા વડે સ્વામીજીએ તે સ્ત્રી માટે અન્ન, વસ્ત્ર, નિવાસનો બંદોબસ્ત કર્યો અને પછી યાત્રા આગળ ધપાવી. તે મહિલાની દુવાઓ સ્વીકારવા માટે પણ તેઓ ન રોકાયા, પોતાની સમગ્ર યાત્રામાં આવી રીતે અગણિત લોકોની સેવા કરી.

સ્વામીજીએ સમગ્ર દક્ષિણ ભારતનું ભ્રમણ કર્યું. પછી તેઓ ચિત્તૂરના સુબ્રહ્મણ્યમ્ ક્ષેત્રમાં ગયા અને ચિદમ્બરમ્‌ના નટરાજની પૂજા કરી. કુંભકોણમ્, બદલૂર, કાંજીવરમ્ કોમ્બતૂર અને મદુરાઈ પણ તેઓ ગયા.



ત્યારબાદ તેઓ પટ્ટમડાઈ આવ્યા. આ તો વીસમી શતાબ્દીની પુણ્યભૂમિ છે. આ છે... શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજનું પ્રાકટ્યસ્થાન.

સ્વામીજીએ જોયું... ‘તામ્રપર્ણી’ નદીનો વેગ મંથર ગતિએ પ્રસન્નતાથી વહી રહ્યો હતો. એ ગ્રામ્ય પ્રદેશના રૂપ કે રંગમાં કંઈ પણ પરિવર્તન થયું ન હતું. આ ગામમાં એક મહાન સંતનું પ્રાકટ્ય થયું છે, તે કોઈને ખબર જ ન હતી. ગુરુદેવનું જન્મસ્થાન... તે ઘર... સીધું સાદું... જેવાં બીજાં ઘર હોય તેવું જ આ એક ઘર. ગુરુદેવના પ્રાકટ્ય સ્થળે કંઈક વિશેષ કાર્ય કરવું જોઈએ. એવો એક મૂલમંત્ર... એ સંકલ્પ હૃદયમાં જાગ્યો. મૂલમાયાનો સંકલ્પ !... માયા કે જેના એક સંકલ્પ માત્રથી સમગ્ર બ્રહ્માંડ નિપજ્યું... એવો સંકલ્પ. સંકલ્પ તો માનસિક હતો. સંકલ્પ કર્યો ન હતો... સ્વયંભૂ હતો. કોઈ કંઈ બોલ્યું ન હતું... પરંતુ મનોલયના એક પ્રકોષ્ઠમાં પ્રકટેલી આ સદ્‌ભાવના... સદ્‌વિચારના પડઘા દશે દિશાઓમાં પડ્યા... ચોપાસથી અવાજ આવ્યો. તથાસ્તુ ! તથાસ્તુ !!!

હવે, સ્વામીજી પહેલાં તેનાક્ષી અને પછી કન્યાકુમારી ગયા. દૂર સમુદ્રમાં સ્વામી વિવેકાનંદજીનું સ્મારક હતું. સમુદ્ર વચ્ચે એક શિલાખંડ. સ્વામી ચિદાનંદજી ત્યાં ઈ.સ.૧૯૬૨માં ગયેલા. વિવેકાનંદ સ્મારક સપ્ટેમ્બર ૧૯૭૦માં સ્થાપિત થયું. પરંતુ તે ‘રૉક’ (શિલા) તો હતો જ. ત્યાં કન્યાકુમારીમાં ત્રણ સમુદ્રનો સંગમ છે. અરબી સમુદ્ર, હિંદ મહાસાગર અને બંગાળનો ઉપસાગર... ત્યાંથી સ્વામીજીએ આ શિલાખંડ... ‘વિવેકાનંદ રૉક’ને મનોમન પ્રણામ કર્યા. શ્રદ્ધાપૂર્વક પ્રણિપાત. એક પ્રણામ કરતી વિભૂતિ અને બીજી પ્રણામ સ્વીકાર કરતી. બંને ભારતના પનોતા પુત્રો... આ પવિત્ર દૃશ્ય જોઈને સાગર પણ ઉલ્લાસિત થઈને તેનાં મોજાંઓને હર્ષોલ્લાસમાં ઉછાળવા લાગ્યો. એક મહાત્માએ અનેક વર્ષો પૂર્વે ભારતીય સંસ્કૃતિનો ધ્વજ દરિયાપારના દેશોમાં લહેરાવ્યો હતો. ‘મારા વહાલા ભાઈઓ અને બહેનો !’ આ શબ્દોએ વિદેશમાં ભારતીય સંસ્કૃતિની સહિષ્ણુતાનો લોકોને પરિચય

થયો. બીજા મહાત્મા તે ઉન્નત ધ્વજાને વધુ ઉન્નત કરી રહ્યા હતા. આ અનેક સુપુત્રોની માતા... આ દિવ્ય પવિત્ર સંસ્કૃતિ. અનેક પ્રજાઓએ... દૂર દેશાવરથી તેના ઉપર આક્રમણ કર્યાં, ક્યારેક શસ્ત્રોથી તો ક્યારેક વિચારોથી. પરંતુ તે કદીયે પરાભૂત થઈ ન હતી, વિચલિત થઈ ન હતી. આ તો યુદ્ધભૂમિના વીરોની જનની છે તો તત્ત્વજ્ઞાનના વીરોની પણ ખરી જ. અને જેના પુત્રો પોતાના જીવનના એશઆરામ સિવાય જીવનનો અર્થ અન્ય મહત્તમ તત્ત્વોમાં પણ અનુભવ્યો હતો. તે માતા ! હતોત્સાહ કેમ થઈ શકે ? દૂર ક્ષિતિજમાં સાગર આકાશને આંબવા તત્પર હતો... કહેતો હતો...

'ભારતીય સંસ્કૃતિ અમર છે. સમગ્ર વિશ્વની પથપ્રદર્શક છે.'

હવે સ્વામીજી તિરુચેંદુર આવ્યા. ત્રિચી અને તાંજોર પણ જોયાં. 'મંત્રાલય'માં રાઘવેન્દ્ર સ્વામીજીનાં દર્શન પણ કર્યાં. ત્યારબાદ ફરીથી તેઓ મહારાષ્ટ્રમાં આવ્યા.

સ્વામીજી પંઢરપુર આવ્યા. આ તો નાદબ્રહ્મ છે. સરળ જીવન યાપન કરનારા ભોળા અને નિષ્કપટ ગરીબ અને સશક્ત શ્રમિકોને ભક્તિમાર્ગ પર દોરનારું તીર્થક્ષેત્ર. અનેક વિદ્વાનો અને તત્ત્વચિંતકોને આ તીર્થક્ષેત્રે આકર્ષ્યા છે. પોતાની માતૃભૂમિથી સુદૂર અહીંના મૃદંગ અને ઝાંઝપખવાજની ધૂનમાં ખોવાઈ જનારા અનેક પરદેશીઓનું આ તીર્થક્ષેત્ર. દર વર્ષે અષાઢ અને કારતક મહિનામાં એકાદશીના દિવસે અહીંની યાત્રા યોજાય છે. લાખો ભક્તો હાથમાં ઝંડા, ઢોલ, મૃદંગ, ઝાંઝપખવાજના નાદે વિઠ્ઠલ વિઠ્ઠલ પાંડુરંગની ધૂન ગજવતા અહીં આવે છે. આ કીર્તન યાત્રાને કહેવાય 'વારકરી'. આ વારકરીમાં આવનારા ભક્તો પણ વારકરી જ કહેવાય. તે પ્રત્યેક વારકરી એમ જ સમજે છે કે પંઢરપુર તો અમારું પિયર છે... 'માઝા માહેર પંઢરી' ભગવાનના આ પાંડુરંગ સ્વરૂપ માટે તો સંત જ્ઞાનેશ્વર જેવા શ્રેષ્ઠ અને જ્ઞાની સંતોના શ્રીમુખે પણ પ્રભુપ્રીત્યર્થે પ્રેમ ન્યોચ્છાવરનાં પદો-અભંગો ગવાયાં છે. આ જ શ્યામસુંદર માટે સંત તુકારામે પોતાનો કારોબાર અને ઘરબાર ત્યાગીને તેમની વાઙ્મયી પૂજા કરી. અહીં જ ચોખામેળા જેવા અસ્પૃશ્યને



સંતોનું વાત્સલ્ય અને પ્રેમ મળ્યાં. અહીં જ નામદેવ જેવા ભાવુક સંતોએ ભક્તિથી, પ્રેમભાવથી નાચીને હરિગુણ ગાયા, આ તે જ પવિત્ર ક્ષેત્ર ! અહીં છે ભગવાન વિષ્ણુનું વિઠ્ઠલ સ્વરૂપ. દક્ષિણ દેશમાં જન્મેલો આ યતિ ચિદાનંદ મહારાષ્ટ્રની આ સુરીલી ભૂમિ પર આનંદવિભોર થયો. તુકારામના અભંગમાં ભીંજાઈ ગયો. જ્ઞાનેશ્વરની ઓળીઓ (પદો)એ તેને બાંધ્યો. પરંતુ હવે તેણે અનુભવ્યું કે આ રખડપટ્ટી-ભ્રમણ બહુ થયું. હવે એક જ સ્થાને રહીને સાધના કરવી જોઈએ. પોતાની સાધના માટે તેમણે ગાણગાપુર જવાનું પસંદ કર્યું.

ગાણગાપુર શ્રી દત્તાત્રેય ભગવાનની તપોભૂમિ છે. નૃસિંહ સરસ્વતીજી કે જેને દત્તાત્રેયના અવતાર માનવામાં આવે છે, તેમણે અહીં જ ભિક્ષા માગી. કહેવાય છે, ત્યાં તેમનો ચિરંતન વાસ છે. આ પવિત્ર ભૂમિ પર સ્વામીજીની કઠોર તપશ્ચર્યાનો પ્રારંભ થયો.

પોતાનાં જ્ઞાનનાં ઊંડાણથી અને વિશુદ્ધ આચરણથી જેણે પશ્ચિમના લોકોને મુગ્ધ કર્યા, માત્ર ભારતના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના અમીરો-ધનાઢ્ય લોકો જેમનાં શ્રીચરણની ધૂળ માટે લાલાયિત રહે છે, સ્વામીજી અમારા ઘરમાં એકવાર પગલાં કરે, એકવાર અન્ન ગ્રહણ કરે, એવો ભાવ રાખે છે, તે આ અસામાન્ય સાધુ ભિક્ષા ઉપર જ માત્ર જીવી રહ્યો હતો. પરંતુ સાધુઓ ભિક્ષા તો માગે ને ? સ્વામીજીને તો પોતાના ઉદરનિર્વાહની સભાનતા પણ ન હતી, કે કોઈ પાસે કંઈક માગે ! તેમની ચિંતા તો ભગવાને જ રાખવી પડતી. અગર બાળક ચુપ થઈ બેસી રહે, તો મા સદા તેને કંઈ ને કંઈ જમાડવાનો પ્રયત્ન કરે જ છે. પુત્ર જમે તેમાં જ માતાનો આનંદ છે. સ્વામીજીને પણ ભગવાન કોઈ ને કોઈ રૂપે આવીને જમાડી જતા હતા. તેમની સામે લોકો કંઈ ને કંઈ લાવીને મૂકતા. શરીર ધારણા માટે સ્વામીજી તેમાંથી ખૂબ જ થોડો પણ... અલ્પ આહાર ગ્રહણ કરતા હતા. જમીન પર તેઓ સૂતા હતા. બે ગેરુ વસ્ત્રો સિવાય બીજી કોઈ પણ ભૌતિક સમ્પત્તિ તેમની પાસે ન હતી, અને તે સિવાય બીજી કોઈ આશા પણ ન હતી અને આશા રાખવી પણ કોને માટે ? આ મર્ત્ય શરીર માટે ? શારીરિક બંધનોથી

તો તેઓ ક્યારના મુક્ત થઈ ચૂક્યા હતા. હવે આ શરીર ઈશ્વરની સંપત્તિ છે, જાણીને તેનું 'ખપ' પૂરતું જ જતન તેઓ કરતા હતા. લોકો માટે શરીરનું અસ્તિત્વ હતું. તેઓ અંગત રીતે તો 'ચિદાનંદરૂપઃ શિવોऽહમ્ શિવોऽહમ્'ની ઉચ્ચ સ્થિતિમાં જ હતા. નામરૂપ ધારી આ દુનિયાને ખૂબ પ્રેમથી તેઓ નિરખતા... જાણે કે કઠપૂતળીઓનો ખેલ જોતા હોય તેવું જ...

આઠ મહિના વ્યતીત થઈ ગયા. પરંતુ સ્વામીજીનું આવી રીતે એકાંતમાં જઈને દૂર તપશ્ચર્યા કરવા માટે બેસી જવું જગતના શ્રેય કે હિતમાં હતું ? જી ના ! ઈશ્વરને પણ આ મંજૂર ન હતું. તેમને સમાધિ-ભંગ કરવાનું જરૂરી હતું. ઓગણીસસો ત્રેસઠનો મે મહિનો હતો. ગરમી હદપાર કરી ચૂકી હતી. સ્વામીજી અચાનક બીમાર પડી ગયા. એમની કઠોર તપશ્ચર્યાનો વિરોધ કરવા શરીરે બગાવત કરી. આવી જ શારીરિક અવસ્થામાં કોણ જાણે કેવી રીતે સ્વામીજી મુંબઈ પહોંચ્યા. કદાચ પરમાત્માના અદશ્ય હાથોએ જ તેમને મુંબઈ સુધી પહોંચાડ્યા. ત્યાં તેમને તેમના ગુરુભાઈ સ્વામી પરમાનંદજી મળ્યા. પોતાના જ્યેષ્ઠ ગુરુભાઈની આવી કથળેલી તબીયતની અવસ્થા તેઓ દેખી શક્યા નહીં. તેમણે ડૉક્ટરો પાસે લઈ જઈને સ્વામીજીની સુશ્રુષા કરી. સ્વામીજી ત્યાં થોડા દિવસો રહ્યા. દવા, યોગ્ય આહાર અને શારીરિક વિશ્રાંતિથી તેઓએ તંદુરસ્તી પાછી મેળવી. હવે તેમણે મુંબઈ છોડવાની ઇચ્છા પ્રગટ કરી.

ડૉક્ટરે કહ્યું, 'એક પ્રાર્થના છે.'

'કહો.'

હવે પછી તીર્થયાત્રા અને સાધનાથી શરીરને કષ્ટ આપશો નહીં. આપ હજુ હમણાં જ રુગ્ણતામાંથી સ્વસ્થ થયા છો, આ શરીર કપરાં કષ્ટ સહન કરવાને હવે સક્ષમ નથી.'

સ્વામીજીએ હસીને પ્રત્યુત્તર આપ્યો.

'સાહેબ ! આપ તો વહેતી નદીને રોકાઈ જવાનું કહી રહ્યા છો. માર્ગમાં અવરોધો આવે તો શું નદી તેનું વહેવાનું છોડી દે છે ?'



ત્યાંથી સ્વામીજી દહેરાદૂન ગયા. મસુરીની ઘાટીમાં બારલોગંજ જઈને ત્રણ દિવસ રહ્યા. હવે તેમની યાત્રા અંતિમ પડાવમાં હતી. આ સ્થળ જમીનથી... સમુદ્ર સપાટીથી પાંચ હજાર ફૂટની ઊંચાઈએ હતું. હવે તેઓ હિમાલયના કોઈ એક નિર્જન ખૂણામાં હંમેશને માટે ચાલ્યા જવા માગતા હતા. 'સ્વામી ચિદાનંદ' તે વ્યક્તિત્વનું નામનિશાન પણ ન રહે, તેવી તેમની ભાવના હતી. મહેચ્છા હતી કે વિશ્વના કણકણમાં ચૈતન્યરૂપ થઈને તાદાત્મ્યતા કેળવી લેવી. દેહના પીંજરમાંથી આતમ પંછી ઊડી જવાને ઉત્સુક હતું. હવે શરીરનાં પાંચેય તત્ત્વો પંચમહાભૂતમાં વિલીન થઈ જવા અને મુક્ત આત્મા પરમાત્મામાં વિલીન થવા તત્પર હતાં, પરંતુ પરમાત્મા અને ગુરુદેવની ઇચ્છા કંઈક જુદી જ હતી.

## [૨૮]

શિવાનંદ આશ્રમમાં ગુરુપૂર્ણિમાનું પોતાનું ખાસ વિશેષ મહત્ત્વ છે. આ દિવસ ખૂબ જ ભક્તિપૂર્વક ઉજવવામાં આવે છે. ગુરુપૂર્ણિમાના દિવસે ભક્તો... શિષ્યો શ્રીગુરુદેવનાં શ્રીચરણોની પાદપૂજા કરે છે. પરંતુ આ વરસે કોણ જાણે કેમ ? શ્રીગુરુદેવે પૂજા માટે પોતાની પાદુકાઓને મોકલી આપી. શિષ્યોના મનમાં ક્ષોભ પણ થયો. પરંતુ તેમની ખબર ન હતી કે હવે પછીની ગુરુપૂર્ણિમાઓ પર આ પાદુકાજીની જ પૂજા કરવાની છે.

શ્રી ગુરુદેવે કેલેન્ડર મંગાવીને ચૌદ જુલાઈ ઉપર એક ચિહ્ન માર્ક કર્યું. શિષ્યોએ પૂછ્યું...

'આ દિવસની શું વિશેષતા છે ?'

શિવાનંદજીએ હસીને કહ્યું. 'વૈકુંઠથી વિમાન આવવાનું છે. બોલો, કોઈ મારી સાથે આવવા માગે છે ?' પરંતુ આ વાતની ગંભીરતા કોઈએ પણ નોંધમાં ન લીધી. કારણ ગુરુદેવને તો વિનોદ કરવાની ટેવ હતી.

એક ડૉક્ટર તેમને મળવા આવ્યા. ગુરુદેવે પૂછ્યું, 'તમે કદીયે ઇગોક્ટોમીનું ઓપરેશન કર્યું છે ?'

ડૉક્ટર મુંઝાઈ ગયા. કારણ જે પૂછી રહ્યા હતા તેઓ પણ એક

તજ્જ્ઞ અને અનુભવી ડૉક્ટર હતા. પરંતુ મેડિકલ સાયન્સના કોઈપણ પાઠ્યક્રમ કે પુસ્તકોમાં આ નામ વાંચવા કે જાણવામાં કે સાંભળવામાં આવ્યું ન હતું. ત્યારે ગુરુદેવે હસીને કહ્યું...'ઇગોક્ટોમી' અર્થાત્ પોતાના અહંકારનું નિર્મૂલન.

આમ તેમને સદૈવ વિનોદ કરવાની ટેવ હતી, તેથી ચૌદમી જુલાઈના ચિહ્નાંક વિશે તેમના મંતવ્યને પણ વિનોદ જ સમજવામાં આવ્યું. કોઈ પણ સમજી ન શક્યું, કે આ શ્રીગુરુદેવનો વિનોદ નથી.

સ્વામી શિવાનંદજીએ પોતાના મહાનિર્વાણની તૈયારીનો પ્રારંભ કરી લીધો હતો. એક દિવસ યોગ સમાજ (અડીયાર-તમિળનાડુ) સંસ્થાપક કવિયોગી શુદ્ધાનંદ ભારતીજી શિવાનંદ આશ્રમમાં પધાર્યા. તેઓ ગુરુદેવના બાળપણના મિત્ર હતા. તેઓ તેમનું 'ભારત શક્તિ' મહાકાવ્ય ગુરુદેવને સંભળાવી રહ્યા હતા. આ અતિ પ્રશંસનીય મહાકાવ્યને સાંભળીને ગુરુદેવે કહ્યું, 'બહુત સુંદર' એ કાવ્ય તમિળ ભાષામાં હતું. ગુરુદેવે કહ્યું, તમો તેનો અંગ્રેજી ભાષામાં તરજુમો-ભાષાંતર કેમ નથી કરતા ? આ તો માનવ સમાજ માટે એક દિવ્ય વારસો છે, જે તમો સમાજના હિત માટે છોડીને જશો.'

'જી હા, હું તેનો અંગ્રેજી અનુવાદ કરી રહ્યો છું.' શુદ્ધાનંદજીએ કહ્યું. થોડીવાર પછી શુદ્ધાનંદ ભારતીજીએ ફરીથી પૂછ્યું, 'સ્વામીજી, આપનાં આ પુસ્તકો, દિવ્ય જીવન સંઘની આ ભવ્ય અટ્ટાલિકાઓ અને તદ્દુપરાંત સમાજ માટે તમો શું શું તમારી પાછળ છોડીને જવાના છો ! દિવ્ય જીવન સંઘ ? તમારું તત્ત્વજ્ઞાન ? વિચારધારા ? કે તમારો સંન્યાસી શિષ્યસમુદાય ?

એક સંન્યાસીને પૂછવામાં આવી રહ્યું હતું કે જગત માટે વારસામાં શું છોડીને જશો ? ગુરુદેવ સમાન મહાત્મા પોતાના વિચારોના માધ્યમથી, અંગત જીવનના વ્યવહારથી એક મહાન તત્ત્વજ્ઞાન પ્રદાન કરીને જાય છે. ભલે તે તત્ત્વજ્ઞાન, વેદ ઉપનિષદોનું જ પ્રાચીન તત્ત્વજ્ઞાન હોય, પરંતુ સમયપરિવર્તન સાથે આ શાશ્વત મૂલ્યોને દૈનિક આચરણમાં કેમ લાવી શકાય, તેવું ગુરુદેવ સમાન સંતો જ સમજાવતા હોય છે.



સામાન્ય સર્વસાધારણ જનસમુદાય માટે તો આવા મહાત્માઓના વિચારોને સમજવાનું પણ સરળ નથી હોતું, ત્યારે તેમનો વિષદ શિષ્ય સમુદાય તે વિચારોને પોતાનાં જીવનમાં મૂર્ત કરે છે, અને એક વસ્તુપાઠની શિક્ષા સમગ્ર વિશ્વને આપે છે.

શુદ્ધાનંદ ભારતીજીના પ્રશ્ન પર એક ક્ષણભરનો વિલંબ કર્યા વગર ગુરુદેવે કહ્યું...

'ચિદાનંદ ! મારા પછી, દિવ્ય જીવન સંઘનું કાર્ય ચાલતું રહે, આગળ વધતું રહે, માટે આ જીવતી જાગતી દૌલત હું છોડીને જવાનો છું.'

ક્ષણભર રોકાઈને તેમણે માનો કે સ્થળ અને કાળથી પર દૃષ્ટિ કરીને કહ્યું, 'તે જલદીથી પાછા આવશે.'

આમ તો બારલોગંજ (મસૂરી)થી શિવાનંદ આશ્રમ પાછા આવવાનો વિચાર સ્વામી ચિદાનંદજીએ કર્યો જ ન હતો. પરંતુ કેમ જાણે શાને માટે, આગળ જવા માટે તેમનું મન તૈયાર જ થતું ન હતું. ગુરુદેવનાં શ્રીચરણોનાં દર્શન માટે મન આક્રાંત થયું હતું. વિરહના આર્ત સ્વર મનમાં ગુંજી રહ્યા હતા. પરબ્રહ્મના નિર્ગુણ અનંતરૂપમાં એકરૂપ થવા માટે તો તેમની યાત્રા હતી, પરંતુ તે જ પરબ્રહ્મનું સગુણ સાકાર સ્વરૂપ હૃષીકેશમાં બેસીને તેમને પાછું બોલાવી રહ્યું હતું. ઈશ્વરેચ્છા પાસે કોઈનું ક્યારેય કંઈ ચાલ્યું છે ? ચિદાનંદજીના મનમાં વિચાર આવ્યો કે હંમેશ માટે ક્યાંય ચાલ્યા જતાં પૂર્વે એકવાર ગુરુદેવનાં દર્શન કરી લેવાં જોઈએ. તેમની તમામ ઇન્દ્રિયો અને ગાત્ર ગુરુદેવનાં દર્શન માટે તલપાપડ થઈ ગયાં, અને સ્વામી ચિદાનંદજી જાણે આશ્રમમાં તેમને કોઈ ખેંચતું હોય તેમ હૃષીકેશ શિવાનંદ આશ્રમ પાછા આવ્યા.

પોતાના પિતાથી લાંબા ગાળા સુધી દૂર રહેલો પુત્ર પિતાને મળવા જેમ ઉત્સુક કે આતુર હોય તેમ સ્વામીજી આનંદકુટીર ભણી દોરાઈ ગયા. તેમણે જાણ્યું કે ગુરુદેવનું સ્વાસ્થ્ય કથળેલું છે. ઉદાસ ખિન્ન વદને તેઓ પાછા ફર્યા. બીજે દિવસે વહેલી સવારે જ તેઓ ગુરુદેવની કુટીરમાં ગયા. ચિદાનંદજી પ્રકૃતિથી થોડા શરમાળ હતા. ગુરુદેવ પ્રત્યે મનમાં

આત્યંતિક આદરભાવ હતો. તેથી તેઓ તેમનાથી થોડાં અંતરે જ રહેતા. ગુરુદેવ સાથે વાર્તાલાપ કરે તો પણ... ગણેલા શબ્દો જ. આવશ્યકતા... ખપ પૂરતું જ બોલવું... અનાવશ્યક શબ્દ એક પણ મોંમાંથી બહાર ન આવે તે માટે તેઓ સજાગ રહેતા હતા. અને જે કંઈ તેઓ બોલતા તે પણ ખૂબ જ નમ્રતાપૂર્વક.

ખરેખર તો ચિદાનંદજીને ગુરુદેવના ભૌતિક સહવાસની આવશ્યકતા પણ ન હતી, તે સત્ય... હકીકતને ગુરુદેવ પણ જાણતા હતા. સુસંસ્કારી બાળક જ્યારે મોટું થઈ જાય ત્યારે તે માતા પાસે ન રહે પરંતુ માતા દ્વારા પ્રાપ્ત શિક્ષણને વર્તનમાં લાવીને તો રહે જ છે. દુનિયાના માર્ગો પર તે પોતાની જાતને સંભાળી શકે છે. માની આંગળી પકડીને ચાલવાની હવે તેને જરૂર હોતી નથી. ચિદાનંદજી ગુરુદેવને બરોબર સમજી ગયા હતા.

આવી જ રીતે એક ત્યકતા સ્ત્રી આશ્રમમાં આવી હતી. તેનો પતિ બીજી કોઈ સ્ત્રી સાથે ભાગી ગયો હતો. ગુરુદેવે તેને આર્થિક મદદ કરી. આશ્રમમાં તે વખતે બહુ પૈસા ન હતા. પરંતુ ગુરુદેવ એ પણ જાણતા હતા કે આશ્રમ કરતાં તે સ્ત્રીને પૈસાની વધુ આવશ્યકતા છે. વારંવાર પ્રણામ કરતી તે જ્યારે જવા લાગી ત્યારે ગુરુદેવે હસીને કહ્યું, 'જુઓ, તમો પણ સારાં કપડાં પહેરો, ચહેરા ઉપર થોડો પાવડર લગાવો.' અને પછી તેઓ થોડા ઉદાસ પણ થયા. ગુરુદેવના વ્યંગપૂર્ણ ઉદ્‌ગાર અને ઉદાસ હાસ્યને ચિદાનંદજી સમજી ગયા. ગુરુદેવનું કહેવાનું હતું, આ સંસારી માણસો શા માટે ઉપરના રૂપરંગના વમળના ચકરાવે ચઢે છે. શું શરીર એટલું મહત્ત્વપૂર્ણ છે, કે જેમાં મન માટે કોઈ વિચાર જ ન હોય ? અને તે સાથે તે ગૃહિણીને પણ એ સમજાવવાનું હતું કે જો સંસારમાં રહેવું હોય તો આ બાહ્ય વાતોથી પણ સંભાળીને ચાલવું પડે. તેમાં કોઈ પાપ છે જ નહીં.

ગુરુદેવના પ્રત્યેક વાક્યનો... શબ્દે શબ્દનો તેમની પ્રત્યેક રચનાનો અર્થ સ્વામી ચિદાનંદજી સમજતા હતા. ગુરુદેવને ખબર હતી કે સદૈવ આત્મીય ચૈતન્યમાં સ્થિર થયેલા તેમના શિષ્યને તેમની



આસપાસ રહેવાની આવશ્યકતા ન હતી, પરંતુ હવે અંતિમ સમય પાસે આવી રહ્યો હતો. પોતાનાં મહાન કાર્યનો ભાર પોતાના લાડલા શિષ્યને સોંપવાનો સમય પાકી ગયો હતો.

ચિદાનંદજી ગુરુકુટીરમાં આવ્યા. ગુરુદેવને તેમણે સાષ્ટાંગ દણ્ડવત્ પ્રણામ કર્યા. ગુરુદેવે પોતાનો હાથ સ્વામીજીના મસ્તક પર મૂક્યો. અને પોતાની મહાન આધ્યાત્મિક શક્તિનો સંચાર તેમના શરીરમાં કર્યો. હવે દ્વૈત રહ્યું ન હતું. શરીર બે હતાં પરંતુ આત્માનું ઐક્ય થઈ ગયું હતું. ગુરુ કોણ ? શિષ્ય કોણ ? ભગવાન કે ભક્ત પણ કોણ ? એક નિરંજન ચેતનાથી સમગ્ર વાતાવરણ મુખરિત બન્યું. શિવાનંદ ચિદાનંદ બની ગયા. ચિદાનંદ શિવાનંદ થઈ ગયા. એ ગૂઢ ખામોશીમાં શબ્દો વગર મૂક વાર્તા થઈ. પરંતુ પોતાના ભવિષ્ય સંબંધી સ્વામીજીને ત્યાં સુધી કંઈ જ ખબર ન હતી. તેમની દૃષ્ટિમાં તો ગુરુદેવનાં અંતિમ દર્શન કરવાની ઝંખના... ખેવના પૂરી થઈ હતી. હવે કેદારનાથના ઉન્નત ગિરિશૃંગો ઉપર અજ્ઞાત સ્થળે જવાનો માર્ગ પણ પ્રશસ્ત થઈ ચૂક્યો હતો. ગુરુદેવ પાસે તેમણે પોતાની ઇચ્છા પ્રગટ કરી અને તેમના આશીર્વાદ માગ્યા. તેમના જવા સંબંધે ગુરુદેવે કંઈ પણ ન કહ્યું, માત્ર તેમણે આશીર્વાદ જ આપ્યા. તેમને ખબર હતી કે ઈશ્વરની ઇચ્છા શું છે અને તે કેવી રીતે ફલિત થવાની છે. તેમનું મૌન કંઈક કહી રહ્યું હતું. સ્વામીજી કુટીરથી બહાર આવ્યા.

તે દિવસે જ તેઓ આશ્રમ છોડીને જવાના હતા. પરંતુ તેમને રોકી રાખવા માટે ઈશ્વરે તેમનો પહેલો દૂત મોકલાવ્યો. મુશળધાર વરસાદ પડવા લાગ્યો. હિમાલયની કંદરાઓમાં તો વર્ષાનું રૌદ્રસ્વરૂપ આકાશ કરોડપગે નાચીને મૃત્યુ કે પ્રલયનું તાંડવ કરતું હોય તેવું હોય છે. ચોપાસ ફૂંકાતો વેગવાન પવન વનરાજીને ડોલાવતો હતો. આકાશમાં વીજળીના કડાકા શિવ પ્રભુના તાંડવ નર્તન સમા બિહામણા હતા. તે પહાડી ઈલાકાના તમામ રસ્તાઓ બંધ થઈ ગયા. સ્વામીજી પ્રવાસ ન કરી શક્યા. તેમને આશ્રમમાં જ રોકાઈ જવું પડ્યું.

બીજા દિવસનું સવાર પડ્યું. વરસાદ કે વાવાઝોડાં સ્વામીજીને

ક્યાં સુધી રોકી શકે ? હવે ઈશ્વરે કર્તવ્યની ભાવનાથી સ્વામીજીને બાંધવાનો પ્રયત્ન કર્યો. પોતાના નિત્યકર્મથી સ્વામીજી નિવૃત્ત થતા જ હતા ત્યાં સ્વામી કૃષ્ણાનંદજી તેમની પાસે આવ્યા. કૃષ્ણાનંદજીના ગંભીર ચહેરા ઉપર આજ કંઈક વ્યગ્રતા હતી. 'શું થયું ?' સ્વામીજીએ પૂછ્યું. હાથમાં પકડેલા કાગળો દેખાડીને તેમાં એક નામ દેખાડીને કહ્યું...

'આ માણસ પાસેથી આપણે થોડી જમીનનો કાનૂની હક લેવાનો છે, અને આ માણસ માનતો નથી.'

સ્વામીજી સંસ્થાના જનરલ સેક્રેટરી હતા. આ સમસ્યાની ગૂંચ ઉકેલવાનું કામ તેમના કાર્યક્ષેત્રનું જ એક આગવું અને જરૂરી કામ હતું. સરકારી ઓફિસોમાં જઈને આ સમસ્યા તેમણે અધિકારીઓને સમજાવી તેમની મદદથી સમસ્યાનું નિરાકરણ કરાવ્યું. તેમની સાથે આવેલા સંતો-સંન્યાસીઓ આ ભાગદોડથી અકળાઈ ગયા હતા.

'આપણે તો બધું ત્યાગ કરેલ છે. તો પછી આપણી ઉપર આ બધી કાનૂની કાર્યવાહી શા માટે ?' પરંતુ સ્વામીજી શાંત હતા. તેમણે કહ્યું-

'લોકોનાં કલ્યાણનું કામ પણ જો કરવાનું હોય તો પ્રશાસનિક મર્યાદાઓનું પાલન કરવું જ પડે. આપણે સંન્યાસી છીએ તેથી શું થયું ? આ દેશના નાગરિક તો છીએ, માટે તમામ સાધુસમાજે પણ આ બધા જ નિયમ અને કાનૂનનું પાલન કરવું જ પડે, તેમણે પણ આ સરકારી નીતિનિયમો માનવા જ જોઈએ.

'સરકારનું કહેવાનું હતું કે દરેક સંન્યાસીનું પણ સરકારના ચોપડે રજિસ્ટ્રેશન થવું જ જોઈએ. અને દિવ્ય જીવન સંઘ પણ તેમ જ માને છે.' તે સંન્યાસીના સ્વરમાં કર્કશતા હતી.

'જી હા. આપણે એવું માનીએ છીએ. થોડી પળો રોકાઈને સ્વામીજી આગળ બોલ્યા.' આ સમાજમાં દરેક ભણેલો માણસ બીજા અભણ માણસનું શોષણ કરતો જ આવ્યો છે. ડૉક્ટર પોતાના જ્ઞાનથી માંદા માણસની સેવા કે સારવાર પણ કરી શકે છે, પરંતુ ક્યારેક તે તેમનું શોષણ પણ કરે છે. વકીલ પોતાના અસીલને લૂંટે છે. વ્યાપારી



ગ્રાહકને લૂંટે છે અને ગેરુ વસ્ત્ર પહેરીને શ્રદ્ધાવાન સમાજને લૂંટવાવાળા સંન્યાસીઓ પણ કંઈ ઓછા નથી. એટલા માટે દિવ્ય જીવન સંઘ સંન્યાસીઓના રજિસ્ટ્રેશનની વાતમાં પૂરેપૂરી સંમતિ ધરાવે છે. આપણી આ સંસ્થાનો પ્રત્યેક વ્યવહાર ધર્મનિરપેક્ષ રાષ્ટ્રની સંરચના અનુસાર જ થવો જોઈએ.'

સ્વામીજી પોતાની કુટીરમાં આવ્યા. તેમને લાગ્યું, હવે મારું કર્તવ્ય પૂરું થયું હવે હું જઈ શકું છું. એટલામાં તેમના બારણે ટકોરા પડ્યા. સાથે કોઈ જાણીતા અવાજમાં 'ૐ નમો નારાયણાય' શબ્દ પણ સંભળાયો. સ્વામીજીના પરિચિત સાધુ ઊભા હતા. સ્વામીજીએ આનંદપૂર્વક તેમનું સ્વાગત કર્યું અને આગમનનું કારણ પૂછ્યું.

આશ્રમના ટ્રસ્ટી ડૉ. દેવકી કુટ્ટી પ્રખ્યાત તજ્જ્ઞ અને આદરણીય ડૉક્ટર હતા. લખનઉની કીંગ જ્યોર્જ મેડિકલ કોલેજના પ્રાધ્યાપિકા અને ક્વીન મેરી હોસ્પિટલનાં ચીફ મેડિકલ ઓફિસર હતાં. ક્યારેક ક્યારેક તેઓ આશ્રમ આવીને રહેતાં. અને સંતો તથા અન્ય રોગીઓની સેવા કરતાં. આ દિવસોમાં તેઓ આશ્રમમાં આવીને રહ્યાં હતાં.

આ સાધુ ડૉક્ટર કુટ્ટીને પોતાની તબિયત દેખાડવા માગતો હતો. તેણે પૂજ્ય સ્વામીજીને પોતાને ડૉ. કુટ્ટી પાસે લઈ જવા પ્રાર્થના કરી.

'જરૂર.' સ્વામીજી તેમની સાથે ગયા. તેમણે જોયું કે કુટ્ટી માતાજી સાયં ભોજન કરી રહ્યાં હતાં. પોતાની અખંડ રોગી-સેવા વચ્ચે તેમને સમયસર ભાગ્યે જ ભોજન કરવાનો સમય મળતો. માટે જ્યારે સમય મળે ત્યારે ઝટપટ જમી લેવાની તેમને ટેવ હતી. સ્વામીજી તેમનાં ભોજન વચ્ચે ખલેલ પાડવા માગતા ન હતા. તેથી સ્વામીજી તેમના દરવાજાની બહાર જ બેસી રહ્યા. આ તો સ્વામીજીનો આગવો સ્વભાવ છે. તે પોતે તકલીફ સહન કરશે, પરંતુ બીજા કોઈને પણ કષ્ટ પડવા નહીં દે. જ્યારે કુટ્ટી માતાજી બહાર આવ્યાં ત્યારે સ્વામીજીને આ રીતે બેસેલા જોઈને તેઓ અચરજમાં પડી ગયાં. સ્વામીજીએ સાધુની વાત કરી. ત્યારે ડૉક્ટર મેડમે કહ્યું...

'આપ રોકાઓને ? હમણાં જ તેમને તપાસીને જરૂરી દવાઓ

પણ હું આ સાધુમહારાજને આપી દઉં છું. પછી તમો તેમને તમારી સાથે જ...'

'સારું.' સ્વામીજીએ કહ્યું અને રોકાઈ ગયા. ત્યાંથી બહાર નીકળ્યા ત્યાં બારણે જ આશ્રમના સંતો... તેમના ગુરુભાઈઓ તેમને ઘેરી વળ્યા.

'એક વરસ થઈ ગયું. આપે આશ્રમમાં સત્સંગનું સંચાલન કર્યું નથી. આપના મધુર કંઠે ભજન અને આપની સાધનાનો અર્ક અમોને વિતરણ નહીં કરો ? આવો, અત્યારે આજ સાંજના સત્સંગમાં પધારો. બધા તેમને ઘેરી વળ્યા, અને ભજન હૉલમાં લઈ ગયા. ભગવાનનું નામસ્મરણ જ કરવાનું હતું ને ? તેમાં વળી સંકોચ શાનો ?

ગુરુદેવના નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે આજે તેમનું આસન ખાલી હતું. સ્વામીજીએ તે આસનને પ્રણામ કર્યા અને પછી મધુર સ્વરે ગુરુદેવને પ્રિય ભજન ગાયું.

Is there not a nobler mission
than eating drinking and sleeping ?
At the time of death who will help you,
who will help you for your salvation.
...time sweeps away kings and barons
where is Yudhisthir, where is Shivaji ?
where is Nepolian where is Musaloni ?
where is Gandhiji where is Jinna ?
Therefore be up and doing and do Japa Sadhana
Repeat Harinam and be free !... વગેરે

ત્યારબાદ તેમણે તેમનું ઓજસ્વી ઉદ્‌બોધન શરૂ કર્યું. તે જ સમયે સ્વામીજીએ જોયું કે ડૉ. કુટ્ટી માતાજી સત્સંગ વચ્ચેથી આકસ્મિક ઊભાં થઈને બહાર ગયાં. સ્વામીજીના મનમાં આશંકાનો જાણે વીંછી કરડ્યો હોય તેવો અનુભવ થયો. છતાં તેમણે શાંતિથી-સ્વસ્થતાથી સત્સંગ સમાપ્ત કર્યો. તેઓ જ્યારે બહાર આવ્યા, ત્યાં ડૉ. કુટ્ટી ઊભેલાં હતાં, તેઓ થોડા આજીજીભર્યા સ્વરે બોલ્યાં...

'સ્વામીજી ! કૃપા કરીને હવે આપ આમતેમ ક્યાંય જશો નહીં. ગુરુદેવને એટેક આવ્યો છે.'



એક ક્ષણમાં સ્વામીજીએ... ગુરુદેવની તમામ પીડાઓ માનો કે સહી લીધી.

હવે ક્યાંય પણ જવાનું સંભવ ન હતું. હવે તેઓ મુમુક્ષુ ન હતા. તેઓ વિરક્ત યોગી ન હતા. તેઓ એકમાત્ર શિષ્ય હતા. 'ગુરુ' જેમનું સર્વસ્વ છે, એવા ભક્તિપરાયણ શિષ્ય. તેઓ કમાનમાંથી તીર છૂટે તેમ ઝપાટાબંધ આનંદ કુટીરમાં ગયા. તેમના આનંદનિધાન ત્યાં રુગ્ણશૈયા પર પોઢ્યા હતા. સ્વામી શિવાનંદજી માટે કંઈ અસંભવ ન હતું. પોતાની વૈદ્યકીય શિક્ષાના પ્રભાવે તેમણે હજારો રોગીઓની સ્વાસ્થ્ય રક્ષા કરી હતી. પોતાની આધ્યાત્મિક શક્તિના પ્રભાવથી અનેક ભક્તોની પ્રાણરક્ષા કરી હતી. સ્વામીજીને એકાએક યાદ આવ્યું. એકવાર એક સ્ત્રી પોતાના નાના બાળકને લઈને આશ્રમમાં આવી હતી. બાળક જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતું હતું. ક્ષણવારમાં તે ભગવાનને વહાલું થઈ જાય તેવી અવસ્થા હતી પરંતુ ગુરુદેવે અખંડ મૃત્યુંજય મંત્ર જપ કરીને તેની રક્ષા કરી, તે બાળકને બચાવ્યું.

પછી કહ્યું, 'તમારાં બાળકની પ્રાણરક્ષા માટે સ્વયં ભોળા શંભુએ આવવું પડ્યું.'

જેમની પ્રાર્થના સાંભળી, સ્વયં ઈશ્વર દોડી આવી શકે, તેમની જ રક્ષા માટે શું તે આવી ન શકે ? પરંતુ આ વખતે ગુરુદેવે તેને બોલાવ્યો નહીં. તેમણે પ્રભુને જ પૂછ્યું... અહીં મારું કામ પૂરું થઈ ગયું છે. હવે હું તમારી પાસે પાછો આવી જાઉં ? આ વખતે તો ઈશ્વરે જ તેમને પ્રેમપૂર્વક પાછા બોલાવ્યા હતા. એક દિવસ ગુરુદેવે જ કહ્યું હતું... 'નદી ભલેને અગણિત ગામોને સમૃદ્ધ કરતી જાય, પોતાના કિનારાઓને તૃપ્ત કરે, પરંતુ જ્યાં સુધી તે સાગરને મળતી નથી ત્યાં સુધી તે પૂર્ણતાને પામતી નથી. ગુરુદેવનું કહેવાનું હતું, 'આત્માનું પરમાત્મામાં મિલન એ જ જીવનની પૂર્ણતા છે, અને હવે તેઓ પોતે પણ તે જ ઇચ્છતા હતા. પરંતુ આ જગતમાંથી વિદાય લેવા માટે કંઈક કારણ તો જોઈએને ? એટલા માટે જ બીમારીનું આ નાટક શ્રી ગુરુદેવે આદર્યું હતું.

ગુરુદેવ માટે આ એક રમત જ હતી. તેઓ બહુ જ મુશ્કેલીથી એકાદ ચમચી પાણી પી શકતા હતા અને બે-ત્રણ ચમચી પાણી પીતાં થાકી જતા હતા. રાષ્ટ્રપતિશ્રીએ દિલ્હીથી ડૉક્ટરોનું એક મંડળ તેમના સ્વાસ્થ્યની તપાસ...સલાહ-સૂચન માટે મોકલ્યું હતું. ડૉ. સુશીલા નય્યર તે દિવસોમાં કેન્દ્રીય મંત્રી હતાં. તેઓ પણ ગુરુદેવના દર્શને આવ્યાં હતાં. દર્શન કરીને તેઓ ગયા, ત્યારે આકસ્મિક ગુરુદેવ પથારીમાંથી ઊઠ્યા, બેઠા થયા... ડૉક્ટરોનું નિદાન હતું તેમને પેરેલેસીસ થયો છે !!! અને ગુરુદેવે ગંગાજળ મંગાવ્યું... પછી એ ગંગાજળનું પાત્ર હાથમાં પકડીને... 'ફોર ધ હેલ્થ ઓફ ડૉ. સુશીલા નય્યર' એમ કહીને આખું ગંગાજળ પાત્ર ગટગટાવી ગયા. ડૉક્ટર આ આકસ્મિક વર્તાવ... વર્તણૂકથી ચકિત થઈ ગયાં. બે ચમચી પાણી મહા મુશ્કેલીએ પીનારા સ્વામી આકસ્મિક આટલું બધું પાણી કેવી રીતે પી ગયા.

બીજે દિવસે સમાચાર મળ્યા કે જ્યારે ગુરુદેવે પાણી પીધું હતું, ત્યારે ડૉ. સુશીલા નય્યર એક પ્રાણઘાતક દુર્ઘટનામાંથી બચી ગયાં હતાં... તો પછી આ બીમારી ? એક ખેલ...કે એક નાટક ! ગુરુદેવ શ્રી કવિવર રવિન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં 'આ ખેલ... સમાપન ખેલ.' ખેલ સમાપન કરવા માટેનો ખેલ. પોતાનાં ગન્તવ્યમાં ફરી પાછા જવાનો ખેલ.

ડૉક્ટરોએ તો પણ ફરીથી ઉપચાર ચાલુ જ રાખ્યા. ડૉક્ટર કુટ્ટી માતાજીને ગુરુદેવે સ્વામી ચિદાનંદજી તરફ આંગળી ચીંધીને કહ્યું,

'સૌથી જ્યેષ્ઠ શિષ્ય !' ડૉ. કુટ્ટી સમજી ગયાં.

ચિદાનંદજી ગુરુદેવ પાસે બેસીને ઉપનિષદ પાઠ કરી રહ્યા હતા. તેમનો ધીર ગંભીર અવાજ આનંદ કુટીરમાં ગુંજી રહ્યો હતો.

'**॥ ૐ નમઃ ॥**

**અથાશ્વલાયનો ભગવન્નં પરમેષ્ઠિનં પરિસમેત્યોવાચ ।**' વચ્ચે એવું લાગતું હતું કે ગુરુદેવનું સ્વાસ્થ્ય સુધરતું જાય છે. વળી ક્યારેક લાગતું હતું, ના અને તેમનું સ્વાસ્થ્ય વધુ ને વધુ કથળતું ચાલ્યું. સ્વામીજીનો ઉપનિષદ પાઠ ચાલુ જ હતો.

**'પુનશ્ચ જન્માંતર કર્મયોગાત્**



**સ એવ જીવઃ સ્વપિતી પ્રબુદ્ધઃ ।**
**પુરત્રયે ક્રીડતી યશ્ચ**
**જીવસ્તતસ્તુ જાતં સકલં વિચિત્રમ્ ॥**
**આધારમાનંદમખણ્ડબોધં**
**યસ્મિન્ લયં યાતિ પુરત્રયં ચ ॥'**

મધ્યરાત્રીનો સમય આવ્યો. કુટીરમાં ગુરુશિષ્ય બંને જ હતા. કુટીરની બહાર બધાં જાગી રહ્યાં હતાં. મૃત્યુંજય મંત્રનો જપ શાંત સ્વરે સૌ કરી રહ્યાં હતાં. સૌના મનમાં ગુરુદેવને માટે જ પ્રાર્થના હતી અને અચાનક ગુરુદેવના મુખમાંથી શબ્દ પ્રસ્ફુટિત થયા... 'હરિ ૐ' ।

વીજળીની ચપળતાથી ચિદાનંદજી તેમની પાસે આવ્યા અને તેમના કાન પાસે પોતાનું મોઢું રાખી ખૂબ દીર્ઘ ઉચ્ચાર સાથે ઘોષ કરતાં બોલ્યા,

**'સત્યં જ્ઞાનં અનતં બ્રહ્મ**
**એકં એવં અદ્વિતીયં બ્રહ્મ**
**સત્યં બ્રહ્મ અનંતં બ્રહ્મ**
**આનંદં બ્રહ્મ ૐ બ્રહ્મ ૐ બ્રહ્મ ૐ**

એક હાથે તેમણે શ્રી ગુરુદેવની નાડી પકડી હતી...ના...નાડી તો હતી જ ક્યાં ? હાથ પકડ્યો હતો. આંખો જોઈ. પરંતુ હવે તે પાર્થિવ શરીરમાં ગુરુદેવ ક્યાં હતા ? તે તો હવે અનંતમાં લીન થઈ ગયા હતા.

દસ વર્ષની ઉંમરમાં શ્રીધરને તેની માતા... તેની આદ્યગુરુ છોડીને ચાલી ગઈ હતી... અને આજે ચિદાનંદજીને તેના આધ્યાત્મિક ગુરુ, તેનાં માતાપિતા... તેનું સર્વસ્વ... બધું જ છોડીને ચાલ્યા ગયા હતા.

બાળ શ્રીધરે ત્યારે આંખોથી અશ્રુધારાની ગંગા વહાવી હતી. પરંતુ હવે ચિદાનંદજીમાં વહેતી ગંગાને રોકવાનું સામર્થ્ય હતું. જન્મમૃત્યુનું રહસ્ય તો તે સમજી ચૂક્યા હતા. પરંતુ શું જ્ઞાનથી મનુષ્ય શુષ્ક થઈ શકે ? જી, ના. નિર્ગુણ નિરાકાર ચૈતન્યનું ગુણગાન કરતાં કરતાં પણ શું સગુણ રૂપની આશા મનમાં નથી ઊઠતી ? અંદર બહાર ચોપાસ-સર્વત્ર એક જ પરમાત્મા છે, તે જાણ્યા પછી પણ કવિ હૃદય સંત જ્ઞાનેશ્વરે પાંડુરંગને કહ્યું હતું... 'તમારાથી દૂર હોવા છતાં આપનું આ ચંદન

અંગરખું મને દઝાડે છે.' સાક્ષાત્ જ્ઞાનરૂપ તે ત્રણે ભાઈ બહેન જ્ઞાનેશ્વરની મહાસમાધિ (મહાપ્રયાણ) પછી જાણે કે દેહાતીત અવસ્થામાં રહ્યાં. પંઢરપુરના એ કાળિયા પરબ્રહ્મને વિઠ્ઠલ શ્રીકૃષ્ણને પણ પોતાના ભક્તોના સગુણરૂપનો મોહ ક્યાં ઓછો હતો ? ચોખોબા (સંત ચોખામેળા)ના ગયા બાદ તેમનાં અસ્થિફૂલ લેવા તેમણે સંત નામદેવને મોકલ્યા અને તેને-તે અસ્થિફૂલોને પોતાની સામે રખાવ્યાં.

શિવાનંદ ચિદાનંદમાં સમાઈ ગયા હતા. શિવાનંદ ચિદાનંદ એકરૂપ થઈ ગયા હતા. પરંતુ દ્વૈતનું પણ એક માધુર્ય હતું, દુર્ભાગ્યે હવે તે સમાપ્ત થઈ ગયું હતું. સગુણરૂપની ભક્તિનો આનંદ એટલો છે, કે તે આનંદ માટે સંતો મુક્તિ માગતા કે ઈચ્છતા નથી. (મારું વૃંદાવન છે રૂડું રે વૈકુંઠ નહીં રે આવું !) પરંતુ અહીં તો સગુણરૂપ જ ખોવાઈ ગયું હતું.

હવે સ્વામીજીના સ્વાસ્થ્ય માટે દુલારભર્યો હક દેખાડીને તેમને આશ્રમથી દૂર કોણ મોકલશે ?

'ઓજી ! હવે તો તમો દિવ્ય જીવન સંઘના જનરલ સેક્રેટરી બન્યા છો !' એવો વિનોદ કરવાવાળું કોણ હતું ?

કુષ્ટરોગીઓની સેવા માટે તેમની સાથે સહાનુભૂતિ પ્રદર્શિત કરવાવાળું કોણ હતું ?

ક્ષણભર... એક ક્ષણ માટે... ચિદાનંદજીનો કંઠ ભરાઈ આવ્યો અને લાગ્યું કે સમગ્ર બ્રહ્માંડ ડગમગી રહ્યું છે. પરંતુ બીજી જ ક્ષણે તેમણે પોતાની જાતને સંભાળી લીધી.

માતાની વિદાય સમયે ભક્તિએ તેમનો હાથ પકડ્યો હતો...હવે જ્ઞાન તેમને સાંત્વના આપી રહ્યું હતું.

યત્ર તત્ર સર્વત્ર તેમને કેવળ ગુરુદેવનું જ દર્શન થતું હતું. તેમણે જોયું. પુષ્પોમાં ગુરુદેવ ખીલી ઊઠ્યા છે. કળીઓમાં હસી રહ્યા છે. સૂરજમાં પ્રકાશી રહ્યા છે, જળ તેજ વાયુ આકાશ સર્વત્ર માત્ર તે જ તે છે. જેનો વિલય થયો તે શિવાનંદ. આ વિલય પછી જે શોકગ્રસ્ત છે તે પણ શિવાનંદ. ગુરુદેવને વળી આવાગમન ખરું ? તેઓ તો હવે



વધુ સમીપ આવી ગયા છે. હવે તેમનું અસ્તિત્વ હૃષીકેશ શિવાનંદ આશ્રમ સુધી જ સીમિત નથી રહ્યું, જ્યાં જ્યાં ચિદાનંદ જશે ત્યાં ત્યાં શિવાનંદનું અસ્તિત્વ પણ હશે જ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ કે સ્વર બધામાં બસ હવે એક તેમના જ અસ્તિત્વની અનુભૂતિ થઈ રહી છે.

સ્વામીજી બહાર આવ્યા. તેમણે સર્વે આશ્રમવાસીઓને કહ્યું-

'તે એક સુંદર જીવન હતું, તેમણે તમામ જીવનોને સુંદર બનાવ્યાં.'

ચૌદમી જુલાઈની તે મધરાતે ગંગા પોતાના કિનારાઓને ભીંજાવી રહી હતી. જાણે તે પણ શિવાનંદજીનાં પદચિહ્નોને શોધી રહી હતી.

બે દિવસ સુધી શિવાનંદ આશ્રમમાં ભક્તો ઊભરાતા રહ્યા, અને તેમનાં નેત્રોમાં કંઈક ખોવાયાનો... કંઈ ઓછું થઈ જવાનો ભાવ ઊભરાતો રહ્યો. તે સૌની આંખોની ભાવગંગા વિશ્વભરના ભક્ત સમુદાયના ભાવસાગરમાં મળી રહી હતી. માત્ર ચિદાનંદજી જ એકલા શાંત અને ગંભીર હતા. હવે આશ્રમમાં તેઓ સૌથી જ્યેષ્ઠ-વરિષ્ઠ હતા. આશ્રમ સંચાલન... દિવ્ય જીવન સંઘનાં આંતરરાષ્ટ્રીય માળખાની જવાબદારી હવે તેમની હતી. સોળમી જુલાઈની બપોરે એક વાગ્યે ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના પાર્થિવ શરીરને પૂર્વ નિયોજિત અને પ્રસ્થાપિત સમાધિ મંદિરમાં ભૂ-સમાધિ આપવામાં આવી. હવે શિવાનંદજી હંમેશ માટે આંખોથી ઓઝલ થઈ ગયા હતા. હૃદય અત્યંત સંવેદનાશીલ હોવા છતાં સ્વામી ચિદાનંદજીએ પોતાનાં નેત્રોને ભીંજાવા દીધાં નહીં. શ્રીમદ્ભગવદ્ગીતાના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં તેઓ હવે જીવી રહ્યા હતા. તેમને ખબર હતી... કે પૂર તો નદીઓમાં આવે, સાગર કદી પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી.

મહાસમાધિના સોળમા દિવસે ષોડશી કરવામાં આવી. સમષ્ટિ ભંડારો થયો. પરંતુ આ તમામ દિવસો દરમિયાન આશ્રમ પ્રાણશૂન્ય હોય તેવો થઈ ગયો હતો. ગુરુદેવના મહાપ્રયાણના સમાચાર સત્વરે જ ઓલ ઈન્ડિયા રેડિયોના પ્રમુખ સમાચારોમાં દિલ્હીથી પ્રસારિત કરવામાં આવ્યા હતા. દેશના સર્વે પ્રમુખ દૈનિકોમાં પણ આ સમાચાર

પ્રકટ થયા. આશ્રમના મુખપત્રો ધી ડિવાઈન લાઈફ, યોગવેદાંત વગેરેમાં પણ આ સમાચાર વિગતથી છપાયા. દિવ્ય જીવન સંઘના વિશ્વવ્યાપી સદસ્ય સમુદાયમાંથી જેટલા લોકો હૃષીકેશ પહોંચી શકે તેટલા શિવાનંદ આશ્રમ આવી પહોંચ્યા. ચોપાસ પ્રાર્થના તેમજ સત્સંગ અને શ્રદ્ધાંજલિ સભાઓ આયોજાઈ. ઈશ્વર, અલ્લાહ અને ઈસુ ખ્રિસ્તને સમાનરૂપે યાદ કરવામાં આવ્યા. હરે રામ મહામંત્ર કીર્તનની હેલી જામી... પરંતુ તેનો સ્વર દુ:ખિત હતો.

આશ્રમના ચેરિટેબલ દવાખાનામાં રોગીઓનાં નિદાન અને સારવાર તો થઈ રહ્યાં હતાં, પરંતુ ડૉક્ટરોના ડૉક્ટર તો ચાલ્યા ગયા હતા, તે તો બધા મરીજોના ચહેરા ઉપર લખેલું વાંચી શકાતું હતું. અન્નપૂર્ણા ગૃહનાં ભોગ-નૈવેદ્ય વિશ્વનાથને ધરાવવામાં આવ્યાં, પરંતુ તેમાંનો સ્વાદ ઉડી ગયો હતો. બધું નીરસ થઈ ગયું હતું. સ્વામી ચિદાનંદજી મહારાજ આ બધાંને સાંત્વના દઈ રહ્યા હતા. તેમને મન તો ગુરુદેવ સદૈવ ચિરંજીવ શાશ્વત જ હતા. તેમનું જીવન શ્રી ગુરુદેવને સમર્પિત હતું તેટલું જ નહીં હવે શિવાનંદ તેમની અંદર જ જીવી રહ્યા હતા. આત્મજ્ઞાનના પાયા ઉપર જીવનનું એક કઠોર સત્ય તેઓ જીવી રહ્યા હતા. તેમની અટલ સ્થિરતા જોઈને હિમાલયના ગર્વનું પણ ખંડન થયું હશે. તેણે સ્થિરતાના આ મહામેરુ સામે પોતાનું મસ્તક ઝુકાવ્યું.

અને હવે દિવ્ય જીવન સંઘના વરિષ્ઠ સભાસદોની એક સભા થઈ. ગુરુદેવના ચાલ્યા જવાથી દિવ્ય જીવન સંઘના અધ્યક્ષનું સ્થાન ખાલી પડ્યું હતું. હવે નવા અધ્યક્ષની નિમણૂક આવશ્યક હતી. આ વિશ્વવંદ્ય કીર્તિસમ્પન્ન સંસ્થાનું અધ્યક્ષપદ કંઈ સાધારણ વાત ન હતી. આ પદનું ગૌરવ અને ગરિમા હતાં, મહત્ ઉત્તરદાયિત્વ હતું, તત્ત્વનિષ્ઠ અને વ્રતસ્થ આચરણની શરતો હતી. પરંતુ તેની સાથે સાથે જ વિશ્વવિખ્યાત સ્તરીય સન્માન પણ હતું. આ પદ સમક્ષ દુનિયાભરના ધનિકો તેમનાં ધન સાથે નતમસ્તક થયા હતા અને ગરીબ, દીન દુર્બળ પોતાની ભક્તિનું નજરાણું લઈને ઊભા હતા. છતાં દિવ્ય જીવન સંઘનો એક પણ યતિ સંન્યાસી આ પદની આકાંક્ષા સેવતો ન હતો. સ્વામી ચિદાનંદજી, સ્વામી



કૃષ્ણાનંદજી, સ્વામી માધવાનંદજી... કોનાં કોનાં નામ ગણાવીએ ? આમાંના પ્રત્યેક ગુરુદેવ દ્વારા પારખેલા હીરાઓ હતા. વિરક્તિ, ત્યાગ, નિર્મોહીપણું અને છતાં તેમાંના દરેક, કામ કરવાને માટે એકબીજાની હોડ માંડનારા ! આ હીરાઓમાં જે કોહીનૂર હીરો હતો, તે પોતાની કુટીરમાં એકલો-ઉદાસ બેઠો હતો.

જી, હા. ચિદાનંદજી પોતાની કુટીરમાં પરેશાન હતા. અધ્યક્ષપદની જવાબદારી હવે તેમના ઉપર આવવાની છે, તેની ગંધ તેમને આવી ગઈ હતી. અને વાત તો તેઓ ટાળવા માગતા હતા, કે ઈચ્છતા તો ન જ હતા. સન્માન, પદ, પ્રતિષ્ઠા આમાંથી તેમને કંઈ પણ ખપતું ન હતું. પોતાની આગળ પાછળ ભક્તોની ભીડ થાય તેવું તે કદીયે ઈચ્છતા ન હતા. બાળપણથી જ તેમને પરમેશ્વર સિવાય બીજી કોઈ લાલસા ન હતી. હવે તો તેમને આત્મસાક્ષાત્કારથી અનુભૂત, તે સ્વર્ગીય આનંદની મીઠાશ તેમણે જે ચાખી હતી, તેની સમક્ષ જગતના બધા જ ઉપભોગ નીરસ લાગતા હતા. આ બધામાંથી મુક્તિનો કોઈ ઉપાય ન હતો કે ત્યાંથી ચુપચાપ ક્યાંય ચાલ્યા જવાય !

ટ્રસ્ટીઓની મિટિંગમાં તેઓ ઉપસ્થિત રહ્યા નહીં. દૂર હિમાલયની કંદરાઓમાં ભ્રમણ અર્થે ચાલ્યા ગયા. આખી સાંજ ગંગાનું સાન્નિધ્ય અને એકાંત માણી તેઓ જ્યારે કુટીરમાં પાછા ફર્યા ત્યારે સંતો-ટ્રસ્ટીઓ અને ગુરુભાઈઓ તેમને અભિનંદન આપવા ટોળે મળ્યા.

સૌએ એક સ્વરમાં કહ્યું, 'અમે સૌએ આપને દિવ્ય જીવન સંઘના અધ્યક્ષપદ માટે ચૂંટી કાઢ્યા છે, આ નિર્ણય સર્વ સહમતીથી લેવામાં આવ્યો છે. હવે કૃપા કરીને આપશ્રી આ ઉત્તરદાયિત્વ નિભાવો અને આ પદનો ઈન્કાર ન કરો.

સ્વામીજીએ કહ્યું, 'જે પદ પર ગુરુદેવ હતા, તે પદ પર મારી નિયુક્તિ થઈ જ ન શકે. હું તો તેમનાં ચરણોનો દાસ છું. મને આટલો ઊંચો ન ઉઠાવો.'

'પરંતુ ગુરુદેવ સ્વયં આપને જ જ્યેષ્ઠ શિષ્ય કહેતા હતા.'

'તે તો ગુરુદેવની મહાનતા હતી. પરંતુ શું ચકલું ગરુડ જેટલું

ઊંચે ઊડી શકે ? શું કાગડો રાજહંસની ચાલ ચાલી શકે ? ગુરુદેવનું સ્થાન લેવાની મારી કોઈ પાત્રતા જ નથી.'

હવે સ્વામીજીને સમજાવવાનો એક જ માર્ગ હતો. સ્વામી કૃષ્ણાનંદજી ગુરુદેવની પાદુકાઓ લઈને આવ્યા. તેમણે તે પાદુકાજીને સ્વામી ચિદાનંદજી સમક્ષ મૂકીને કહ્યું, 'તમારે ચાલ્યા જવું છે ને ? લો, તો આ પાદુકાજીને ટપીને જાઓ.'

સ્વામીજી સ્તબ્ધ થઈ ગયા. તેઓ સાત સાગર પાર કરવાને સક્ષમ હતા, આપત્તિના ડુંગરા ઓળંગવા તેમને મન સરળ કામ હતું, કોઈ વૈશ્વિક મોહના અંબારમાં તેમનાં કદમ ડગમગે તેવું ન હતું.

પરંતુ આ પાદુકાજી ! શ્રી ગુરુદેવ પ્રત્યક્ષ ! તેને કયા નિર્મમ હાથો વડે દૂર કરું ! પાદુકાજીનું ઉલ્લંઘન... એટલે પ્રત્યક્ષ શ્રી ગુરુદેવનું ઉલ્લંઘન !!!

તેમણે પાદુકાજીને પ્રણામ કર્યા, અને બોલ્યા,

'જવાબદારી ઉપાડીએ તો નિભાવવી પણ પડે.'

ઈ.સ. ઓગણીસસો ત્રેસઠની અઢારમી ઓગસ્ટે (તા.૧૮-૮-૧૯૬૩) સ્વામી ચિદાનંદજી મહારાજ દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ તરીકે નિર્ધારિત થયા. શ્રી ગુરુદેવના આસન ઉપર તેમની પાદુકાઓજી પધરાવીને તેમણે કહ્યું, 'દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ સ્વામી શિવાનંદજી મહારાજના પ્રતિનિધિના રૂપમાં દાસ ચિદાનંદ આ સેવાનો સ્વીકાર કરે છે.' તેમણે બંને કર જોડી, ખૂબ જ વીનિત ભાવે... દીનભાવે આર્દ્ર હૃદયે પ્રાર્થના કરી...

'પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવનાં શ્રીચરણોમાં, તેમની પ્રત્યક્ષ અનુભૂતિ આ પાદુકાજીમાં અનુભવતાં મારી વિનમ્રભાવે પ્રાર્થના છે કે મને પ્રમાણિક રહીને સેવા કરવાની, કર્તવ્ય ભાવનાથી પ્રેરિત થઈને કામ કરવાની અને એક અદના સેવકના ભાવથી જીવનયાપન કરવાની ક્ષમતા આપજો. અને આપના આ દાસને વિનયશીલતા, નિઃસ્વાર્થતા અને સર્વસમર્પણના પવિત્ર ગુણોથી કદી વંચિત ન કરશો.'

દિવ્ય જીવન સંઘના સર્વોચ્ચ પદનો સ્વીકાર કરતી વખતે પણ



દૈવી ગુણોથી પાકીને મધુર બનેલ ફળો દ્વારા આમ્રવૃક્ષની વિનમ્રતા સમાન સ્વામીજીનું મસ્તક પણ ઝૂકેલું હતું. પોતાના આ સમર્પિત શિષ્યને દેખીને ગુરુદેવનું સમાધિ સ્થળ આનંદ અને તેજથી આલોકિત...પુલકિત થયું. દિવ્ય જીવન સંઘ ફરીથી એકવાર સનાથ થઈ ગયું. ભવસાગરમાં તૂટેલી, ભટકતી નૌકાના ખેવૈયાઓને એક દયાળુ અને ધૈર્યવાન ભોમિયો મળ્યો. સ્વામીજી મનમાં કહી રહ્યા હતા-

'I am thine. Thou art mine. Thy will be done. I want nothing. Nothing but you.' સ્વામીજી સ્વસ્થ થયા, અને દિવ્ય જીવન સંઘના પ્રત્યેક સદસ્યના મનમાં ઈદ, ક્રિસમસ અને દિવાળીનો આનંદ એક સાથે ઉમટ્યો.

# ૮

# અધ્યક્ષપદ અને દરિયાપારના દેશોમાં

## [૨૯]

ગુરુદેવ વગર સૂના લાગતા તે પવિત્ર આશ્રમમાં ગુરુદેવની પવિત્ર સમાધિ પાસે બેસીને સ્વામી ચિદાનંદજી બોલી રહ્યા હતા...

'હે અમૃતપુત્રો ! શ્રી સદ્ગુરુદેવ આ આશ્રમના રૂપમાં એક મોટો વારસો અને જવાબદારી આપણને સૌને સોંપી ગયા છે. આ પુણ્યસલીલા માતા ભાગીરથીને પાવન તટે ભક્તિ, જ્ઞાન, ધ્યાન, કર્મ, પરોપકાર અને સેવાનો મોટો ખજાનો સોંપીને ગયા છે. આધ્યાત્મિક વાઙ્મયના રૂપે જ્ઞાનગંગા વહાવી ગયા છે.

તેમણે આપણને જીવનયાપન અને સાધનાનો એક આદર્શ નમૂનો સોંપ્યો છે. તેને આપણે દિવ્ય જીવન કહીએ છીએ. આ જીવન શરીર અને મનનું જીવન નથી, દિવ્ય જીવન છે જે આપણને પોતાના સ્વયંના રૂપ, પોતાના આત્મસ્વરૂપ, પાસે લાવે છે. તેમણે આપણને આદેશ આપ્યો- આ પવિત્ર સંદેશ... દિવ્ય આવાહન કર્યું છે.

'માટે દિવ્યતાથી ભર્યું ભર્યું જીવન જીવો, કારણ કે તમો સ્વયં દિવ્ય સ્વરૂપ છો. જો તમને એવું લાગતું હોય કે અનેક ઉપાધિ અને વિટંબણાથી ઘેરાયેલું આ શરીર હું છું, તો તમો તમારી જાતને ઓળખતા



જ નથી. તમો આ નાશવાન ત્રસ્ત શરીર નથી જ, તમો અજર અમર અવિનાશી ભવ્ય દિવ્ય આત્મા છો, અમૃતપુત્ર છો.

તેમણે કહ્યું છે કે, દિવ્ય જીવનનો પાયો એટલે સત્ય, શુદ્ધતા, કરુણા સૌ પ્રત્યે હાર્દિક પ્રેમ... એ જ છે.'

શ્રી સદ્ગુરુદેવે આપણને એક નવું વ્યક્તિત્વ આપ્યું છે. તેમણે સદૈવ સાધક થઈને રહેવા માટે, આધ્યાત્મિક સાધનાને અવિભાજ્ય અંગ બનાવવા માટે ભાર આપ્યો. તેઓ સદૈવ કહેતા, 'તમારા ગૃહસ્થ-સાંસારિક જીવનમાં તમો કોઈ પણ ક્ષેત્રે હો, વકીલ, ડૉક્ટર, એન્જિનિયર, પ્રાધ્યાપક, ટેક્ષી ડ્રાઈવર કે સાધારણ દામ્પત્યજીવન યાપન કરનારા ગૃહસ્થ... પરંતુ દૈનિક આધ્યાત્મિક સાધનામાં પ્રમાદ કદીયે ન કરશો. તમારા દિવસનો પ્રારંભ સાધનાથી કરો, અને તમારી સંધ્યા સાધનામાં જ સમ્પન્ન થાઓ. તમારો આખોયે દિવસ સાધનાસભર હો. તમો દિવસમાં જે કંઈ કરો છો, ખાઓ, પીઓ, હરો, ફરો, ઊઠો, બેસો, બોલો, ચાલો... આ બધું પ્રભુમય હોય. પ્રભુ માટે હોય, પ્રભુપ્રીત્યર્થે હોય, પ્રભુને જ સમર્પિત ભાવથી હોય.'

સદ્ગુરુદેવે આપણને એક નવીન ચેતના પ્રદાન કરી છે. તે એક પરમ દિવ્ય, અમૂલ્ય અને અતુલ્ય વારસો છે. તેમનું શિક્ષણ, તેમના વિચારો દ્વારા તેઓ આપણી વચ્ચે જીવંત છે. દિવ્ય જીવનના માર્ગે આગળ વધવા માટે તેમણે બહુ જ સરળ વાતો આપણને કહી છે.

'દિવસમાં બે વખત જપ અવશ્ય કરો. થોડો સમય ધ્યાન જરૂર કરો, નિયમિત થોડાં આસન અને પ્રાણાયામ કરો. દાન કરો. તમારી ચોપાસ વસેલાં સૌ નાના-મોટા મનુષ્યો, જીવ-જંતુ, ઝાડ-પાન સૌને સ્નેહ આપો, પ્રેમ કરો. રોગીની સેવા કરો. ઓછું બોલો. જીવનમાં વ્યસ્તતા ગમે તેટલી હોય તો પણ નાનાં મોટાં પ્રત્યેક કાર્યો પહેલાં અને વચ્ચે વચ્ચે થોડી પળો આંખો બંધ કરીને પરમાત્માનું સ્મરણ કરો, અને ફરીથી કામમાં વ્યસ્ત થઈ જાઓ. ઈશ્વરને તમારા પ્રત્યેક શ્વાસનો સાક્ષી બનાવો.

આ ગતિમાન વીસમી સદી માટે કેટલી સરળ અને સીધી-સાદી

વાતો... અને સૂચનાઓ શ્રી સદ્‌ગુરુદેવે આપણને આપેલ છે.'

સ્વામીજી બોલી રહ્યા હતા. પરંતુ સદ્‌ગુરુદેવ સંબંધે બોલતાં તેમનો કંઠ રુંધાઈ જતો હતો, મન ભરાઈ જતું હતું. એવું લાગતું હતું કેટલું બોલું ? શું બોલું ? કેમ બોલું ? અને શ્રોતાઓને એ જ સભાનતા થાય કે સદ્‌ગુરુદેવ ગયા જ નથી. સ્વામીજીના વિચારો, વાણી અને વર્તનમાં શિવાનંદજી ઓતપ્રોત થઈ ગયા હતા. શિવાનંદ ચિદાનંદમાં સાકાર થયા હતા.

મહારાષ્ટ્રની ભાષા 'મરાઠી'માં 'દાસબોધ' નામનો એક ગ્રંથ છે. શિવાજી મહારાજના ગુરુ સમર્થ રામદાસજીએ તે ગ્રંથ લખ્યો છે. તેમણે આ ગ્રંથમાં આધ્યાત્મિક ભક્તસમાજનું પથપ્રદર્શન કે માર્ગદર્શન કરનારા આધ્યાત્મિક શિક્ષકને 'મહંત' કહ્યો છે. 'મહંત' કેવા હોવા જોઈએ તેનું વર્ણન કરતાં કહ્યું છે,

**સા કડી મધ્યે વર્તો જાણે**
**ઉપાધિ મધ્યે મિળો જાણે.**
**અલિપ્તપણ રાખણો જાણે । આપણાસી ॥**
**આહે તરી સર્વા ઠાયી.**
**પાહૂ જાતા કોઠેચિ નાહી ।**
**જૈસા અંતરાત્મા ઠાઈચા ઠાઈ । ગુપ્ત જાલા ॥**
**ત્યા વેગળે કાહીચ નસે ।**
**પાહો જાતા તો ન દિસે ।**
**ન દિસોન વર્તવીતસે । પ્રાણી માત્રાંસી ॥**

અર્થાત્

આપત્તિ સમયે કેવો વ્યવહાર કરવો તે તે માત્ર જાણે છે. ક્યાં આધ્યાત્મિક, ક્યાં સામાજિક કાર્યોમાં એકરૂપ થવું તે પણ તે જાણે છે અને આ બધાં વચ્ચેથી પોતાની જાતને અલિપ્ત કેમ રાખવી તે પણ તે જાણે છે. મહંત એવી રીતે અલિપ્ત રહે છે કે જેવી રીતે અંતરાત્મા શરીરમાં રહેવા છતાં શરીરથી પૃથક્-અલિપ્ત રહે છે; તેમાં અંતરાત્મા તો જડ ચેતન જીવ જગત સર્વત્ર છે, છતાં આપણે જો તેને દેખવા માગીએ



તો તે દેખાતો તો નથી જ. એવી જ રીતે કાર્યકલાપ કે મેળાવડાઓ વચ્ચે મહંત આવે છે, ભાગ લે છે, પરંતુ તેનાં નિજી જીવનમાં તે આ બધાંથી અલિપ્ત જ રહે છે. તે એકાંતપ્રિય હોય છે. અંતરાત્મા દૃશ્યમાન ન હોવા છતાં તમામ જીવોને પ્રેરણા તો આપતો જ રહે છે. તેવી જ રીતે મહંત સર્વે સામાજિક કાર્યોમાં પ્રેરણામૂર્તિ હોવા છતાં આ બધાંથી અલિપ્ત જ રહે છે. (સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ આ સંબંધે કહેતા... 'ના હમ, ના તુમ... દફતર ગુમ.' ઓફિસ-કાર્યાલયમાં રહે ત્યારે દરેક કાર્ય ચોકસાઈથી કરે, પરંતુ પોતાની કુટીરમાં આવે એટલે આત્માનો જ અંચળો ઓઢીને રહે.)

સમર્થ રામદાસજી દ્વારા પ્રબોધાયેલાં આદર્શ મહંતનાં તમામ લક્ષણો સ્વામી ચિદાનંદજીમાં દૃશ્યમાન થતાં હતાં. તેઓ જાણીજોઈને લોકસંગ્રહ ન કરતા. લોકો જ તેમની પાસે આવતા... સ્વામીજી દિવ્ય જીવન સંઘની વ્યવસ્થામાં વ્યસ્ત થઈ ગયા. આશ્રમના દૈનિક કાર્યો-કાર્યક્રમો સાથે સમગ્ર વિશ્વમાં વિસ્તરેલી દિવ્ય જીવન સંઘની શાખાઓનું માર્ગદર્શન કરવાનું. તેમ અનેક પ્રકારની વ્યસ્તતા હતી. સદ્‌ગુરુદેવે પોતાના આ એકાંતપ્રિય શિષ્ય ઉપર અખિલ માનવજાતિના કલ્યાણ માટે... લોકસંગ્રહ માટે જવાબદારી સોંપી હતી. તેને જ હવે ઈશ્વરસેવા જાણીને તેની પૂર્ણતા માટે સ્વામીજી તત્પર હતા.

સ્વામીજીના દિવસનો પ્રારંભ બ્રાહ્મમુહૂર્તમાં થતો હતો. સવારે સાત વાગ્યે ચા પીધા પછી લોકો સાથે તેમની મુલાકાતોનો પ્રારંભ થતો હતો. અનેક વિદેશી મુમુક્ષુઓ અને જિજ્ઞાસુઓ પણ ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મ સંબંધી માર્ગદર્શન માટે આવતા. કોઈને વ્યક્તિગત આધ્યાત્મિક માર્ગદર્શનની આવશ્યકતા હોય, અનેક લોકો સ્વામીજી પાસે પોતાની દુન્યવી સમસ્યાઓના સમાધાન માટે પણ આવતા. સવારે સાડા દસ વાગ્યાની આસપાસ આશ્રમમાં આવીને અલ્પકાળ માટે રહેલા સાધકો મહેમાનોને તેઓ ભજનહૉલમાં મુલાકાત આપતા. સાડા અગિયાર વાગ્યે પાછા આવીને વ્યક્તિગત મુલાકાતો આપતા. આ બધું દોઢેક વાગ્યા સુધી ચાલતું. પછી સ્વામીજી થોડો સાદો સાત્ત્વિક આહાર

લેતા. સ્વામીજીનો આહાર દિવસે દિવસે ઓછો થતાં અંતે તો બિલકુલ નહિવત્ થઈ ગયો હતો. મધ્યાહ્ન ભોજન પછી ઓફિસમાં આવતા આવશ્યક પત્રવ્યવહારનું વાંચન પ્રત્યુત્તર અને ઢળતી બપોરે થોડો વિશ્રામ. સાંજે ફરીથી ઓફિસના કામ માટે આશ્રમના વરિષ્ઠ અધિકૃત સાધકો અને થોડા મુલાકાતીઓને મળ્યા બાદ તેઓ લક્ષ્મણઝૂલા સુધી સાયંભ્રમણમાં જતા. ફરી પાછું થોડી મુલાકાતો, થોડો પત્રવહેવાર... બાદ રાત્રે નવ વાગ્યે રાત્રી સત્સંગમાં તેઓ પધારતા. રાત્રે દસ વાગ્યા પછી થોડો સુપ પીને ફરીથી કાર્યાલયના કાર્યો મોડી રાત્રી સુધી કરતા.

સ્વામીજી અમેરિકા અને યુરોપના ત્રણ મહિનાના પ્રવાસ પછી પાછા આવ્યા હતા, અને ફરીથી પંદર દિવસ માટે ભારતમાં જ પ્રવાસ કરવાનો હતો, ત્યારે એક આગંતુક દર્શનાર્થીએ ટકોર કરી...

'સ્વામીજી ! આપનાં દર્શન તો ભગવાનનાં દર્શનથી પણ વધુ દુષ્કર થઈ ગયાં છે.' ક્ષણભર થોડું હસીને સ્વામીજીએ કહ્યું.

'શું કરું ! મૈં હું સંસાર કે હાથો મેં... સંસાર હૈ ઉસકે હાથો મેં.' અરે ! એ તો નિત્યલીલા રચે છે અને શાંતિ તથા આનંદથી આ લીલા નિહાળતો રહે છે. જ્યારે હું તેની લીલા અને પ્રપંચના બંધનોમાં બંધાયેલો છું. સમય તેનાં બંધનમાં છે, હું સમયના બંધનમાં છું. જુઓ, મને યુરોપથી આવ્યે પંદર દિવસ થઈ ગયા છે, પરંતુ મેં હજુ મારા પ્રવાસનો સામાન પણ ખોલ્યો નથી, કે ફરીથી યાત્રામાં જવા માટે નવો સામાન બાંધ્યો પણ નથી.'

સ્વામીજીનાં દર્શન માટે હવે ભારત બહારથી પણ લોકો પ્રાર્થી રહ્યા હતા. સૌ ચાહતા હતા કે સ્વામીજી અમારે ત્યાં પધારે. અંતે શ્રીલંકાના ભક્તોની પ્રાર્થના સફળ થઈ. તેર જૂન ઓગણીસસો પાંસઠ (તા.૧૩-૬-૧૯૬૫)માં સ્વામીજીએ શ્રીલંકાની ભૂમિ પર પોતાનાં પવિત્ર પગલાં કર્યાં. કોલંબોમાં સ્વામીજીનું સ્વાગત ખૂબ ધામધૂમથી થયું. કોલંબોના નગરપાલિકા અધ્યક્ષ વ્હીસેન્ટ પરેરાને અતિ આનંદમાં કંઈ સમજણ પડતી ન હતી કે હું સ્વામીજી વિશે શું કહું ? સ્વામીજીએ પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું,



'હે દિવ્ય અમૃતમય આત્મસ્વરૂપ ! અસત્યનાં આવરણમાં સત્યને ઢંકાવા ન દો. અજ્ઞાનનાં વાદળોથી જ્ઞાનસૂર્યનું તેજ ઝાંખું ન પડવું જોઈએ. આપણું આ પૃથ્વી પરનું જીવન તો અલ્પાયુ છે. આ અલ્પકાલીન જીવન તમારાં વાસ્તવિક જ્ઞાનને, તમારાં જીવનમૂલ્યોને ઝૂંટવી ન લે, લૂંટી ન લે, બરબાદ ન કરે, માટે સાવધાન રહો. તમારા મૂળ સ્વરૂપ... અમર આત્મસ્વરૂપની અનુભૂતિ અને ચેતનાથી તમો વિહોણા થશો નહીં. આત્મજ્ઞાન તો તમારો જન્મસિદ્ધ હક્ક છે. તમો અમર છો. તમો ચિરંતન શાશ્વત આત્મસ્વરૂપ છો. તમો જન્મમૃત્યુથી પૃથક્, અનાદિ અનંત અવિનાશી છો. તમો શાશ્વત તેજોમય અસ્તિત્વ છો. તમો ચિરંતન દિવ્ય ભવ્ય તેજોમય આલોકપૂંજ છો...' આ જ યાત્રામાં સ્વામીજીએ જાફના, ચુન્નકમ્, બટ્ટીકોલા પેરોડેનિયા, નાવલપીતિયા, કટરંગમા અને બીજાં અનેક સ્થાનોની યાત્રા કરી.

શ્રીલંકાના જનસમુદાયના રૂપમાં સ્વામીજીનાં નેત્રો સમક્ષ જાણે કે પરમેશ્વર પ્રગટ થયા હતા. સ્વામીજી એ વિરાટ ભગવાનની વાઙ્મય પૂજા કરી રહ્યા હતા.

'હે પ્રભો ! આપનાં શ્રી ચરણોમાં ભક્તિપૂર્ણ ભેટના રૂપમાં હું મારા જીવનનો સઘળો ઘટનાક્રમ અર્પણ કરું છું. નાથ ! જે કંઈ કહી રહ્યો છું, કરી રહ્યો છું, તે સઘળું આપની જ આરાધના છે. પ્રભુ ! તેનો આપ દયા અને પ્રેમથી સ્વીકાર કરો.'

જાફનાના સહસ્રરૂપ પરમાત્માને તેમણે વિનમ્રતાથી નમસ્કાર કર્યા અને સમગ્ર જાફનાવાસીઓને આશ્ચર્ય... તેઓ તો દંગ જ થઈ ગયા.

'પરમેશ્વર પ્રત્યે અગ્રસર થવા માટે જ જીવો. સદ્‌ગુણોનું આચરણ કરવા માટે જીવો. પોતાની અંદર જે દિવ્યત્વ છે તેના પ્રગટીકરણ માટે જીવો. તમારા જીવનનો તે જ હેતુ અને અર્થ છે. સમગ્ર શ્રીલંકામાં તેમણે આ સંદેશનો પ્રચાર-પ્રસાર કર્યો.

સ્વામીજી કુરુનેગલ ગયા. તેમનું પ્રવચન ચાલતું હતું, ત્યાં એક વૃદ્ધ સ્ત્રીની આંખો તેમનાં દર્શન માટે તડપી રહી હતી. તે મહિલાનું નામ હતું 'નિત્યાલક્ષ્મી તાંબ્રરાજ'. બહુ લાંબાગાળાથી તે સ્વામી

શિવાનંદને પોતાના ગુરુ સ્વરૂપે માનતી હતી. તેણે ચિદાનંદજીને પોતાને ઘરે પધારવા માટે પ્રાર્થના કરી. સ્વામીજી તો કોઈને પણ નિરાશ કરવા માટે ટેવાયેલા જ ન હતા. તેમણે તે મહિલાને ત્યાં બીજે દિવસે જવા માટે વાયદો કર્યો.

નિત્યાલક્ષ્મીએ પોતાનાં સમગ્ર ઘર અને આંગણાંની ખૂબ સાફસફાઈ કરી. ફૂલ અને ફળ લાવીને રાખ્યા. સ્વામીજી માટે સુંદર બેસવાની વ્યવસ્થા કરીને, આસન બિછાવ્યું. તેમના હૃદયમાં વારંવાર સ્વામી શિવાનંદજી મહારાજની સ્મૃતિઓ હિલોળા લઈ રહી હતી. આજે શ્રીલંકામાં એક શબરી પ્રભુ શ્રીરામની પ્રતીક્ષા કરી રહી હતી. અને તે પુનિત ચરણો તેના દ્વારે પધાર્યાં. તેની આંખોમાંથી પ્રેમાશ્રુની ધારા વહેવા લાગી, જાણે કે સ્વામીજીના પાદપ્રક્ષાલન માટે ગંગાયમુનાની પવિત્ર જળધારા ! અત્યંત સમર્પિત ભાવથી તેણે પોતાનું મસ્તક પૂજ્ય સ્વામીજીનાં શ્રીચરણોમાં મૂક્યું, તેનું હૃદય ભાવ-ઊર્મિથી ઊભરાઈ આવ્યું. તેણે અનુભવ કર્યો કે સ્વામી શિવાનંદજી તેની સામે પ્રત્યક્ષ ઊભેલા છે. લૌકિક જીવનનાં તેનાં તમામ બંધનો છૂટી ગયાં, માનો કે મનથી તો તે મુક્ત થઈ ગઈ.

ત્યાર પછી સ્વામીજી કૅંડી ગયા. ત્યાં યોગીરાજ સ્વામી સચ્ચિદાનંદજી અને શ્રી સૉલી મારાલૉડ તથા વિશાળ ભક્તમંડળે તેમનું સ્વાગત કર્યું. તેમને અનેક સન્માનપત્રો અર્પણ કરવામાં આવ્યાં. પરંતુ માન-અપમાન, સુખ-દુઃખ આ તમામથી પૃથક્ સ્વામીજીને આવાં સન્માનપત્રોનું શું મહત્ત્વ ? ન સન્માનનો આનંદ કે ન તો અપમાનનો ખેદ. તેમને માટે તો આ બધું ઈશ્વરનો પ્રસાદ જ હતો. પોતાના પ્રત્યુત્તરમાં તેમણે ખૂબ જ વિનમ્રતાથી કહ્યું, ‘સાધુ માત્ર એક પરમેશ્વરના સન્માન અને તેની કૃપા માટે જ જીવે છે. પોતાના સન્માનની આશા તેને કદીયે નથી હોતી. આજે મારા જીવનમાં જે સત્યાનુભૂતિ છે, મેં જેમનાં શ્રી ચરણોમાં બેસીને પ્રાપ્ત કરેલ છે, જેમનાં સ્વરૂપનાં ચિંતનમાં હું આજે જીવું છું, તેનો બધો યશ સ્વામી શિવાનંદજીનો જ છે, તેમનો તો હું માત્ર એક વિનમ્ર તુચ્છ દાસાનુદાસ છું.



આ પવિત્ર ચરિત્ર અને વિનમ્ર શિષ્યનાં દર્શનથી સમગ્ર શ્રીલંકા ધન્ય થઈ ગઈ. ત્યાંથી પાછા ફરતાં સ્વામીજી મલેશિયા, હોંગકોંગ વગેરે અનેક સ્થળોએ ગયા. કમલપુષ્પોની સુગંધ અને સૌરભની કાંઈ જાહેરાત કરવી પડતી નથી. સ્વામીજીની દિવ્ય આધ્યાત્મિક શક્તિ હવે સમગ્ર વિશ્વને વિદિત થઈ ગઈ હતી. સ્વામી શિવાનંદજીનો ઉપદેશ વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડવો, સમાજને નીતિ, શાંતિ અને પ્રગતિનો માર્ગ પ્રદર્શિત કરવો એ તો સ્વામીજીએ પોતાનું કર્તવ્ય ગણ્યું હતું. હવે થોડો સમય દેશમાં જ રહીશ એવું નક્કી કર્યા પછી પણ સ્વામીજીને વિદેશ જવું પડ્યું.

સ્વામી શિવાનંદજીના સમયમાં દિવ્ય જીવન સંઘની સ્થાપના અને દેશ-વિદેશમાં તેનો પ્રચાર-પ્રસાર થયો. પરંતુ શ્રી ગુરુદેવે તો એક જ વાર સમગ્ર ભારત અને શ્રીલંકાની યાત્રા કરી હતી. તેઓ તો આશ્રમમાં જ સદા રહ્યા અને આશ્રમસંચાલન, પોતાનું અકલ્પનીય લેખનકાર્ય દ્વારા વિશ્વવ્યાપી દિવ્ય જીવન સામ્રાજ્યના પાયાનાં મંડાણ થઈ રહ્યાં હતાં. પરંતુ સ્વામી ચિદાનંદજી અધ્યક્ષપદે બિરાજ્યા ત્યારે આશ્રમનું કાર્ય સુસ્થિરપણે ચાલતું જ હતું. પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી કૃષ્ણાનંદજીના રૂપમાં, તેમના ગુરુભાઈ આશ્રમ વ્યવસ્થાનું કાર્ય ખૂબ જ પ્રમાણિકતાથી અને પૂરેપૂરી જવાબદારી નિભાવીને અત્યંત અનુશાસન તથા કઠોર નિયમોનું પાલન કરીને કરી રહ્યા હતા. પરંતુ સદ્‌ગુરુદેવનું તત્ત્વજ્ઞાન હતું તેનાથી પણ વધુ સરળ બનાવીને સમગ્ર વિશ્વમાં તેની લહાણ કરવાનું ખૂબ જ મહત્ત્વનું કામ હજુ બાકી હતું. લોકોને એક એવા આદર્શની આવશ્યકતા હતી કે જેનું આચરણ વાસ્તવિક જીવનમાં પાલન કરી શકાય. એ કામ તો ચિદાનંદજીએ જ કરવાનું હતું. સદ્‌ગુરુદેવ પોતાનું અધૂરું કાર્ય સ્વામીજીના રૂપમાં કરી રહ્યા હતા કે સ્વામીજીના રૂપમાં જ હવે શિવાનંદજી જીવી રહ્યા હતા, કે જેથી મુમુક્ષુઓનો અધ્યાત્મપથ અજવાળાય ? જે કંઈ પણ હોય, સ્વામીજીએ એક યુગપ્રવર્તક યાત્રાનો સંકલ્પ કરવો જ પડ્યો. દક્ષિણ આફ્રિકા સ્થિત ધી ડિવાઈન લાઈફ સોસાયટી ઓફ સાઉથ આફ્રિકા, ડરબનના અધ્યક્ષ શ્રીમત્ સ્વામી

સહજાનંદજી મહારાજે સ્વામીજીને દક્ષિણ આફ્રિકા પધારવાની વિનંતી કરી. સ્વામીજીએ તેનો સ્વીકાર કર્યો.

બીજી મે, ઓગણીસસો અડસઠ (તા.૨-૫-૧૯૬૮)નો પવિત્ર દિવસ. મુંબઈના અરબી સમુદ્રતટે 'કંપોજ' નામની એક ફ્રેન્ચ સ્ટીમર તેમની રાહ જોઈ ઊભી હતી. સ્વામીજીએ સદ્‌ગુરુદેવની પાદુકાઓનું પૂજન કર્યું. આજે શ્રી શ્રી મા આનંદમયીમાનો પુનિત પ્રાકટ્ય દિવસ હતો. તેમની છબી પધરાવવામાં આવી. સ્વામીજીએ પૂજ્યા માને પુષ્પો અર્પણ કર્યાં. દંડવત્ પ્રણામ કર્યા અને દક્ષિણ આફ્રિકા ભણી પ્રયાણ કર્યું.

તેરમી મેના દિવસે ડરબનના સિટી હૉલમાં સ્વામીજીના સ્વાગતની જોરદાર તૈયારી કરવામાં આવી હતી. આફ્રિકાનો વરિષ્ઠ વિદ્વત્ સમાજ ભારતના આ મહાન સંતના દર્શન માટે ઉત્સુક હતો. ડરબન યુનિવર્સિટી કોલેજના રેક્ટર પ્રા. એસ.પી. ઓલિવ્હિએર સ્વામીજીની રાહ જોઈ રહ્યા હતા અને મનમાં વિચારતા હતા :

'ભારતીય સાધુઓ વિશે તો બહુ સાંભળ્યું છે. કેવા હશે તે ચિદાનંદ ? તેમના ધર્મનાં તત્ત્વજ્ઞાનને જાણ્યું છે, બહુ અટપટું અને ગહન હોય છે. તેમાં અનેક અમાનવી વિદ્યાઓ પણ વણાયેલી હોય છે. શું તેઓ કંઈક એવું જ અતીન્દ્રિય શક્તિઓ સંબંધી કંઈક કહેશે ? અથવા કંઈક એવી સાધના, વિદ્યા કે જે સીધેસીધી પ્રાપંચિક જીવનમાં જીવી ન શકાય ?'

એટલામાં સ્વામીજીનું આગમન થયું. પ્રોફેસર સાહેબ તરફ દેખીને પ્રસન્નતાથી સ્મિત કરીને, તેમને બંને હાથ જોડીને, મસ્તક ઝુકાવીને તેમને પ્રણામ કર્યા. શું આ સાચું હતું ? આવું થાય ? લોકો જેને ઈશ્વર માને છે, તે સ્વયં ઝૂકીને પ્રણામ કરી રહ્યો છે. તેમના મનની સમસ્ત આશંકાઓ ક્ષણભરમાં નિર્મૂળ થઈ ગઈ, તેમને લાગ્યું કે કોઈ ચિરપરિચિત મિત્ર લાંબાગાળે આજ ખૂબ જ પ્રેમથી મળી રહ્યો હોય. સ્વામીજીને તેઓ આદરપૂર્વક વ્યાસપીઠ ઉપર લઈ આવ્યા. તેમણે સ્વામીજીનો પરિચય કરાવતાં કહ્યું, 'આંતરરાષ્ટ્રીય કીર્તિના આધ્યાત્મિક



ઉપદેશક' ત્યારબાદ સ્વામીજીએ પોતાના પ્રભાવી શબ્દોમાં ઉદ્‌બોધનનો પ્રારંભ કર્યો.

'ઘર અને કાર્યાલયોનાં કાર્યોમાં સદા વ્યક્ત તમારે દિવસમાં કલાકો સુધી કોઈ આધ્યાત્મિક સાધના કરવાની આવશ્યકતા નથી. માત્ર એક પળ... તમારાં કામનાં ટેબલ-ખુરશી ઉપર જ બેસીને... બસ ક્ષણભર માટે આંખો બંધ કરો. તે પરમ પિતા પરમેશ્વરનું સ્મરણ કરો. તેણે આપણને જે સુંદર જીવન આપ્યું છે, તેને માટે ધન્યવાદ જ્ઞાપન કરો, કૃતજ્ઞતા વ્યક્ત કરો. દિવસે તમારા કાર્યક્ષેત્રમાં કામ કરતાં કરતાં જ મનમાં પ્રભુસ્મરણ-જપ કરો. પોતાનું કામ જ તેની પૂજા છે તેમ માનીને પ્રત્યેક કામ નિષ્ઠાથી કરો. પ્રત્યેક કામ પ્રમાણિકતાથી કરો. તેમાંથી મને શું મળશે ? તેવા લાભની અપેક્ષા ન રાખો. તમારું દૈનિક જીવન અને તમારી આધ્યાત્મિક સાધના તે બંને જુદાં જુદાં તત્ત્વો કે પાસાંઓ નથી, કે તેમાં કોઈ ગૂઢ રહસ્યો પણ રહેલાં નથી.

પ્રોફેસર ઓલિવ્હિએર તો સ્તબ્ધ થઈ ગયા. તમામ શ્રોતા સમુદાયના ચહેરા ઉપર પણ એ જ ભાવ હતા. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોનું તત્ત્વજ્ઞાન... આટલું બધું સરળ... સચોટ અને સીધું... અરે ! ભારત વિશે તો અમોએ કેટલી બધી ગડમથલ કરેલી ?

પ્રોફેસર ઓલિવ્હિએરે સ્વામીજીને વિનંતી કરી કે તેઓ તેમની કોલેજમાં પધારે અને વિદ્યાર્થીઓને સંબોધન કરે. સ્વામીજીએ ત્યાં યુવાવર્ગનાં મન જીતી લીધાં. પોતાના છાત્ર જીવનમાં ચારિત્ર્યસંવર્ધનની શું આવશ્યકતા છે, તેને કેમ કરી શકાય તે તેમણે સમજાવ્યું.

સ્વામીજી દક્ષિણ આફ્રિકામાં અથક ભ્રમણ કરી રહ્યા હતા. સ્વામી શિવાનંદજીનો સંદેશ તેઓ ખૂણે ખૂણે પહોંચાડી રહ્યા હતા. ભારતીય સંસ્કૃતિ માનવજીવનને કેવી રીતે દિવ્ય બનાવી શકે, તે વાતનું તેઓ ઠેર ઠેર પુનરાવર્તન કરી રહ્યા હતા. ભૌતિક સુખોથી પર પણ કંઈક આનંદ હોય છે તેની ઓળખ કરાવતા હતા. મેટે બેંક, નોર્થડિમ, સ્ટેંજર, ડોરનોલ, ડર્મ્ઝિટો, પિટર મેરીઝબર્ગ, કિંબર્લી લેડીસ્મિથ, કેપટાઉન આ તમામ સ્થળોએ સ્વામીજી ગયા. આ પ્રત્યેક સ્થળોના લોકોએ સ્વામીજીમાં

એક પયગંબરનાં દર્શન કર્યાં... એક મહાન પયગંબર.

ત્યારબાદ સ્વામીજી મોરીશિયસ, ઝિંબ્બાબે, ક્યૂક્યૂ, સેલીસબરી, બુલાવાયો વગેરે દેશોમાં પણ ગયા. પછી તેઓ 'ડોલા' પણ ગયા. 'ડોલા'થી તેઓ મોમ્બાસા આવવાના હતા. મોમ્બાસા દિવ્ય જીવન સંઘના ભક્તોનો ઉત્સાહ ચરમસીમા પર હતો. તેમના ક્રાઈસ્ટ, ઈસુ મસીહા તેમને મળવા આવી રહ્યા હતા. સૌની આંખમાં આંખ મેળવી જુઓ તો દેખાશે એકમાત્ર આતુરતા... અદ્‌ભુત પ્રતીક્ષા... તેમનાં નયન ! ઉન્મિલિત નયન ! પ્રતીક્ષામાં વ્યાકુળતા હતી. સત્તર નવેમ્બરની સાંજે સ્વામીજી ત્યાં પધારવાના હતા. તેમના જાહેર પ્રવચનો ઠેર ઠેર આયોજાયાં હતાં. તે સંબંધી જાહેરાતો પણ પુષ્કળ કરવામાં આવી હતી. મોમ્બાસાની પ્રજા આ ભારતીય સાધુના દર્શન કરવા તલપાપડ થઈ ગઈ હતી. દક્ષિણ આફ્રિકામાં આ પૂર્વે પણ એક મહાન ભારતીય ઈન્સાન રામનામનો મંત્ર લઈને આવ્યો હતો. ગળીના ખેતરોમાં મજૂરો ઉપર થતા અત્યાચારોમાંથી તેણે તેમને મુક્તિ અપાવી હતી. અસ્ત્રશસ્ત્ર વગરનો તેનો સંઘર્ષ આશ્ચર્યજનક હતો. હવે દીર્ઘકાળ પછી ફરીથી એક ભારતીય સાધુ તેમને આત્મીય સુખ અને આત્માની સમૃદ્ધિનો માર્ગ દેખાડવાને આવી રહ્યો હતો. ભક્તો કાર્યક્રમની સફળતા માટે પૂરજોશથી કામે લાગ્યા હતા. કામ કરવા માટે અગણિત હાથો હતા. બસ સેવાર્થી અનેક હતા, પણ હવે એટલી સેવા જ ન હતી. આકસ્મિક કોઈકને ધ્યાનમાં આવ્યું... આયોજનમાં કંઈક ખામી રહી ગઈ છે. ડોલાથી મોમ્બાસા માટે તો ફ્લાઈટ જ નથી ! હવે સ્વામીજીએ દાર-એ-સલામ જવું પડશે. આવું તો થવાનું જ... અને મોમ્બાસાનો કાર્યક્રમ નિર્ધારિત સમયસર નહીં થઈ શકે. સંયોજકો નિરાશ થઈ ગયા. હવે શું થાય ? શ્રદ્ધાથી આવવાવાળા સર્વે શ્રોતાઓને હાથ જોડીને પાછા મોકલવા પડશે. નીચે જમીન ઉપર સંયોજકો નિરાશ વદને બેઠા હતા, અને ઉપર સ્વામીજીનું પ્લેન ટાંઝાનિયાની રાજધાની દાર-એ-સલામ જઈ રહ્યું હતું.

અને અચાનક કન્ટ્રોલરૂમમાંથી સૂચના આવી કે.... હમણાં થયેલ મુશળધાર વરસાદને કારણે દાર-એ-સલામનું ઉતરાણ જોખમીભર્યું હોઈ



પ્લેનને મોમ્બાસા એરપોર્ટ પર ઉતારવું. સ્વામીજીનું મોમ્બાસાના સત્સંગ માટેનું વચન મિથ્યા કેમ થાય ? તમારી નિષ્ઠા સત્યમાં પ્રતિષ્ઠિત હોય તો પૂષા મારુત મેઘ સૌ તમારી સહાયે રહે છે, કારણ કે સમગ્ર બ્રહ્માંડ સત્ય પર જ પ્રતિષ્ઠિત છે ને ? સત્તરમી નવેમ્બરનો કાર્યક્રમ સત્તરમી નવેમ્બરે જ થયો. સ્વામીજીએ આ વિશેષ કૃપા માટે ઈશ્વર પ્રતિ કૃતજ્ઞતા પ્રગટ કરી, આભાર વ્યક્ત કર્યો.

અહીંથી હવે તેઓ આફ્રિકાની યાત્રા પૂરી કરીને રોમ અને પશ્ચિમ જર્મની ગયા. દરિયાપારના દેશો માટે યોગ, ગુરુનું મહત્ત્વ, યોગની વિશ્વવ્યાપકતા, ધ્યાન, એવા અનેક વિષયો ઉપર તેમણે ઉદ્‌બોધનો કર્યાં. સ્વામીજીનાં દર્શન માત્રથી પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાયેલા લોકોની આંખો અશ્રુભીની થઈ ગઈ. બુદ્ધિવાદીઓ તો ચકિત થઈ ગયા. પોતાનો અહંકાર ત્યાગીને તે સૌ તેમને ચરણે પડવા લાગ્યા. ધાર્મિક લોકો તો આ કળિયુગમાં ઈશ્વરનો વિશેષ સંદેશવાહક એમ કહીને તેમના પ્રત્યે ન્યોચ્છાવર થઈ ગયા. એક નિઃશસ્ત્ર, નિર્ધન, સત્તાહીન ભારતીય વિશ્વવિજયી થઈ રહ્યો હતો. તે સૌના મનમાં એક જ સવાલ ઊઠતો હતો. કેવું હશે તે ભારત જ્યાં આવા મહાત્માઓ અવતરે છે ? તેની માટીમાં એવી તે કઈ વિશેષતા છે ? તે માટીની સુગંધ કેવી હશે ? અહીં સર્વત્ર એક વિશિષ્ટ ક્ષમતા સમ્પન્ન આદર્શનું નિર્માણ થયું.

ત્યાંથી સ્વામીજી આમસ્ટરડેમ ગયા. ત્યાં તેમનો નિવાસ ત્રણ અઠવાડિયાનો હતો. 'યોગ સોસાયટી ઓફ નેધરલેન્ડ'ના બે કેન્દ્રોની તેમણે મુલાકાત લીધી. બપોરનો સમય હતો. આમસ્ટરડેમમાં રસ્તા ઉપર સ્વામીજી ચાલી રહ્યા હતા. આજે કોઈ પણ કારણસર તેઓ એકલા હતા. ચાલતાં ચાલતાં તેઓ એક ક્લબમાં પહોંચ્યા. અંદર પ્રકાશ ખૂબ જ ઓછો હતો. માદક અંધારું હતું. એક ઉત્તેજક સંગીત ધીમા અવાજમાં સંભળાતું હતું. તેના તાલે હિપ્પી યુવક-યુવતીઓ નાચી રહ્યાં હતાં. નૃત્યમાં માદકતા હતી. દેહ અને વાસનાનું પ્રદર્શન હતું. દેહ પર વસ્ત્ર છે કે નહીં તેને માટે વિચાર કે મન કંઈ જ વ્યવસ્થિત ન હતાં. બાટલીઓમાંથી શરાબ ઉછળી રહ્યો હતો અને જામ પર જામ...

પ્યાલીઓથી પ્યાલીઓ ભટકાઈ રહી હતી. ચિઅર્સના અવાજોનો કર્કશ અવાજ કર્ણપીડ હતો. સમગ્ર ક્લબ ધુમાડાથી ભરાઈ ગઈ હતી. તો થોડા કંઈક લોકો અફીણના નશામાં તો કોઈ ગાંજાના નશામાં લથડતા હતા. કીમતી સિગારેટોનો ધુમાડો સમગ્ર વાતાવરણને વધુ મદહોશ કરતો હતો. ત્યાંની દરેક વ્યક્તિ નશામાં ધૂર્ત હતી, બેભાન ! આવા વિચિત્ર વાતાવરણમાં સ્વામીજીએ પ્રવેશ કરીને એક ઊંચા પ્લેટફોર્મ પર ઊભા રહીને... આંખો બંધ કરીને પ્રાર્થના કરી.

'હે ભગવાન ! તમારો અનુગ્રહ હો. ગુરુકૃપા કરો તેવી આકાંક્ષા મારા મનમાં છે. તારી કૃપાથી કોઈ ખિન્ન અને ઉદાસ ચહેરા ઉપર હું સ્મિત લાવી શકું, કોઈનાં આંસુ લૂછી શકું, કોઈનો ડર, ભય દૂર કરી શકું તેવી શક્તિ દો ભગવન્ ! પોતાની જાતમાં, એકાકી જીવનમાં, દમ ઘૂટતાં જીવનમાં મનોહરતા ભરવાની ક્ષમતા હો. નાથ ! હે પરમેશ્વર ! જ્યાં જ્યાં અંધકાર ભર્યો હોય ત્યાં ઓછામાં ઓછું ત્યાંનો એક ખૂણો હું અજવાળી શકું તેવી શક્તિ આપો, હે પ્રભો !

સામે તો નૃત્ય જ ચાલતું હતું. વ્યસન અને વાસનાનું એક બીભત્સ પ્રદર્શન થઈ રહ્યું હતું. હવે સ્વામીજીએ બુલંદ અવાજમાં ભજન ચાલુ કર્યું.

Knowledge bliss ! Bliss absolute !
Knowledge bliss !
In all conditions I am knowledge bliss absolute !
I am without old age, without death
withoat motion
In all condition I am bliss absolute !
I am without fear, without worry !
bliss absolute !
Existence absolute, knowledge absolute !
Independent Unchanged, Nondual Atma !
Advaita Atma, Immortal Atma !
Eternal, pure, perfeelt knowledge bliss absolute.

હવે કોઈકનું ધ્યાન સ્વામીજી તરફ ગયું. નશાથી ભરેલી આંખોમાં સૌએ સ્વામીજીને ઘેરી લીધા.



'પુઅર ફેલો' કોઈક બોલ્યું.

'અરે ! એક જામ આ યોગીને પણ આપો.' અને મશ્કરીમાં બધા ખડખડાટ હસી પડ્યા.

'એક ફૂંક મારશો ?' કોઈએ સિગરેટનો ધુમાડો તેમના મ્હોં પર ફૂંક્યો.

સ્વામીજી સ્થિર હતા.

કોઈએ તેમણે અંગે ઓઢેલું કપડું-ઉત્તરીય ખેંચ્યું અને પોતે ઓઢી લીધું. તે પવિત્ર કાષાય વસ્ત્ર ! જે ધારણ કરવા માટે સ્વામીજીએ કઠોર તપશ્ચર્યા કરી હતી. તેને ધારણ કરવાની પાત્રતા દરેક માણસની નથી હોતી, અને તે પવિત્ર વસ્ત્ર તે પેલો હિપ્પી ઓઢીને હસતો હતો...!

પરંતુ હજુયે સ્વામીજી તો શાંત જ હતા. થોડીવારે તેમણે પોતાનાં નેત્રો ખોલ્યાં. તે નશામાં ધૂર્ત વ્યક્તિની આંખોમાં સ્વામીજીએ પોતાની દૃષ્ટિએ જોયું.

તે નજરમાં... શું ન હતું ?

અપાર કરુણા હતી. તુચ્છતા કે દ્વેષનાં કોઈ ચિહ્નો ન હતાં. તે દૃષ્ટિ પ્રેમથી ભરી હતી. ચહેરા પર વાત્સલ્યપૂર્ણ સ્મિત હતું. એક મધુર સ્મિત ! જે માત્ર માતા જ આપી શકે... પોતાનાં નટખટ બાળકને જોઈને ! બસ ! એ જ સ્મિત !

તે નજરમાં દિવ્ય ભાવ હતો... તમો બધા મારા પોતાના જ છો. તે અમી ભરેલી આંખોથી સૌ પ્રભાવિત થયા. તે દિવ્ય પ્રભાવ હતો તે નજરમાં. આકસ્મિક સૌ શાંત થઈ ગયા. ઈશ્વરનાં તે બગડેલાં સંતાનોને સ્વામીજીએ ખૂબ જ પ્રેમથી સમજાવ્યા. તેમના હતાશ જીવનને એક નૂતન સ્વસ્થ જીવનની આશાનું કિરણ દેખાડ્યું. શ્રદ્ધાનું માહાત્મ્ય સમજાવ્યું. સૌએ સ્વામીજીના વિચારોને શાંતિથી સાંભળ્યા. હવે ઊંચા સ્થાનેથી સ્વામીજી નીચે ઉતર્યા. અને સૌને એક અકળ, આશ્ચર્યસભર અનુભવમાં જ દંગ છોડીને સ્વામીજી ત્યાંથી જવા લાગ્યા.

સ્વામીજી ! કોઈએ તેમને બોલાવ્યા. પાછળથી એક યુવક તેમનું ઉત્તરીય લઈને આવી રહ્યો હતો. પોતાના બંને હાથો વડે ખૂબ

આદરપૂર્વક તેણે તે પવિત્ર વસ્ત્ર સ્વામીજીના હાથમાં આપ્યું. તેની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી. સ્વામીજીએ ખૂબ જ સ્નેહથી પોતાનો નવજીવન પ્રદાયક હાથ તેની પીઠ પર ફેરવ્યો, થોડું સ્મિત આપ્યું અને ત્યાંથી ચાલ્યા ગયા.

ક્લબમાં હવે સૌને દારૂનો નશો ઉતરી ગયો હતો. અજ્ઞાનનો ધુમાડો પણ નાશ પામ્યો હતો. કોણ જાણે ક્યાંથી પણ એક શુભકારક પ્રકાશ ત્યાં પથરાઈ રહ્યો હતો.

## [૩૦]

ક્રિસ્ટમસનું આખુંયે અઠવાડિયું સ્વામીજી એમસ્ટરડેમમાં હતા. ત્યાર બાદ તેઓ પહેલાં લંડન અને પછી પેરિસ આવ્યા. ત્યાં શ્રી ગી. દેસ પિનાર્દે 'સેન્ટર શિવાનંદ ડિ યોગ વેદાંત' એ નામથી દિવ્ય જીવન સંઘની શાખાનું સંચાલન કરતા હતા. તેમના મનમાં દૃઢ ઈચ્છા હતી કે માન્યવર પોપ (છઠ્ઠા) અને સ્વામીજીનું પવિત્ર મિલન થાય. તેમની આ પવિત્ર ઈચ્છા ખરેખર પૂરી થઈ. ઓગણીસ ફેબ્રુઆરી ઓગણીસસો ઓગણસાઠ (તા.૧૯-૨-૧૯૫૯)ના રોજ સ્વામીજી નામદાર પોપને મળવા રોમ ગયા.

પોપ પોતાના પારંપારિક શ્વેત વસ્ત્રોમાં બિરાજ્યા હતા. ગળામાં પવિત્ર ક્રોસ હતો. સમગ્ર વિશ્વના ખ્રિસ્તી સમુદાયના તેઓ હૃદયસમ્રાટ. તેમણે જોયું. ઘૂંટણથી થોડે નીચે સુધી પહેરેલું તેવું ગેરુ વસ્ત્ર પહેરીને સ્વામીજી આવી રહ્યા હતા. પરંતુ શું મહાપુરુષો એકમેકનાં વસ્ત્રોને દેખે છે ? જી ના. તેમણે જોયું. સ્વામીજીના ચહેરા ઉપર તપનું તેજ હતું. એક પ્રભા ! કે જેને જોઈને સૂર્ય પણ ઝાંખો પડી જાય. અને છતાં તે જ ચહેરા ઉપર હતી અપાર શાંતિ, કે જે ચંદ્રમાની શીતળતાને પણ ઝાંખી પાડી દે ! તે દિવ્ય પ્રસન્નતા... માનો ઈશ્વરના ઉદ્યાનમાંથી પૂર્ણ વિકસિત પુષ્પ. સ્વર્ગથી અવતરણ કરીને ધરતી પર વિકસેલું પુષ્પ... સાકેત પુષ્પ.'

જાણે કે સ્વયં ઈસુ મસીહા સામેથી આવી રહ્યા હતા. હવે અહીં કેવા ઉપચાર કે બંધન ! કેવા રીતરિવાજ ? વૅટિકન સિટીના તમામ



નિયમોને તોડીને મહામહિમ નામદાર પોપે પોતાનાં ભવ્ય સિંહાસન ઉપરથી ઊભા થઈને સ્વામીજીના બંને હાથ પોતાના હાથમાં પકડી, સ્મિત આપીને સ્વાગત કર્યું. ભાવના, આદર અને આનંદથી તેમનાં નેત્રો ભીંજાયાં. થોડી ક્ષણો બાદ ભારતીય પરંપરા પ્રમાણે નમસ્કાર કરીને તેમણે સ્વામીજીનું સ્વાગત કર્યું. સ્વામીજીએ પોતાનાં ઘૂંટણો ઉપર બેસીને પાશ્ચાત્ય પરંપરાથી તેમનું અભિવાદન કર્યું અને કહ્યું...

'હું ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો શિષ્ય આપને પ્રણામ કરું છું. 'શિવાનંદ' નામ સાંભળતાં જ તેમણે પોતાનું મસ્તક, વક્ષઃસ્થળ અને બંને ખભાને સ્પર્શ કરતાં નામદાર પોપે માથું ઝુકાવ્યું, અને કહ્યું,

'શિવાનંદજીના મહાન આધ્યાત્મિક કાર્યો સંબંધી મેં બહુ જ સાંભળ્યું છે. તેમના પ્રતિ મને ખૂબ જ આદર છે.'

સ્વામીજીએ સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજીનું પુસ્તક 'BLISS DIVINE' નામદાર પોપને ભેટ ધરતાં કહ્યું,

'અમારા આદર અને પ્રેમનું પ્રતીક માનીને કૃપા કરીને આ પુસ્તકનો સ્વીકાર કરો.'

'જરૂર. આ ગ્રંથનું અધ્યયન હું અવશ્ય કરીશ.' પછી થોડીવારે રહીને તેઓ બોલ્યા.

'ભારત એક અદ્ભુત સ્થળ છે.' તેઓ એકવાર મુંબઈ પધાર્યા હતા, તેનાં સંસ્મરણો વાગોળતાં તેમણે કહ્યું, 'મને ભારત ગમે છે, ફરીથી મને એકવાર ભારત આવવાનું ગમશે. હું ભારત ફરીથી આવવા માગું છું.'

સ્વામીજીએ કહ્યું, 'તમામ ધર્મોનું તત્ત્વજ્ઞાન ખૂબ જ શ્રેષ્ઠ છે. ધર્મ જ માનવને માનવ બનાવે છે. તે માનવને વફાદારી, શુદ્ધતા અને પરોપકારી બનવાનું શિખવે છે, સમાધાનનો માર્ગ પ્રદર્શિત કરે છે. દિવ્ય જીવન સંઘ આ જ કાર્ય કરે છે. આ સંઘના પ્રતિનિધિના રૂપે કાર્ય કરવા માટે આપ મને આશીર્વાદ આપો.' સ્વામીજી વિનમ્રતાથી ઝૂકી ગયા.

નામદાર પોપે કહ્યું, 'મહાન ઈસુ ખ્રિસ્ત આપને આપના આ પવિત્ર કાર્ય કરવામાં યશ આપો.'

સ્વામીજીએ એક વિનંતીપત્ર લેખિતરૂપે તેમને અર્પણ કર્યો. તેમાં રોમ ખાતે સર્વ ધર્મ સદ્ભાવ પરિષદ આયોજવા માટે લખ્યું હતું.

'અને એક પ્રાર્થના છે,' સ્વામીજીએ કહ્યું, 'ધાર્મિક એકાત્મતાનો સંદેશ પ્રસરાવવા આપ વિશ્વભરમાં યાત્રા કરો.' નામદારે પોપે પ્રસન્નતા વ્યક્ત કરી.

'હું આ સંબંધે અવશ્ય વિચાર કરીશ.' અને પોતાના પ્રેમના ઉપહાર સ્વરૂપે એક સ્મૃતિપદક તેમણે સ્વામીજીને આપ્યો. સ્વામીજીએ વિદાય લીધી. પરંતુ તેમના વ્યક્તિત્વની અમીટ છાપ ખ્રિસ્તી વિશ્વના આ તખ્તનશીન ધર્મગુરુના મન પર પડી ગઈ.

**[૩૧]**

ત્યારબાદ સ્વામીજી ગ્રીસ ગયા. એશિયા, આફ્રિકા અને યુરોપમાં દિવ્ય જીવનનો સંદેશ તો તેમણે આપ્યો જ હતો. હવે એટલાંટિક પાર કરીને સ્વામીજી અમેરિકા અને કેનેડા ગયા. 'પ્રતિકાત્મતા અને સત્ય' ભક્તિનો માર્ગ', 'મુક્તિ અને મન', 'કર્મ અને પ્રાકૃતિક નિયમ', 'મંત્ર', 'ધ્યાન', 'ગુહ્ય આધ્યાત્મિક અનુભવ' આ પ્રકારના અનેક વિષયો પર તેમણે વ્યાખ્યાન આપ્યાં.

સ્વામીજીનું કાર્ય અસીમ હતું. દુનિયાના પ્રત્યેક દેશના ખૂણે ખૂણે તેઓ ભ્રમણ કરી રહ્યા હતા. જેમણે થોડી અતીન્દ્રિય શક્તિ પ્રાપ્ત કરી લીધી છે, અથવા તો જે ધન-સમ્પત્તિ પાછળ દોડી રહ્યા છે, એવા નકલી સાધુઓને દેખીને પાશ્ચાત્ય અને ભારતીય લોકો પણ કંટાળી ગયા હતા. જેમની પોતાની જ તૃષ્ણા શાંત નથી થઈ તેવા સાધુઓ વળી બીજા લોકોને મનની શાંતિ ક્યાંથી આપી શકે ? આધ્યાત્મિક ક્ષેત્રના આ દંભી દેખાવથી ત્રસ્ત લોકો હવે કંઈક વધુ સાવધાન થઈને ધર્મ પ્રત્યે દૃષ્ટિ કરતા હતા. તેનો ધર્મ હવે બુદ્ધિગ્રાહ્ય બન્યો હતો. પરંતુ ભારતની સર્વ સાધારણ પ્રજા તો બૌદ્ધિક સ્તરમાં જીવનારી પ્રજા નથી જ. તેથી જેમને બુદ્ધિવાદનું આચરણ દુષ્કર લાગતું હતું તેવા લોકો હવે હતાશ કે નિરાશ પણ થતા હતા અને ક્યાંય પણ શ્રદ્ધા ન રાખવાવાળા લોકો ભોગવાદી થતા જતા હતા. પરંતુ જીવનની થોડી પળો તો એવી હોય જ છે કે જેમાં ભૌતિક



સુખોથી સાંત્વના મળતી નથી કે બુદ્ધિવાદથી પણ શાતા મળતી નથી, કારણ કે શરીર, મન અને બુદ્ધિથી પર કંઈક પૃથક્ અલગ છે, અને માનવ તેની ખોજમાં છે. પરંતુ તે શું છે ? આપણે શું શોધી રહ્યા છીએ ? આપણી આ ભાગદોડનો હેતુ શું ? તેની સમજમાં આ આવતું નથી. આવા અંધકારમાં પણ એક દીપક હોય છે જે તેને માર્ગ પ્રદર્શિત કરે છે અને તે છે શ્રદ્ધાનો દીપક. આ દીપકની વિશેષતા એ છે કે તેના પ્રખર પ્રકાશમાં અપાર શાંતિ છે. સ્વામીજી પ્રત્યેકના મનના આ જ દીપકને પ્રજ્વલિત કરી રહ્યા હતા. સ્વામીજીનાં દર્શન માત્રથી લોકોને દિવ્ય અનુભવ થતા હતા. ધનાઢ્ય લોકો પણ સ્વામીજી પોતાના ભવનમાં પગલાં કરે, માટે હંમેશા ઉત્સુક રહેતા પરંતુ સ્વામીજીનું હૃદય સદાસર્વદા આર્ત, દલિત અને પતિતોની સેવા માટે જ દ્રવિત થતું રહેતું.

સ્વામીજી વ્યસની અને હતાશ લોકોને મળતા. તેવી જ રીતે જેલમાં જનમટીપ ભોગવનારા કેદીઓને પણ મળતા.

એક જેલમાં એક કેદીએ બૂમ મારીને પૂછેલું, 'અહીં શા માટે આવ્યા છો ?'

'તમને ખબર છે ? હું માણસોને કીડી મકોડાની જેમ મારી નાખું છું. ધાડ મારવી કે ચોરી એ તો મારું જીવન છે. તમારા આ સમાજે જ મને આવો બનાવ્યો છે !' અને જાણે સમાજના મોઢાં ઉપર થૂંકતો હોય તે પ્રમાણે તે ખૂબ નિર્દય થઈને થૂંક્યો. ફરીથી બોલ્યો, 'જાઓ, જાઓ. ચાલ્યા જાઓ કોઈ મંદિર કે આશ્રમમાં. તમારા જેવા લોકો માટે આ જગ્યા નથી. અરે ! આ તો તમારા જ સમાજે અમારા માટે આ જગ્યા બનાવી છે. માટે, અમારું માથું કાણું ન કરો. પાપ ! અરે પાપ તો મારા લોહીમાં વણાયેલું છે... લોહીમાં !'

તેના સ્વરમાં ઉપહાસ હતો. આક્રોશ પણ હતો જ. પરંતુ સ્વામીજી જાણતા હતા કે આ નિરાશા-હતાશાનું કારણ છે. તેમણે કહ્યું, 'અરે ભાઈ ! આ જગતમાં એવું કોણ છે કે જેણે પાપ ન કર્યું હોય ? પ્રત્યેક મનુષ્ય ભૂલ કરે છે. તો શું આપણે આ ભૂલો ફરી ફરીને કરવાની ? માટે તમો જ્યારે અહીંથી છૂટો, ત્યારે એક નવા જીવનનો પ્રારંભ કરો.

સમાજ જ શા માટે, ભગવાન... પરમાત્મા પણ પોતાના બંને હાથ ફેલાવીને તમારાં સ્વાગત માટે ઊભેલો છે.'

'પરમાત્મા ! હં !' અને ફરીથી તેણે ખૂબ જ તોછડા સ્વરમાં કહ્યું, 'તેની પાસે, અમારા જેવા લોકો માટે સમય કે સ્થળ છે ? ક્યાં છે ?'

'કેમ, વાલિયા લૂટારુને તેમણે પ્રેમ ન હતો આપ્યો ? અરે, મારા ભાઈ ! ભગવાન તો માતાનું રૂપ છે. છોકરું ગમે તેટલું તોફાની હોય પરંતુ મા હંમેશાં બાળકને પોતાની સોડમાં તાણીને વહાલ કરવાને ઉત્સુક હોય જ છે. બાળક જ તેનાં વાત્સલ્યને ભૂલી જાય છે. ભગવાનનું પણ તેવું જ છે. એકવાર પ્રેમથી બોલાવી તો જુઓ. તે તમારા જીવનમાં પ્રકાશ થઈને, સદ્‌ગુણ થઈને... દોડતો આવશે. તમોને શ્રેષ્ઠ જીવનનો માર્ગ દેખાડશે. તમારા પશ્ચાત્તાપનું એક આંસુ તેનાં ચરણ પખાળવા માટે પૂરતું છે. ઊઠો ! હજુ કંઈ મોડું થયું નથી. તમો ફરીથી દેશના સારા નાગરિક બની શકો છો.'

'પરંતુ તમને મારી આટલી ચિંતા કરવાની કેમ જરૂર પડી ? હું તમારો શું સગો થાઉં છું ?' હવે તે તું તુંમાંથી તમો અને આપની સન્માનનીય ભાષાનો ઉપયોગ કરવા લાગ્યો હતો. તેનો સ્વર પણ હવે ઉગ્ર રહ્યો ન હતો.

'આપણે બંને સહયાત્રી છીએ.'

અને કેદી ખડખડાટ હસી પડ્યો.

'સહયાત્રી ?' એક સાધુ અને એક ખૂની સહયાત્રી ?' શું તમો પાગલ તો નથી થઈ ગયા ને ?'

જી ના. આપણે બંને આનંદની શોધમાં છીએ. તમોને તે દોલતમાં, કે નશામાં આ આનંદ મળશે, તેવું લાગેલું, તેથી તમો તે આનંદની શોધમાં ત્યાં ગયા. હું પણ આનંદની શોધમાં હતો. એ આનંદ મને ઈશ્વરપ્રાપ્તિમાં મળ્યો. મને જે આનંદ મળ્યો છે, તે હું તમોને કહેવા આવ્યો છું. તમો જે આનંદની શોધમાં છો, તે આનંદનો સ્રોત ઈશ્વર છે. હું તમોને ત્યાં લઈ જઈ શકું, તમોને તે દિવ્ય વાસ્તવિક ચિરંતન



આનંદનો આસ્વાદ કરાવી શકું છું.'

કેદી એક અકળ અચંબામાં પડી ગયો.

જેની આંખોમાં આજ સુધી ક્રોધ અને હિંસાના અંગારા જ વરસી રહ્યા હતા, તે આંખો આજે ભીની થઈ ! તે અશ્રુ આજે ગંગાજળ જેટલાં મૂલ્યવાન હતાં. સ્વામીજીએ તેના હાથમાં પોતાનો વાત્સલ્યસભર આશ્વાસન પ્રદાયક હાથ મૂક્યો અને ત્યાંથી પ્રસ્થાન કર્યું. જતાં જતાં જેલને મંદિર બનાવતા ગયા.

## [૩૨]

સ્વામીજી પેરિસમાં હતા. પેરિસ એટલે વિશ્વની પ્રસિદ્ધ ભોગભૂમિ. અહીંનું યૌવન ઉચ્છૃંખલ હતું. ભૌતિક ઝગમગાટની આ માયાવી નગરી. આ તો કલાવંતોનું નગર ! સૌન્દર્યપૂર્ણ નગર. પરંતુ તત્ત્વજ્ઞાનીઓનું પણ નગર.

અહીં સ્વામીજી હંમેશાંની જેમ ઉદ્‌બોધન કરી રહ્યા હતા.

'સ્વયંના સ્વરૂપની શોધમાં જ જગત અને સમાજના સ્વરૂપનું જ્ઞાન પણ અંતર્ભૂત છે.'

સ્વામીજી સેવા વિશે કહી રહ્યા હતા. 'નિષ્કામ સેવાથી ચિત્તશુદ્ધિ થાય છે. મન શુદ્ધ અને સુંદર થાય છે. રોગી, પીડિત અને ગરીબ લોકોની સેવા એ જ ઈશ્વરની સેવા છે.

પ્રવચન પૂરું થયું ત્યારે, એક અતિ આધુનિક અને કીમતી વસ્ત્ર ધારણ કરેલી એક મહિલા તેમની સમક્ષ આવીને ઊભી રહી. તેની વેષભૂષા અને કેશભૂષા બંને ખૂબ જ આકર્ષક હતાં. કદાચ તે પોતાનો મોટા ભાગનો સમય આ પ્રકારની રૂપસજ્જામાં જ વ્યતીત કરતી હોય તેમ લાગતું હતું. તેણે પોતાનાં શરીર પર છાંટેલું 'પરફ્યુમ' પોતાની આગવી સુગંધથી તે બહેનની ઉપસ્થિતિનું સૌને ભાન કરાવતું હતું.

તેણે પૂછ્યું, 'શું દિવ્ય જીવન સંઘ સમાજ સેવાનું કંઈ કાર્ય કરે છે ?'

'જી હા.' સ્વામીજીએ કહ્યું અને પછી બ્રહ્મપુરીના કુષ્ટરોગીઓની વસાહત સંબંધી વાત વિગતથી કરી. પરંતુ આ સેવાના પ્રમુખ સૂત્રધાર

પોતે છે, તેવો તેમણે ક્યાંય પણ ઉલ્લેખ ન કર્યો. જાણે તેઓએ કંઈ કર્યું જ નથી, માત્ર દ્રષ્ટા કે સાક્ષી જ કેમ ન હોય ?

સ્વામીજી ફરીથી બોલ્યા,

'શરીર તો નશ્વર છે. પરંતુ આત્મા અવિનાશી અને સાક્ષાત્ ઈશ્વરનો અંશ છે. માટે જો ઈશ્વરની સેવા કરવી હોય તો આ આર્તોની સેવા કરવી જોઈએ. તે પોતાની જાતની પણ સેવા છે. આનાથી આપણી અંદર આત્મવિકાસની વૃદ્ધિ થાય છે.'

સ્વામીજીને આ પ્રશ્ન પૂછનારાં સન્નારી હતાં, 'મેડમ સિમોનેત્તા-દ-સેસેરો. તેઓ પેરીસનાં સુપ્રસિદ્ધ ફેશન ડિઝાઈનર હતાં. સ્વામીજીનું પ્રવચન સાંભળીને તેઓ અંતર્મુખ થઈ ગયાં હતાં.

'શરીરનું સૌન્દર્ય સાચવવામાં કે વધારવામાં આપણે આખુંયે જીવન ઘસી કાઢ્યું. પરંતુ તેથી શું લાભ ? શરીર વૃદ્ધ તો થવાનું જ છે. પછી ભલેને ગમે તેટલો શૃંગાર કરો, તેમાં શું મળવાનું ?' કોઈ બુઢાપાને અટકાવી શક્યું નથી, તે આ શરીરના વિનાશ... મૃત્યુને પણ ટાળી શક્યું નથી. આપણે ધનાઢ્ય લોકોને કેટલા દિવસો સુધી શણગારતા રહીશું ? ભલેને કપડાં ઊંચી કિંમતનાં કે આકર્ષક હોય ! આત્માનો શૃંગાર કેમ થાય તે જાણો છો ? તેની ખોજ કરો. હું કોણ છું ? તે પ્રશ્નનો જવાબ મેળવો.'

અને એક દિવસ પોતાનો ધીકતો ધંધો છોડી, પેરિસનો કારોબાર બંધ કરીને મેડમ સિમોનેતા પોતાના બેગ-બિસ્તરા બાંધીને સ્વામીજીની સામે આવીને ઊભાં રહ્યાં, અને બોલ્યાં,

'સ્વામીજી ! મારે ભારત આવવું છે. હવે પછીનું મારું જીવન દલિતોની સેવામાં... તે સેવા દ્વારા ઈશ્વરની શોધમાં હું જીવવા માગું છું.'

સ્વામીજીએ જોયું, તે હવે ખૂબ જ સાદાં વસ્ત્રોમાં હતી. વેશભૂષા કે કેશભૂષા બંને વગર. ચહેરા ઉપર મેકઅપ તો શું, પાવડર પણ ન હતો. તેમની આંખોમાં હતો એક નિર્ધાર. એક નિશ્ચય. તે માયાવી દુનિયાનો લેશ માત્રેય મોહ હવે તેમની આંખોમાં ન હતો.

સ્વામીજીએ કહ્યું, 'સારું.' અને મેડમ સિમોન્નેતા-દ-સેસેરો પેરિસની



ઝગમગાટ કરતી દુનિયા છોડીને હિમાલયના તાપસી જીવનની યાત્રાએ નીકળી પડ્યાં. હૃષીકેશ આવીને થોડા જ દિવસોમાં તેમણે બ્રહ્મપુરીમાં કુષ્ઠરોગીઓની સેવા શરૂ કરી દીધી. સુંદર યુવતીઓ માટે આકર્ષક કપડાં બનાવવાવાળી આ જાજરમાન મહિલા હવે કુષ્ટરોગીઓના ઘાવ સાફ કરવા લાગી અને પાટાપીંડી કરવા લાગી. તેણે જામનગર અને જયપુરની યાત્રા કરીને બાંધણી કેમ બને તેનું શિક્ષણ મેળવ્યું. રક્તપિત્તિયાઓને કપડાં વણતાં અને પછી તે વણેલાં કપડાંમાંથી બાંધણીની પરંપરાથી કપડાં રંગતાં શિખવ્યું. તે કપડાંમાંથી નવી ડિઝાઈનનાં કપડાં તૈયાર થયાં, તેને આંતરરાષ્ટ્રીય સંસ્થા 'લેપ્રા'ના માધ્યમે રોમ-પેરિસમાં કે યુરોપમાં વેચાણમાં મૂક્યાં. રક્તપિત્તિયાઓ માટે એક વ્યવસ્થિત ઉત્પાદન વ્યવસાય ચાલુ થયો. ભીખ માગવાનું બંધ થયું. તેઓ હવે પોતે કમાવા લાગ્યા અને સન્માનભર્યું જીવન જીવવા લાગ્યા. તેમની નાની ઝૂંપડીઓને રંગબેરંગી રંગોથી રંગી-રંગાવી. એક નાનકડાં 'સ્વીટ-ગામ' જેવો દેખાવ આ બ્રહ્મપુરીની કુષ્ઠરોગીની વસાહતનો થઈ ગયો અને મેડમ સિમોન્નેત્તા હવે ભારતમાં સિમોનેત્તા માતાજી બન્યાં. ભારત જ તેમને માટે હવે પેરિસ હતું.

## [33]

સ્વામીજી સ્પેન, વેસ્ટ ઈન્ડિઝ, ફિઝી, ન્યૂઝિલેન્ડ, ઓસ્ટ્રેલિયા, ફિલિપાઈન્સ, હોંગકોંગ એમ અનેક દેશોનું ભ્રમણ કરીને આવ્યા. આધ્યાત્મિક પ્રગતિ આધુનિક માનવની કાર્યમગ્નતા સાથે પણ સુસંગત જ છે. આધ્યાત્મિકતાનું સંવર્ધન જેવી રીતે હિમાલયનાં શિખરો કે તળેટીમાં કરી શકાય, તેવી જ રીતે મહાનગરોના મહામાર્ગ પર પણ કરી શકાય છે, તેનું સ્વામીજીએ એક જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું. ક્ષુદ્ર અને હિંસક ખેંચતાણમાં ત્રસ્ત સમાજને તેમણે અહં-ત્યાગ અને સ્વસંયમનો વૈભવ દેખાડ્યો. તેમનામાં એક નવો વિશ્વાસ જાગ્રત કર્યો. ઉચ્ચતર આધ્યાત્મિક જીવનનો નવો આનંદ આપ્યો. જે શુદ્ધતા, વિનયશીલતા અને સંયમનો પદાર્થપાઠ તેમણે શીખવ્યો, તેવું જ તેમનું પોતાનું આચરણ પણ હતું જ. સમગ્ર દુનિયા આ મહાન સંન્યાસીનાં ચરણોમાં લીન થઈ ગઈ.

## ૯

# ભારત આગમન, ઇર્વૉન અને 'NO'

### [૩૪]

બે વરસ સુધી સ્વામીજી દ્વારા વિદેશોમાં કરવામાં આવેલી સેવાઓના સમાચાર શિવાનંદ આશ્રમ, હૃષીકેશ આવતા રહ્યા. બાવીસ ડિસેમ્બર ઓગણીસસો સિત્તેર (તા.૨૨-૧૨-૧૯૭૦)માં સ્વામીજી આશ્રમ પાછા ફર્યા. સ્વામીજીની ગેરહાજરીમાં પૂજ્ય શ્રી સ્વામી કૃષ્ણાનંદજી અધ્યક્ષપદ સંભાળતા હતા. એકદમ ભરતની જેમ, અને તેઓ પણ સ્વામીજીના દેશ પાછા ફરવાની પ્રતીક્ષામાં જ હતા. આશ્રમવાસીઓ પણ સ્વામીજીનાં દર્શન માટે આતુર, વ્યાકુળ અને ઉત્સાહિત હતા. સ્વામીજી આશ્રમના પ્રવેશદ્વાર પાસે પધાર્યા, ત્યાં શ્રી સ્વામી કૃષ્ણાનંદજી પુષ્પમાળા હાથમાં લઈને ઊભા હતા. સ્વામીજી આવતાંની સાથે જ તેમણે સ્વામીજીનાં ગળામાં ફૂલનો હાર પહેરાવ્યો, અને તેમનાં શ્રીચરણોમાં મસ્તક પણ ઝુકાવ્યું. પરંતુ તે પૂર્વે સ્વામીજી મહારાજે સ્વામી કૃષ્ણાનંદજી મહારાજનાં શ્રીચરણોનો પવિત્ર સ્પર્શ કરી લીધો હતો અને બંને અત્યંત પ્રેમ અને આદર સહિત એકબીજાને ભેટી પડ્યા. આ બંને ગુરુભાઈ... શ્રીરામ અને શ્રી ભરત... તે સમુદાયમાંથી સ્વામીજી વીજળીની માફક એકલા બહાર નીકળી પડ્યા અને સીધા સદ્‌ગુરુદેવના



સમાધિ મંદિરમાં ગયા. બહુ લાંબા સમયથી એકલાં રમત રમતાં બાળકને જાણે મા દેખાણી... બિલકુલ તેવી જ પરિસ્થિતિ હતી... સ્વામીજીની. જો પાંખો હોત તો કામ પૂરું થતાંની સાથે જ ઊડીને આવી જાત ! સદ્‌ગુરુદેવના સમાધિ મંદિરમાં તેમણે દંડવત્ પ્રણામ કર્યા. ત્યાંની હવાના પ્રત્યેક કણ-કણને સ્વામીજી ઉત્સાહ ઉમંગ અને સંપૂર્ણ સભાનતાપૂર્વક દિવ્ય સ્પર્શ અનુભવી રહ્યા હતા. લોકોને પણ લાગ્યું કે અથક પરિશ્રમ કરીને પાછા આવેલા શિષ્યને જાણે કેમ સદ્‌ગુરુદેવ પોતાના ખોળામાં બેસાડીને વહાલ કરતા હોય. સ્વામીજી મૌનમાં જ બોલી રહ્યા હતા...

'ગુરુદેવ ! યથાશક્તિ, યથામતિ, આપનો સંદેશ દુનિયાભરમાં લઈ જવાનું મહત્ કાર્ય... સેવા આપ કરાવી રહ્યા છો, તે પ્રભો ! આપનો આ સેવક... દાસાનુદાસ જે ભાવથી કરી શક્યો છે, તે સ્વીકારી... આ સેવાપુષ્પોને આપનાં ચરણોમાં સ્થાન મળશે ને ?'

બે ઘડી બધું જ શાંત હતું...કાષ્ટમૌન ! હવા પણ થંભી ગઈ હતી. હવે સ્વામીજી સમાધિમંદિરમાંથી બહાર આવ્યા. પોતાના ગુરુભાઈઓ, આશ્રમવાસીઓ સાથે થોડો વાર્તાલાપ કર્યો, સૌના કુશળ સમાચાર પૂછ્યા. પછી તેમના બેસવા માટે મુકેલા આસન પર શ્રી સદ્‌ગુરુદેવની પાદુકાજીઓ પધરાવીને નીચે જ બેસી ગયા અને બુલંદ અવાજે રામનામ સંકીર્તન તથા સદ્‌ગુરુદેવને વહાલાં કીર્તનો કર્યાં, પછી પોતાની કુટીરમાં ગયા. બીજા દિવસે આશ્રમનું કામ કરવાનું ચાલુ કર્યું. દુનિયાભરમાં મળેલા અપરંપાર સન્માનની થોડી એ ઝલક કે ઝાંખી તેમના મનમાં ન હતી.

પરંતુ આ કંઈ સ્વામીજીની એક જ માત્ર વિદેશયાત્રા ન હતી. ત્યારબાદ પણ તેઓ દુનિયાના ખૂણે ખૂણે અનેક ભૂખંડોમાં સતત ભ્રમણ નિરત જ રહ્યા. લોકસંગ્રહ માટે, ધર્મ સંસ્થાપન માટે, સદ્‌ગુરુદેવના શુભ સંદેશના પ્રચાર-પ્રસાર માટે તેઓ સતત કાર્યશીલ રહ્યા. શાંતિ અને એકાંત પ્રચાર-પ્રસાર માટે તેઓ સતત કાર્યશીલ રહ્યા. શાંતિ અને એકાંત ઇચ્છતા સ્વામીજીને કદીયે એકાંત મળ્યું જ નહીં. પોતે પોતાને માટે કદી જીવ્યા જ નહીં. તેમને પોતાનું વ્યક્તિગત જીવન જેવું કંઈ

જ ન હતું, ન રહ્યું. સિમેન્ટ કોંક્રિટના જંગલોમાં, લોકોની ભીડમાં, ભૌતિક સાધનોમાં અને તૃષ્ણાપીડિત સમાજમાં જ તેમને રહેવું પડ્યું. પરંતુ સ્વામીજીએ આ જીવન કર્તવ્ય જાણીને આવકાર્યું, અને તેવા વાતાવરણમાં પણ તેઓ જળકમળવત્ જ અલિપ્ત રહ્યા. જે આનંદ તેમને મળ્યો હતો, તે જ શાશ્વત અને અલૌકિક આનંદને માર્ગે સૌને લઈ જવા માટે તેઓ સદા પ્રયત્નશીલ રહ્યા, કાર્યશીલ રહ્યા.

Lyons નગરની તે એક સાંજ હતી. શ્રીમતી ઈવૉન લેવ્યુ પોતાના મકાનમાલિકના ઘરમાં પ્રાર્થના કરી રહી હતી. પરંતુ આકસ્મિક તેના મુખમાંથી તે શબ્દો નીકળી પડ્યા... તે ઘૂંટણ પર બેસી ગઈ અને બોલવા લાગી...

'Thy will be done. I want nothing.' તેની પ્રાર્થના પૂરી થતાં જ તેના બારણે ટકોરા પડ્યા. અંધારું થવામાં હતું. તેની મકાનમાલિક બહેન બહાર ગયાં. તેમણે બારણું ખોલ્યું અને સત્વરે તે પાછાં આવ્યાં.

'આવો ! અને જુઓ.' પોતાના હાથમાં Divine Lifeનો અંક દેખાડીને તે બોલ્યાં... 'વાંચો.'

'પરંતુ મારી પાસે ચશ્મા નથી. કૃપા કરીને તમો જ વાંચીને સંભળાવોને... ઈવૉને કહ્યું અને મકાનમાલિક બહેને મોટેથી ઊંચા અવાજે તે પંક્તિઓ વાંચી સંભળાવી.

'Thy will be done. I want mothing. The key to Yoga : So says Sivananda.'

'અરે ! આ તે વળી કેવું ! આ શબ્દો તો હજુ હમણાં હું જ કહી રહી હતી.'

'ના, આકસ્મિક નથી ઈવૉન. અત્યારે એક પોસ્ટમેન આપી ગયો. પરંતુ તેના આવવાનો આ સમય જ નથી. તે કદીયે બારણે ટકોરા મારતો જ નથી. મેં તેને બોલાવ્યો પરંતુ તે હવામાં જ ઓગળી ગયો. અને હું તો હાલ જ ભારતથી પાછી ફરી છું અને Divine Lifeની સભ્ય પણ નથી. આ માસિક પત્રિકા મારે ત્યાં આવતી પણ નથી અને



આજે...આમ...આકસ્મિક... આ તો સ્વામી શિવાનંદજીનો ચમત્કાર જ છે.' અને દીર્ઘ કાળ સુધી આ બંને બહેનો આ આકસ્મિક બનેલી ઘટનાને વાગોળતાં રહ્યાં, અને શ્રીમતી ઈવૉન કેવો હશે તે ભારતદેશ... હિમાલય અને ગંગાનો દેશ... ઋષિમુનિઓની તે ભૂમિ... તે વિશે વિચારોના વમળમાં ખોવાઈ ગયાં.

આ શિવાનંદ સ્વામી ! તે વળી કોણ ? આ Divine Life પત્રિકા, તેમની સંસ્થા... તે પત્રિકાનું અહીં આકસ્મિક આગમન અને ભારતના દાઢીમૂછવાળા લોકો... તપસ્વી લોકો... શ્રાપ આપી દે. તેનો ભય... વગેરે અનેક લોકવાર્તાઓ જે આમતેમથી સાંભળેલી તે બધું શ્રીમતી ઈવૉનની આંખો સામે આવવા લાગ્યું.

'પરંતુ Divine Lifeના મુખપૃષ્ઠ પર છપાયેલ સ્વામી શિવાનંદ તો દાઢીમૂછ વગરના છે... તેમનો ચહેરો આનંદથી આલોકિત છે, તેમના હોઠ પર મૃદુ સ્મિત છે. શું ભારતમાં આવા પણ યોગીઓ હોય છે ? આકસ્મિક તેનાં મનમાં વિચારોનો વંટોળ ચાલ્યો... 'મારે ભારત જવું છે.'

## [૩૫]

પોતાના પારિવારિક સંબંધોનો ત્યાગ કરીને તે ઘરમાંથી નીકળી પડેલ હતી. હવે જેમ મનફાવે તેમ દેશ-દુનિયા ફરી શકે તેમ હતી. પરંતુ મન ભારતના વિચારોમાં હિલોળા લેતું હતું. 'શું હું ખરેખર ભારત જઈ શકીશ ?' તેના મનમાં આશંકાઓના મોજાંઓ ઊઠતાં હતાં. છતાં તેણે દિવ્ય જીવન સંઘની શાખાઓનો સંપર્ક કર્યો અને તે શાખાઓના સત્સંગમાં જવા લાગી.

મનમાં જ તેણે સ્વામી શિવાનંદજી મહારાજને પોતાનાં હૃદયમાં... સદ્‌ગુરુનું સ્થાન આપ્યું. છતાં મનમાં ક્યારેક શંકાઓનાં વાદળ ઘેરાતાં હતાં, મન બેચેન પણ થતું.

આમ દેશવિદેશ ફરતાં તેઓ ન્યૂયોર્ક ખાતે શિવાનંદ યોગ સ્ટુડિયોમાં સ્વામી વિષ્ણુદેવાનંદજીના સત્સંગમાં આવ્યાં. પોતાના મધુર કંઠે તેઓ ભજન ગાઈ રહ્યા હતા. શ્રોતાઓ પ્રભુનામ સંકીર્તનમાં તલ્લીન

હતા, ત્યાં આકસ્મિક શ્રીમતી ઈવૉનના હોઠોમાંથી એક પ્રશ્ન સરી પડ્યો.

'મૃત્યુ પછી પણ વ્યક્તિ કાર્યશીલ રહી શકે ?'

તેના આ પ્રશ્નથી અચાનક બધા જ શાંત થઈ ગયા. આકસ્મિક સોપો પડી ગયો. સત્સંગમાં અવરોધ ઉત્પન્ન થતાં લોકો થોડાં વિમાસણમાં પડ્યાં. પરંતુ સ્વામી વિષ્ણુદેવાનંદજી બોલ્યા,

'જી હા. પહેલાંથી પણ અનેક ગણા !'

'શું તે મંત્ર દીક્ષા પણ આપે ?' ફરીથી તેણે પૂછ્યું.

'હા, પોતાના શિષ્યોના માધ્યમથી.'

'પરંતુ તે પોતે... જાતે...'

'ઓહ ! તમારા મનમાં તો અનેક પ્રશ્નો ઊભરાઈ રહ્યા છે. તમો !'

'જી ના. આ આશંકા નથી. પરંતુ આ બધું મારા જીવનમાં કેવી રીતે શક્ય બને ?'

'તમારામાં પ્રમાણિકતા છે. તો તમો મંત્રદીક્ષા માટે તીવ્ર ઇચ્છા રાખો.'

'પરંતુ મન તો પ્રશ્નો ઉપર પ્રશ્ન કર્યા જ કરે છે ?'

'એ તો મનનો સ્વભાવ છે.'

શ્રીમતી ઈવૉન બેચેન હતાં. તેમણે શિવાનંદજીને ગુરુ માન્યા હતા. હવે તો શિવાનંદજી સદેહે આ જગતમાં નથી. તે જ ક્ષણે તેમની આંખો સમક્ષ એક સુંદર દૃશ્ય દેખાયું. દૂર સુધી પ્રસરેલી ગિરિકંદરાઓ, હિમાલયની જાણે ઉપત્યકાઓ, અને વચ્ચે વિશાળ જળરાશી, સૂર્યકિરણોથી ઝગમગી રહ્યો હતો. ત્યાં એક વિશાળ મેદાન હતું. ત્યાં બે દેદીપ્યમાન...જાજરમાન બે વ્યક્તિઓ ઊભેલી હતી. એકનો દેહ ઊંચો, શરીર ભરાવદાર અને બલિષ્ઠ, પુષ્ટ... જ્યારે બીજી કાયા દુર્બળ પરંતુ વદન ગૌર અને લલાટ પર પ્રકાશપૂંજ... તેણીએ તેઓ બંનેને ઓળખી કાઢ્યા. અહા !... આ તો સ્વામી શિવાનંદજી... અને સ્વામી ચિદાનંદજી. તેઓ બંને ગંગાતટ પર વિચરણ કરી રહ્યા હતા અને



ગંગાજીની ભીની રેતી ઉપર બંનેનાં પગલાંની છાપ પડી રહી હતી. શ્રીમતી ઈવૉન તે જ પગલાં ઉપર ચાલવા માગતાં હતાં... મહાજના યેન ગતાઃ સઃ પન્થાઃ' પરંતુ તે કોનાં પગલાં પર ચાલે ? તે આ બંને મહાપુરુષોનાં પગલાં વચ્ચે ચાલવા લાગી. પરંતુ આવી રીતે ચાલવાથી તેને આત્મીય સમાધાન મળતું ન હતું પરંતુ તેણે અનુભવ્યું કે જોતજોતામાં જ સ્વામી શિવાનંદજીનાં પગલાં સ્વામી ચિદાનંદજીનાં પગલાંમાં વિલીન થઈ ગયાં. હવે તેણીની સામે એક જ મહાપુરુષનાં પગલાંની નિશાની હતી. શ્રીમતી ઈવૉન તે જ પગલાંની પાછળ ચાલી નીકળ્યાં. હવે તેના મનમાં ગડમથલ ન હતી. અપાર શાંતિની અનુભૂતિ સાથે તે આગળ વધી રહ્યાં હતાં.

પોતાની સમગ્ર ભક્તિ તેમણે સ્વામી ચિદાનંદજીના શ્રીચરણોમાં સમર્પિત કરી દીધી. તેણીએ સ્વામીજીનું શિષ્યત્વ સ્વીકાર્યું.

હવે એક જ આશા હતી, ભારતની યાત્રા ! હૃષીકેશની તે પવિત્ર ધરતીનો પાવક પુનિત સ્પર્શ.

## [૩૬]

લંડનના દિવ્ય જીવન સંઘની શાખામાં સૌ ભક્તો સ્વામીજીની રાહ જોઈ રહ્યા હતા. એટલામાં કોલબેલ વગાડીને એક ભારતીય મહિલા અંદર આવી. બધા લોકોને આશ્ચર્ય થયું. આવી રીતે અચાનક, ફોન કર્યા વગર, કોઈને ત્યાં જવાનું... આ એટીકેટની બહારની વાત હતી. પરંતુ તેણીએ જ કહ્યું, 'માફ કરજો. હું આગળથી ફોન કર્યા વગર આવી છું. પણ મને ખબર નથી કે હું અહીં શા માટે આવી છું. હું હઠયોગના વર્ગમાં ગયેલી, બસ, ત્યાંથી જાણે કોઈ મને અહીં ખેંચી લાવ્યું. એક તીવ્ર ઇચ્છા, મને મારી અંદરથી ધક્કો મારી રહી હતી. કારણ ? શ્રમા કરજો, મને ખબર નથી.

અને અંદર આવતાં આકસ્મિક તે શ્રીમતી ઈવૉન પાસે આવી અને બોલી... 'ઓહ ! હવે મને સમજાયું કે હું અહીં શા માટે આવી છું. તમારે ભારત જવાનું છે ને ? હૃષીકેશ ? ચિંતા ન કરો. તમો જરૂર જઈ શકશો. મને લાગે છે કે સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજે

જ મને અહીં મોકલી છે. કારણ કે તેઓને જ હું બરાબર જાણું છું કે ભક્તોનાં હૃદયમાં તેઓ ભક્તિનો જુવાળ ઊભો કરે છે... બસ, તમારે માટે જ... તમારે જ માટે મને અહીં લાવવામાં આવી છે.

**[૩૭]**

શ્રીમતી ઈવૉન દેશ-પરદેશ ભ્રમણ કરતાં હતાં. પોતાની બીમારી કોઈના ઉપર બોજો ન બની જાય તે માટે તો તેમણે ગૃહત્યાગ કર્યો હતો. પરંતુ હવે તે ભારત જવા માગતાં હતાં. ભારતમાં હૃષીકેશ ખાતે શિવાનંદ આશ્રમમાં રહેવા માગતાં હતાં. બસ... હંમેશાં... હંમેશાંને માટે. પરંતુ તે શું એટલું બધું સહેલું હતું ? સ્વામીજી તેને પોતાને ઘરે પાછી ફરવા માટે કહી રહ્યા હતા. પોતાના પરિવાર સાથે રહેવા કહી રહ્યા હતા. પરંતુ હવે તેણીને ઘર કે પરિવાર કોઈપણ મોહ ન હતો.

એટલામાં એક દિવસ તેના પતિનો પત્ર આવ્યો. જ્યારે તેણીએ આ વાત સ્વામીજીને કહી, ત્યારે સ્વામીજીએ કહ્યું, 'હવે તો તમારે ઘરે પાછાં ફરી જ જવું જોઈએ. ઘરમાં રહીને પણ તમો પ્રભુભજન અને સેવા કરી શકો છો. માટે જાઓ. તમારા પતિ, પુત્રો, દીકરા-દીકરીઓ સૌને જઈને કહો, 'હું તમારે માટે પાછી આવી છું. તમારી સેવા કરવા માટે અને તે સૌમાંથી જો એકને પણ આપની આવશ્યકતા હોય તો તમારે તેમની સેવા માટે ઘરમાં જ રહેવું જોઈએ. ઘર છોડવાની આવશ્યકતા નથી.

પોતે સંન્યાસી હોવા છતાં સ્વામીજીએ ગૃહસ્થાશ્રમ પ્રતિ કદીએ ઘૃણાની દૃષ્ટિથી જોયું ન હતું. બ્રહ્મચારી, વાનપ્રસ્થાશ્રમી અને સંન્યાસીઓના આશ્રયદાતાના રૂપમાં તેમણે ગૃહસ્થાશ્રમને સદા સર્વશ્રેષ્ઠ જ ગણાવ્યો હતો. આધ્યાત્મિક સાધના માટે પોતાના દૈનિક જીવનથી, સંસારથી મોઢું ફેરવી લેવાનું તેમણે કદી પણ શીખવ્યું ન હતું. પરંતુ જ્યાં પણ રહો, જે પણ અવસ્થા, પરિસ્થિતિ કે સમાજમાં, ત્યાં પોતાનું પ્રત્યેક કાર્ય સારામાં સારી રીતે કરવાનું જ સૂચવ્યું હતું. કારણ સ્વામીજીએ શિખવ્યું ન હતું. પરંતુ જ્યાં પણ રહો, જે પણ અવસ્થા પરિસ્થિતિ કે સમાજમાં, ત્યાં પોતાનું પ્રત્યેક કાર્ય સારામાં સારી રીતે



કરવાનું જ સૂચવ્યું હતું. કારણ સ્વામીજીનું તત્ત્વજ્ઞાન કઠોર અને એકાંગી ન હતું. માત્ર કર્મકાંડને જ મહત્ત્વ આપવું અને પારિવારિક કર્તવ્ય અને નિષ્ઠા ગૌણ તે વાતને તેમણે કદીયે મહત્ત્વ આપ્યું ન હતું. સ્વામીજીનો પરમાર્થ તો વીસમી સદીનું સરળ જીવનયાપન કરતો કોઈ પણ યતિ સંન્યાસી ખૂબજ સરળ રીતે જીવન જીવીને સાંસારિક સંબંધોમાં જ પ્રભુભજન કરી શકતો. માટે જ શ્રીમતી ઈવૉનને ગૃહત્યાગ કરીને ભારત આવવા માટે સ્વામીજીએ પ્રોત્સાહન ન આપ્યું.

પરંતુ શ્રીમતી ઈવૉન હવે મનમાં તમામ દુન્યવી બંધનોથી મુક્ત થઈ ગયાં હતાં. પોતાની લાંબી માંદગીમાં જે ભારતીય યોગપરંપરાએ તેમને રાહત આપી હતી, હવે તેઓ તેને ત્યાગવા માગતાં ન હતાં. છતાં સ્વામીજીની આજ્ઞા શિરોધાર્ય માનીને તેઓ ઘરે પાછાં ફરી ગયાં.... ફ્રાન્સમાં.

ઘરે પાછા ફરીને તેમણે પરિવારજનોને કહ્યું, 'હું તમો સૌને માટે .... તમારી સૌની સેવા માટે પાછી આવી છું.'

પરંતુ પરિવારનાં નાનાં મોટાં સૌ સમજી ગયા હતાં કે.... 'હવે તેઓ અમારાં રહ્યાં નથી.'

તેઓ પત્ની છે. માતા પણ છે. પોતાનું પ્રત્યેક કર્તવ્ય સારી રીતે નિભાવે છે, છતાં દિલથી તે અલિપ્ત છે. તેના મનમાં હવે એક સાંસારિક મહિલા જેવો ઉમળકો નથી. આ ઈવૉન... તે જૂના દિવસોની વાત્સલ્યમૂર્તિ માતા... વહાલી પત્ની, હવે ખોવાઈ ગઈ છે, તે હવે કોઈ બીજી જ સ્ત્રી હોય તેવું લાગે છે. બહુ જ ભલી છે.... પરંતુ તે 'પોતાની' તો લાગતી જ નથી. અને એક દિવસ તેમના પુત્રે તેમને કહ્યું-

'મા, હું બાળપણમાં ડરતો હતો. મને લાગતું હતું કે તું ખ્રિસ્તી સાધ્વી બનીને... અમને છોડીને... ચાલી જશે. પરંતુ તું ખોવાઈ ન જાય... એટલા માટે તો હું મધરાતે પણ તારી પાસે આવતો હતો. અને તું ખડખડાટ હસીને કહેતી... પાગલ નહીં તો... અરે હું તને છોડીને ક્યાં જાઉં ! કદીયે નહીં. એવું કેમ બને?' પરંતુ મા હવે મને સમજાયું

છે કે તું પાછી ભલે આવી પરંતુ તારો જીવનપથ ભારતમાં જ અજવાળાશે. તે જ તારા જીવનનો રાહ છે. મા ! જા મા જા. તું ભારત જા અને સુખી થા. તારાં જ સુખમાં અમારું સુખ છે. અમારી ચિંતા ન કર...' અને તેનાં પરિજનોએ હૃદયપૂર્વક તેણીને ભારત જવા અનુમતિ આપી... આમ શ્રીમતી ઈવૉન ભારત આવ્યાં.

**[૩૮]**

ભારતની ભૂમિને સ્પર્શ કરતાં જ તે ફ્રેન્ચ મહિલાએ તેને પ્રણામ કર્યા. ભારતની પવિત્ર માટીને મસ્તક પર લલાટમાં સ્પર્શ કરાવી તેના ખુબ જ આર્ત... હૃદય ગવ્હરમાંથી શબ્દ નિઃસૃત થયા... 'India... Mother India'. આ તે જ ભૂમિ છે કે જયાંથી સમગ્ર વિશ્વને માર્ગદર્શન આપનારું તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયું છે. આ તત્ત્વજ્ઞાન અહીં ખીલ્યું, ફુલ્યું ફાલ્યું અને વિશ્વમાં વિસ્તૃત થયું. આ વીરોની જનની, જ્ઞાનીઓની ભૂમિ, ભક્તોની માતા. સંતોની જન્મદાત્રી... આ ધરતીના કણકણમાં ધર્મ છે, ધર્મનો મર્મ છે. ભારતનાં સંતાનોના સીધા સાદા સહજ જીવનમાં એક શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન સમાયેલું છે.

શ્રીમતી ઈવૉને ભારતને ઊંડા અંતરથી નિહાળ્યું. તેણે જોયું અહીં લોકો ઝૂંપડાઓમાં રહે છે. તેમની ભૂખ ભાગ્યે જ સંતોષાતી હતી, અને પીવા માટે પૂરતું ચોક્ખું પાણી પણ ન હતું. આવી વિષમ દૈન્ય પરિસ્થિતિમાં હોવા છતાં તેમના ચહેરાઓ ઉપર એક અપૂર્વ સંતોષ અને સમાધાન દેખાતું હતું. તેમના ધૂળથી ભરેલા કાળા-શ્યામ પણ સલોના-નમણા ચહેરાઓ પર એક માત્ર આત્મીય આનંદની લહેરખીઓ આટાપાટા રમતી હતી. તેમનો દેહ થનગનતો હતો. તેમનાં જીવન થનગનાટથી સભર હતાં. એક અદ્ભુત ઉત્સાહ... એક અવર્ણનીય આનંદ. આવો આનંદ ! રોજ એક નવી કાર ખરીદવાવાળા ધનવાનોના નબીરાઓ કે જે અનેક પ્રકારનાં પ્રસાધનોથી પોતાના ચહેરા રૂપાળા દેખાય તે માટે પ્રયત્નશીલ છે, તેમના ઉપર પણ કદીયે જોવા નહતો મળ્યો. અહા ! આ તે વળી કેવો આનંદ ! કેટલું બધું માનસિક સમાધાન. શું આનો મૂળ સ્રોત ભારતીય તત્ત્વજ્ઞાનમાં તો નહિ હોય ? તેણીના માટે આ પ્રશ્ન એક કોયડો બની ગયો હતો.



હિમાલયનાં ઉત્તુંગ શિખરો હવે તેને પોતાનાં લાગતાં હતાં. ગંગાજીનાં પ્રશાંત નિર્મળ નીરમાં તેનું હૈયું ભીંજાઈ ગયું. આશ્રમનું પ્રવેશદ્વાર તમામ ધર્મોના અનુયાયીઓ માટે સદા સર્વદા ખુલ્લું હતું. દિવ્ય જીવનનો અર્થ જ સર્વધર્મ-સદ્ભાવ. દિવ્ય જીવન સંઘનો લોગો (બોધચિહ્ન) પણ કેટલો અર્થસભર છે. એક વિકસિત કમળ, તેનાં હૃદયમાં ભક્તિનું જળ અને જ્ઞાનનો સૂર્ય, કર્મના બે હાથ સેવા, પ્રેમ, ધ્યાન અને આત્મસાક્ષાત્કારની આલબેલ વગાડે છે. પરંતુ આ બધાનું કેન્દ્ર તો ૐકાર છે જે મધ્યસ્થે રહેલો છે.

અને, ઉત્કંઠિત મને શ્રીમતી ઈવૉને આશ્રમમાં પ્રવેશ કર્યો.

**[૩૯]**

આશ્રમમાં તેણીની દિનચર્યાનો પ્રારંભ થયો. પાશ્ચાત્ય લોકોને ભારતીય લોકોની જેમ પલાંઠી વાળીને બેસવાનું થોડું મુશ્કેલ પડે છે. પરંતુ યોગ-કેન્દ્રોમાં આવતાં-જતાં શ્રીમતી ઈવૉન હવે તે રીતે બેસવાને ટેવાઈ ગયાં હતાં. હવે તેને આશ્રમના ભારતીય સાત્ત્વિક આહારની પણ ટેવ પડી ગઈ હતી. ગંગા મૈયાનાં પવિત્ર જળમાં, તેણીએ પોતાનું પારકાપણું-પરદેશીપણું ધોઈ નાખ્યું હતું. તેઓ સત્સંગમાં નિયમિત હાજરી આપવા લાગ્યાં. આવા જ એક સત્સંગમાં એક દિવસ સ્વામીજી કર્મસિદ્ધાંત વિષે બોલી રહ્યા હતા.

'જો આપણે સારી રીતે સમજવાની કોશિશ કરીએ તો કર્મનો સિદ્ધાંત સૌથી વધુ આશાપ્રદાયક સિદ્ધાંત છે. તેમાં કહેવામાં આવ્યું છે, માણસનું નસીબ તેના પોતાના હાથમાં હોય છે. માનવ જાતે જ પોતાનાં જીવનનો શિલ્પી છે, પરમેશ્વર નહીં.

શ્રીમતી ઈવૉન સાંભળી રહ્યાં હતાં. તેમણે કર્મસિદ્ધાંતને સારી રીતે સાંભળ્યો અને સમજ્યાં. એવું તે શું છે તે સિદ્ધાંતમાં ?

આ સિદ્ધાંત કહે છે, 'આ જન્મમાં તમોને જે કંઈ મળ્યું છે, તે તમારાં પૂર્વે કરેલાં કર્મોનું ફળ છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે તમો તમારાં પૂર્વ જન્મોનું ગાણું ગાયા કરો, અને આળસુ થઈ જાઓ - નિષ્ક્રિય

થઈ જાઓ. પરંતુ આ જન્મનું વર્તમાન તમારા જ હાથમાં છે - માટે તમારે તમારું પ્રત્યેક કર્મ સારામાં સારી રીતે કરવું જોઈએ. આ પ્રત્યેક કાર્ય પૈસા માટે કે બાહ્ય આડંબર કે દેખાવ માટે નહીં, પરંતુ ઈશ્વર પ્રત્યેની તમારી ઉપાસના - આરાધના - સાધના સમજીને જ કરવું જોઈએ. તો જ તમો તમારા સાધક જીવનમાં ઐહિક અને આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરી શકો. ભારતીય તત્ત્વજ્ઞાને ધર્મ અને મોક્ષની સાથે સાથે જ 'અર્થ' અર્થાત્ સમ્પત્તિ અને 'કામ' અર્થાત્ આકાંક્ષાઓની પૂર્તિને સ્થાન આપ્યું છે. આ ચારેય મહત્ત્વપૂર્ણ પુરુષાર્થ છે - આ ચારેય પુરુષાર્થનું પ્રમાણિકપણે પાલન કરવામાં જ જીવનસાર્થક્ય છે. તેટલા માટે જ શ્રીકૃષ્ણે રાજ્ય પ્રાપ્તિ માટે અર્જુનને પ્રોત્સાહિત કર્યો હતો. પરંતુ તેની સાથે સાથે 'આ કાર્ય હું કરી રહ્યો છું' એવો મિથ્યા અહંકાર છોડવો જ જોઈએ, તે પણ શિખવ્યું હતું, અને કર્મ એ જ તમારો પ્રથમ અને અનિવાર્ય ધર્મ છે તે પણ શિખવ્યું. આ કર્મમાંથી કોઈપણ પ્રકારનો લાભ મેળવવાની ઈચ્છા, ફળની આકાંક્ષા... તમારાં ફરી ફરીને જન્મમૃત્યુના આવાગમનનું કારણ બની શકે છે, તે પણ કહ્યું. આ તત્ત્વજ્ઞાને માણસને ભોગવાદી અને લાલચુ થતાં રોક્યો. જે મળ્યું છે તેમાં રાજી રહેવું તે આ સિદ્ધાંતની પૂર્વાર્ધ શિક્ષા છે અને અહંકાર તથા ફળની આશા રહિત કર્તવ્ય કરીને ઉન્નતિ કરવી તે ઉત્તરાર્ધ શિક્ષા છે. ભારતીય તત્ત્વજ્ઞાનની સાચી સમજણ કેળવવાવાળો માણસ કદીયે નિષ્ક્રિય હોઈ જ ન શકે. પશ્ચિમનો કામદાર એક વસ્તુ બનાવશે તો તેમાંથી તેની રોજી રોટી છે એટલે તેમાં જ તેના જીવનનો આનંદ તે અનુભવે છે. જ્યારે ભારતીય કામદાર તે વસ્તુનાં નિર્માણ કરવામાં જ આનંદ મેળવે છે. તેને માટે તો તેની આ કર્તવ્યપૂર્તિ જ તેને આધ્યાત્મિક જીવન ભણી દોરી જાય છે. આનંદ તો તે કર્મ કરવામાં જ છે, તે જ પ્રથમ દશ્યમાન લાભ છે, સાત્ત્વિક લાભ છે, આધ્યાત્મિક ઉપલબ્ધિ છે. શું મળશે ? તે વિચાર માત્ર હીણપત છે. અને શ્રીમતી ઈવૉનને ધ્યાનમાં આવ્યું. આ ભારતીય માનવમાત્રના ચહેરા ઉપરનો આ અલૌકિક આનંદ જ... કે જેના કારણે ભગિની નિવેદિતા જેવાં પાશ્ચાત્ય મુમુક્ષુઓ ભારત ભણી આકર્ષાયાં



હતાં, તે જ કર્મનો સિદ્ધાંત છે.

પરંતુ ભારતનું જ દુર્ભાગ્ય જુઓ. કંઈક પોતાના લોકોએ જ તેમને ખોટું સમજાવ્યું. કંઈક પશ્ચિમની મિથ્યા સમજણે લોકોને ખોટું સમજાવ્યું. ભારતીય તત્ત્વજ્ઞાનનો માનવજાતને પ્રમુખ સંદેશ જ છે 'નિષ્કામ'. આપણા પ્રત્યેક કાર્યને સારામાં સારી રીતે કરવું તે જ યોગ છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્'. પરંતુ દુર્ભાગ્યે લોકો યોગને સમજ્યા નિષ્ક્રિયતા. અને તેને જ પોતાનું તત્ત્વજ્ઞાન સમજીને લોકો આળસુ થઈ ગયા. આજે ભારત અવનતિને પંથે છે, તેનું કારણ કર્મસિદ્ધાંત નથી, પરંતુ કર્મસિદ્ધાંત, તત્ત્વજ્ઞાન અને યોગની ગેરસમજણ છે.

પશ્ચિમના લોક મહેનત તો બહુ કરે છે, પરંતુ તે બધું પોતાની દોલત, સાહ્યબી અને માનમરતબો વધારવા માટે, અથવા તો પોતાની દૈહિક વાસનાઓની પૂર્તિ માટે. તેથી જ તેઓ જાતે જ પોતાના ગુલામ બની જાય છે. જ્યારે ભારતના લોકોની સઘળી મહેનતના પાયામાં છે નિષ્કામભાવ. પોતાની દૈનિક દિનચર્યા પ્રત્યે તેઓ ઉદાસ નથી. જ્યારે ભારતીય લોકો કર્મસિદ્ધાંતમાં શ્રદ્ધા ધરાવતા હતા, ત્યારે ત્યાં સમૃદ્ધિ હતી, પરંતુ તેમની આ સમૃદ્ધિ મેળવવાની ભાવના સંયમિત હતી. આ ઐહિક સમ્પત્તિની સાથે સાથે એક ઉદાત્ત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન પણ મનુષ્યના આંતરિક જીવનને સમૃદ્ધ કરતું હતું.

અધ્યાત્મનો અર્થ જ ચારિત્ર્યસંવર્ધન. ચારિત્ર્યસંવર્ધન એટલે શુદ્ધ આચરણ, સારો વર્તાવ, સારી વર્તણૂક.

પરંતુ હવે, હવે પાશ્ચાત્ય સંસ્કૃતિ અને સંસ્કારોનું આંધળું અનુકરણ કરીને પોતાના જ તત્ત્વજ્ઞાનને ઠોકર મારીને ભારતીઓ ઐહિક કે આધ્યાત્મિક કોઈપણ પ્રકારની પ્રગતિ કરી શક્યા નથી. અને પાશ્ચાત્ય લોકો હવે ભારતના મૂળ તત્ત્વજ્ઞાનથી આકર્ષાઈને ભારત આવી રહ્યા છે.

આ તત્ત્વજ્ઞાન હવે તેનો પ્રભાવ વિસ્તારી રહ્યું છે. સ્વામી ચિદાનંદજી તો આ તત્ત્વજ્ઞાનના મૂર્તિમંત પ્રતીક છે. એક સીમિત પરિવારનો ત્યાગ કરીને એક વિશ્વવિસ્તૃત પરિવારના મોભી થઈને તેમને

રહેવું પડે છે. કેટલું કામ ! કેટલી જવાબદારીઓ !

અહીં એક તરફ પ્રેસ ચાલે છે, તો બીજી તરફ હૉસ્પિટલ. યોગવેદાંત ફોરેસ્ટ અકાદમીનાં જ્ઞાનસત્રો. અને દેશના કોઈપણ ખૂણે કુદરતી કોપ થયો તો દિવ્ય જીવન સંઘ, સતત તેની વહારે દોડી જાય છે. કુષ્ટરોગીઓની વસાહતો તો છે જ અને દેશપરદેશથી આવતો ભક્ત-સમુદાય... આશ્રમનું પ્રમુખકાર્ય એટલે અખંડ કીર્તન અને અખંડ કીચન ! અને આ બધાં ઉપરાંત દિવ્ય જીવનના એક પણ સાધુને એક પૈસાની આશા નહીં.

કોણ કહે છે કે ભારતીય તત્ત્વજ્ઞાન માણસને આળસુ બનાવી દે છે. આ તત્ત્વજ્ઞાન અનુસાર કરવામાં આવતાં આચરણ અને તેનું સમર્થન કરવાવાળા લોકોને તો એટલું બધું કામ કરવું પડે છે કે તેમને ખાવા-પીવાની પણ શૂધ રહેતી નથી.

પોતાની આત્મિક ઉન્નતિ માટે સંન્યાસ લઈને જીવનારા આ મુમુક્ષુ સાધકોને તેમનાં લક્ષ્યની પ્રાપ્તિ પછી સમગ્ર સમાજ પોતાનો જ લાગે છે; અને તેથી જ તેઓ મન, કર્મ, વચનથી તેમની સેવામાં તન્મય બની જાય છે.

છતાં બુદ્ધિવાદી ભારતીય માનવના મનમાં ક્યાંથી આ પ્રશ્ન ઉપજે છે કે, વર્તમાન સમાજમાં અધ્યાત્મનું કોઈ સ્થાન જ નથી !

ભારતમાં જ આધ્યાત્મિકતાને શા માટે ઉતરતી દૃષ્ટિએ જોવામાં આવે છે. શ્રીમતી ઈવૉન વિચારી રહ્યાં હતાં. અને આમ તો પશ્ચિમના લોકોની સમજણમાં પણ તત્ત્વજ્ઞાન આવતું નથી જ. અને આ બધી વાતો તો ઈસુએ પણ કરી જ હતી ને ?

''ઈશ્વરના સામ્રાજ્યની શોધ કરો. તમોને જે જોઈએ તે બધું જ આવીને મળશે. ઈશ્વરનું સામ્રાજ્ય અને નિર્વાણ - સ્થિતિ એક જ છે ને ? જે વાત ભગવાન શ્રીકૃષ્ણે સંસ્કૃતમાં કહી... ગીતામાં કહી... 'યોગક્ષેમં વહામ્યહમ્' એ જ વાત ઈસુએ અંગ્રેજીમાં.... ગિરિપ્રવચનમાં કહી છે. ભારતીય પ્રજાના સંસ્કારો અને વર્તણૂકથી જ ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ સમજી શકાય. હું, ઈસુને આ હિન્દુ આશ્રમમાં આવીને જ સમજી શકી.''



તેઓ મનમાં જ બોલી રહ્યાં હતાં. 'હા. યુરોપના દેશો બહુ સારા છે. ભારતમાં ઘણુંયે ખોટું થતું હશે, પરંતુ યુરોપના દેશો કાંટા વગરનાં એવાં વૃક્ષો છે કે જેના ઉપર ફૂલો થતાં જ નથી. જ્યારે ભારત ભૂલો ભરેલો એક સમૃદ્ધ દેશ છે - વૃક્ષ છે કે જેમાં અલૌકિક પુષ્પો ખીલે છે અને એમને આ પુષ્પો માટે તેના કાંટાઓનો વાંધો નથી. અને જોતજોતામાં આ ફ્રેન્ચ મહિલા જોગણ બની ગઈ.

એક દિવસ એક ફ્રેન્ચ લેખક સ્વામીજીની રાહ જોતા પરસાળમાં ઊભા હતા. કેવા હશે સ્વામી ચિદાનંદ ? એક વિશ્વવિખ્યાત સંસ્થાના અધ્યક્ષ. એટલા મોટા સન્માનના અધિકારી.... મારી સાથે કેવી રીતે વાત કરશે ? તેઓ એમ વિચારી રહ્યા હતા. બાજુમાં જ એક સંન્યાસીને ઊભેલા જોઈને તેમની સાથે તે વાતોએ વળગ્યા. તે સંન્યાસી પણ તેમની સાથે ખુલ્લા મને વાતો કરી રહ્યા હતા. ભલેને સીધીસાદી પરંતુ પ્રત્યેક વાત ખૂબજ મૂલ્યવાન હતી. અને તેઓ વાતો એવી રીતે કરી રહ્યા હતા કે પેલા લેખક કેમ જાણે તેમના મિત્ર ન હોય ? વાતો વાતોમાં જ તેમણે તત્ત્વજ્ઞાનની ઘણીએ ગહન વાતો પણ કરી નાખી. લેખક ખરેખર તેમનાથી બહુ જ પ્રભાવિત થયા. પરંતુ આકસ્મિક પોતાની ઘડિયાળ જોઈને બોલ્યા ''આપ બહુજ જ્ઞાની છો, આપની સાથે સમય પણ સારો એવો વ્યતીત થઈ ગયો. પરંતુ ક્ષમા કરજો મારે સ્વામી ચિદાનંદજીને મળવાનું છે. આપ કહી શકશો કે તેઓ મળે ત્યારે મારે તેમની સાથે કેવી રીતે વાત કરવી ? તેઓ મોટા લોકો સાથે કેવી રીતે વાત કરે છે ? ત્યારે ખૂબજ શાંતિથી અને સરળતાથી તે સંન્યાસીએ કહ્યું, ''જી હા ! લોકો મને જ ચિદાનંદ કહે છે'' અને લેખકે અનન્ય ભક્તિપૂર્વક તેમને પ્રણામ કર્યા. તે આશ્ચર્ય અને વિમાસણમાં પડેલા હતા, પરંતુ સ્વામીજીએ પોતાના સ્નેહ અને આત્મીયતાથી તેના હાથમાં પ્રસાદ મૂક્યો.

અહીંથી લેખક સત્વરે શ્રીમતી ઈવૉન પાસે જઈને કહેવા લાગ્યો. 'અરે ! સ્વામીજીની વાણીમાં તો અમૃત ઝરે છે. તેઓ કેટલં બધું સરળ

અને મીઠડું અંગ્રેજી બોલતા હતા, અને વળી ક્યારેક સાંભળવું ગમે તેવું ફાંકડું અંગ્રેજી પણ બોલતા હતા. હું મારી જાતને એક સારો લેખક અને કવિ પણ માનું છું. પોતાની ભાષા પ્રત્યે કેટલો જાગરુક થઈને રહું છું; પરંતુ સ્વામીજીનું ભાષા પરનું પ્રભુત્વ સાંભળીને તો હું દંગ જ રહી ગયો. શું કોઈ ભાષામાં પણ આટલું સૌન્દર્ય હોઈ શકે ? અને, અરે ! આટલી મોટી વિભૂતિ આટલી સહજતાથી વાત કરી શકે ? તેમને તો એટલી પણ ખબર નહીં કે તેઓ કેટલા મોટાં પદ પર બિરાજેલ મહાપુરુષ છે ! Oh God ! આજે તો મેં આકાશને આંબી લીધું.

સ્વામીજીનું ભાષા પરનું પ્રભુત્વ, પરોણાગત, સેવા કરવાનો આંતરિક ભાવ... તે બોલતા જ રહ્યા. તેમની તો પરિસ્થિતિ જ એવી હતી કે શું બોલું અને શું ન બોલું ? શ્રીમતી ઈવૉન હોઠો પર સ્મિત લાવીને બધું શાંતિથી સાંભળી રહ્યાં હતાં.

## [૪૦]

સ્વામીજી ખૂબજ નરમ સ્વભાવના છે. માનો કે તાપ વગરનો સૂરજ કે ડાઘ વગરનો ચંદ્રમા. કોઈને દુઃખ પહોંચાડવાનું... તો તેઓ જાણે જ નહીં.

માનો કે ક્રોધ આવે તો પણ, એક મર્યાદામાં રહીને તેઓ ભૂલ કરવાવાળાને સમજાવે. પરંતુ આજે દાદરા ઉપર નીચે બધે જ સ્વામીજીનો ઊંચે સાદે બોલતો અવાજ સૌને સંભળાઈ રહ્યો હતો.

આશ્રમમાં સેવા કરતા તમામ હાથ આકસ્મિક થંભી ગયા. સ્વામી ચિદાનંદજી ! આટલા આક્રોશમાં ? કોઈએ, કદી પણ સ્વામીજીને કોઈની પણ સાથે ઊંચા અવાજે બોલતા સાંભળ્યા કે જોયા ન હતા. પણ થયું શું ? ચોપાસ એક ગમગીનીનું વાદળ છવાઈ ગયું. સ્વામીજી પાસે જઈને પૂછે તો પૂછે પણ કોણ ? હિમ્મત કરે ? છતાં એક મહાત્મા હિમ્મત કરીને તેમની પાસે ગયા. તેમણે કહ્યું, 'આપનો અવાજ જોર જોરથી બોલતા હોવાથી સંભળાતો હતો, પરંતુ વાતચીતનો વિષય શું તે કંઈ સ્પષ્ટ સંભળાતું ન હતું... સ્વામીજી ! શું સમસ્યા છે ? તેમના ધીરજથી પૂછાયેલા પ્રશ્નને સાંભળીને સ્વામીજીએ કહ્યું, ''અરે ! આ વડીલ કંઈ


સાંભળતા નથી, મેં જેટલું બને તેટલા જોરથી બૂમ બરાડા પાડીને કંઈક કહેવા સમજાવવા પ્રયત્ન કર્યો પરંતુ બધું જ વ્યર્થ, હું તો થાકી ગયો. લાગે છે કે તેઓ મુદ્દલ સાંભળતા લાગતા નથી.'' અને આશ્રમના સૌ નાનાં મોટાં આ સ્પષ્ટતા સાંભળીને હસી પડ્યાં.

## [૪૧]

શ્રીમતી ઈવૉન પાસે એક દિવસ એક માણસ આવ્યો. તેના હાથમાં એક મોટું પારસલ હતું. તેમાં ઘણા બધા પત્રો હતા. પારસલ ઈવૉનને આપતાં બોલ્યો, 'આખાયે ભારતમાં આ પારસલ લઈને ફરું છું. હું એક એવી વ્યક્તિની શોધમાં હતો કે મને આ પારસલ તેને આપવાનું ગમે. શું આપ પારસલ સ્વામી ચિદાનંજીને પહોંચાડી શકશો ?'

થોડી પળો શાંત રહીને તે જાતે જ બોલ્યો, 'ભારતની આ યાત્રા મારી અંતિમ આશા હતી. મારી પત્ની, ચાર સંતાનો, મારું આખુંયે જીવન નિરર્થક ગયું છે. બહુ જ દુઃખી થઈને હું પ્રભુને માર્ગે દોરાયો છું.'

''ધર્મગુરુઓ પાસે મારી વ્યથા સાંભળવાનો સમય નથી. દુનિયામાં કોઈને પણ નથી. આ બધા લોકો ઉતાવળમાં છે. સૌ આગળ જવા માગે છે. મારા જેવા દુઃખી માટે ભલા કોણ રોકાય ? મેં ભારતીય ગુરુ વિષે સાંભળ્યું, એટલે અહીં સુધી આવ્યો છું. પરંતુ મને કોઈપણ એવું ન મળ્યું કે જે મને હિમ્મત આપી શકે. અંતે મેં આત્મહત્યા કરવાનો પણ નિર્ણય કરી લીધો. આ થોડા પત્રો છે, મારા હૃદયની અંતિમ વેદના એમાં વ્યક્ત કરેલ છે. જે કંઈ પૈસા ગજવામાં હતા, તે બધા ફેંકીને બસ ગંગા કિનારે ઊભો હતો. બસ ! ત્યારે પાછળથી કોઈએ મને કહ્યું, ચિદાનંદજીને ઓળખો છો ?' અને હું અહીં આવ્યો. અને મેં સ્વામીજી પાસે જઈને મારી વેદના ઠાલવી. ખૂબ બધી બહુ વાર સુધી હું તેમની પાસે બેઠો. તેમની પાસે, તેમની સાથે વાતો કરતો જ રહ્યો. પછી એકાએક મને ખ્યાલ આવ્યો, તેમને બીજાં પણ કામ હશેને ? તેમને સમય ન પણ હોય, અને હું ઉઠવા લાગ્યો. ત્યારે તેમણે મને પૂછ્યું, 'આપને જવાની ઉતાવળ તો નથી ને ? બેસો.' લોકો આવતા હતા, જતા હતા, મને મારી ઉપસ્થિતિની સભાનતા પણ ન હતી.

ધીરે ધીરે મારું મન શાંતિથી છલકાવા લાગ્યું. હવે હું શાંત છું. હવે હું પાછો જઈશ, અને નવી શક્તિ તથા સ્ફૂર્તિથી દુનિયાનો સામનો કરીશ.

**[૪૨]**

સ્વામીજીએ પોતાનું સમગ્ર જીવન દીન-દુઃખીઓની સેવામાં જ સમર્પિત કર્યું. તે સૌને એમ જ લાગતું કે સ્વામીજીનો બધો સમય માત્ર તેમને માટે જ છે.... બસ મારે માટે જ છે. અનેક પ્રકારની નાની મોટી વ્યસ્તતા વચ્ચે સ્વામીજી સદા તેમની વહારે રહેતા, તેમનાં અશ્રુ લૂછવાની કરુણા દાખવતા. તેમને જીવન જીવવાની નવી આશા આપતા.

પરંતુ આમ આ બધું કરતા રહેવાથી તેમને પોતાને માટે સમય બચતો ન હતો. સાધારણ દૈનિક નિત્યકર્મ કે પોતાના દૈનિક આહાર માટે પણ તેઓ સમય આપી શકતા નહીં. આવી અવસ્થામાં તેમના અંગત સેવકો આગંતુકોને સદા હાથ જોડીને પાછા મોકલતા... અને છતાંયે સ્વામીજી લોકો સાથે વાતો કર્યા જ કરે તો એક નાની ઘડિયાળ લાવી તેમાં અલાર્મ (Alarm) વગાડીને ટાઈમ ખૂબ થઈ ગયો છે, હવે કૃપા કરી આમને રજા આપો તેવી સૂચનાઓ આપતા, ભોજન કરો... વિશ્રામ કરો... આ બધાં માટે સમયે સમયે યાદ અપાવવું પડતું. પરંતુ સ્વામીજી કોઈને પણ તેમને સંતોષ આપ્યા વગર પાછા મોકલવાનું કદીયે પસંદ ન કરતા. અલાર્મ બંધ કરીને ફરી પાછા વાતોએ વળગતા.

તેમની ષષ્ટિપૂર્તિ સમયે તેમના જ ગુરુભાઈ શ્રીમત્ સ્વામી ચિન્મયાનંદજી મહારાજે એક કોપરપ્લેટ તેમને ભેટ આપેલી, તેમાં મોટા અક્ષરે લખ્યું હતું, 'No' અને બે લાઈનની નોંધ પણ લખી મોકલાવેલી કે 'Now it is high time to learn to say No.'



## ૧૦

# સેવાનું મૂર્ત-વિવિધ સ્વરૂપ

**[૪૩]**

સિંહસ્થનું પર્વ હતું. એવું કહેવાય છે કે આ પર્વમાં સાક્ષાત્ ગંગામૈયા કૃષ્ણાનદીને મળવા આવે છે. કૃષ્ણાતટે વસેલું છે એક નાનકડું ગામ સાંગલી. દિવ્ય જીવન સંઘ, સાંગલીના સદસ્યોને મન આજે આ પર્વ દીપાવલી જેવું ઉત્સવાધીન હતું. કારણ કે સ્વામી ચિદાનંદજી મહારાજ આજ પહેલીવાર સાંગલી પધારવાના હતા. અક્ષય તૃતીયા (વૈશાખ સુદ-૩)ની સાંજ ઢળતી ગઈ. ધીરે ધીરે રાત ગાઢ થવા લાગી. સ્વામીજી પૂનાથી મોટર માર્ગે સાંગલી પધારવાના હતા. દિવ્ય જીવન સંઘ, સાંગલીના સભાસદો સાંગલીની સરહદે સ્વામીજીના સ્વાગત માટે પુષ્પમાળાઓ હાથમાં લઈને ઊભા હતા. તેમના હાથોમાં પુષ્પહાર હતા... આંખોમાં પ્રતીક્ષા અને મનમાં શ્રદ્ધા.

રાતના એક વાગ્યો ત્યારે સ્વામીજીની કાર આવી પહોંચી. ભક્તોએ પુષ્પહાર પહેરાવ્યા. નમસ્કાર કર્યા. તેમના નામનો જયજયકાર કર્યો પરંતુ સ્વામીજીએ બુલંદ અવાજે સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજીના નામનો જયજયકાર કર્યો. સ્વામીજીને લઈને સૌ તેમને ઉતારે ગયા. પૂનામાં મોડીસાંજ સુધી કાર્યક્રમો થયા હતા. સ્વામીજી તેમની આયુના

છ દશકા વિતાવી ચૂક્યા હતા. તેમના વિશ્રામ માટે પુરો બંદોબસ્ત હતો. પરંતુ સ્વામીજીને આ બધાંથી જાણે કંઈ સંબંધ જ ન હોય તેમ તેમણે તો હરિનામ સંકીર્તનની હેલી જગાવી. ચહેરા ઉપર કોઈ થાક કે આંખોમાં ઊંઘના કોઈ અણસાર પણ નહીં. બીજે દિવસે સવારે ગુરુપાદુકાઓનું પૂજન કરવામાં આવ્યું. સાંગલીથી ત્રણ ચાર માઈલના અંતરે માધવનગરમાં શ્રી નાઈકજીના ઘરે સ્વામીજીની પાદપૂજા કરવાની હતી. નાઈકજીના પિતાશ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજીના એકનિષ્ઠ ભક્ત અને સાક્ષાત્કારી સંત હતા. તેમના દેહાવસાન પછી પણ તેમના આશીર્વાદ અને પુણ્યથી જ સ્વામીજી નાઈકજીને ઘરે પધારવાના હતા. મૂળ તો સ્વામીજીની જ પાદપૂજા કરવાની હતા. પરંતુ સન્માનથી સદા દૂર રહેવાને ટેવાયેલા સ્વામીજીએ સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજની પાદુકાઓની જ પૂજા કરવાનું સૂચન કર્યું, અને પોતે પદ્માસનવાળી ધ્યાનસ્થ થઈ ગયા.

સ્વામીજી દુનિયા આખીમાં ભ્રમણ કરે છે. આજે એક ખૂબ નાનકડા ગામમાં સીધા-સાદા મધ્યમવર્ગીય ઘરમાં પધાર્યા હતા. આ પૂજા માટે બહુ લોકોને નિમંત્રવામાં આવ્યા ન હતા. ભક્તોની ભીડ, ભક્તિ-પ્રવાહનો વેગ અને સ્વામીજીને કષ્ટ ન પડે તેવી જ સમજણ આ નિમંત્રણ નહીં આપવા માટેની હતી. અને બધાંને બોલાવો તો આ નાનકડા ઘરમાં કેટલાક લોકોનો સમાવેશ કરી શકાય?

પરંતુ શું સ્વામીજીનાં દર્શન માટે લોકો આમંત્રણની રાહ જોવાનાં હતાં ? અને આમેય નાઈકજીનું ઘર તો માધવનગરના લોકો માટે પોતાનાં ઘર જેવું જ હતું અને લોકો આવતાં જ ગયાં. હવે શ્રીમતી નાઈક ચિંતાતુર થયાં. પ્રસાદ તો ખૂબ હતો. પરંતુ જે પ્રમાણે ભીડ વધી રહી હતી, તેના પ્રમાણમાં તેટલો પ્રસાદ પૂરો નહીં થાય તેવો ભય પણ જાગ્યો હતો. હવે શું થાય ? અને લોકો સ્વામીજીના દર્શને આવે, પ્રસાદ વગર પાછાં જાય તે કેટલું ખરાબ કહેવાય ? એક આદર્શ અને શ્રદ્ધાળુ ગૃહિણી હોવાને કારણે તેઓ ચિંતાતુર હતાં, પરંતુ પૂજામાંથી ઊઠી શકાય તેમ પણ ન હતું.


સ્વામીજીએ પોતાના અંગત સેવક રામસ્વરૂપજી તરફ જોયું અને આંખોથી કંઈક આદેશ આપ્યો. તેઓ તે આદેશ સમજી પણ ગયા. કોઈ કંઈ સમજે તે પૂર્વે નજીકની બજારમાં ગયા. બિસ્કુટના નાના નાના પેકેટનું એક મોટું ખોખું લઈ આવ્યા. ઘરના પ્રસાદ સાથે તે સમયે ઉપસ્થિત સૌ ભક્તોને બિસ્કુટનું એક નાનું પેકેટ પણ પ્રસાદમાં આપવામાં આવ્યું. કોઈપણ વ્યક્તિ પ્રસાદ વગર ખાલી હાથે પાછી ન ગઈ. કોઈને ખબર પણ ન પડી કે લોકોની અનપેક્ષિત ભીડ જોઈને આ વ્યવસ્થા સ્વામીજીએ જાતે કરી હતી.

ગૃહિણીના ગૃહિણીધર્મની પરીક્ષા લેવાવાળા, તેને મુશ્કેલીમાં મૂકી આકરી આપત્તિ ઉત્પન્ન કરનારા ઋષિમુનિઓની કથાઓ આપણે સાંભળી છે. પરંતુ ગૃહિણીની મનોવ્યથા જાણીને તેણીને તકલીફ ન પડે માટે મદદ કરનારા આ યતિનું સ્વરૂપ કંઈક જુદું જ હતું. સંન્યાસી હોવા છતાં વીસમી સદીના ગૃહસ્થોના ઘરને સાચવનારી મહિલા-ગૃહિણીઓની સમસ્યા સ્વામીજી સમજતા હતા. પૂજા કરતી વખતે નાઈકજીના ધર્મપત્નીના મનમાં થયું કે અમારો પરિવાર સ્વામીજીમાં અખૂટ શ્રદ્ધા ધરાવે છે. અમારી દીકરીનું લગ્ન લેવાનું છે, તેના લગ્ન પહેલાં તેને મંત્રદીક્ષા મળે તો કેવું સારું થાય ? આ વિચાર તેઓ વાગોળતાં જ હતાં કે સ્વામીજીએ તેને બોલાવીને મંત્રદીક્ષા આપી. તેઓ જાણતા હતા કે સાસરા પક્ષે લોકોને અધ્યાત્મ વિષયક ઝાઝી શ્રદ્ધા ન હતી. તેમને ભગવાન-બગવાનની વાતોમાં પણ કંઈ ખાસ ભરોસો પણ ન હતો. તો એવા સંજોગોમાં નવવિવાહિતા વધૂ ભગવતભજન ભલા કેવી રીતે કરશે ? સ્વામીજીએ તેને કહ્યું.' જપ કે ધ્યાન કરવા માટે એકાંત કે અલગ સમય જોઈએ તેની ચિંતા કરશો નહીં. અને એવું પણ નથી કે સ્નાન ન થયું હોય તો તમે પ્રભુભજન ન કરી શકો. ઘરકામ કરતાં કરતાં, ઊઠતાં બેસતાં, પ્રત્યેક ક્ષણે પ્રભુનામનું સ્મરણ કરો. મનમાં જ ઈશ્વરનું ગુણગાન કરો. આજ તમારી સાધના છે. તમારાં જીવન ઉત્કર્ષ માટે એટલું ઘણું.'' અને પછી પિતૃતુલ્ય વાત્સલ્યથી સંસારમાં ગૃહિણીની જવાબદારીઓ વિષે પણ શિક્ષણ-સલાહ આપ્યાં, આવું જ્ઞાન તો એક

માતા જ પોતાની દીકરીને આપી શકે. એક સંન્યાસી આધ્યાત્મિક સાધના કરતી વખતે પરિગ્રહ ન રાખે તે વાત તો સમજી શકાય તેમ છે. પરંતુ ગૃહસ્થ જીવનમાં બચત, અને પરિગ્રહનું મહત્ત્વ છે. પતિની કમાણી સારી રીતે સાચવીને વાપરવી, સમજદારીપૂર્વક ખર્ચ કરવો, પૈસા અકારણે વેડફવા નહીં, અને સાસરિયાંમાં કેમ હળીમળીને રહેવું તે પણ સમજાવ્યું.

અને પછી તો તે શ્રદ્ધાળુ કામઢી વહુને કારણે તેનાં સાસરિયાંની તો શકલ-સુરત જ બદલાઈ ગઈ. તેમનાં સૌનાં જીવનમાં શ્રદ્ધા અને ભક્તિ વધ્યાં. તેમણે વહુને પૂછયુ. ''તમે તો મંત્રદીક્ષા લીધી છે. પરંતુ તમો તો કોઈ જપ કે સાધના કંઈ કરતાં નથી, તો તમો સાધના કેવી રીતે કરો છો ?''

અને વહુએ હસીને કહ્યું, ''હું તો હંમેશાં જપ કરું છું. બસ, મારા જપની મને અને મારા પ્રભુને જ જાણ છે.' સ્વામીજી બાહ્ય આડંબરને કદીયે મહત્ત્વ નથી આપતા. શરીરના શુદ્ધીકરણથી વિશેષ અહીં મનનું શુદ્ધ હોવાનું વધુ આવશ્યક છે. એકવીસમી સદીના સામાન્ય માણસને સરળ લાગે અને બુદ્ધિવાદીઓને ગળે ઉતરે તેવો આ ધર્મ છે... દિવ્ય જીવન.

આની સાથે જ શ્રીમતી નાઈકને પોતાનાં અંગત જીવનની તે ઘટના યાદ આવી.... સ્વામીજી તો સંસારી લોકોની મુશ્કેલીઓ જ નહીં, પરંતુ માયામમતામાં અટવાયેલાં તેમનાં મનને પણ જાણે છે. થોડાં વર્ષો પૂર્વે તેમના સસરાનો દેહવિલય થયો હતો. અને પછી થોડા દિવસે પિતાજી પણ પરલોક સિધાવ્યા. સ્ત્રી ભલે સહનશીલ અને મમતામયી હોય, છતાં કઠિન સમયમાં પુરુષોથી પણ વધુ માનસિક શક્તિ દર્શાવી શકે છે. પરંતુ શ્રી નાઈકજી ખૂબ જ નાસીપાસ થઈ ગયા. માંદા પણ પડ્યા અને મનમાં દુર્ભાગ્યે અયોગ્ય વિચારો પણ ઊભરાવા લાગ્યા. ઘરની સારસંભાળ રાખવા માટે હવે કોઈ વડીલ રહ્યું ન હતું. પછી એકવાર શ્રીમતી નાઈકને દિવ્ય જીવનની યાદ આવી. શિવાનંદ આશ્રમ, હૃષીકેશમાં જ સ્થિત થયેલા અને પોતાના પરિચિત એવા શ્રી નગરકરજીને તેમણે પત્ર લખ્યો.



આ પત્ર !... જાણે શ્રી ગુરુદેવ માટે આંસુથી ભરેલી આરઝુ હતી. શ્રી નગરકરજીએ આ પત્ર પૂજ્ય સ્વામીજીને દેખાડ્યો. તે જ ક્ષણે સ્વામીજીએ ટેલીગ્રામ કર્યો. ''તમારે માટે શ્રી વિશ્વનાથમંદિરમાં પૂજા, અર્ચના અને પ્રાર્થના કરેલ છે. નિશ્ચિંત રહો.'' સ્વામીજી પત્ર લખીને શાંતિથી જવાબ આપવા માગતા ન હતા. તેમની તો ઇચ્છા સત્વરે સૌને શાંતિ મળે તે જ હતી. શ્રી નગરકરજીનો થોડા દિવસ પછી પત્ર આવ્યો. તેનાથી મન વધુ શાંત અને સ્થિર થયું.

હાથો દ્વારા પૂજા કરતાં કરતાં પૂજ્ય સ્વામીજી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત થાય તેવી અનેક ક્ષણો નાઈક દંપતીના મનમાં ઊભરાઈ રહી હતી. એટલામાં 'શ્રી રામ જય રામ જય જય રામ' આ ભાવપૂર્ણ અને રૂંધાયેલા કંઠથી નિઃસૃત પ્રભુસ્મરણના અવાજથી સૌનું ધ્યાન દરવાજા તરફ ગયું. શ્રી જાખોટિયાજી માધવનગરના બહુ મોટા વેપારી હતા. પરંતુ શ્રી રામનામને તેમણે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું હતું. તેમનો પ્રત્યેક શ્વાસ પ્રભુનામથી સભર હતો. તેમનું જીવન ભક્તિપૂર્ણ પ્રેમનું ઉદાહરણ હતું. સ્વામીજીની પૂજાનું દર્શન કરતાં કરતાં તેમનાં નેત્રોમાં હર્ષાશ્રુ ઊભરાવા લાગ્યાં. અતુલિત દિવ્ય પ્રેમથી તેમનો કંઠ રૂંધાઈ ગયો. પૂજા સમાપ્ત થયા બાદ પૂજ્ય સ્વામીજીને તેમણે પોતાને ઘેર પધરામણી કરવા માટે પ્રાર્થના કરી. પરંતુ સ્વામીજી કંઈક કહે તે પૂર્વે દિવ્ય જીવન સંઘ, સાંગલીના પદાધિકારીઓએ તેમની માગણી નકારી કાઢી.

એવું કંઈ ન હતું કે આ લોકો કઠોર હૃદયના હતા. પરંતુ સ્વામીજીએ હજુ આહાર પણ ગ્રહણ કર્યો ન હતો. તે પછી અનેક લોકોને મળવાનું નક્કી કરવામાં આવ્યું હતું - ત્યારબાદ સાંગલીમાં એક જાહેર વ્યાખ્યાન હતું. તો પછી સ્વામીજીના વિશ્રામનું શું ? મોડીરાત સુધી યાત્રા કરીને આવ્યા હતા !

શ્રી જાખોટિયાજી નિરાશ તો થયા, પરંતુ સમજીને પાછા ગયા. પરંતુ સાંગલીમાં વિશ્રામ કરતી વખતે સ્વામીજીથી રહેવાયું નહીં. ભગવાનને ભાવથી ભજવાવાળો ભક્ત, સાધક, વિલક્ષણ નામપ્રેમી, જેની આર્તતા પ્રભુને પણ વહાલી છે..... સ્વામીજી તેના હૃદયના ભાવ

જાણી ગયા હતા.

વિશ્રામ છોડીને સ્વામીજી પાછા માધવનગર આવ્યા. શ્રી જાખોટિયાજીના ઘરે ગયા. તેમના પરિવારનાં સ્વજનોને મળ્યા. પોતાનો વિશ્રામ સમય તેમને ઘરે ગાળ્યો. પછી વ્યાખ્યાન માટે સાંગલી પાછા આવ્યા. કોઈને દુઃખ પહોંચાડવાનું તો સ્વામીજીના સ્વભાવમાં જ ન હતું. અને કોઈ ઉપાય જ ન હોય અને કોઈને ના કહેવી પડે તો પણ એટલી બધી મીઠાશથી કહે કે સામેનો માણસ નારાજ ન થાય.

**[૪૪]**

આશ્રમના દર મોટા ઉત્સવમાં કુષ્ટરોગીઓને મિષ્ટાન્ન જમાડવામાં આવતું. શિવરાત્રીના અવસર પર સ્વામીજી હંમેશાં બ્રહ્મપુરીના કુષ્ટ રોગીઓ સાથે સવાર વીતાવતા અને સત્સંગ કરતા. એક વર્ષ સ્વામીજી શિવરાત્રી સમયે આશ્રમમાં ન હતા. ડો.કુમાર શ્રીમતી ઈવૉનને કહેવા લાગ્યા, ''આ વર્ષે શિવરાત્રીના દિવસે બ્રહ્મપુરીના લોકો રાજી નહીં થાય. આપણે બધાં તો છીએ, પરંતુ સ્વામીજી તો નથી. તે વર્ષે શ્રીમતી ઈવૉન ટોપલા ભરીને મિષ્ટાન્ન લઈને બ્રહ્મપુરી ગયાં. તે ગિરધારીને મળ્યાં. કુષ્ટ રોગમાં તેના હાથ, પગ, નાક બધું જ ગળી ગયું હતું. તેનાં જીવવા રહેવાનાં લક્ષણો બહુ જ થોડાં દેખાતાં હતાં.

શું ગિરધારીની આ અંતિમ ક્ષણો છે ? શ્રીમતી ઈવૉને ડો. કુમારને પૂછયું.

''ડૉકટરી હિસાબે તો હા જ કહી શકાય.'' તેમણે કહ્યું, ''પરંતુ તેની ઇચ્છાશક્તિ અસાધારણ છે, તેણે નક્કી કર્યું છે કે સ્વામીજીના પાછા ફરતાં પહેલાં તે મરવા નથી માગતો.''

''પરંતુ સ્વામીજીને તો પાછા ફરતાં હજી ઘણો સમય બાકી છે. શું ત્યાં સુધી તે રાહ જોઈ શકશે?''

''રામ જાણે. સ્વામીજી છેલ્લાં વીસ વર્ષથી તેને પોતાનો પ્રેમ અને સેવા આપી રહ્યા છે, તેને માટે ફળ અને મીઠાઈઓ મોકલાવે છે.''

આશ્રમમાં તપાસ કરતાં જણાયું કે સ્વામીજીને સ્વદેશ પાછા ફરતાં હજુ ઓછામાં ઓછા અઢી મહિના તો લાગશે જ. સત્વરે... વીજળી



વેગે તેમના મનમાં વિચાર આવ્યો કે ગિરધારીએ જીવતા રહેવું જ પડશે. કોઈ પણ કારણે સ્વામીજી આવે ત્યાં સુધી તેને જીવાડવો જ પડે.

તેઓ ફરી એકવાર બ્રહ્મપુરી આવ્યાં. આ વખતે તેણી પોતાની સાથે ફળોનો રસ પણ લઈને આવ્યાં. અને ગિરધારીના મોંમાં થોડું થોડું પિવડાવવાનો પ્રયત્ન કર્યો. પહેલાં તો તેણે ખૂબ આનાકાની કરી. પરંતુ જ્યારે શ્રીમતી ઈવૉને કહ્યું : ''સ્વામી ચિદાનંદજી પાછા આવે ત્યાં સુધી તો તમારે જો જીવતા રહેવું હોય તો આ રસ પીવો જ પડશે.' ચિદાનંદજીનું નામ સાંભળતાં તેણે આંખો ખોલી, અને ધીરે ધીરે તેણે રસ પીધો. શ્રીમતી ઈવૉને હવે તેની બાજુમાં સ્વામીજીનો સુંદર ફોટો મૂક્યો, અને થોડાં પુષ્પો પણ એક ફૂલદાનીમાં મૂક્યાં. ત્યાર બાદ તેઓ દરરોજ ગિરધારીની સેવા કરવા આવતાં. ત્યારે ગિરધારી પણ સ્વામીજીની છબીને આર્ત નજરે નિહાળતો. તેના મિત્રો દરરોજ ફૂલદાનીમાં તાજાં પુષ્પો ગોઠવતા.

ગિરધારી બચી ગયો, અને એક દિવસ અચાનક પોતાનો પ્રવાસ અધૂરો મૂકીને સ્વામીજી આશ્રમ પાછા ફર્યા. આવતાંની સાથે જ તેમણે શ્રીમતી ઈવૉનને પોતાની પાસે બોલાવ્યાં. તેમને પંદર રૂપિયા આપીને કહ્યું, ''આમાં તમારા પણ થોડા પૈસા ઉમેરો અને એક ચાદર લઈ આવો.''

'ચાદર? આટલા ઓછા પૈસામાં?'

'હા. ખૂબ જ સાદી... હલકી ચાદર...'

તેઓ ચાદર લાવ્યાં. તે ચાદર લઈને સ્વામીજી ગિરધારી પાસે ગયા. તેમનાં દર્શનની સાથે જ ગિરધારીના નિસ્તેજ આંખોમાં રોશની આવી ગઈ. સ્વામીજીએ કહ્યું, ''ગિરધારી, હવે આ શરીર છોડો. નિરામય શાંતિમાં પ્રવેશ કરો.'

બસ, આટલું સાંભળતાંની સાથે જ ગિરધારીએ પ્રાણત્યાગ કર્યો. તે હલકી નાની ચાદર તેને ઓઢાડીને સ્વામીજીએ તેની આત્મશાંતિ અને સદ્ગતિ માટે પ્રાર્થના કરી, અને ફરીથી તેમના અધૂરા પ્રવાસ માટે તેઓ રવાના થઈ ગયા.

સૌ પોતપોતાને કામે વળગ્યા. ગિરધારીને તો સૌ જાણે ભૂલી જ ગયા. અને એક દિવસ પરદેશ યાત્રામાંથી સ્વામીજીનો ટેલીગ્રામ આવ્યો...

''ગિરધારીનાં પત્નીની સારસંભાળ રાખો છો ને ?''

**[૪૫]**

સ્વામી શિવાનંદજી કહેતા કે, 'જો કોઈપણ માણસ તમોને રસ્તા પર પડેલો મળે તો જાઓ અને તેને મદદ કરો. તે તેના કર્મે દુઃખી થાય, તેમાં આપણે શું ? એમ કહીને તેના પ્રત્યે લાપરવાહ ન થશો. જો તમે ભૂખ્યા હો તો પણ તમારા ભોજનમાંથી થોડુંક પણ તેને ખવડાવો. તેમ કરવાથી જ તમારું અંતઃકરણ વિકસિત થશે.' ચિદાનંદજી આ ઉપદેશના સાક્ષાત્ પ્રતીક હતા.

એક દિવસ સ્વામીજી આશ્રમના બે અંતેવાસીઓ સાથે ટેક્ષીમાં યાત્રા કરી રહ્યા હતા. રસ્તામાં તેમણે કોઈ માણસને પડેલો જોયો. તેના શરીરમાંથી ઠેકઠેકાણેથી લોહી વહી રહ્યું હતું. થોડી જ પળો પૂર્વે તેને કોઈ વાહને ટક્કર મારી હશે, તેવું લાગ્યું. સ્વામીજીએ ટેક્ષી ઊભી રખાવી. તે માણસ પાસે ગયા. તેને અકસ્માતમાં ખૂબ વાગ્યું હતું. સ્વામીજીએ ડ્રાયવરને કહ્યું, 'ચાલો, ઉપાડો આ વ્યક્તિને અને આપણી ટેક્ષીમાં પાછળ સુવડાવો. આજુબાજુ જ્યાં પહેલી હોસ્પીટલ આવે ત્યાં તેને સત્વરે લઈ જવો પડે, લોહી બહુ જ વહી ગયું છે.'

પરંતુ ડ્રાયવર આનાકાની કરવા લાગ્યો. તેણે કહ્યું, 'સ્વામીજી, શા માટે તમો તમારો સમય બરબાદ કરો છો ? આ એક્સીડેન્ટનો કેસ છે. જો કોઈ પૂછપરછ વધશે તો આપણે પોલીસ અને કોર્ટનાં ચક્કર કાપવાં પડશે !'

'અરે, આ તો મારા અને તમારા જેવો જ માણસ છે. શું પોલીસની પૂછપરછના ભયે, તેને આમ રસ્તામાં મરવા માટે છોડી દેવાનો?'

''સ્વામીજી ! તમે એમ સમજોને, કે આપે કંઈ જોયું જ નથી.''

''આમ સમજું. મારાં મનમાં એવું જુઠ્ઠાણું કેમ ઉપજે ?' પછી થોડીવાર રોકાઈને સ્વામીજીએ ટેક્ષી ડ્રાયવરને કહ્યું, 'લો આ તમારું ટેક્ષીભાડું. તમો છુટ્ટા... અમો ત્રણેય ભેગા થઈને, તેને ઉંચકીને



હોસ્પીટલે લઈ જઈશું.''

'પરંતુ સ્વામીજી હોસ્પીટલ તો દૂર છે.'

'તો શું થયું. ભલે દૂર રહી. જો હું આમ ઘાયલ થઈને પડ્યો હોત તો શું, મને કોઈ હોસ્પીટલ ભેગો કરવાનું ન વિચારત?' આ સાંભળતાં જ ડ્રાયવર વિનમ્ર થઈ ગયો. તેણે તે ઘાયલ માણસને ઊંચકીને ટેક્ષીમાં સુવાડ્યો, અને ટેક્ષી હોસ્પીટલ તરફ હંકારી મૂકી. સ્વામીજીએ કહ્યું, 'આપણે બીજા લોકો પાસે જેવા વ્યવહારની આશા રાખીએ છીએ, તેવો જ વ્યવહાર આપણે બીજા લોકો સાથે કરીએ તેનું નામ જ ધર્મ.'

ધર્મ કંઈ ગેરુ કપડાંથી આવતો કે થતો નથી. ધર્મ પુરાણ કે કુરાનમાં પણ નથી. ધર્મને પૂજાપાઠ કે નમાજનાં બંધન નથી. પ્રત્યેક પ્રાણીમાં ઈશ્વરનાં દર્શન કરવાં, પોતાની અંદર જે આત્મા છે, તે જ આત્મા પ્રત્યેક પ્રાણીમાં છે, તેવું સમજવું અને અનુભવીને તે પ્રમાણે વ્યવહાર કરવો, એ જ ધર્મ છે. આ અનુભૂતિ આપણી અંદર પ્રગટે તે માટે આ પૂજાપાઠ , નમાજ, વેદ, બાઈબલ, કુરાન અને વસ્ત્રોની આવશ્યકતા છે. તેઓ આ દિશામાં આપણે માટે સહાયભૂત થાય છે. જેને દરેક ઠેકાણે, દરેક પ્રાણીમાં ઈશ્વર દેખાય છે, તેવી ધાર્મિક ભાવનાવાળી વ્યક્તિ કોઈ પ્રત્યે પણ અત્યાચાર ન કરી શકે.'

ધર્મને ન સમજવાવાળા લોકોથી જ આ દુનિયામાં અત્યાચાર થયા છે, ભલેને તેમને આખોયે ધર્મગ્રંથ યાદ હોય. સંત જ્ઞાનેશ્વર, રામદાસ, એકનાથ, રામકૃષ્ણ પરમહંસ આવી ધાર્મિક વ્યક્તિઓ પીડિતની વહારે આવી. માણસ પર માણસના અત્યાચારની વિરુદ્ધ આ સંતોએ હાકલ કરી. કારણ કે તેઓ ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા હતા. દુર્ભાગ્ય છે કે આજે આવા સ્પષ્ટ, સરળ અને સુરેખ ધર્મમાર્ગને અત્યાચાર અને શોષણનું સાધન માનીને તેની નિંદા કરવામાં આવે છે. જી હા, ખરેખર ધર્મ શોષણનું સાધન બન્યો છે, પરંતુ તેમાં ધર્મતત્ત્વ દોષી નથી, દોષી તો સ્વાર્થી માણસો જ છે. આટલી સાચી વાત સમજવાનો પ્રયત્ન કોઈએ કર્યો નથી. આ જ ધર્મમાં અખૂટ શ્રદ્ધા ધરાવનારા જ્ઞાનેશ્વરજીએ અછૂત કહેવાતા સમાજનાં આંસુ લૂછ્યાં. સંત એકનાથજીએ અછૂત કન્યાની

પીડા દૂર કરી. ધર્મના આ મંગળસ્વરૂપને દેખાડવા માટે ‘ચિદાનંદ’નું આ દુનિયામા આગમન થયું છે.

સ્વામીજી ચિદાનંદજી મહારાજ સત્સંગમાં પધારે ત્યારે સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજીનું પુસ્તક લઈ તેમાંથી થોડા મૌલિક વિચારો હંમેશાં વાંચી સંભળાવે. ગુરુદેવના પ્રત્યેક પુસ્તકમાં તેમની શ્રદ્ધા પ્રત્યક્ષ ગુરુદેવ સમક્ષ બેસીને સત્સંગ કરતા હોય તેવી છે.

તે દિવસે ક્રિસ્ટમસની રાત્રી હતી. દરિયાપારના દેશોમાંથી આવેલાં ઈસુના ભક્તોને ઈસુનું સ્મરણ થતું હતું. સામે ચિદાનંદજી મહારાજ ગુરુદેવ સ્વામી શિવાનંદજીનું BLISS DIVINE પુસ્તક લઈને બેઠા હતા. તેમાંથી તેમણે વાંચવાનું શરૂ કર્યું. ‘હું અને મારો જન્મદાતા (અર્થાત્ ઈશ્વર) એક જ છે. આ અદ્વૈતની જ્યાં અનુભૂતિ થાય ત્યાં જ જીસસ વસે છે. વેદાંતે પણ આ જ અદ્વૈતની વાત કરી છે. જીસસનાં મધુર વચન, કુરાનની આયાતો અને વેદની ઋચાઓ કે ઉપનિષદના મંત્રો એકજ સત્યની ઘોષણા કરે છે.

ચૈતન્યની સ્વીકૃતિ અને રુધિર, માંસ તથા અસ્થિભર્યાં દેહને નકારવું; એક જ તત્ત્વજ્ઞાન છે. જીવનને ભોગવાદ ભણી લઈ જતી ભાવનાનો ત્યાગ અને અધ્યાત્મ પ્રત્યે અનુગમન - ત્યાં જ ખરું સાચું સુખ છે, આ જ જીસસનો ઉપદેશ છે.

ઈસુ પોતે જ પોતાની શિક્ષાનું મૂર્ત સ્વરૂપ છે. તેમણે કહ્યું, ‘હું સત્ય છું. જીવન પથ છું.’ ચિદાનંદજી બોલી રહ્યા હતા. અને જોતજોતામાં સર્વે યુરોપિયન લોકોની આંખો સમક્ષ જીસસ સાકાર થઈ ગયા. હૃદય ગવ્હરમાં દિવ્ય અનુભૂતિ થઈ કે સ્વામી ચિદાનંદજી જ જીસસ પૂર્ણરૂપે પ્રગટ થયા છે.

છતાંયે આ પાશ્ચાત્ય લોકોના મનમાં ભારત માટે કંઈક વિશિષ્ટ વિચારો જ હોય છે. તેથી જ તો તેઓ આશંકિત રહે છે. પરંતુ સ્વામીજીનું સાન્નિધ્ય અને તેમનાં અમૃતમય વચનો સાંભળીને તેમની તમામ શંકાઓ નિર્મૂળ થઈ ગઈ. આવી જ એક મહિલા શ્રીમતી ઈવૉનને પૂછી રહી હતી, ‘‘ભારતીય સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓને મહત્ત્વ ઓછું



આપવામાં આવે છે. તેમના ધર્મગુરુઓ કે સંન્યાસીઓ સ્ત્રીઓને બહુ તુચ્છ ભાવથી જુએ છે. સ્ત્રીઓને જોવાનું પણ અશુભ માને છે. અને તમો.... આ આશ્રમમાં... કેવી રીતે ?

હસીને શ્રીમતી ઈવૉન બોલ્યાં, ‘‘જી ના. એમનો હિન્દુ ધર્મ પત્ની કે સ્ત્રીઓને કદીયે તુચ્છ સમજતો નથી. તેમનું પ્રત્યેક ધર્મકાર્ય સહધર્મિણી વગર અધૂરું માનવામાં આવે છે. કોઈ પુરુષને પોતાની પત્ની વગર ધર્મકાર્ય કરવાની અનુમતિ જ નથી. હા, અહીના સમાજની જુની પરંપરાઓથી સ્ત્રીઓને અન્યાય જરૂર થયો છે. પરંતુ ચિદાનંદજી તો આ અન્યાય સામે ન્યાય આપવાની જ હાકલ કરે છે. તેમની દૃષ્ટિમાં તો પ્રત્યેક સ્ત્રી માતા છે. ભારતમાં સ્ત્રીનું શ્રેષ્ઠ સન્માન અને ગૌરવ તેમનું માતૃત્વ છે. તેઓ કહે છે, ‘‘કન્યાઓને ઉચ્ચ શિક્ષણ આપવું જોઈએ. એવું શિક્ષણ કે જેથી તે જાતે કમાઈ શકે અને પગભર થઈ શકે. તેને પોતાનો જીવન પથ અને તેનાં ભવિષ્યનું ચયન-ભાવીનો નિર્ણય કરવાનો પૂર્ણ અધિકાર છે. અલ્પ વયમાં જ તેને લગ્નબંધનમાં ન બાંધો. સમાજના અનાવશ્યક કે અત્યાચાર પૂર્ણ રીતિ-રિવાજોનો ત્યાગ કરો. જેને આપણી બુદ્ધિ કે વિવેક માન્ય ન રાખે તેવી પરંપરાનો ત્યાગ કરો. કરિયાવરની પરંપરાના સ્વામીજી વિરોધી છે. સ્વામીજીએ તો એકમાત્ર પીળું પાનેતર અને હાથમાં પવિત્ર તુલસીપત્ર આપીને અનેક કન્યાઓનાં દામ્પત્યજીવન ઉજ્જવળ કર્યાં છે. સ્વામીજી તો સ્ત્રીઓને સદૈવ એમ જ કહે છે, ‘કદીયે ન માનો કે તમો નબળાં છો. તમારી જાતને અબળા ન માનો. તમો સૌ મા ભગવતી સ્વરૂપ છો. તમારામાં જ્ઞાન, શક્તિ, આનંદ, દયા, પ્રેમ, કરુણા, અને સત્ય ભારોભાર ભરેલાં છે. દિવ્ય જીવન સંઘની દૃષ્ટિમાં પ્રત્યેક મહિલાને તેની ઐહિક ઉન્નતિનો અધિકાર છે અને આધ્યાત્મિક ઉન્નતિનો અધિકાર પણ ખરો જ.

સ્ત્રીઓ માટે આવા આદરભાવને કારણે જ સ્વામીજી સ્ત્રીઓનાં દુઃખ, માતાઓની વેદનાને વિસ્મૃત કરી શકતા નથી. પ્રત્યેક સ્ત્રી તેમના માટે એક આદરણીય જગન્માતા છે.

[૪૬]

જર્મનીમાં સ્વામીજીનો સત્સંગ પૂરો જ થવામાં હતો, અને ત્યાંથી તેઓ સત્વરે હવાઈમાર્ગે પાછા આવવાના હતા. એટલામાં એક મહિલા દોડતી.... સ્વામીજી પાસે આવીને બોલી.

Thank God! હજુ સુધી આપ અહીં જ છો. મારી માતા મૃત્યુને બારણે ઊભેલી છે. તે એકદમ અશાંત છે. પ્રત્યેક ક્ષણે તે આપને માટે જ પૂછ્યા કરે છે.

અને સ્વામીજી ઊઠ્યા. તેમની પાછા ફરવાની ફ્લાઈટનો ટાઈમ થઈ ગયો હતો. જો આ ફ્લાઈટ ચૂકી જાય તો આગળના તમામ કાર્યક્રમો ભાંગી પડે. પરંતુ બધાંને ખબર હતી કે 'કોઈનાં પણ દુઃખ સામે સ્વામીજીને માટે બીજું બધું જ ગૌણ હતું.' અને સ્વામીજી તે મહિલાના ઘરે ગયા.

તે મરણપથારીએ પડેલી વૃદ્ધ સ્ત્રી નિશ્ચેતન સ્થિતિમાં હતી. પોતાનાં ઘૂંટણ વાળીને સ્વામીજીએ પોતાનું મસ્તક તેની સમીપ કર્યું. અને ખૂબ જ ક્ષીણ અવાજે તે બોલી...

'મને ખાતરી હતી.... આપ આવશો જ. હું તો હવે થોડી પળોની જ મહેમાન છું. પરંતુ હું પ્રાર્થના કરી શકું તેમ નથી. મારા હોઠો પર જીસસને બદલે ચિદાનંદ ચિદાનંદ નામ જ આવે છે. હું ઈશ્વરને બદલે હવે તમારું જ ચિંતન કરું છું. પરંતુ હું એક સાચી ખ્રિસ્તી મહિલાની જેમ મરવા માગું છું.''

સ્વામીજી કહે, ''માતા! આ બધું એક જ છે.'' પોતાના કરુણાભરી આંખોએ સ્વામીજીએ તેના તરફ જોયું અને તે વૃદ્ધા શાંત થઈ ગઈ. પરમ શાંતિમાં વિલીન થઈ ગઈ.

તે દિવસની પૂર્વ નિયોજિત ફ્લાઈટ તો ચાલી જ ગઈ અને હવે તેઓ નવેસરથી નક્કી કરેલી ફ્લાઈટમાં પાછા આવ્યા.

[૪૭]

ભારતના એક સુપ્રસિધ્ધ સર્જન... પોતાની માતાના દેહાવસાનથી વ્યાકુળ હતા. સર્વ સાધારણ માતા પણ પોતાનાં સંતાનોના લાલન-



પાલનની કાળજી રાખતી જ હોય છે. ત્યારે આ તો આધ્યાત્મિક વારસો મેળવીને આવેલ સન્નારી હતાં. પોતાનાં સંતાનોમાં આધ્યાત્મિક સંસ્કાર રેડીને તેણીએ તેમનાં મંગલમય જીવનનો પાયો નાખ્યો હતો. અને આજે... માતાના રૂપમાં પોતાના આધ્યાત્મિક ગુરુનો આધાર ખોવાયો હતો.

દિવસો વીતતા ગયા. પરંતુ મનની વ્યાકુળતા ન ગઈ. તેમણે પોતાની માતાનાં અસ્થિઓનું વિસર્જન ગંગાજીમાં કરવાનો નિર્ણય કર્યો. તેમને ખબર હતી કે શિવાનંદ આશ્રમ આવાં પવિત્ર કાર્યમાં મદદરૂપ થાય છે. તેઓ આશ્રમમાં આવ્યા. અસ્થિવિસર્જનની તમામ વ્યવસ્થા કરવામાં આવી. એક સંન્યાસીએ કહ્યું, 'સ્વામીજી આશ્રમમાં છે. તમારે તેમનાં દર્શન કરવાં હોય તો ચાલો.' મનની ઉદાસ અવસ્થામાં મહાપુરુષનાં દર્શન... ચાલો... એમ વિચારીને ડૉકટર ચાલ્યા. સંન્યાસીએ એમ પણ કહ્યું કે, 'સ્વામીજી ખૂબ જ વ્યસ્ત છે. અનેક કાર્યોમાં રોકાયેલા રહે છે, માટે માત્ર દર્શન કરીને જ આવતા રહેજો, તેમનો સમય લેશો નહીં.'

સ્વામીજી સત્સંગ હૉલમાં બેઠા હતા. સત્સંગ પછી દર્શન કરીને ડૉકટર જવાના જ હતા. ત્યારે સ્વામીજીએ તેમને પોતાની પાસે બોલાવી-બેસાડીને તેમના આગમનનો હેતુ વગેરે સમાચાર પૂછ્યા.

''શું હું આપનાં માતુશ્રીનાં અસ્થિનું વિસર્જન કરી શકું છું ?'

ડૉકટર અને તેના પરિવારના આનંદ અને આશ્ચર્યની સીમા ન રહી. જેમની એક દૃષ્ટિ માત્રથી જેનું જીવન પવિત્ર થાય છે, તેમ કહેવાય છે, તેમના પવિત્ર હાથોથી માતાનાં અસ્થિનું વિસર્જન ? અને તેને માટે પણ આટલી બધી વિનમ્રતાભરી યાચના ? જાણે કેમ અમો તેમના ઉપર અહેસાન ન કરતા હોઈએ. આવી સ્થિતિમાં કોઈ શું કહી શકે... અને સ્વામીજીએ જાણે પોતાની માતાનાં અસ્થિઓનું વિસર્જન કરતા હોય તેમ ખૂબ જ આદર અને સન્માન સાથે વિસર્જન કર્યું. જેમના જીવનની એક એક ક્ષણ મૂલ્યવાન છે, તેવા આ મહાપુરુષે તેમના બહુ મૂલ્યવાન જીવનના બે કલાક આ પવિત્ર કાર્ય માટે આપ્યા. અસ્થિવિસર્જન સાથે

ડૉકટરની મનોવ્યથા પણ વિસર્જિત થઈ ગઈ. તેમણે અનુભવ્યું કે મૃત્યુ પછીનો આ સંસ્કાર કેટલો મંગળ.... શાંતિપ્રદાયક હોય છે.

સ્વામીજીના આશ્વાસક હાથોથી આજ સુધી અગણિત લોકોના બેસૂરા જીવનકલહમાં અનામક(અનામી) નિરામય શાંતિ પ્રાપ્ત કરી છે. આજે જ્યારે ચોપાસ ક્રંદન અને કોલાહલ છે, ત્યારે જગતમાં માનવ આ જ શાંતિની શોધમાં છે ને ?

**[૪૮]**

આ જગતમાં દરેક યુગમાં ઈશ્વરે માનવજાતને માર્ગદર્શન આપ્યું છે. માણસ જ્યારે ક્રૂરતાની ચરમ સીમા પર હતો ત્યારે ઈસુ મસીહા બનીને ઈશ્વરની કરુણાનો સંદેશ લઈને આવ્યા હતા.

માણસ જ્યારે માણસાઈ ભૂલીને દ્વેષ તથા ઈર્ષ્યા વિવશ બની આપસમાં લડી રહ્યો હતો, ત્યારે ઈશ્વર પયગંબર બનીને શાંતિ અને બંધુત્વનો સંદેશ લઈને આવ્યા હતા.

માણસ પોતાનું કર્તવ્ય ભૂલી ગયો. જીવનથી, કર્મોથી દૂર ભાગવા લાગ્યો, ત્યારે તે કૃષ્ણ બની અવતર્યા અને જીવન પથને અજવાળ્યો.

વર્તમાન માણસ કોઈ એક નહીં પરંતુ એકલે હાથે જ અનેક સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યો છે. દુર્ભાગ્યે ભારતમાં પણ એક વર્ગ એવો છે કે જે અનિષ્ટ રીતરિવાજોને જ ધર્મ માને છે. આજે પણ દેવતાઓના નામે બલિ ચઢાવવામાં આવે છે. જાત-પાતનો ભેદ મનમાં ઘર કરી ગયો છે. ધર્મ તાવીજ અને તંત્ર-મંત્રમાં જ ભટકાઈ પડ્યો છે. આવા સમાજને જાગૃત કરવાનું કામ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજે કર્યું, અને સ્વામી ચિદાનંદજી કરી રહ્યા છે. ગુરુદેવે લોકોના સુદૃઢ આરોગ્ય માટે તબીબી જ્ઞાનપ્રદાયક ગ્રંથો લખ્યા, જેમાં ઓછા ખર્ચે પોષાય તેવા પૌષ્ટિક આહાર વિષે લખ્યું. શરીરના રોગોનું કારણ અનેકવાર માનસિક અસ્વસ્થતાને કારણે પણ હોય છે. માટે મન અને વિચારની શુદ્ધતાનો ઉપદેશ આપ્યો. તેમણે કોઈ જાતિ વિશેષ જ નહીં, પરંતુ અલગ અલગ મતમતાંતરો ધરાવતા ધર્મોને એકસૂત્રતા આપવાનો પ્રયત્ન પણ કર્યો.

પરંતુ ભારતમાં એક વર્ગ એવો પણ છે, જે બુદ્ધિજીવી છે. તેમના



જીવનમાં શ્રદ્ધાનું મંડાણ જ નથી. તેમને મન તમામ શ્રદ્ધા આંધળી જ છે. તેથી પૈસા, કીર્તિ, વિદ્વત્તા બધું હોવા છતાં તેઓના જીવનમાં એક પળ એવી આવે છે કે જ્યારે તેમને તેમનું જીવન અર્થહીન લાગે છે. એક ખાલીપો અનુભવાય છે. આ ખાલીપો છુપાવવા માટે બહારથી તેઓ વધુ અહંકારી બને છે. આવા લોકોના હૃદયમાં સ્વામીજીએ શ્રદ્ધાની જ્યોત પ્રગટાવી. લોકોને ભક્તિ માર્ગ પર વાળવામાં સ્વામીજીનો શું સ્વાર્થ હતો ?

તે બંને ગુરુ શિષ્યને જન્મથી જ વૈભવ મળ્યો હતો. કીર્તિ તો તેમના વડીલોએ પણ મેળવી હતી, અને તેઓ પણ કમાઈ શક્યા હોત. એક કુશળ ડૉકટર હતા અને બીજા ખાનદાન જમીનદાર પરિવારનો ઉચ્ચ શિક્ષણ પામેલા પુત્ર ! જો તેઓ બંને સંન્યાસ ગ્રહણ ન કરત તો તેમણે જીવનમાં જે કષ્ટો ભોગવ્યાં, તે તેમને કદાપિ ભોગવવાં ન પડત. સંન્યાસનો અર્થ કદીયે એશ-આરામની જિંદગી એવો થતો નથી. તમામ એશ-આરામ છોડીને આ બુદ્ધિમાન લોકોએ શ્રદ્ધાના માર્ગનો સ્વીકાર કર્યો. શ્રદ્ધાથી પ્રાપ્ત થનાર અપાર આનંદ અને અસીમ શાંતિને માટે, આ જ આનંદ, આ જ શાંતિ સૌને મળે માટે દિવ્ય જીવન સંસ્થાનો સેવાસંસાર આરંભાયો.

**[૪૯]**

જેમણે આ શ્રદ્ધાનો અનુભવ કર્યો, તેમને અતુલનીય આનંદ પ્રાપ્ત થયો. સ્વામીજીના એક ભક્ત, ઓરિસ્સાના પ્રો.મોહંતી, કેનેડા જઈ રહ્યા હતા. જતાં પૂર્વે તેઓ સ્વામીજીના આશીર્વાદ લેવા માગતા હતા. તેમને ખબર પડી કે સ્વામીજી મુંબઈ છે. અને મે મહિનાની છવ્વીસ તારીખે કલકત્તા પધારશે. પ્રો.મોંહતીને મે મહિનાની સોળ તારીખે દિલ્હી જવાનું હતું. હવે તેમને પાકી ખાતરી થઈ ગઈ કે તેમને સ્વામીજીનાં દર્શન થવાનાં નથી. તેમની આંખો આંતરવેદનાથી વ્યથાથી ભીંજાઈ ગઈ. એક કાગળના ટુકડા ઉપર તેમને નરસી મહેતાની પંક્તિઓ લખી....

**દરશન દો ઘનશ્યામ**
**નાથ મોરી અખિયાં પ્યાસી રે....**

બસ..આટલું જ... અને એક વ્યક્તિને આ કાગળ સ્વામીજીને પહોંચાડવાનું કહીને તેઓ દિલ્હી જવા રવાના થઈ ગયા. દિલ્હીમાં અમેરિકન એક્સપ્રેસના શ્રી એ.સુંદરમ્‌જી તેમને મળ્યા. તેઓ પણ ગુરુદેવના અનન્ય ભકત હતા. બંને ગુરુભાઈઓને પરસ્પર મળીને ખૂબ આનંદ થયો. વાતવાતમાં જ પ્રો.મોહંતીએ પોતાની હૃદયવેદના વ્યક્ત કરી. કેનેડા જતાં પૂર્વે સ્વામીજીનાં દર્શનની અભિલાષા.... અને સુંદરમ્‌જી કહે.... અરે ! તેમનો કલકત્તાનો કાર્યક્રમ રદ થયો છે. તેઓ મુંબઈથી દિલ્હી પધારે છે. ચાલો... આપણે તેમને એરપોર્ટ પર જ મળીએ.

પ્રો.મોહંતીની ખુશી તો અપરંપાર હતી. સ્વામીજીનું મુંબઈથી આગમન થયું. પ્રો.મોહંતી હાથમાં પુષ્પમાળા લઈને ઊભા હતા, અને સ્વામીજીએ આંખોથી જ કહ્યું... લો... તમને મળવાને અમે આવી પહોંચ્યાને ? ઉત્તરમાં મોહંતીની આંખોમાં હર્ષાશ્રુ સિવાય બીજું કશુંય ન હતું.

એક હૃદય, બીજાના હૃદયની વાત જાણે છે, તેમાં વળી ચમત્કાર જેવું શું ? બાળકને ક્યારે શું જોઈશે તે શું માતા પહેલાંથી નથી જાણતી? પરંતુ સામાન્ય માતાનું વહાલ તો માત્ર તેના પોતાના બાળક કે સંતાન પૂરતું જ સીમિત હોય છે. સ્વામીજીનું વાત્સલ્યવર્તુળ વિશ્વના સીમાડાઓ ઓળંગીને વિસ્તરેલું છે. પરંતુ આપણે આ કેમ કહી શકીએ ? વહાલ કરવા માટે પોતાની જાત સિવાય બીજું પણ કોઈ જોઈએને? સ્વામીજીની દૃષ્ટિમાં સર્વત્ર તે જ અનંત અવિનાશી આત્મા છે, જે સૌમાં છે. બે વ્યક્તિ જ્યારે એક થઈ જાય ત્યારે પરસ્પર એકમેકની આવશ્યકતા જાણી અને સમજી જ લે છે. સ્વામીજીનું વ્યક્તિત્વ વ્યષ્ટિમાંથી સમષ્ટિ સ્વરૂપ થઈ ગયું હતું.

**[૫૦]**

પૂનાના નગરકર ખાનદાન સાથે સ્વામીજીને વિશેષ અહોભાવ છે. ડી.નગરકરજી શિવાનંદ આશ્રમમાં એક ખાસ વ્યક્તિ છે. તેમના ભાઈ શ્રી નગરકરજી પણ સ્વામીજીના એકનિષ્ઠ ભક્ત છે.



એક વિખ્યાત જ્યોતિષીએ એકવાર તેમને કહ્યું, કે તેમનાં પત્ની હવે થોડા જ દિવસોનાં મહેમાન છે. સમજી શકાય કે નગરકરજી બહુ જ નાસીપાસ થયા. ઘરના રથનું એક પૈડું તૂટી જાય, તો શું થાય ? નાનાં બાળકોનું શું થશે ? તે સમયે સ્વામીજી લોનાવાલા એક સાધના શિબિરમાં પધાર્યા હતા. નગરકરજી પત્ની સાથે દર્શન માટે આવવા ઈચ્છતા હતા, પરંતુ નાદુરસ્ત સ્વાસ્થ્યના કારણે પત્ની આવી ન શક્યાં, તેથી તેઓ એકલા જ આવ્યા.

સ્વામીજીના નિવાસસ્થાને તેમની સ્વામીજી સાથે મુલાકાત થઈ. આસપાસ કોઈ ન હતું. સમય પણ હતો. પરંતુ પોતાની સંસારિક વ્યથા તેઓ સ્વામીજીને કહી શક્યા નહીં. જે સમગ્ર વિશ્વની ચિંતા કરે છે, તેમને મારા અંગત જીવનની નાની વાત ભલા કેવી રીતે કહેવી? તેથી તેઓ ચૂપચાપ બેઠા. સ્વામીજી કંઈક બોલી રહ્યા હતા, અને વાત કરતાં કરતાં કંઈક શોધી પણ રહ્યા હતા. અંતે એક દવાની નાની શીશી તેમણે નગરકરજીના હાથમાં મૂકી. આ હતો તેમનાં ધર્મપત્નીની બિમારીનો ઈલાજ!

''આ આપનાં ધર્મપત્ની માટે છે,'' સ્વામીજીએ કહ્યું. છતાં પણ નગરકરજી હૃદયની વ્યથા કહી ન શક્યા. પ્રણામ કરીને તેઓ જવા લાગ્યા, ત્યારે સ્વામીજીએ જાતે જ કહ્યું....

...જે ચિંતા તમારા મનને કોરી ખાઈ રહી છે, તેને મનમાંથી કાઢી નાખો... એવું કંઈ જ થવાનું નથી....''

કંઈ પણ કહ્યા વગર જ સ્વામીજીએ બધું જ જાણી લીધું હતું.

**[૫૧]**

બેહતારીમાં સ્વામીજી એક ભક્તને ત્યાં પધાર્યા હતા. સત્સંગ પૂરો થયો. પ્રાર્થના સમાપન થઈ. પ્રસાદવિતરણ કરીને સ્વામીજી પોતાના ઉતારે ગયા. હજુ અનેક કાર્યક્રમો બાકી હતા. ભક્તો હતા. પરંતુ સ્વામીજીએ પોતાના સેવકને ફરીથી તે ભક્તને ત્યાં મોકલીને કહ્યું, 'જાઓ તેમને ત્યાંથી થોડું ગરમ દૂધ લઈ આવો.'

સેવક આશ્ચર્યમાં પડી ગયો. કોઈ કંઈ પણ આપે તો સ્વામીજી

જે તે વસ્તુ સ્વીકારવામાં સંકોચ કરે છે. અને આજે આવી રીતે તેમણે દૂધ માગ્યું? અને દૂધ જોઈએ તો અહીં પણ મળી શકે, તે ભક્તને ઘરેથી શા માટે. છતાં તે સેવક તે ભક્તને ત્યાં ગયો. જ્યારે તેમણે સ્વામીજી માટે દૂધ માંગ્યું ત્યારે ભક્તનાં પત્નીની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી. તેને લાગ્યું આજે ચન્દ્રમા સ્વયં ચકોરને ત્યાં અતિથિ થઈને કેમ ન આવ્યો હોય ! તે રસોડામાં ગયાં, તેણીના પતિએ કહ્યું, ''જ્યારે સ્વામીજી અહીં હતા, ત્યારે તે દૂધ દેવા માગતી હતી, પરંતુ કાર્યક્રમોની ઘટમાળ, ભક્તોની ભીડ, આયોજકોની ઉતાવળ વચ્ચે એ સંભવ ન જાણી, મેં જ તેને મનાઈ કરી હતી.

પરંતુ સ્વામીજી તો અંતરયામી છે ને ?''

**[૫૨]**

ઓરિસ્સામાં દિવ્ય જીવન સંઘની અખિલ ભારતીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદ એટલે માનવીનો મહેરામણ. મોટા મોટા મંત્રીઓ, સરકારી અધિકારીઓ અને સંતો ખૂબ જ ઉત્સાહપૂર્વક આ પરિષદનો લાભ ગ્રહણ કરે છે, કારણ કે દિવ્ય જીવન સંઘ અર્થાત્ સ્વામી શિવાનંદજીનો સંદેશ, આ વર્તમાન પરિસ્થિતિમાં પરમ આવશ્યક છે. ધર્મનિરપેક્ષ અને બુદ્ધિવાદી બંનેનાં મનને પોષક છે.

ઓરિસ્સાની દિવ્ય જીવન પરિષદના રૂપરંગ કંઈક વિશેષ જ હોય છે. ઓરિસ્સા (ઉત્કળ પ્રદેશ)નાં મુખ્યમંત્રી પણ તેમાં ઉપસ્થિત હતાં.

આ સમગ્ર કાર્યક્રમનું આકર્ષણ પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિ હતી. અને સ્વામીજી પધાર્યા. પુષ્પમાળાઓ પહેરાવી તેમનું સ્વાગત કરવામાં આવ્યું. સામે શણગારેલો એક હાથી પણ ઊભો રાખવામાં આવ્યો હતો. તેના કંઠમાં નાજુક નાની નાની ઘંટડીઓ હતી, તેનો 'કિણ કિણ' અવાજ વાતાવરણને મુખરિત કરતો હતો. તેના પગમાં ચાંદીનાં આભૂષણ હતાં. તેના આખાયે શરીર ઉપર રેશમી પીછવાઈ ઓઢાડવામાં આવી હતી. લોકોએ ખૂબ જ સન્માનપૂર્વક પૂજ્ય સ્વામીજીને તે હાથી ઉપર અંબાડીમાં બેસાડ્યા અને નાચતાં ગાતાં હરિનામ સંકીર્તન સાથે તેમના ઉતારે લઈ



જવામાં આવ્યા.

વિશ્રામસ્થળ.... ઉતારો પણ ખૂબ રાજાશાહી હતો. વિશાળ કક્ષમાં એક કિંમતી ગાલીચો હતો. કિંમતી શોભાયમાન રાચરચીલું હતું. સ્વામીજી માટે વિશેષ ગેરુવસ્ત્રો પણ થાળમાં શણગારીને મૂકવામાં આવ્યાં હતાં. તેમના સન્માન અને ઉપયોગ કે પ્રસાદવિતરણ માટે ઋતુ પ્રમાણેનાં ફળ, મિષ્ટાન્ન અને કેશરયુક્ત દૂધ બધું જ તૈયાર હતું. સ્વામીજીની ઝીણવટભરી દૃષ્ટિએ બધું જ નિરીક્ષણ કર્યું. પરિષદનો પ્રારંભ થયો.

સ્વામીજીએ ઉદ્‌બોધન કર્યું.

''મનને કદી પણ બહિર્મુખ થવા દેશો નહીં. જ્યારે મનમાં વિચારોના તરંગો જાગે, ત્યારે તેના વિશે વિચારશો નહીં. તે તરંગોને તેની જાતે જ શમી જવા દો. મનને સમજો. તેનું અધ્યયન કરો. જપ, કીર્તન, પ્રાર્થના, સત્સંગ અને સાધનાના માર્ગે વાસનાઓનો નાશ કરો. જો તમારી પાસે પોતાની આવશ્યકતાથી થોડું વધુ ધન દેખાય તો તેનો સમાજસેવાર્થે ઉપયોગ કરો. જગતના મિથ્યાત્વને સમજાવતા ગ્રંથોનો સ્વાધ્યાય કરીને મનનો આવશ્યક દૃષ્ટિકોણ તૈયાર કરો.''

પરિષદનું ઉદ્‌ઘાટન થયું. હવે બે દિવસ સ્વામીજી ત્યાં ન રહે તો પણ ચાલે તેવું હતું. પરંતુ સાથે આવેલા લોકોને લાગ્યું કે સ્વામીજી ત્યાં જ રહે તો સારું.

પરંતુ સ્વામીજીના મનમાં બીજી જ કંઈક ઘટમાળ ચાલી રહી હતી. પોતાના સાથે આવેલા એકાદ બે લોકોને તેમણે સૂચના આપી કે આપણે અહીંથી જવાનું છે ક્યાં ? શા માટે ? કંઈ કહ્યું નહીં. અને આકસ્મિક તેઓ કલકત્તા જતી ટ્રેનમાં બેસીને એક નાનકડા જંકશન સ્ટેશન પર ઉતરી પડ્યા.

પ્લેટફોર્મ ઉપર કોઈ જ ન હતું અને જે હતા તેમાંના કોઈ લોકો સ્વામીજીને ઓળખતા પણ ન હતા.

ઓરિસ્સામાં તો સ્વામીજી ચિદાનંદ મહાપ્રભુ કહેવડાવતા. જગન્નાથ મહાપ્રભુ... ચૈતન્ય મહાપ્રભુ... ચિદાનંદ મહાપ્રભુ... સ્વામીજી મહારાજ જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં તેમનો જય જયકાર થતો. શંખનાદ થતો

ઘંટા ધ્વનિ - મંગળ ધ્વનિ થતો. અગણિત પુષ્પમાળાઓ પહેરાવવામાં આવતી. અહીં તેઓ જાતે જ કોઈ એક વ્યક્તિ સંબંધે પૂછપરછ કરી રહ્યા હતા. કોણ હશે તે ભાગ્યશાળી કે જે ભક્તની શોધ ભગવાન કરી રહ્યા હતા. અંતે કોઈને આ પ્રશ્ન પૂછી જ લીધો અને સ્વામીજીએ કહ્યું....

'શ્રી સદ્‌ગુરુદેવ જ્યારે તીર્થયાત્રા પર હતા, ત્યારે આ સ્થળે પધારેલા. આ સ્ટેશન ઉપર એક હમાલે તેમના રહેવા માટેનો પ્રબંધ પોતાનાં ઘરમાં કર્યો હતો. જે ઘરમાં શ્રીગુરુદેવે પગલાં કર્યાં હતાં, નિવાસ કર્યો હતો, આપણે ત્યાં રહેવાનું છે.'

ઓરિસ્સામાં ધનાઢ્ય લોકોનાં ભવનો સ્વામીજીનાં એક પાદસ્પર્શ માટે તલપાપડ હતાં, અહીં સ્વામીજી એક હમાલની ઝુંપડી જેવા ઘર પર દ્વાર ખોલવા માટે ટકોરા મારી રહ્યા હતા. લઘર વઘર અડધાં ફાટેલાં વસ્ત્ર પહેરેલ એક વૃદ્ધ માણસે દ્વાર ખોલ્યું. તેના ચહેરા ઉપર કરચલીઓ પડી ગઈ હતી. સ્વામીજીએ તેની સાથે સ્નેહપૂર્વક શાંત સ્વરે વાતો કરી, નક્કી થયું કે ગુરુદેવ અહીં જ રહ્યા હતા.

બાબા, હું એ જ ગુરુદેવનો શિષ્ય છું. એમ કહીને સ્વામીજીએ ઘૂંટણે પડીને તે હમાલનાં ચરણોનો સ્પર્શ કર્યો. ગુરુદેવનું નામ સાંભળતાં જ તેની આંખોમાં ચમક આવી ગઈ. તે મહાપુરુષના શિષ્ય મારી કુટીરમાં પધાર્યા છે, જાણી તેને આનંદ થયો.

''શું હું બે દિવસ અહીં રહી શકું છું. ? જો આપની અનુમતિ હોય તો !'' સ્વામીજીના આ ઉદ્‌ગાર સાંભળી તે વૃદ્ધ હાથ જોડીને બોલ્યો...

''મારું અહોભાગ્ય મહારાજ ! પરંતુ આ સ્થળ.... તેણે પોતાની કુટીર તરફ જોયું.''

''ચિંતા ન કરો. જ્યાં મારા ગુરુદેવ રહ્યા હતા, તે સ્થળ મારે માટે મંદિર છે.'' તે ઘરની ખરબચડી જમીન અને ઠેકઠેકાણે જ્યાં માટી પડી હતી, એવી દીવાલોને સ્વામીજી સ્નેહથી પૂજ્યભાવથી સ્પર્શ કરતા રહ્યા. તેમનો કંઠ રૂંધાઈ ગયો. આંખો ઝળઝળી થઈ.



''અહીં મારા ગુરુદેવ રહ્યા હતા. તેઓ કહેતા રહ્યા. બે દિવસ તેઓ સાર્વજનિક સ્નાનગૃહમાં લાઈનમાં ઊભા રહ્યા. એક થાળીમાં થોડો ભાત લઈને ખાધો. સ્વામીજી માટે આ જ ગુરુકૃપા હતી, ગુરુપ્રસાદ હતો.

કલકત્તાના દિવ્ય જીવન સંઘના ધનાઢ્ય ભક્તોને આ વાતનો અણસાર પણ નહોતો આવ્યો કે સ્વામી ચિદાનંદજી એક હમાલના ઘરમાં આનંદના હિલોળા લઈ રહ્યા છે, જાણે દીકરી પિયર ન આવી હોય ?

સુખ અને દુઃખ, ગરીબી અને અમીરી... આવી દીવાલો સ્વામીજીના મનમાંથી ક્યારની યે પડી ગઈ હતી. તેમની સમત્વદૃષ્ટિ પણ અલૌકિક હતી, ખાસ કરીને તેમના ગુરુદેવ પ્રત્યેના સ્નેહ... પ્યાર માટે.

## [૫૩]

લખનઉમાં 'ચિન્મય-મિશન'નો ગીતાજ્ઞાન યજ્ઞ ચાલતો હતો. ચિન્મય મિશનના સંસ્થાપક સ્વામી ચિન્મયાનંદજી મહારાજ ગીતાપ્રવચન કરી રહ્યા હતા. સ્વામી ચિન્મયાનંદજી મહારાજ એક અતિ વિદ્વાન અને બહુ આયામી વક્તા હતા. તેમણે સ્થાપેલ ચિન્મય મિશનનું કાર્ય વિશ્વ-વિદિત અને વિશ્વવંદિત છે. તેમની શાખા પ્રશાખાઓ સમગ્ર વિશ્વમાં વિસ્તરેલી છે. બાળકો, યુવાનો, મહિલાઓ અને પ્રૌઢોમાં સંસ્કાર, સંસ્કૃતિ અને વૈદિક વાઙ્‌મયનું નિરૂપણ આ સંસ્થા કરી રહી છે. ભગવાન ભાષ્યકાર રચિત પ્રકરણ ગ્રંથો, પ્રસ્થાનત્રયી અને વેદાંતના પ્રચાર-પ્રસાર અતિરિક્ત શાળાઓ, કોલેજોની સ્થાપના કરીને સ્વામીજીએ ભારતીય સંસ્કૃતિની મહાન-અમૂલ્ય સેવા કરી છે.

અત્યારે ચિન્મય મિશનના અધ્યક્ષ સ્વામી ચિન્મયાનંદજીના ઉત્તરાધિકારી શ્રીમત્ સ્વામી તેજોમયાનંદજી મહારાજ અધ્યક્ષપદ સંભાળી રહ્યા છે.

તે સમયે લખનઉના ગીતા જ્ઞાન યજ્ઞમાં સ્વામી ચિન્મયાનંદજી મહારાજ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સમજાવી રહ્યા હતા. 'જે પુરુષ મનની તમામ કામનાઓનો ત્યાગ કરીને, પોતાની આંતરિક સ્થિતિમાં સંતુષ્ટ રહે છે, તેને સ્થિતપ્રજ્ઞ કહેવામાં આવે છે. દુઃખમાં જે ઉદ્વેગ નથી

કરતો કે સુખમાં જે મનનો સંયમ નથી ત્યાગતો, જેના રાગ દ્વેષ ભય અને ક્રોધ નષ્ટ થઈ ગયા છે, એવી સ્થિર બુદ્ધિવાળા માણસને સ્થિતપ્રજ્ઞ કહેવાય.' પ્રવચન પૂરું થયું. એક બહુશ્રુત વિદ્વાન વ્યક્તિએ સ્વામીજીને પૂછ્યું, 'શું ગીતાનો આ આદર્શ પુરુષ સ્થિતપ્રજ્ઞ જગતમાં ખરેખર હોઈ શકે ? આજે ભારતમાં કોઈ એવી વ્યક્તિ છે કે જેને આપણે સ્થિતપ્રજ્ઞ કહી શકીએ ?' એક ક્ષણનોયે વિલંબ કર્યા વગર સ્વામી ચિન્મયાનંદજીએ કહ્યું, ''હા, ભારતમાં એવી એક નહીં બે વ્યક્તિને ઓળખું છું... એક શ્રી આનંદમયી મા અને બીજા મારા ગુરુભાઈ સ્વામી ચિદાનંદજી મહારાજ !''

સ્વામી ચિદાનંદજી સ્થિતપ્રજ્ઞ યોગી છે.

આ તે દિવસોની વાત છે કે જ્યારે સ્વામીજી વૉલમોરીન કેનેડામાં શિવાનંદ આશ્રમ ખાતે, સ્વામી વિષ્ણુદેવાનંદજી મહારાજ સાથે તેમના યોગવેદાંત શિબિર માટે પધાર્યા હતા. એક દિવસ સ્વામીજી થોડા આવશ્યક પત્રો ઉપર કંઈક લખી રહ્યા હતા, અને કામમાં તન્મય હતા. આકસ્મિક શોર્ટ સરકીટ થવાથી રૂમમાં આગ લાગી. પહેલાં તો તેમનું ધ્યાન તે તરફ ન હતું. પરંતુ પ્રસરતી આગ રૂમમાં બધું ભસ્મીભૂત કરતી હતી. આકસ્મિક સ્વામીજીનું ધ્યાન તે તરફ ગયું. સત્વરે બહાર આવીને તેમણે સ્વામી વિષ્ણુદેવાનંદજી મહારાજના યોગ વર્ગમાં આવીને આગ લાગ્યાના સમાચાર આપ્યા.

જે રૂમમાં આગ લાગી છે, તેમાં તમો છો, છતાં આટલી બધી શાંતિ ! પહેલાં તો વિષ્ણુદેવાનંદજીને લાગ્યું કે સ્વામીજી વિનોદ કરે છે, પરંતુ બીજી જ પળે રૂમમાંથી આવતા ધૂમાડાને જોઈને સત્વરે તમામ યોગ પ્રશિક્ષાર્થીઓની મદદથી આગ બુઝાવી નાખી. પરંતુ સ્વામીજીના તમામ મહત્ત્વના કાગળો તો બળી જ ગયા હતા. છતાં તેમને તેની ચિંતા ન હતી. પરંતુ તેઓ ખૂબજ આર્ત અને વેદના ભર્યા સ્વરે બોલ્યા... બે જીવડાં આંટા મારતાં હતાં બીચારાં મરી ગયાં હશે... ૐ શાંતિ શાંતિ શાંતિ....



તેમની દયાબુદ્ધિને દુઃખ થયું હતું. પોતાની જાત પ્રત્યે તો તેઓ સ્થિતપ્રજ્ઞ જ હતા.

**[૫૪]**

સ્વામીજી કટકથી જાજપુર રોડ રેલ માર્ગે જઈ રહ્યા હતા. તેમના સામાનની કાળજી એક સંન્યાસી લઈ રહ્યા હતા. તેમાં આશ્રમના થોડા મહત્ત્વપૂર્ણ કાગળો અને સ્વામીજીના અંગત ઉપયોગ માટેનો થોડો સામાન પણ હતો. ગાડી જાજપુર રોડ પહોંચ્યા બાદ સ્વામીજીને તેમના સામાનમાંથી કંઈક જરૂર પડી. જેમની પાસે તે એક ખાસ બૅગ હતી, તે શિષ્ય વિટંબણામાં પડ્યા. તે બૅગ ટ્રેનમાં જ રહી ગઈ હતી. અને ટ્રેન તો આગળ નીકળી ગઈ હતી. બધા હેરાન પરેશાન થઈ ગયા. એટેચી-બૅગમાં ખૂબ જ આવશ્યક કાગળો હતા. સ્વામીજીની દૈનિક આવશ્યક્તાની ચીજ વસ્તુઓ હતી. આયોજકોએ કહ્યું,

'...સ્વામીજી જાજપુરથી આપણે કેઓનઝારનો કાર્યક્રમ રદ કરીશું, અને કાર લઈને હમણાં જ ટ્રેનને પકડી પાડીશું.'

પરંતુ સ્વામીજીએ કહ્યું, ''જે કામ ગુરુદેવે તેમના ભક્તોને સેવા માટેનું સોંપ્યું છે, તેને રદ કેમ કરાય.... એમ કરીએ આગળના રેલ્વે સ્ટેશને સ્ટેશન માસ્ટરને ફોન કરીને સૂચના આપીએ, અને અહીં આપણે આપણા કાર્યક્રમો યથાવત્ ચાલુ રાખીએ.''

કેઓનઝારનો કાર્યક્રમ પૂર્વ નિયોજિત રૂપે જ સમ્પન્ન થયો, અને જ્યારે સ્વામીજી બાલાસોર પહોંચ્યા તો ત્યાં બૅગ હેમખેમ મળી ગઈ.

**[૫૫]**

સ્વામીજીની ઉદારતા અને કરુણાને કારણે તેઓ કદીએ કોઈપણ દીન દુઃખી આર્ત હૃદયની અવગણના કરી શકે તેમજ ન હતા. દીન દુઃખીઓની સેવા તે તેમને મન સૌથી મહત્ત્વનું કામ હતું. બાલાસોરથી સ્વામીજી કલકત્તા જતા હતા. ગાડી પકડવા માટે તેમણે એક પુલ પાર કરવાનો હતો. તેમની સાથેના લોકો પુલ પાર કરીને નિર્ધારિત પ્લેટફોર્મ પર પહોંચી ગયા હતા. સ્વામીજી હજુ પુલ ચઢ્યા જ ન હતા. એક આંધળા ભિખારીએ તેમની પાસે ભીખ માગી.

તેને બિચારાને શી ખબર કે તે જેની પાસે ભીખ માગી રહ્યો છે, તેઓ જ્ઞાનનું દાન કરવાવાળા વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ છે. સ્વામીજીનો સામાન પણ આગળનાં પ્લેટફોર્મ પર ચાલ્યો ગયો હતો. તેમની સાથેના લોકો પણ આગળ નીકળી ગયા હતા. તેમની પાસે તે ભિક્ષુકને આપવા માટે કાંઈ જ ન હતું. પરંતુ તે સૂરદાસની યાચનાને પાછી ઠેલવવાની ભાવના પણ સ્વામીજીના હૃદયમાં ન હતી. સ્વામીજીની દૃષ્ટિમાં તે યાચક પણ પ્રત્યક્ષ પરમાત્મા જ હતો... અને આકસ્મિક સ્વામીજીએ પોતાનું અંગ વસ્ત્ર બંને હાથોમાં પહોળું કર્યું, અને જતા આવતા લોકો પાસેથી તે યાચક વતી ભિક્ષા... ભીખ માગવી શરૂ કરી દીધી. આ ભિક્ષા પાત્ર... આ ભિક્ષા ઝોળી કોઈ સાધારણ લાચાર માણસની ન હતી. એ મહાન તપસ્વી એક દુખિયારાની મદદ માટે વિનમ્ર ભાવે યાચના કરી રહ્યા હતા. અને જોતજોતામાં તેમનાં અંતવસ્ત્રમાં પૈસાનો વરસાદ થવા લાગ્યો. લોકોએ પોતપોતાનાં ખીસ્સામાંથી... ગજવામાંથી જે હતું તે બધું તે યાચનાપાત્રમાં ઠાલવવા માંડ્યું. અને આપે પણ શા માટે નહીં ? આવી રીતે આ પૂર્વે સ્વામીજીએ દાન માગ્યું જ ન હતું, અને આજે જે સ્વર્ણ અવસર પ્રાપ્ત થયો છે... હાથ આવ્યો છે... તે તક જતી કરાય કેવી રીતે ? દાનથી તો પુણ્યની રાશી - પુણ્યનું ફળ વધે જ છે ! સ્વામીજીએ એકત્રિત થયેલું બધું જ ધન... બધા જ પૈસા તે ભિક્ષુકની ઝોળીમાં ઠાલવી દીધા. તે પૈસાને સંભાળીને રાખવાનું કહીને તેઓ પોતાની ટ્રેનના પ્લેટફોર્મ તરફ ચાલી નીકળ્યા. સ્વામીજી ટ્રેનમાં બેઠા... ટ્રેન ચાલી ગઈ. આ તરફ આ આંધળો ભિખારી વિચારી રહ્યો હતો - કોણ હશે આ મહાપુરુષ કે જેણે મારા માટે ભિક્ષા માગી ?

સ્વામીજી તો આ સઘળી ઘટના ભૂલી પણ ગયા. તેમણે કંઈક કર્યું છે, તેવો ખ્યાલ પણ તેમને ન હતો, સ્વામીજીએ જે દિવસે ઐશ્વર્ય સમ્પન્ન ઘરનો ઉંબરો ઓળંગ્યો અને ગેરુ અંચળો ધારણ કર્યો તે ક્ષણેથી જ અહંકાર અને માનસન્માનની ઈચ્છા પાકેલાં ફળની જેમ સહજતાથી છુટી ગયાં હતાં.



હવે માન શું ?.... કે અપમાન શું ?.... મન તો બંનેથી પૃથક્ થઈ ગયું હતું.

## [૫૬]

સ્વામીજી ઉત્તર ભારતમાં યાત્રા કરી રહ્યા હતા. હંમેશાંની જેમ રેલ્વે પ્લેટફોર્મ ઉપર થોડીવાર તેમણે સંકીર્તન કર્યું, અને પછી પોતાને માટે રીઝર્વ કરવામાં આવેલ ફર્સ્ટક્લાસ ડબ્બામાં આવ્યા. સ્વામીજી પોતાની સીટ ઉપર આવે એટલામાં એક પૈસાદાર શેઠ.... વ્યાપારીએ ઝપાટાબંધ તે કેબીનમાં આવી... સ્વામીજી માટે પાથરેલ બીસ્તરનું ફીંડલું કરીને ખૂણામાં ફેંકી દીધું. તેના વર્તનમાં એકદમ નરાધમતા અને તોછડાઈ હતાં, અને તે પોતે તે સીટ ઉપર લાંબો થઈને સૂઈ ગયો. સ્વામીજીની સાથે ગુરુદેવના ભક્ત શ્રી રામરતનજી હતા... તેમણે વિનમ્રતાથી કહ્યું,

''આ બર્થ સ્વામીજીની છે.''

અને ખૂબ અહંકાર સાથે તે શેઠિયો.... બરાડ્યો જ.... 'જાઓ... જાઓ.... આવા ઠગો મેં ઘણા જોયા છે... સ્વામીજીની બર્થ ? તેની ટિકિટના પૈસા તો મારા જેવા કોઈક શેઠે જ આપ્યા હશેને ? અને તેણે ચૂકવ્યા હોય તો તેની પાસે વળી પૈસા ક્યાંથી આવ્યા ? રામરતનજીના હોઠ ક્રોધમાં ફફડવા લાગ્યા. તેમનો દેહ ઝુમરી તલૈયા- કોડરમા બિહારનો હતો. કાયા સવા છ ફુટ ઊંચી... તે ધારે તો શેઠને ઊંચકીને ચાલુ ટ્રેને બહાર ફેંકી દે... તેવો કદાવર પુરુષ... પરંતુ તેઓ કંઈ આગળ બોલે તે પૂર્વે સ્વામીજીએ ખૂબ શાંતિથી કહ્યું,... 'રામરતનજી... તેમનું કહેવાનું સત્ય છે... હું એક સંન્યાસી છું. મૃદુમુલાયમ પથારીની ઈચ્છા મારે ન રાખવી જોઈએ. તેમણે અપાર શાંતિથી પોતાનો બિસ્તરો... પથારી જમીન પર પાથર્યો અને તેના ઉપર લંબાવ્યું... રામરતન બહુ જ પરેશાન હતા.

સ્વામીજી સંન્યાસી છે, તે વાત તો સાચી છે, પરંતુ જનકલ્યાણ માટે તેમણે પોતાની કાયા ચંદનથી પણ વધારે ઘસી છે. કઠિન તપસ્યા પછી તેમણે આશ્રમની સેવાનો ભાર સંભાળ્યો છે અને તે ઉપરાંત

ટિકિટના પૂરા પૈસા આપીને આરક્ષણ સાથે તેઓ સફર કરી રહ્યા છે... ભલેને શરીર સંન્યાસીનું હોય... પરંતુ છે તો અસ્થિ માંસનું શરીર.... તેને પણ થોડી વિશ્રાન્તિ તો જોઈએ ને ? આ ફર્સ્ટ કલાસની યાત્રા સ્વામીજી પોતાને માટે નથી કરતા, જે શરીરથી તેમણે ગુરુદેવની, ગુરુદેવના કાર્યની, રાષ્ટ્રની સેવા કરવાની છે તે માટે ભક્તોના માન ખાતર તેઓ આ સગવડ ગ્રહણ કરે છે... અન્યથા તેઓને વળી આ બધી વળગણ શા માટે ?

અને સ્વામીજી તો ખૂબ શાંતિથી સૂઈ ગયા હતા. ન અસુવિધાનો ખેદ કે ન અપમાનનું દુઃખ... મન તો બંનેથી દૂર... પૃથક્ આનંદોઽહમ્‌ને ખોળે પોઢ્યું હતું.

સ્વામીજીની આવી શાંતિથી પેલા શેઠનું મન ચકડોળે ચઢ્યું. તે વિચારવા લાગ્યા... આ તે કેવો ફકીર છે ? ટિકિટ ભલેને કોઈએ ખરીદી આપી હોય પરંતુ બર્થ તો તેમની જ હતી.... અધિકાર પણ તેમનો જ છે. ત્યારે તો તે અહંકારને ઘોડે ચઢેલો હતો. પરંતુ હવે તેનો પારો નીચે આવ્યો. તેના મનમાં પરિવર્તન આવ્યું. તેણે જોયું... તેમના ચહેરા પર તેજ છે... અલૌકિક શાંતિ પણ છે... આ કોઈ ઠગ-સાધુ લાગતો નથી.... ખરેખર તે પવિત્ર ચરિત્ર મહાપુરુષ દેખાય છે. શેઠના પસ્તાવાનો પાર ન રહ્યો. તેણે સ્વામીજીનાં ચરણ પકડ્યાં. ક્ષમા માગી, અને તે બર્થ પર સૂઈ જવાનું કહ્યું. એકવાર અહંકારને ઠેસ વાગે તો ક્ષમા આપવાનું મુશ્કેલ હોય છે. બીજો માણસ હોત તો તેની ભૂલ તેને સમજાય તેવા ભાવથી તેની વાતના સ્વીકાર કરત નહીં. પરંતુ સ્વામીજી ! થોડા મૃદુ હાસ્ય સાથે તે બર્થ પર આવતા રહ્યા. તેમના મનમાં અપમાનની કટુતાનો લેશ માત્રેય આભાસ ન હતો.

**[૫૭]**

સ્વામીજી મહારાષ્ટ્રના એક નગરમાં પધારવાના હતા. નગરના સર્વે ભક્તોના મનમાં ભાવ હતો કે સ્વામીજી અમારે ત્યાં જ ઉતારો કરે. પરંતુ દિવ્ય જીવન સંઘના સદસ્યોએ એક ધનાઢ્ય પણ ભક્તિપૂર્ણ સજ્જનને ત્યાં સ્વામીજીની રહેવા-ઉતરવાની વ્યવસ્થા કરી.



તે વ્યક્તિનો આનંદ તો હિલોળા લેવા લાગ્યો. તેણે તો અનુભવ્યું કે તેનો ગૃહસ્થાશ્રમ ધન્ય થઈ ગયો. સ્વામીજી પધાર્યા, અને રહ્યા પણ. તે ગૃહસ્થના પરિવારના સૌ નાનામોટા લોકો સ્વામીજીની સેવામાં ખડે પગે તૈયાર રહ્યા. પરંતુ આ કલ્પવૃક્ષની છાયામાં એક વ્યક્તિ ભૂખી હતી... તે ઘરની ગૃહિણી. ખાવું, પીવું અને સંસારના સુખો ભોગવવાં... તે જ તેનો સ્વભાવ અને સપનું હતાં. તેને સાધુ સંત સત્સંગ કે પ્રવચનમાં લેશ માત્રેય રસ ન હતો. ઘરે આવેલ અતિથિનો આદર-સત્કાર કરવો એ તો ગૃહિણીનો ધર્મ છે... કદાચ તેને આ ધર્મની ખબર નહીં હોય. કારણ કે તેણે સ્વામીજીને કહ્યું... ‘તમારા જેવા લોકો અહીં આવી ભરાય તો અમને કેટલી તકલીફ પડે તેની ખબર છે ?’

કોઈ સાધારણ માણસને આવું કહેવામાં આવે તો તે આ અપમાન સહન તો ન જ કરે, અને તે જ ક્ષણે ઘર છોડીને ચાલ્યો જાય. પરંતુ સ્વામીજી તો દિવ્ય પુરુષ હતા. એક વ્યક્તિને કારણે સમગ્ર પરિવારને... ભક્તોને દુઃખ અને નિંદાનો ભોગ ન થવું પડે... માટે તેમણે આ કડવો ઘૂંટડો ગળી જઈ શાંતિથી તે મહિલાને સત્સંગનો મહિમા સમજાવ્યો. અતિથિ દેવ કહેવાય તે પણ સમજાવ્યું. અતિથિનું આગમન યજમાનના મંગળ માટે કલ્યાણ માટે હોય છે તે પણ કહ્યું... પ્રસાદ ફળ આશીર્વાદ આપ્યા. અને કોઈને પણ આ ઘટનાની લેશ માત્રેય જાણ થવા દીધી નહીં. ગુરુદેવ સ્વામી શિવાનંદજી સદૈવ કહેતા... અભિમાન ત્યાગો... સેવા કરો... નારાયણ નારાયણ નારાયણ નારાયણ. અપમાન સહન કરો. દુઃખ સહન કરો... યશ તમોને જ મળશે. ગુરુદેવનો ઉપદેશ સ્વામીજીના પ્રત્યેક શ્વાસમાં ઓતપ્રોત હતો.

**[૫૮]**

દરેક નાની નાની દૈનિક ઘટનાઓમાં સ્વામીજીનાં અલૌકિકત્વનાં દર્શન થતાં રહેતાં. શું આ બધા સદગુણો આપને આ જ જન્મમાં પ્રાપ્ત થયા હતા ?

કંઈક તો જનમથી જ હતા. કંઈક પારિવારિક સંસ્કારોમાં મળ્યા હતા. થોડા સદ્‌ગુણોનું તેમણે જાતે જ ઉપાર્જન કર્યું હતું. ઉચ્ચ કોટીનો

માનવ બનવાની હોડમાં માનવી ધારે તો ભગવાન પણ બની શકે છે. આ પણ તેમણે જીવનમાં પ્રાપ્ત કર્યું છે. હિમાલયના કોઈ દુર્ગમ શિખર પર એકાંતવાસ અને ધ્યાન ધારણા કરવી, ઈશ્વર સાથે એકરૂપ થવું, તે જ આકાંક્ષા હતી... આપની. પરંતુ દિવ્ય જીવનનો સંદેશ જન જન સુધી પહોંચાડવા માટે તેમણે લોકસંગ્રહ કરવો પડ્યો. તેમણે કોઈ દિવસ... 'મારી ભક્તિ કરો' તેવી અપેક્ષા રાખી જ નહીં... પરંતુ લોકો જ તેમની પાછળ આવતા... જેમ તરસ્યો માણસ ગંગા તરફ દોડતો આવે તેવું. એક દિવસ એક યુવાન તેમની પાસે આવીને બોલ્યો... 'સ્વામીજી, મને મંત્રદીક્ષા આપો. હું આપનો શિષ્ય થવા માગું છું.'

સ્વામીજીએ હસીને કહ્યું, 'તમો મંત્રદીક્ષા મારી પાસે જ શા માટે ઈચ્છો છો ?'

'લોકો પાસેથી મેં આપને માટે ખૂબ સારું સારું સાંભળ્યું છે.'

'લોકો પાસેથી ?' અને ફરીથી સ્વામીજી હસી પડ્યા અને બોલ્યા-

'જુઓ, આવી કાને સાંભળેલી વાતો માની લેવાની કોઈ જરૂર નથી. પોતાના ગુરુની પરખ પોતે... જાતે જ કરવી જોઈએ. તેમના વિચાર સાંભળો, વાંચો. સંભવ હોય તો તેમની વર્તણૂક જુઓ. અને જો તેમનામાં કોઈ દુર્ગુણ નજરે ન આવે તો તેમને ગુરુ તરીકે સ્વીકાર કરો. શું જ્યારે લગ્ન કરવાનું હોય તો લોકો વાત કરે, એટલે જોયા-જાણ્યા વગર કોઈ લગ્ન કરી લે છે ? જે છોકરી સાથે લગ્ન કરવાનું નક્કી કરવાનું હોય.. વેવિશાળ કરતાં પૂર્વે તેની સાથે બેસીને વિચાર વિમર્શ કરી, તેને જાણી, જોઈ, સમજીને પછી જ લોકો બધું નક્કી કરે છે ને ? પહેલાં બધું પારખવું, કામ પૂરેપૂરું પાકું કરવું પછી જ જીવનસાથી નક્કી કરવો...

શિવાનંદજી કે ચિદાનંદજી... કોઈએ પણ કદીયે અંધશ્રદ્ધાનો પક્ષ નહતો લીધો. 'હું કહું છું માટે માનો' તે બંને આ વાતથી કોશો દૂર હતા.



# ૧૧

# શિવાનંદ જન્મ શતાબ્દી અને ડિવાઈન લાઈફ પ્રથમ આંતરરાષ્ટ્રીય સમ્મેલન

## [૫૯]

આઠમી સપ્ટેમ્બર ૧૯૮૭ના રોજ સ્વામી શિવાનંદજી મહારાજનો જન્મશતાબ્દી ઉત્સવ હતો. ૧૯૮૬-૮૭ ને જન્મશતાબ્દી વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.

સ્વામી ચિદાનંદજીના પ્રત્યેક શ્વાસમાં ગુરુભક્તિની સુગંધ છે. 'શિવાનંદ' એ નામ તો આપને માટે પરબ્રહ્મથી પણ મોટું છે.

ગુરુદેવના જન્મશતાબ્દી વર્ષમાં સંકીર્તન, ભજન, સત્સંગ સમારોહના વિવિધ કાર્યક્રમો તો થવાના જ હતા. પરંતુ સ્વામીજી આ પ્રસંગ નિમિત્તે કંઈક ઠોસ-કાયમી કાર્ય કરવા માગતા હતા. દિવ્ય જીવન સંઘના વરિષ્ઠ સેવકોની મિટિંગમાં પટ્ટમડાઈ ખાતે અર્થાત્ ગુરુદેવના જન્મ... પ્રાકટ્ય સ્થળે એક વિશાળ સત્સંગ ભવન બાંધવાનો નિર્ણય લેવાયો હતો. આ સભાગૃહ માટે ઉદારતાથી દાન આપવા અપીલ પણ કરવામાં આવી.... અને તે માટે આશ્રમમાં રૂપિયા પણ આવવા માંડ્યા.

પરંતુ ચિદાનંદજી ચિંતનમાં ડૂબ્યા હતા. સ્વામી શિવાનંદજી ડૉક્ટર હતા. જગતનાં દુઃખ દર્દ જોયા બાદ પોતાની એશ-આરામની જિંદગી

છોડીને તેમણે સંન્યાસ લીધો હતો. જપ, તપ, ધ્યાનના માર્ગે પરમાત્મા પ્રાપ્તિ કરી હતી. અને તે દિવ્ય અલૌકિક સુખ નિરામય આનંદ સૌ લોકોને મળે એટલા માટે શ્રદ્ધાયુક્ત જીવન જીવવાનો ઉપદેશ તેમણે આપ્યો હતો. પરંતુ આધ્યાત્મિક સાધનામાં પણ શારીરિક સ્વાસ્થ્યનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે, તે વાત તેઓ ભૂલ્યા ન હતા. ગેરુ વસ્ત્રો ઉપર રુદ્રાક્ષ ધારણ કરવાને બદલે તેઓ સ્ટેથોસ્કોપ પણ રાખતા. સાધારણ ડૉક્ટરોનું આ અર્થોપાર્જનનું સાધન તેમના માટે સેવાનું સાધન હતું. સાધુ સંન્યાસી તથા લોકો હિમાલયના ચાર ધામની યાત્રાએ પગપાળાએ જ જતા, તેમની સૌની સેવા સ્વામી શિવાનંદજી મહારાજે કરી. લોકો તેમને એક આનો આપે. તો તેમાંથી એક પૈસાની દવા, એક પૈસાનું દૂધ, એક પૈસાનાં ફળ અને એક પૈસો દાનમાં કે પત્રવ્યવહાર... આ બધું સેવાર્થે... પોતાને-જાતને માટે કશું જ નહીં. આશ્રમની સ્થાપના થયા બાદ પણ અને વિટંબણાઓ હોવા છતાં... રોગીઓની નિઃશુલ્ક સેવાને તેમણે હંમેશાં પ્રમુખ સ્થાન જ... કે મહત્ત્વ આપ્યું. હૉસ્પિટલ... દવાખાનું ઊભું કર્યું. આશ્રમની વિવિધ સેવાઓ વચ્ચે રોગીઓની ચિકિત્સા, ઉપચાર માટે તેઓ સદૈવ સજાગ રહેતા. તેમના વિચારો સ્પષ્ટ હતા. સુરેખ હતા. તેઓ કહેતા, 'મંદિરમાં મંત્ર જપ, પૂજાપાઠ અને અર્ચના જેટલાં આવશ્યક છે, તેથી વિશેષ રોગીઓની સેવા પ્રત્યક્ષ નારાયણની સેવા છે, ગુરુદેવ એવા તો ડોક્ટર હતા કે તેમની પાસે ઈલાજ કરાવ્યા પછી, બીજા કોઈ ડૉક્ટર પાસે જવાની કોઈ દિવસ જરૂર જ લોકોને ન પડતી. તેટલા માટે જ તેમણે પોતાના વૈદ્યકીય ગ્રંથો અને સ્વકીય અનુભવમાંથી જનસાધારણને કેવી રીતે આહાર વિહાર કરવો તે કહ્યું, સમજાવ્યું અને પોતાના ગ્રંથોમાં પણ લખ્યું.

સ્વામીજીને યાદ આવ્યું... કે... એકવાર એક સંન્યાસી કોઈ માંદગીનો ઉપચાર કરાવવા ગુરુદેવ પાસે આવ્યો હતો. તેને તપાસીને ગુરુદેવે આવશ્યક દવાઓ પણ આપી. તેના ચાલ્યા ગયા બાદ ગુરુદેવને ધ્યાનમાં આવ્યું કે, તે સાધુને અમૃતધારા આપી હોત તો વધુ સારું થાત. તેની વર્તમાન પરિસ્થિતિ માટે તે જ યોગ્ય છે. તેમના મનમાં વસેલો



ડૉક્ટર બેચેન થઈ ગયો. દવા તો છે, પરંતુ દરદી ક્યાં ? તે દરદી ક્યાં ગયો હતો, તે તેમને ખબર હતી. ફુલચટ્ટી!... છ માઈલ દૂર... અને ગુરુદેવ દોડતા ત્યાં સુધી ગયા, અને કહ્યું, ''ભગવાન ! આપને જે દવા આપી છે, તે ઉપરાંત આ અમૃતધારા તો ચોક્કસ લેજો તે સત્વરે શાતા આપશે. હું આપને આ આપવાનું ભૂલી ગયો હતો. ત્યારે સ્થૂળકાય શરીરવાળા સ્વામી શિવાનંદજીને હાંફતા તે સાધુ જોઈ જ રહ્યો. ગુરુદેવ માટે તો આ પૂજાનો એક ભાગ હતો. તેમનો પરમાત્મા પીડાઈ કેમ શકે ! તેમને માટે તો તેની સેવા એ જ ઈશ્વરપૂજા હતી. કારણ તેમનો ઈશ્વર જ આજ તેમની સામે ધગધગતા તાવથી પીડિત હતો.

પ્રાર્થના, ભજન, કીર્તન, નામસ્મરણથી શરીરના જ્ઞાનતંતુઓ માંસપેશીમાં એક પ્રકારની ચેતના, શક્તિ અને નવજીવન મળે છે, તેનો અનુભવ ગુરુદેવે કર્યો હતો. તેટલા માટે જ દિવ્ય જીવન સંઘમાં આધુનિક વૈદ્યકીય જ્ઞાન અને આત્મજ્ઞાન પરસ્પર એકમેકનો હાથ પકડીને ચાલે છે. સ્વામીજીને અચાનક પ્રેરણા થઈ. ગુરુદેવનું જન્મસ્થાન પટ્ટમડાઈ આવશ્યક તબીબી સારવારની સગવડો વગરનું છે. ત્યાં એક સુંદર આધુનિક સર્વ-સગવડતા-સમ્પન્ન હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવે, તો આપણે ગ્રામલોકો માટે, અડોસ-પડોસની પ્રજા માટે એક સારું સુખદ અને ગુરુદેવને પ્રિય તેવી સેવાનું સંકુલ ઊભું કરી શકીએ. બસ... જન્મશતાબ્દી વર્ષ માટેનો આ શુભ સંકલ્પ આશ્રમના શુભેચ્છકોની સાધારણસભા બોલાવીને આ વિચારનો પ્રસ્તાવ સત્વરે રાજીખુશીથી સૌએ મંજુર કર્યો.

સત્સંગ ભવન કે સભાગૃહનો નિર્ણય માંડી વાળવામાં આવ્યો. જેમણે તે યોજના માટે મદદ કરી હતી, તેમને પત્રો મોકલવામાં આવ્યા. 'તમોએ સત્સંગ ભવન-સભાગૃહ માટે મદદ મોકલાવી હતી... તેને બદલે હવે હોસ્પીટલ બને છે... આપનું ઉદાર ચરિત દાન આ કાર્ય માટે વાપરી શકાય ? આપની અનુમતિ છે ? જો આપની મંજુરી ન હોય તો ખૂબ જ સન્માન અને ધન્યવાદ સાથે આપના પૈસા પરત કરતાં અમોને પણ આનંદ જ થશે.' પરંતુ આ પવિત્ર કાર્ય માટે

ભલા કોણ ના કહે ?

દુનિયાભરમાંથી દિવ્ય જીવન સંઘના અનુયાયી ભક્તોના અગણિત હાથ આગળ આવ્યા. ડોકટર નર્સ સેવકો, એકાઉન્ટન્ટ અને એન્જિનીયર્સ આવ્યા. સૌએ સાથે મળીને આ શિવાનંદ સેવામંદિર માટે સ્વયંસેવકોનું કર્તવ્ય બજાવ્યું. ભક્તોની આર્થિક સહાયથી ઈમારતના નિર્માણ માટે સામાન, બીમારો માટે દવા, આવશ્યક સાધન સામગ્રી બધુ આવતું જ ગયું.

સ્વામીજીએ અસ્પૃશ્યતા નિવારણનું કામ હંમેશાં કર્યું છે. હૉસ્પિટલ માટે એક ગાંધી નામની હરિજન મહિલાએ સાડા ચાર એકર જમીન દાનમાં આપી. ચિદાનંદ સ્વામીજી પટ્ટમડાઈ આવ્યા. પવિત્ર ધૂળને મસ્તકે ચઢાવી. થોડાં વર્ષો પૂર્વે સ્વામીજી જ્યારે ભારત ભ્રમણમાં હતા, ત્યારે પટ્ટમડાઈમાં કોઈ સેવા સંકુલ ઊભું કરવાનો સંકલ્પ તેમણે કર્યો હતો. તે સંકલ્પ આજે રુગ્ણાલય-હોસ્પિટલના સ્વરુપમાં પૂરો થઈ રહ્યો હતો. નીચે ઝુકેલા સ્વામીજી ઉપર પવનની એક લહેરખી... તેમને થપથપાવી ગઈ - માનો ગુરુદેવે સ્વામીજીને પોતાનો વહાલ ભર્યો આશીર્વાદ આપતો મંગલ સ્પર્શ કર્યો હોય.

**[૬૦]**

સ્વામી ચિદાનંદજી આશ્રમમાં પાછા ફર્યા. અહીં જન્મશતાબ્દી સમારોહ પૂર બહારમાં ચાલી રહ્યો હતો. ધામધૂમથી ઉજવાતા ઉત્સવમાં દેશવિદેશના ભક્તો હજારોની સંખ્યામાં આવ્યા હતા. વિશ્વનાથ મંદિર ગુરુદેવના પવિત્ર સમાધિ મંદિરમાં વિશેષ પૂજાઓ સમ્પન્ન થઈ રહી હતી. સત્સંગ, ભજન કીર્તનની હેલી જામી હતી. વચ્ચે વચ્ચે અનૂપ જલોટા તો નિતીન મૂકેશ જેવા મશહૂર ગાયકોના કાર્યક્રમો ચાલી રહ્યા હતા. લાખો રૂપિયા જમા થઈ રહ્યા હતા. આશ્રમને દાનમાં મળતા એક એક પૈસાનો હિસાબ રાખવામાં આવી રહ્યો હતો. એક પૈસો પણ વેડફાય નહીં તે માટે આશ્રમના સંતો જાગૃત હતા. સ્વામીજીની વાત તો નિરાળી જ હતી.

સ્વામીજીની કુટીરમાં રામસ્વરૂપજી, કે જેઓ સ્વામીજીના વ્યક્તિગત સચિવ હતા, તેઓ બહુજ ચિંતિત હતા. કેટલાય દિવસોથી સ્વામીજીએ



પોતાની જાત તરફ ધ્યાન આપ્યું જ ન હતું. તેમનો અથક પરિશ્રમ જ તેમની અથક સાધના હતી. બહુ દિવસો... મહિનાઓ દાઢી પણ વધી ગઈ હતી. તેમના વિશ્રામના સમય માટે યાદ આપવામાં આવે તો, 'રોકાઈ જાઓ.. થોભો' કહીને ફરી પાછા હાથ સેવામગ્ન થઈ જતા. ઘડિયાળમાં અલાર્મ વગાડવામાં આવે તો તે અલાર્મ બંધ કરીને ફરીથી તેઓ કામે વળગતા. તેમને માટે કંઈ ચા કે છાશ કંઈપણ લાવવામાં આવે તો તે સમયે જે પાસે બેઠું હોય તેમને તેઓ પ્રસાદ કહીને આપી દેતા. અને પછી જે કંઈપણ થોડું બાકી રહે તે તેમનો આહાર... અને આજે... હજુ પણ સ્વામીજી ધ્યાનસ્થ હતા. રામસ્વરૂપદાસજી ફરીથી એકવાર તેમના આહારની થાળી પાછી લઈને ગયા.

તેમને ખબર હતી, સ્વામીજી પોતાની સાધના આજે શેના માટે દાવમાં લગાડી રહ્યા છે. ભારતના ઉત્તરપૂર્વી પ્રદેશોમાં આતંકવાદ ફેલાયેલો હતો. ઊંચા પદો પર રહેલા અધિકારીઓનાં જીવન જોખમમાં હતાં. સામાન્ય લોકોનાં જીવનનું તો કોઈ મૂલ્ય જ ન હતું. યાત્રીઓને બસમાંથી નીચે ઉતારીને તેમને ગોળીઓથી વીંધી નાખવામાં આવતા હતા. કોઈ મોટા સમારંભ માટે લોકો ભેગા થાય તો ત્યાં બોંબ ઝીંકવામાં આવતા હતા. આવા અસુરક્ષિત વાતાવરણ વચ્ચે દિવ્ય જીવન સંઘના આ શિવાનંદ જન્મ શતાબ્દી સમારોહમાં હજારોની સંખ્યામાં લોકો આવી રહ્યા હતા. તેમની ગણતરી કરવી મુશ્કેલ હતી. સત્સંગ અને ભજન માટે દશ હજાર લોકો બેસી શકે તેવા શમિયાના-મંડપની વ્યવસ્થા કરવામાં આવી હતી. આતંક કરવા માટે એક 'પળ' પણ પર્યાપ્ત હતી. જો કોઈ એક ખોટી અફવા પણ ફેલાવવામાં આવે અને લોકો આમતેમ નાસભાગ કરી મૂકે તો પણ પરિસ્થિતિ સાચવવાનું મુશ્કેલ થઈ પડે. હિમાલયના તે પર્વતીય પ્રદેશમાં જો ભૂસ્ખલન થાય, અને મોટી પથ્થરશિલા ગબડતી આવે તો મૃત લોકોના ચહેરા પણ ન ઓળખી શકાય. આ તમામ સંભવિત મુશ્કેલીઓના નિવારણ માટે સુરક્ષા માટે ભગવત્કૃપા પરિપૂર્ણરૂપે હોવાનું ખૂબ જ આવશ્યક હતું. સ્વામીજી અતિ આર્ત હૃદયે બધું હેમખેમ પાર ઉતરે માટે પ્રાર્થના કરી રહ્યા હતા. આ

સમારોહની પાછળ પોતાનું બધું... તમામ... સઘળું તપોબળ દાવ પર લગાડી રહ્યા હતા. અંતે સમારોહ સમ્પન્ન થયો. પોલીસ વ્યવસ્થાની પણ જરૂર ન પડી.

સમારોહના અંતિમ દિવસે સ્વામીજી સત્સંગમાં પધાર્યા. મૂળથી જ કૃશકાયા થોડી વધુ કૃશ થઈ હતી. હવે તેમનાં પગલાં ધીરે પડી રહ્યાં હતાં. આ દેહ કઈ શક્તિથી ટકી રહ્યો હતો ? આ પ્રશ્ન તેમને નજરે જોનાર પ્રત્યક્ષના મનમાં ઉભરાતો હતો. પરંતુ તેનો જવાબ તેમના તેજસ્વી મુખમંડળ પર પ્રતીત થતો હતો. કામ નિર્વિઘ્ને થાય તે માટેની તેમની અદમ્ય ઇચ્છાશક્તિ અને મૂર્તિમંત ચૈતન્યના આધાર પર આ દેહ ઊભેલો હતો.

આસન પર બેસીને સ્વામીજીએ નેત્રો બંધ કર્યાં. પોતાના બુલંદ પરંતુ મધુર અવાજમા ૐકારનું ઉચ્ચારણ કર્યું. ચોપાસ શાંતિ પથરાઈ ગઈ. સુકાયેલું એક પાંદડું પણ ઝાડ પરથી પડે તો લાગે મોટો અવાજ થયો. અને આકસ્મિક હજારો લોકોની સામે અતિનમ્રતાપૂર્વક મસ્તક ઝૂકાવીને સ્વામીજીએ હાથ જોડ્યા. પછી કહ્યું.

''સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના જન્મ શતાબ્દી સમારોહમાં પધારીને આપે સૌએ સમારોહની શોભામાં અભિવૃદ્ધિ કરી છે. દિવ્ય જીવનનું માતૃમથક શિવાનંદ આશ્રમ અને વ્યક્તિગત રીતે હું આપ સૌનો તે માટે ઋણી છું. આશ્રમની વ્યવસ્થા સંભાળતા સંતોએ ખૂબ મોટા ધોરણે આપ સૌના નિવાસ અને ભોજનની વ્યવસ્થા કરી. જો તેમાં ક્યાંય પણ કચાશ રહી ગઈ હોય તો કૃપા કરીને અમારું ધ્યાન દોરજો, જેથી ભવિષ્યમાં આ ક્ષતિઓનું પુનરાવર્તન ન થાય. અને કોઈને પણ વ્યક્તિગત રીતે કોઈપણ પ્રકારની મુશ્કેલી પડી હોય તો કૃપા કરીને મને ક્ષમા કરજો.'

લોકોનો પ્રત્યુત્તર માત્ર આંખોમાં આંસુ જ હતો. સ્વામીજી ફરીથી બોલ્યા. 'આશ્રમમાં ઠેકઠેકાણે દાનપાત્રો મૂકવામાં આવ્યાં છે. ધન કે નગદ રૂપિયા પૈસાના રૂપમાં તમો તેમાં કંઈપણ નહીં નાખો તો ચાલશે, પરંતુ સમગ્ર સમારંભની વ્યવસ્થામાં જે કંઈપણ ત્રુટી રહી ગઈ હોય



જે અમારી નજરમાં ન આવેલ હોય તે સંબંધીની સૂચના... કે ફરિયાદપત્ર અવશ્ય તેમાં લખીને નાખશોજી.' આવી વિલક્ષણ નમ્રતાનું અદ્‌ભુત દર્શન... હજારો હાથ સ્વંયભૂ જોડાઈ ગયા. હજારો મસ્તક આ શીલ અને મર્યાદાના મૂર્ત સ્વરૂપ સામે ઝૂકી ગયાં... ચોપાસ વિસ્તરેલી અપાર શાંતિ ઈશ્વરની ભાષા બોલી રહી હતી.

૧૯૯૧માં હિમાલયના હિમાચ્છાદિત ગિરિશૃંગો પર દુઃખનો આતંક પથરાઈ ગયો. ખૂબ મોટા પ્રમાણમાં આવેલા ભૂકંપને કારણે હૃષીકેશ હરિદ્વાર અને ઉત્તરકાશીમાં વિનાશનું તાંડવ રચાયું હતું. લોકોનાં ઘરો માટીમાં મળી ગયાં હતાં. ક્ષણભરમાં જિંદગીની તમામ કમાણી નષ્ટ થઈ ગઈ હતી. જનમ જનમ સુધી સાથ નિભાવવાનું વચન આપનારો, આ લોકથી નાતો તોડીને ચાલ્યાં ગયાં હતાં. અગણિત અનાથ તૃષાર્ત બાળકો માતાની હૂંફ માટે આક્રંદ કરતાં હતાં. અનેક માતાઓ બાળકો ખોવાયાથી ટળવળતી હતી. ભૂમિએ જ આશ્રય આપવાનો નનૈયો ભણ્યો તો હવે કોના આશ્રયે જવાનું ? પ્રકૃતિનું રુદ્ર સ્વરુપ જોઈને રૂવાડાં ઊભાં થઈ જતાં હતાં. સરકારની મદદ નહિવત્ જ મળી. થોડી સ્વયંસેવી સંસ્થાઓ આગળ આવી પરંતુ સેવા પહાડો પર ચઢીને કરવાની હતી. જે લોકો હંમેશાં આવી દુર્ઘટનાઓ સમયે સેવા કરવામાં મોખરે હોય છે, તે સૌ આવી આવીને પાછા ચાલ્યા ગયા. ભૂકંપમાં થયેલા તારાજીમાં મરેલાઓ તો દબાયેલા હતા જ પરંતુ જીવતા પણ દટાયેલા હતા.

સૌથી પહેલાં જો કોઈને સેવા કરવાનો વિચાર આવ્યો હોય અને પહેલ કરી હોય તો તે સ્વામી ચિદાનંદજી મહારાજે. સવારે ત્રણ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. તેઓ સવારે પાંચ વાગ્યે વિશ્વાસુ સંતોની કુટીરમાં ગયા. ઉત્તરકાશીમાં ભૂકંપ આવ્યો છે. આપણે સેવા કરવી જોઈએ સંતો પણ તૈયાર જ હતા. પોતાનાં સુખ-દુઃખ સ્થિર બુદ્ધિથી સહન કરવાવાળા સંતો બીજાનાં દુઃખ કેમ દેખી શકે ? દિવ્ય જીવન સંઘના માતૃમથક શિવાનંદ આશ્રમે ભૂકંપ પીડિતોને મદદ માટે કાર્ય કરવાનું ચાલુ કર્યું.

આપત્તિગ્રસ્ત લોકો માટે તાત્કાલિક તૈયાર ભોજન આપવાની

વ્યવસ્થા કરવામાં આવી. કપડાં, દવા, રાશન, છાપરાં, તંબુ અને દૈનિક જીવનની આવશ્યકતાઓની પૂર્તિ કરવામાં આવી. અંતે બધું થાળે પડતાં પાકાં મકાનો બાંધીને આપવામાં આવ્યાં. અનાથ બાળકોની સારસંભાળ અને તેમના માટે પાઠશાળા બાંધવામાં આવી. ઈશ્વરની સેવા સમાજસેવાથી જુદી નથી હોતી. સમાજનાં હૃદયના પ્રત્યેક ધબકારા સાથે 'અધ્યાત્મ'નો સંબંધ છે. પરંતુ અમો સમાજ સેવા કરી રહ્યા છીએ, તેવી ભાવના સેવા કરનારા સંતોના મનમાં કદીયે નથી હોતી. ત્યાં વ્યક્તિ, સમાજ અને પરમાત્મા બધું એકરૂપ જ થઈ જાય છે. ભૂકંપમાં પીડિત પ્રત્યેકમાં સ્વામી ચિદાનંદજી પોતાનાં સ્વરૂપને જ જોઈ રહ્યા હતા. માનો પોતાની... જાતના સેવાર્થે જાતે જ નીકળી પડ્યા. દિવ્ય જીવન સંઘના સંન્યાસીઓએ ગૃહસ્થોની ગૃહસ્થીને વસાવી આપી.

**[૬૧]**

''તમે લોકો પ્રેમથી આ બધું આપો છો, તેનો આનંદ છે, પરંતુ મારે કૃષ્ણાનંદજીને જવાબ આપવો પડે છે.'' હસતાં હસતાં સ્વામીજીએ કહ્યું. આશ્રમ માટે ચોપાસથી લોકો અનેક પ્રકારની સેવા લખાવતા કે આપતા. તેમાં વિદેશી હૂંડિયામણ કે જમીન વગેરેનો સમાવેશ પણ થતો. આ બધાંની વ્યવસ્થા આશ્રમ-સંસ્થાના જનરલ સેક્રેટરી હોવાને નાતે કૃષ્ણાનંદજી મહારાજ કરતા હતા.

કૃષ્ણાનંદજી... શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના જ્યેષ્ઠ શિષ્યોમાંના એક પ્રમુખ શિષ્ય. શિવાનંદ આશ્રમનું એક આદરણીય અને પૂજનીય વ્યક્તિત્વ. ચિદાનંદજી અને કૃષ્ણાનંદજી... એટલે રામ લક્ષ્મણની જોડી... તેવો જ તેમની વચ્ચે સ્નેહભાવ, પરંતુ સ્વભાવમાં બંને પૂર્વ પશ્ચિમ ! ચિદાનંદજી સંકોચનું મૂર્ત સ્વરૂપ, કોઈને 'ના' કહેવાનું હોય, તેનાથી તેમને દુઃખ થાય તેવું તો તેમને મન બ્રહ્મસંકટ.. 'ના' એ તો તેમનો હોઠો ઉચ્ચારણથી જ ન શકે. કરુણા, પ્રેમ અને ક્ષમાનું સાક્ષાત્ દર્શન !

પરંતુ કૃષ્ણાનંદજી હૃદયમાં કરુણા પ્રેમ હોવા છતાં પણ તેઓ સંસ્થાના મહામંત્રી હતા. સંસ્થા આંતરરાષ્ટ્રીય છે, કઠોર અનુશાસન



વગર તેમને ચાલે તેવું ન હતું. જ્યાં હા કહેવાની હોય ત્યાં હા અને જ્યાં ના કહેવાની હોય ત્યાં ના કહેતાં તેમને કોઈ મુશ્કેલી પડતી નહીં. હજારો-લાખો રૂપિયાની લેવડદેવડ કરવાની હોય, તેમના ઉપર તેઓ ગીધની નજર રાખતા. એક પણ પૈસો ડાબે-જમણે ન થાય માટે જાગૃત રહેતા. આશ્રમ દ્વારા સંચાલિત ચેરીટેબલ હૉસ્પિટલમાં જે કાંઈ દવાઓ આવે તે સારામાં સારી હોવી જોઈએ, કે હૉસ્પિટલ માટે મળેલું દાન તેમને માટે કે વિદ્યાર્થી સહાય માટે મળેલું દાન વિદ્યાસહાય માટે જ વાપરવાનો તેમનો કડક સખત આગ્રહ રહેતો. કૃષ્ણાનંદજી વ્યવસ્થા સંબંધી જવાબદારી પૂરા સામર્થ્ય સાથે નિભાવતા હતા.

પરંતુ સ્વામી ચિદાનંદજી મહારાજના માધ્યમથી સંસ્થાનું કામ વધતું જ રહેતું હતું. આ વધતી જતી જવાબદારી વચ્ચે ક્યારેક ચિદાનંદજી સ્વામી કૃષ્ણાનંદજીને એવું લાગ્યું પણ હોય કે, ''સંસારની જવાબદારી છોડીને અમો અહીં આવ્યા અને આ વિરક્ત સંન્યાસીના ઉપર આટલો બધા બોજ ! હિસાબ રાખો... ઑડીટ કરાવો... સરકારી ઓફીસોનો સમ્પર્ક રાખવાનો, કારણ કે સંસ્થાસંચાલન અને વ્યવસ્થા માટે આવશ્યક દેશના કાયદા કાનૂન જ વેદ-ઉપનિષદ હોય છે. તેની અવગણના કરીને કશુંયે કરી શકાય નહીં.

પરંતુ હસતા હસતા પણ કૃષ્ણાનંદજી કહેતા કે ચિદાનંદજી આશ્રમની કીર્તિ અને વ્યવસ્થાની જવાબદારી વધારતા જ રહે છે. ચિદાનંદજી પણ જાણતા હતા - કૃષ્ણાનંદજી પોતાની જવાબદારી અંતકાળ-શ્વાસ સુધી નભાવશે, કારણ તેમને મન પણ આ ગુરુસેવા જ છે. અને કૃષ્ણાનંદજી પણ જાણતા હતા કે, દિવ્ય જીવન સંઘનો વિસ્તાર આ પ્રમાણે જ થશે, કારણ સદ્‌ગુરુદેવની આ જ ઇચ્છા છે. આજના ગતિમાન અને આંટીઘૂંટીમાં પડેલા જગતમાં મનુષ્યને શાંતિ અને આત્મીય ઉત્કર્ષ આપનારી આ એક જ તો જગ્યા છે.

કૃષ્ણાનંદજી જનરલ સેક્રેટરીની રૂક્ષ જવાબદારી સંભાળતા તો હતા, પરંતુ તેમનો મૂળ સ્વભાવ અને રુચિ તો જુદાં જ હતા. ચિદાનંદજી એટલે સાક્ષાત્ ભક્તિનું સ્વરુપ, અને કૃષ્ણાનંદજી એટલે પ્રત્યક્ષ જ્ઞાનનું

મૂર્ત સ્વરૂપ. વેદ, ઉપનિષદ, ગીતા, સંહિતા, પુરાણો, આગમ શાસ્ત્રો... તમામ તત્ત્વજ્ઞાનનો તેમનો અભ્યાસ અને અધ્યયન અતિ ગહન હતાં. તેમનાં પ્રવચનો મોટા મોટા બુદ્ધિમાનોની સમજણથી પર હતાં. સદ્‌ગુરુદેવ તેમના માટે ગર્વથી કહેતા... 'અગણિત શંકરાચાર્યોને ભેગા કરીને એક કૃષ્ણાનંદજીનું નિર્માણ થયું છે.'

સ્વામી ચિદાનંદજી તેમની આ યોગ્યતાથી અજાણ ન હતા. જો રાત્રી સત્સંગમાં સ્વામી કૃષ્ણાનંદજીનું પ્રવચન હોય તો સ્વામી હંમેશાં બધું કામ છોડીને સત્સંગમાં જવા માટે... કૃષ્ણાનંદજીના પ્રવચનને લોકો સાંભળે તેવો આગ્રહ રાખતા. અને એમ પણ કહેતા...

''ચાલો... ચાલો... જલદી ચાલો... તેમનાં પ્રવચનનું એક વાક્ય પણ સાંભળવામાં ચૂકાઈ જશે, તો આગળ પાછળનું કંઈ એ નહીં સમજાય.''

આ જ કૃષ્ણાનંદજીનો જન્મદિવસ હતો. આત્માનાં રહસ્યને જાણવાવાળાને શરીરની વૃદ્ધિનું વળી શું મહત્ત્વ ? છતાં, તો પણ જે લોકો આપણને ઓળખે છે, આપણી સાથે રહે છે, તેમનું સન્માન કરવાનો એક અવસર તો મળવો જોઈએને ?

તે દિવસે સ્વામી કૃષ્ણાનંદજી મહારાજની ષષ્ટિપૂર્તિ હતી. જીવન યાત્રાનાં ૬૦ વર્ષની પૂર્ણાહુતિ. સાત સમુદ્ર અને સાત નદીઓનાં જળનાં કુંભની પૂજા કરવામાં આવી હતી. સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજીની કુટીર પાસેના ગુરુદેવના ઘાટ પર સ્વામી કૃષ્ણાનંદજીને બેસાડવામાં આવ્યા. અને અભિમંત્રિત કરેલા ઘટને ઉપાડીને સ્વામી ચિદાનંદજીએ કૃષ્ણાનંદજીને પવિત્ર સ્નાન કરાવ્યું. સ્વામી કૃષ્ણાનંદજીનો જયજયકાર પણ કરાવ્યો.

વેદ અને ઉપનિષદોનું જ્ઞાન જેમના જીવનમાં પ્રત્યક્ષ થયેલું હતું તેવા આત્મસ્વરૂપની સ્થિતિમાં બંને જ્ઞાની મહાપુરુષ અદ્વૈતનો અનુભવ કરી રહ્યા હતા. એવા બે મહાપુરુષો એકમેકની સાથે પાઠશાળાના બે વિદ્યાર્થી મિત્રો જેવી દોસ્તી માણતા જોઈને સૌની આંખો ધન્ય થઈ. બંને માયાનું એક અદ્‌ભુત દૃશ્ય દેખાડી રહ્યા હતા.

...એક દિવસ કૃષ્ણાનંદજીને એક ચાર્ટર્ડ એકાઉટંટ ઈન્કમટેક્ષ વિષે



સમજાવી રહ્યા હતા. કહેતા હતા કે.. આશ્રમને મળતાં દરિયાપારના દેશોમાંથી આવતાં દાન ઉપર ટેક્ષ બહુ ભરવો પડે છે. આપણે થોડી આશ્રમની વિશેષ પ્રવૃત્તિઓનો હિસાબમાં ઉલ્લેખ કરીએ તો ટેક્ષ ઓછો ભરવો પડે.

આકસ્મિક ઝબકીને જાગતા હોય તેમ કૃષ્ણાનંદજીએ કહ્યું, ''પરંતુ આ પ્રવૃત્તિઓ આપણે આશ્રમમાં કરતા નથી.''

'તો શું થયું ? આપણે કેટલું બધું કામ કરીએ છીએ. હૉસ્પિટલ તો ચાલે જ છે, પ્રકાશન પણ ચાલે છે. તો તેની સાથે પાઠશાળા અને પુનર્વસન પણ જણાવી દઈએ...''

કૃષ્ણાનંદજીએ કહ્યું, 'જુઓ ભાઈ ! તમે મુંબઈથી આવો છો. અને બધી વેપારી પેઢીનો હિસાબ રાખો છો, અને ઑડીટ પણ કરો છો. પરંતુ આપણી આ સંસ્થા એક આધ્યાત્મિક જ્ઞાન-પ્રચાર-પ્રસારની સંસ્થા છે. અહીં નીતિમત્તાનું જ ધોરણ અને ચલણ મહત્ત્વનું છે. દેશ-પરદેશથી લોકો દાન મોકલાવે છે કારણ કે તે બધાંને આશ્રમની નિષ્ઠા પર શ્રદ્ધા અને વિશ્વાસ છે. જો અધ્યાત્મ જ નૈતિક મૂલ્યોને કચરવા લાગે, તો સમાજ ક્યાં જઈને ઊભો રહેશે ? જો ધર્મ જ નીતિનો હાથ છોડી તે તો સમાજની કેટલી મોટી અધોગતિ થાય તે કદી વિચાર્યું છે ?'

'પરંતુ સ્વામીજી ! સરકાર આ બધા કાયદા કાનૂનનું ગળું દબાવવા માટે કરે, તો શું થયું ? તેમાંથી બહાર નીકળવા-બચી જવાના-રસ્તા પણ સરકાર જ મોકળા રાખે છે.''

''ભલે રાખે. આશ્રમમાં આ ગેરરીતિ ન ચલાવી શકાય. અમને માત્ર એટલું કહો કે વિદેશથી આવતા દાન ઉપર કેટલો ટેક્ષ ભરવાનો છે. આપણાથી કરચોરી ન થઈ શકે. ટેક્ષ પૂરેપુરો ભરવાનો, રાષ્ટ્રનું સંરક્ષણ કરવું, રાષ્ટ્રનું ભક્ષણ કરી શકાય નહીં. સરકારનો ભાગ સરકારને આપવો જ જોઈએ. અને ન્યાયપૂર્ણ માર્ગે જે આપણે ભાગે આવે તે આપણે સ્વીકાર કરવું જોઈએ.''

ભૌતિક જીવનના તમામ બંધનો ત્યાગ કરવાવાળા સંન્યાસીઓ પણ જગતના નીતિ અને કાયદા કાનૂનના બંધનને કેટલાં સ્વીકારે છે.''

આશ્રમના અન્નપૂર્ણાગૃહમાં રસોઈ માટે ડાલડા ઘીનો વપરાશ થતો હતો. અચાનક સમાચાર પત્રોમાં છપાવા લાગ્યું કે તેમાં પશુઓની ચરબી મેળવવામાં આવે છે. આ વાત સાચી કે ખોટી તેનો નિર્ણય હજુ સુધી કરી શકાયો નથી. પરંતુ મનમાં આશંકાઓનો જુવાળ તો આવ્યો જ.

અન્નપૂર્ણાગૃહના અધિકૃત કોઠારી સંન્યાસી સ્વામીજીને પૂછી રહ્યા હતા, 'આપણે તો હંમેશાં ડાલડાનો જ વપરાશ કરીએ છીએ, અને હવે ઉહાપોહ મચ્યો છે કે તેમાં પશુની ચરબી છે! હવે આપણે શું કરવાનું ?'

પોતાના શાંતિપૂર્ણ સ્વરમાં સ્વામીજી બોલ્યા,

'આપણે કંઈ જાણીને આ ભૂલ નથી કરી. અજાણે આપણાથી ભૂલ થઈ છે. આપણએ સૌની સામે આ ભૂલ માટે ક્ષમા માગીશું અને હવે પછી રસોઈમાં તેલનો ઉપયોગ કરીશું.

બાળપણમાં પોતાની નાની મોટી ભૂલો માટે વડીલોને સાષ્ટાંગ પ્રમાણ કરીને તેમની માફી માગતો નાનો બાળ શ્રીધર હવે આંતરરાષ્ટ્રીય કીર્તિપ્રાપ્ત સ્વામી ચિદાનંદજી મહારાજ થયા પછી પણ સરળતા અને સહજતામાં કંઈ પણ ફરક પડ્યો ન હતો. બાળપણથી આજ સુધી તેનું મન નિષ્પાપ અને નિષ્કપટ જ હતું.

પરંતુ આ જ કોમળ મન આશ્રમનાં તત્ત્વો સંબંધી દૃઢ નિશ્ચયી થાય છે, ત્યારે તેને ઝુકાવવું, હરાવવું કે સમજાવવું તે કોઈને પણ માટે સરળ ન હતું.

સ્વામીજીનો એકસઠમો જન્મ દિવસ હતો, ત્યારની આ વાત છે. ભક્તોનાં ભોજન માટે એક વિશાળ ભોજનગૃહ નિર્માણ કરવાની આવશ્યકતા હતી. પરંતુ આશ્રમ પાસે તાત્કાલિક તે માટે તેટલા પૈસાનું બજેટ ન હતું. આકસ્મિક એક મોટા ઉદ્યોગપતિના પ્રતિનિધિનું આશ્રમમાં આગમન થયું. તેણે સેવાનો પ્રસ્તાવ મૂક્યો. સ્વામીજીએ ભોજનગૃહ-અન્નાપૂર્ણાભવનના નિર્માણની જરૂરિયાત વિશે કહ્યું.

તેણે કહ્યું, 'પરંતુ અમારી એક શરત છે.'

'તે શું છે ?'



આ અન્નપૂર્ણા ભવનમાં માત્ર ભારતીય લોકોને જ પ્રવેશ આપવામાં આવે. પરદેશી લોકોને ત્યાં પ્રવેશ નિષેધ રહેશે.'

એકપણ ક્ષણનો વિલંબ કર્યા વગર સ્વામીજીએ કહ્યું, 'એ સંભવ નથી.'

કાષાય વસ્ત્ર ધારણ કરવાથી અંગત સંબંધો તો છૂટી જાય છે, પરંતુ ઈશ્વરની આખી દુનિયા સાથે નાતો જોડાઈ જાય છે. હવે તેને દરેક માણસમાં ભગવાનનાં દર્શન થાય છે. માત્ર માણસ જ શા માટે? કોઈ પણ જીવિત પ્રાણી અને અચેતન વસ્તુઓમાં પણ ઈશ્વર જ નજરે ચઢે છે. હવે આ ભારતીય છે. આ દેશી - આ વિદેશી, એવો ભેદ મનમાં આવતો જ નથી. પૂજ્ય સદ્‌ગુરુદેવે તો દેશ, ધર્મની સીમા પાર કરીને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કર્યો.

પરદેશી લોકોએ પણ પોતાના અંગત ધર્મો અને રાષ્ટ્રનાં માન મર્યાદા જાળવીને ભારતીય સંસ્કૃતિના તત્ત્વજ્ઞાનને તો માન આપ્યું જ. તે લોકોને હિમાલયની આ પવિત્ર ભૂમિ ઈસુની જન્મભૂમિ જેરુસલેમ કે કાબાના પવિત્ર પથ્થરની પાક ભૂમિ મક્કા-મદીના જેવી જ પવિત્ર લાગતી હતી. તો શું તેઓ જમીનના કોઈ એક જુદા જ ટુકડા ઉપર તેઓ રહે છે, કે તેમની ભોજનગૃહમાં આવવા નહીં દેવાના.

સ્વામીજીએ નક્કી કર્યું, ભોજનગૃહ ભલે ટીનનાં છાપરાં નીચે સાદું સીધું થાય પરંતુ જગતના પ્રત્યેક દેશના નાગરિકોનો ત્યાં સમાન રીતે પ્રવેશ તો થવો જ જોઈએ.

સ્વામીજીનો નનૈયો સાંભળીને પ્રતિનિધિ પાછો ગયો, પરંતુ થોડા જ સમયમાં તે પાછો આવ્યો. તેણે કોઈપણ શરત રાખ્યા વગર અન્નપૂર્ણાભવન બાંધી આપવાનો રાજીપો વ્યક્ત કર્યો. ખરેખર તો દાતાઓને આવી વાહિયાત વાતોમાં રસ હોતો જ નથી. તેઓ તો દાન આપીને જ પોતાની જાતને ધન્ય માને છે. આ વચેટિયાઓ જ વાંધા-વચકા કરતા હોય છે. પરંતુ હવે જે કામ પ્રારંભ્યું તે ખરેખર ખૂબ જ સુંદર હતું, અને જોતજોતામાં દેશ, જાતિ, ધર્મ, વર્ણથી પર આ બધાં બંધન તોડીને ઈશ્વરનાં સૌ સંતાનો એક સાથે બેસીને ભોજન ગ્રહણ

કરવા લાગ્યા.

આ તમામ બંધનોથી મુક્ત... જીવ માત્રને જ ચાહવાવાળા સ્વામીજી... સમગ્ર વિશ્વને જ પોતાનું ઘર માનતા હતા. કદાચ એમ કહેવું વધારે યોગ્ય કહેવાય કે સમગ્ર ચરાચરમાં તેઓ પોતાની જાતને જ દેખતા હતા. પરંતુ એક વાત તો સ્પષ્ટ હતી કે જે માટીએ તેમને આ સંસ્કાર આપ્યા, તે માટીની સુગંધ, તે માટીનો મહિમા, તે માટીનું ગૌરવ તેમને ખૂબ જ હતું. 'ભારત' આ ત્રણ અક્ષર તેમના હૃદયમાં પ્રમુખસ્થાન ધરાવતા હતા.

અહીંની પવિત્ર ગંગાજીની ધારા, અહીંનાં ઉત્તુંગ હિમગિરિ શિખરો, આ સુજલામ્ સુફલામ્... ભૂમિ અને આકાશને આંબતું આ કુદરતનું નખશીખ શુદ્ધ સૌંદર્ય, ભારતના ધર્મો, અધ્યાત્મ... અરે ભારતની ધૂળનો એક એક રજકણ તેમને પ્રિય હતો.

અને દુર્ભાગ્યવશ અહીંના ધાર્મિક અને જાતીય તોફાનો, રમખાણો, અહીંનો ભ્રષ્ટાચાર, હિંસાચાર, ગરીબી, લોકોની વ્યસન, અધીનતા, અનીતિથી તેઓ સદા ચિંતિત રહેતા. અને તેને કારણે તેમનુ શરીર થોડું કથળવા પણ માંડ્યું. આ બધું ધ્યાનમાં રાખીને ૧૯૯૨ના જુલાઈ માસના ડિવાઈન લાઈફના અંકમાં તેમણે સમગ્ર ભારતને સંબોધીને પોતાના હૃદયના ઊંડાણમાંથી ઉદ્‌બોધન કર્યું.

મારા વહાલા ભારતવાસીઓ,

આજ જ્યારે આપણો દેશ તેની સ્વતંત્રતાનાં પીસ્તાલીસ વર્ષ પૂરાં કરી રહ્યો છે, ત્યારે હું આપને સૌને કંઈક કહેવા માગું છું.

હું આપને પૂછવા માગું છું કે, 'સ્વતંત્ર ભારતના સન્માનનીય નાગરિક હોવાને નાતે આપણા આ દેશની સમૃદ્ધિ, પ્રગતિ અને એકતા કે અખંડતા માટે તમારું યોગદાન શું ? તમારી સેવા શું ? તે દિશામાં તમારા પ્રયત્નો શું ?'

'દરેક વ્યક્તિનું કર્તવ્ય છે કે તે પોતે પોતાની જાતને આ પ્રશ્ન પૂછે કે શું તમારું વ્યક્તિગત જીવન, તમારી સેવા આપણા રાષ્ટ્રના જીવન પ્રવાહને સમૃદ્ધ બનાવે છે ?'



આપણાં જીવન રાષ્ટ્રને સમૃદ્ધ કરવાવાળાં હોય, પ્રગતિના પથ પર અગ્રસર કરવાવાળાં હોય, રાષ્ટ્રનાં ગૌરવ કે ગરિમામાં વૃદ્ધિ કરવાવાળાં હોય, તે માટે આપણે એક 'રાષ્ટ્રીય આચારસંહિતા' નક્કી કરીશું. આ આચારસંહિતાનું અધ્યયન કરો, અને તમારાં વર્તન તથા વ્યવહારને આ આચારસંહિતાને અનુકૂળ કરો, ત્યારે જ તમો આપણા દેશના સાચા નાગરિક કહેવાશો.

સ્વામીજી દ્વારા કથિત આ આચારસંહિતા આ પ્રમાણે છે.

**૧. દેશનું હિતઃ** આપણાં વ્યક્તિગત જીવનમાં દેશના હિતની રક્ષા એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દેશના હિતમાં જ આપણું હિત છે. માટે આપણે આ દેશને માટે પોતાના દેશ ભારતને માટે પ્રાણની આહુતિ આપવા માટે પણ તૈયાર રહેવું જોઈએ.

**૨. કર્તવ્યઃ** આપણું સર્વ પ્રથમ અને શ્રેષ્ઠ કર્તવ્ય પરમેશ્વર અને પરમેશ્વર પ્રણિત નીતિધર્મ વિષયક છે. એવા નીતિધર્મનું જીવન જીવવું એ જ દેશની ખરા અર્થમાં સેવા થશે.

**૩. ચારિત્ર્યઃ** ચારિત્ર્ય સર્વોત્તમ સમ્પત્તિ છે. નાગરિકોનું શુદ્ધ અને નિષ્કલંક ચારિત્ર્ય એ દેશની સર્વોત્તમ મહામોંઘી સમ્પત્તિ છે અને પાયાની આવશ્યકતા છે.

**૪. સ્વાસ્થ્યઃ** યશસ્વી જીવનની મૂળભૂત આવશ્યકતા સુખદ સ્વાસ્થ્ય છે. સુખદ સ્વાસ્થ્ય પણ એક સમ્પત્તિ જ છે. આ રાષ્ટ્રીય સમ્પત્તિ રાષ્ટ્રની અણમોલ અમાનત છે. તે માટે આપણાં ચારિત્ર્યનો વિકાસ અને સ્વાસ્થ્યની રક્ષા... એક નાગરિક હોવાને નાતે આપણું પ્રથમ કર્તવ્ય થાય છે.

**૫. મદ્યપાનઃ** નશો કરે તેવી દવાઓનું સેવન, તમાકુ ખાવી, જુગાર રમવો, આ બધી અહિત કરવાવાળી વાતોનું આપણે 'નિર્મૂલન' કરવું જોઈએ. લાંચરૂશ્વત લેવી કે દેવી, કોઈપણ પ્રકારનો ભ્રષ્ટાચાર, સ્વાર્થાંધતા, અનૈતિકતા, બેવફાઈ કે વફાદાર ન હોવું, તે કોઈપણ પ્રકારનું દુર્વર્તન-આ તમામ અનિષ્ટોથી આપણે જાગૃતિપૂર્વક મુક્ત રહેવું જોઈએ કે દૂર રહેવું જોઈએ. દેશ સાથે વિશ્વાસઘાત એ સૌથી મોટું પાપ

છે. સૌથી મોટો રાષ્ટ્રદ્રોહ છે.

**૬.** નાગરિકો ! તમો સાર્વજનિક સમ્પત્તિના રક્ષક છો. તેને નષ્ટ ન કરો. તેનો દુરુપયોગ ન કરો. રાષ્ટ્રીય સમ્પત્તિ નષ્ટ ન કરો. લગનથી તેની રક્ષા કરો.

**૭.** આપણા દેશના તમામ નાગરિક આપણા ભાઈ જ છે. મનમાં આ ભાવ જાગૃત કરો. તમામ સાથી નાગરિકોની સાથે સદ્ભાવથી અને એકતાથી રહો.

**૮.** દુનિયાના તમામ ધર્મો અને ઉપાસનાના પંથો માટે તમારા મનમાં સમાન આદર કેળવો. તમામ ધર્મના લોકો સાથે તમારી આધ્યાત્મિક સાધનામાં પોતાના એક સહયાત્રી - એક સહધાર્મિક ભાઈ તરીકે પ્રેમ અને સદ્ભાવથી રહો.

**૯.** કોઈપણ પ્રકારની હિંસા, દ્વેષ અને તિરસ્કારથી દૂર રહો, કારણ કે આ વાત આપણા રાષ્ટ્રની ગૌરવશાળી પરંપરા પર દાગ લગાડશે.

**૧૦.** સાદગી અને ઉચ્ચ વિચારનો સ્વીકાર કરો. મિતવ્યયની - કરકસરની ટેવ પાડો.

**૧૧.** સામાજિક ન્યાય અને વિધિ-નિયમોનો આદર કરો.

**૧૨.** જેમની પાસે આપણાથી ઓછી સગવડો છે, તેમને તમારી સમ્પત્તિના ભાગીદાર બનાવો. દેશ પ્રેમ, સેવા અને દેશભક્તિનું મૂલ્ય પોતાનાં સંતાનો અને પરિવારનાં પરિવારજનોના મનમાં જાગૃત કરો.

આવી રીતે આપણા દેશના... ભારતના સાચા નાગરિકનું સ્થાન પ્રાપ્ત કરો. તન, મન અને ધનથી આપણા દેશની સેવા કરો.

પોતાનું નામ ન લખીને, 'એક દેશપ્રેમી'ના નામથી સ્વામીજીએ આ આચારસંહિતા જાહેર કરી, આ જાહેર કરતાં તેમણે એ પણ કહ્યું કે તેઓ આ શા માટે કરે છે... સ્વામીજીએ કહ્યું,

'હું નિવૃત્તિ માર્ગ પર જીવન જીવવાવાળો, દશનામ-સંન્યાસ પરંપરાનો એક સંન્યાસી છું. આ ભૌતિક જગત સાથે જેને કોઈ બંધન નથી. એવો એક યતિ છું. તમો મને પૂછશો... 'ભારતના અને તેના નાગરિકોના કલ્યાણ માટે હું શા માટે ચિંતિત છું ? તેનું કારણ ખૂબ



જ સીધું કે સરળ છે. મારું સંન્યાસી જીવન મારા દેશની સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનનું ફળ જ છે. મારું પાલનપોષણ આ માતૃભૂમિની વહાલસોયી માટીમાં થયું. હું માત્ર યતિ જ નથી. હું ભારતીય યતિ છું.

માટે જ મારા દેશની વર્તમાન સ્થિતિના સંબંધે હું ઉદાસીન રહું, જો હું આ બાબતથી અલિપ્ત રહું તો હું કૃતઘ્ન કહેવાઈશ. સંન્યાસીએ કોઈ વિશિષ્ટ વાત કે વ્યક્તિ વિષે અલિપ્ત રહેવું જોઈએ, પરંતુ તેણે ભાવનાશૂન્ય અને કરુણાહીન ન બનવું જોઈએ. આ જ ભાવનાથી આજે હું આવાહન કરું છું.

સ્વામીજી કહે છે....

'શાસ્ત્રોમાં લખ્યું છે. કળિયુગમાં જ્યારે દુરાચાર વધશે, ત્યારે ઈશ્વર સ્વયં આવીને કળિયુગને નષ્ટ કરીને સત્યયુગની સ્થાપના કરશે.'

ભગવાને આ વિરાટ રૂપનું આ પ્રમાણે વર્તન કર્યું છે.

'નમોસ્તવનન્તાય સહસ્રમૂર્તયે સહસ્રપાદશિરોરુબાહવે' હજારો હાથ અને હજારો પગવાળો આ ભગવાન બીજો કોઈ નથી, જનતા જનાર્દન જ છે. અસત્ તત્ત્વોને નષ્ટ કરીને ધર્મ સંસ્થાપનાનું કાર્ય પોતાનાથી જ આરંભ થાય છે. તે દૈવી સત્તા આપણા સૌમાં છે. આપણે બધાં ભગવાનનું વિરાટ સ્વરૂપ જ છીએ. આજે ભારતમાતાની એક જ માંગ છે. તેનાં સંતાનો તેના ઉપર આવેલા દુરાચાર-ભ્રષ્ટાચારના સંકટને દૂર કરે.''

## [૬૨]

ઈ.સ. ૧૯૯૯નું વર્ષ પૂરું થાય ત્યારે એક દશક, એક શતક અને એક હજાર વર્ષનું આવર્તન પૂરું થવામાં હતું. આ પવિત્ર પ્રસંગે દિવ્ય જીવન સંઘનું આંતરરાષ્ટ્રીય સમ્મેલન થાય, તેવી વાત ભક્તોના મનમાં ઉભરાવા લાગી. આ કામ ખૂબ જ મોટું અને જવાબદારીભર્યું હતું. મહારાષ્ટ્રની મુંબઈ શાખાએ આ જવાબદારી પોતાને માથે લીધી. સ્વામીજીના આશીર્વાદ અને સહમતિ સાથે આંતરરાષ્ટ્રીય સમ્મેલનની તૈયારીઓનો પ્રારંભ થયો. દુનિયાના ચારે ખૂણેથી લોકો આવવાના હતા. તેમના નિવાસ, ખાન-પાન આવાગમનની વ્યવસ્થા કરવાની હતી. શિવાનંદ આશ્રમથી બધા સન્માનનીય સાધુ-સંતો પધારવાના હતા.

આ એક દિવ્ય અવસર હતો. મુંબઈના સુપ્રસિદ્ધ ક્રૉસ મેદાન પર આ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. માનો કે સ્વામી શિવાનંદજીના તમામ દીકરા, દીકરીઓ, પૌત્ર-પૌત્રીઓ સમ્મિલિત થવાના હતા. દેશ, ભાષા, ધર્મ, વર્ણથી પર સૌ એકમેકને ખૂબ જ સદ્‌ભાવથી જોતાં હતાં. જાણે કે વડલાની બધી વડવાઈઓ... એક જ પરિવારનાં પરિજનો.

કૈલાસ પીઠાધીશ્વર મહામંડલેશ્વર શ્રીમત્ સ્વામી વિદ્યાનંદગિરિજી મહારાજે આ સમારોહનું ઉદ્‌ઘાટન કરતાં કહ્યું, 'આપણે જે પણ આધ્યાત્મિક કે સત્કાર્ય કરીએ છીએ, તેનો સંદેશ લોકલોકોતરમાં પહોંચે છે. મને ખાતરી છે કે, આ સમારોહની વાત માત્ર ભૂલોકમાં જ નહીં પરંતુ અન્ય લોકોમાં પણ થશે.

ત્રણેય દિવસ અનેક કાર્યક્રમો થયા. અનેક સાધુ-સંતોએ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા. સ્વામી ચિદાનંદજી પણ સવાર સાંજ ત્યાં ઉપસ્થિત રહેતા હતા. એકવીસમી સદીમાં તૃતીય સહસ્ર આવર્તનમાં પ્રવેશ કરતી વખતે સ્વામીજીએ કહ્યું, આપણે 'હું અને તુંની ભાષા છોડીને 'આપણે' શબ્દ બોલતાં શિખવો જોઈએ. હળીમળીને રહેવું જોઈએ.' મહારાષ્ટ્ર અને મરાઠી સંતો વિષે સ્વામીજી સદૈવ ઉદારતાથી કંઈક કહેતા જ હોય છે. આ સભામાં પણ તેમણે સમર્થ રામદાસજીના દાસબોધ ગ્રંથમાંથી વાતો કહી. દયા અને કરુણાના આદર્શ રાજા દિલીપ, ભગવાનમાં અતૂટ વિશ્વાસ ધરાવનાર માર્કંડેય ઋષિ, સતીત્વનાં આદર્શ માતા જાનકી, સતી અનસૂયા અને સાવિત્રી, દૃઢ સંકલ્પ ધારી રાજા ભગીરથ... અને કહ્યું આમના સૌના આદર્શોને આપણે જીવનમાં અપનાવવા જોઈએ.

એકત્રીસ ડિસેમ્બરની રાત્રે બાર વાગ્યે જ્યારે સમગ્ર મુંબઈ નશા, નાચગાન અને શોરબકોરમાં ડૂબેલું હતું... ત્યારે આ બધાંથી અલગ શિવાનંદ પરિવાર ગહન ધ્યાન અને આત્મચિંતનમાં ખોવાઈ ગયો હતો. દુનિયાના મેળા વચ્ચે પરંતુ મેળાથી પર... પદ્‌મપત્ર વિભાંવસા.

સમારોહ પૂરો થયો. સૌ પોતપોતાને ઘેર જવા લાગ્યા. સમગ્ર ભારતમાંથી આવેલા શિવાનંદ પરિવારના સંન્યાસીઓ પણ પોતપોતાના આશ્રમમાં પાછા ફરવા લાગ્યા.



સ્વામી શિવાનંદજી મહારાજના અતિશય વહાલા શિષ્ય સ્વામી દેવાનંદજી હૈદરાબાદ જવાના હતા. સ્વામી દેવાનંદજીએ આઠ વરસની ઉંમરે ગૃહત્યાગ કર્યો હતો. તેર વર્ષની વયે તેઓ આંધ્રપ્રદેશથી શિવાનંદ આશ્રમ આવ્યા હતા. ત્યારથી તેમણે શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજીનું શરણ સ્વીકાર્યું હતું. શ્રી સદગુરુદેવની શિવાનંદ કુટીરમાં તેમનું સાયં કીર્તન ખૂબ જ સુપ્રસિધ્ધ બન્યું હતું. તેમનો શારીરિક બાંધો ખૂબ જ ઓછી ઊંચાઈનો હતો, તેથી તેઓ 'ચિન્નાસ્વામી' નાના સ્વામીના નામે પણ ઓળખાતા. ઉત્સાહ, ઉમંગ અને સ્ફૂર્તિનું તેઓ મૂર્ત સ્વરૂપ હતા. જ્યારે સ્વામી દેવાનંદજી હૈદરાબાદ જવા લાગ્યા ત્યારે સ્વામી ચિદાનંદજીએ કહ્યું : 'હું પણ તમારી સાથે જ હૈદરાબાદ આવું છુ.' સમગ્ર સમારોહમાં ઉત્સાહથી ભાગ લેનાર સ્વામી દેવાનંદજીને દેખીને કદાચ સ્વામી ચિદાનંદજીને આનંદ થયો હોય, એમ કદાચ કોઈને લાગ્યું હોય, પરંતુ સ્વામી ચિદાનંદજીને ખબર હતી કે તેઓ હૈદરાબાદ શા માટે જાય છે. હૈદરાબાદમાં છઠ્ઠી જાન્યુઆરીએ સ્વામી દેવાનંદજી બ્રહ્મલીન થયા. સ્વામી દેવાનંદજીનું સદ્‌ભાગ્ય હતું કે તેમના મહાનિર્વાણ સમયે તેમના વડીલ ગુરુભાઈ દેવતા પુરુષ સમા સંત તેમની સાથે હતા. સ્વામીજી માટે શું કહેવું ? સદ્‌ગુરુદેવે કેટલાં કઠોર કર્તવ્ય તેમના વિશ્વસ્ત વહાલા શિષ્યને સોંપ્યાં હશે ?

સ્વામી ચિદાનંદજીએ પોતાને શિરે આવેલું કર્તવ્ય ખૂબ જ સારી રીતે નભાવ્યું. હૈદરાબાદ અને સમગ્ર આંધ્રપ્રદેશમાં સ્વામી દેવાનંદજીના અગણિત શિષ્યો હતા. તેમની સૌની ઈચ્છા પ્રમાણે સ્વામી દેવાનંદજી જન્મસ્થળ કોત્તવાલસા-કોત્તપેંટા ખાતે તેમને ભૂસમાધિ આપવામાં આવી-ત્યાં પાછળથી સુંદર સમાધિ સ્થળનું નિર્માણ થયું. હવે દેવાનંદજીનું સ્મારક આંધ્રપ્રદેશમાં ચિરસ્થાયી થયું. પરંતુ દિવ્ય જીવન સંઘના સદસ્યોના મનમાં સ્વામીજીનાં સુમધુર ભજનો સદૈવ ગુંજતાં જ રહેશે. સ્વામી દેવાનંદજીની વિદાયથી આશ્રમ થોડા દિવસો માટે સૂનો થઈ ગયો.

## ૧૨

# સ્વામી કૃષ્ણાનંદજીનું મહાપ્રયાણ અને સ્વકીય પ્રયાણનાં એંધાણ

**[૬૩]**

એ જ દિવસોમાં દિવ્ય જીવન સંઘના મહામંત્રી શ્રીમત્ સ્વામી કૃષ્ણાનંદજીનું સ્વાસ્થ્ય પણ બહુ સારું રહેતું ન હતું. તેમણે તેમના જનરલ સેક્રેટરી પદેથી રાજીનામું આપ્યું. તેમની નાદુરસ્ત તબીયતને જોઈને તેમનું રાજીનામું સ્વીકારવા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. સ્વામી જીવન્મુક્તાનંદજીને તે સેવાનો ભાર સોંપવામાં આવ્યો. આશ્રમમાં પૂર્વવત્ વ્યવસ્થા ચાલતી રહી.

સાધારણ દૃષ્ટિએ ચિદાનંદ સ્વામી એટલે સાક્ષાત્ ચૈતન્યનું પ્રતીક. દેહમાં રહેતા હોવા છતાં તેઓની અવસ્થા વિદેહીની હતી. તેમની ઈચ્છાશક્તિને પરબ્રહ્મના સત્સંકલ્પનું બળ હતું. પરંતુ હવે તેમને પણ શરીરના થાકનો અનુભવ થવા લાગ્યો. એંસી વર્ષના આયુષ્ય પછી તબીબી સારવારની વારંવાર આવશ્યકતા જણાવા લાગી. તેમના શરીરમાં આવશ્યક શલ્ય ચિકિત્સાઓ પણ કરવામાં આવી. સ્વામીજીએ મનમાં કંઈક ગંભીર વિચાર કર્યો અને વિશ્વભરના સાધકોને સંબોધીને એક પત્ર લખ્યો. આ પત્રમાં લખ્યું કે હવે તેઓ જનસમ્પર્કથી દૂર રહેશે.



તેમણે વ્યક્તિગત મુલાકાતો બંધ કરી. મંત્રદીક્ષા આપવાનું બંધ કર્યું. સ્વામીજીના અવાજમાં ટેપ કરાયેલા મંત્રો અને સૂચનાઓ દ્વારા મંત્રદીક્ષા આપવામાં આવી. હવે તેઓ વર્ષમાં બે ચાર વખત વિશેષ ઉત્સવોમાં જ ઉપસ્થિત રહેવા લાગ્યા. આશ્રમના અધ્યપદના કામને પણ તેમણે સીમિત કરી નાખ્યું. દૂર ઉત્તરકાશી જઈ એકાંતમાં રહેવા લાગ્યા. તેમનું સન્યસ્ત જીવન વધુ નિવૃત્ત થઈ ગયું. શિષ્યોનાં મનમાં એક બેચેની વધવા લાગી. શું સ્વામીજી તેમનાથી દૂર જઈ રહ્યા હતા.

જી ના.

એક ગુરુ પોતાના શિષ્યથી કદીયે દૂર થઈ શકતો નથી. જો શિષ્ય વાસનાથી મુક્ત ન થાય તો તેણે વારંવાર જન્મ લેવો પડે છે. પરંતુ તેના સૂક્ષ્મ દેહમાં સ્થિત ગુરુ તેના પ્રત્યેક જન્મમાં ભાવ રુપે તેની સાથે જ રહે છે. જ્યાં સુધી શિષ્ય મુક્ત નથી થતો, ગુરુ તેની સાથે જ રહે છે. માતા તો તેના પુત્રની ચિંતા એક જન્મ પૂરતી જ કરે છે, પરંતુ ગુરુ તો તેની જીવનનૌકાને ભવસાગર પાર કરાવે જ છે. એવા પરમ દયાળુ ગુરુ પોતાના શિષ્યોથી દૂર કેવી રીતે થઈ શકે ? છતાં હવે સ્વામીજીને મળવાનું, તેમનાં દર્શન કરવાનું દુષ્કર થતું ગયું. સ્વામીજી વગર આશ્રમ સૂનો થતો ગયો.

બસ, હવે ઓરિસ્સામાં દિવ્ય જીવન સંઘનું બીજું વૈશ્વિક સમ્મેલન થવાનું હતું. તેમાં ફરીથી જાહેરમાં સ્વામીજીનાં દર્શન થશે.

**[૬૪]**

ઓરિસ્સામાં દિવ્ય જીવન સંઘના સમ્મેલનની તૈયારી તડામાર ચાલતી હતી. સ્વામી ચિદાનંદજી સ્વયં આ સમ્મેલનમાં માર્ગદર્શન માટે એક મહિના પહેલાં આવીને રહ્યા હતા, તેથી સમજી શકાય કે કાર્યકર્તાઓનો ઉત્સાહ હર્ષોલ્લાસ ઉછાળા મારે જ.

અહીં આશ્રમમાં સમગ્ર દૈનિક પ્રવૃત્તિ પૂર્વ નિયોજિત ક્રમ પ્રમાણે જ ચાલતી હતી. જેમ બધું સદ્‌ગુરુદેવના સમયમાં થતું હતું તે જ પ્રમાણે આશ્રમ કાર્યનિરત હતો. બ્રાહ્મમુહૂર્તમાં સમાધિ મંદિરમાં પ્રાર્થના અને ધ્યાન, છ વાગ્યે વિશ્વનાથ મંદિરમાં પૂજા, નવ વાગ્યે સદ્‌ગુરુદેવના

સમાધિ મંદિરમાં પૂજા, સવારે અગ્યાર વાગે અન્નપૂર્ણામાં ભોજન, બપોરે ચાર વાગ્યે લાયબ્રેરીમાં મહિલાઓ માટે માતૃસત્સંગ, સાંજે મંદિરોની આરતી, ગુરુદેવ કુટીરનો સત્સંગ, ગંગા આરતી અને રાત્રે ફરીથી સમાધિમંદિરમાં સત્સંગ. બપોરની ચા અને સાયં ભોજન, હોસ્પિટલમાં સેવા.... વગેરે બધું જ પૂર્વવત્ હતું. ઓરિસ્સામાં રહેવા છતાં સ્વામીજી આશ્રમના કાર્યક્રમો અને ગતિવિધિઓ વિષે ધ્યાન રાખતા હતા. પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી કૃષ્ણાનંદજી મહારાજના નાદુરસ્ત સ્વાસ્થ્ય સંબંધી તેઓ બહુ જ ચિંતિત હતા. હવે પડખું ફેરવવા માટે કે હાથ પગ સીધા કરવા માટે પણ તેમને મદદની જરૂર પડતી હતી. તેમણે પણ હવે લોકોને મળવાનું બંધ કરી દીધું હતું.

છતાં કૃષ્ણાનંદજીના મનમાં ન હતી શરીરની ચિંતા કે ન હતી પોતાની વ્યાધિની ચિંતા. તેમણે તો તેમની રુગ્ણતાને સાક્ષીભાવથી સહન કરી. શારીરિક વ્યાધિ વચ્ચે પણ તેમનું મન ઈશ્વરના વિશ્વરૂપમાં જ નિહિત રહેતું, અને તે સિવાય જો કોઈ વિચાર ઉપજતો તો તે એ જ કે માનવ જાતિનું ભવિષ્ય કેવું થશે ? માનવ મનમાં જે વિકાર ઉપજે છે, તેનું નિદાન શું ?

સ્વામી ચિદાનંદજીને યાદ આવ્યું, કોઈ એક સામાન્ય લેખિકાને કૃષ્ણાનંદજીએ પૂછ્યું હતું...

'જુઓ ધર્મને માટે જે ક્લેશ થઈ રહ્યો છે, તે હવે સમગ્ર વિશ્વના અહંકારનો પ્રશ્ન છે. અમેરિકાના પ્રેસિડેન્ટ બુશ અને ઓસામા બિન લાદેન વચ્ચેના સંઘર્ષનું પણ આ જ પ્રમુખ કારણ છે. બોલો તમો આ સમસ્યાનું સમાધાન કેવી રીતે કરશો. આ ધાર્મિક ક્લેશના નિવારણ માટે તમારી પાસે શું ઉપાય છે ? દુનિયામાં શાંતિ લાવવા માટે તમો શું વિચારો છો ?'

તે મહિલા આ જટીલ પ્રશ્નોના શું જવાબ આપી શકે ? જેણે પોતે જ પોતાના મનોવિકારો ઉપર કાબૂ ન મેળવ્યો હોય તે વિશ્વશાંતિની સલાહ કેવી રીતે આવી શકે ? પરંતુ કંઈક જવાબ તો આપવો જરૂરી હતો, અન્યથા સ્વામીજીનો અનાદર થઈ જાય. તે થોડું અકળાઈને



બોલી... 'હું મારાં લેખનમાં સર્વધર્મસમભાવનો પ્રસાર કરું છું.'

'કંઈ થતું નથી. કંઈ જ નહીં. સૌના મનમાં ઢગલાબંધ પૂર્વગ્રહોની ગ્રંથિઓ પડેલી છે. પછી ભલે તે હિન્દુ, મુસ્લિમ કે ખ્રિસ્તી હોય, સૌને સૌના પૂર્વગ્રહો છે જ.'

'આધ્યાત્મિકતાના આ અલૌકિક પથ પર મને ગુરુભાઈ પણ કેવા અલૌકિક મળ્યા છે.' સ્વામીજી વિચારી રહ્યા હતા.

'આ અધ્યાત્મપથે પણ કેવા સ્નેહસંબંધો છે. જેમને માયાનું બંધન તો નથી જ, પરંતુ લૌકિક મોહ કે પ્રેમથી પણ લિપ્ત નથી. છતાં આત્માનું આત્મા સાથે કંઈક તો અનુસંધાન છે જ.'

અને આ સંબંધ પણ કેવો ? આ તો અભિન્નત્વ છે. બંને ગુરુભાઈ હવે એવી સ્થિતિમાં છે, જ્યાં સમગ્ર વિશ્વ સાથે એકરૂપતા છે. તે અવસ્થામાં દેહનો અહેસાસ... દેહની સભાનતા તો નથી જ... પરંતુ મૃત્યુ સાથે પણ અલિપ્તતા ! એક નિરામય શાંતિ, એક અવિનાશી આનંદ, એક કદીયે ન અંધકાર પામે તેવો પ્રકાશ. જે કદીયે મલિન ન થાય તેવું જ્ઞાન. હવે બંને એકમેકને ચૈતન્યના રૂપમાં જ દેખે છે. આત્મસ્વરૂપને જાણે છે, માટે એકબીજાને આત્મસ્વરૂપ મળે છે. છતાં બંનેનાં શરીરો તો ભિન્ન છે તેથી દ્વૈત અને અદ્વૈતનો એક સાથે અનુભવ કરે છે. આ એક અનોખી મૈત્રી છે. સ્વામીજી આમ વિચારતા જ હતા કે એક શિષ્યે આવીને સમાચાર આપ્યા કે...

...ગુરુદેવ !... સ્વામી કૃષ્ણાનંદજી બ્રહ્મલીન થઈ ગયા.' ક્ષણભર માટે સ્વામીજ સ્તબ્ધ થઈ ગયા ત્યારે સ્વામીજી ઓરિસ્સામાં હતા. તેમણે કહ્યું, 'મને સ્વામીજીના સેવક સાથે વાત કરાવો.

સ્વામી કૃષ્ણાનંદજીના શિષ્યે કહ્યું,

'(ચોવીસ નવેમ્બર) આજે સવારે સ્વામીજી ખૂબ જ પ્રસન્નતાથી જાગ્યા. મને બોલાવીને કહ્યું, 'સત્યકામ ! ગુરુદેવ સ્વામી શિવાનંદજી આજે સવારે સ્વપ્નમાં આવ્યા. મને કહ્યું, બસ બહુ થયું. હવે ચાલો. જો સાંભળો... આજે મારો છેલ્લો દિવસ છે.' આ સંદેશ બહુ સ્પષ્ટ હતો. તેઓ પણ ઘણી દૃઢતાથી કહી રહ્યા હતા.

મધ્યાહ્ન ભોજન પ્રેમથી કર્યું. ત્રણ વાગ્યે ફરીથી અલ્પાહાર કર્યો. સ્વામી શિવાનંદજી મહારાજનું ગીતાજીનું પુસ્તક માગી આઠમો અધ્યાય અક્ષરબ્રહ્મયોગ ખોલીને વાંચવા લાગ્યા. સવા ચાર વાગ્યે કહે, મને પથારીમાં સુવાડી દો. ગીતાજી હાથમાં જ હતાં. મને આશીર્વાદ આપ્યા, અને બસ... આંખો બંધ કરી લીધી. સાડા ચાર વાગ્યે તેઓ બ્રહ્મલીન થઈ ગયા. સત્યકામનો કંઠ રુંધાઈ ગયો હતો. સ્વામીજીએ પણ નેત્રો બંધ કર્યાં; તેમની સામે દૃશ્ય ખડું થયું. સ્વામી કૃષ્ણાનંદજી શાંતિથી કેમ પોઢ્યા હશે...

'આપ તો સદા ભ્રમણમાં રહો છો; પરંતુ હું તો આશ્રમ છોડીને ક્યાંય જઈ શકતો જ નથી.' આવું તેમણે વિનોદમાં કહેલું, પરંતુ બંને એકમેકના સ્વભાવને જાણતા હતા. ગુરુદેવના બે અલગ અલગ સ્વભાવના પુત્રો... અને સેવાનો પ્રકાર પણ ભિન્ન ભિન્ન... એક લોકસંગ્રહ માટે સતત ભ્રમણશીલ... જ્યારે બીજા કર્તવ્ય કઠોર બુદ્ધિથી આશ્રમની વ્યવસ્થાની પૂરેપૂરી જવાબદારી સંભાળીને સ્થિત સ્થિર થઈને બેઠેલી વિભૂતિ. આજે સાઠ વરસમાં સ્વામી કૃષ્ણાનંદજીએ પ્રથમવાર મહાયાત્રા દ્વારા આશ્રમમાંથી પ્રયાણ કર્યું. સ્વામી ચિદાનંદજીએ મનથી જ તેમની સ્મૃતિઓને પ્રણામ કર્યા. બે વર્ષ પૂર્વે સ્વામી દેવાનંદજીને વિદાય કર્યા હતા... અને હવે સ્વામી કૃષ્ણાનંદજીનું મહાપ્રયાણ... આંખો બંધ કરીને સ્વામીજીએ સાગર સમાન પોતાની ગંભીરતાને મનના વિરાટ માળખામાં સમેટી લીધી. સૂચનાઓનો દોર ચાલ્યો. વિશ્વનાથ મંદિરમાં વિશેષ પૂજાઓ પ્રારંભ થઈ. શ્રીમદ્ ભાગવત પાઠનો આરંભ થયો. અખંડ નામસંકીર્તન શરૂ થયું. પચ્ચીસ તારીખના અભિજાત મુહૂર્તમાં સ્વામીજીની અંતિમયાત્રાનો પ્રારંભ થયો. સ્વામી કૃષ્ણાનંદજીના શરીરને ગંગાજળથી સ્નાન કરાવવામાં આવ્યું. વૈદિક મંત્રોચ્ચાર સાથે નૂતન વસ્ત્ર ધારણ કરાવી, ગંધ લેપન ચંદન, ધૂપ દીપ કર્પૂર આરતી પુષ્પમાળાઓથી સુશોભિત તેમની પાલખીને ગંગાતટે લાવવામાં આવી. શિવાનંદ ઘાટ સુધી પાલખી આવી ત્યારે સમગ્ર માર્ગે હરિકીર્તનની હેલી જામી. ઢોલ, મંજીરા અને કરતાલ તથા શંખધ્વનિ અને ઘંટારવ વચ્ચે



શોભા એવી થઈ હતી કે જાણે પરમાત્માની પાલખી આવતી હોય. ગંગાતટે ફરીથી પુરુષસૂક્ત અને નમકમ્ ચમકમ્ મંત્રો વડે ગંગાજળ, દૂધ ઇત્યાદિ દ્રવ્યોથી અભિષિક્ત કર્યા બાદ સુશોભિત નૌકામાં તેમના પાર્થિવ દેહને લઈ જઈને હરિ ૐના નાદ સાથે ગંગાનાં ઊંડા નીરમાં ગંગાની મધ્ય ધારામાં વિસર્જીત કરવામાં આવ્યો. વાતાવરણમાં એક સન્નાટો વ્યાપી ગયો હતો. વિરહનું દુઃખ હતું, છતાં અંતિમ દર્શનની કૃતાર્થતા પણ હતી... એક દિવ્ય અનુભવ હતો.

હૃષીકેશમાં સ્વામી કૃષ્ણાનંદજીનો દેહ ગંગાને અર્પણ થયો, અહીં ચિદાનંદ વિહાર, ઓરિસ્સામાં સ્વામીજી ગુરુદેવ અને કૃષ્ણાનંદજી વિશે વિચારતા હતા...

**મનોબુદ્ધ્યહંકારચિત્તાનિ નાઽહં ન ચ શ્રોત્રજીહ્વે ન ચ ઘ્રાણનેત્રે ।**
**ન ચ વ્યોમભૂમિર્ન તેજો ન વાયુઃ ચિદાનંદરૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્ ॥**

સ્વયં જ્ઞાનરૂપ પ્રાપ્ત ચિદાનંદજીને હવે આ ચિરંતન અનુભવ છે. સ્વામી કૃષ્ણાનંદ નામનું ગંગામાં અર્પણ થયેલું શરીર અને સ્વામી ચિદાનંદ નામ ધારણ કરી અહીં ઓરિસ્સામાં બેઠેલું શરીર આ બધું માયા જ છે. તે પણ સત્ય ન હતું. આ પણ સત્ય નથી. સત્ય છે એક વિશ્વવ્યાપી ચૈતન્ય... જેનું અસ્તિત્વ ચિરંતન છે. છતાં ચૈતન્યનો એક અંશ જે તે શરીરમાં રહેતો હતો તે હવે નિર્ગુણ થઈ ગયો અને એક અંશ હજુ આ શરીરમાં અનેક કર્તવ્ય કરવા માટે બંધાયેલો છે. ક્ષણભર માટે મનમાં એક સ્પંદન તો જાગ્યું જ હતું. એટલામાં હવાનો એક ઝપાટો આવ્યો, જાણે કે કૃષ્ણાનંદજી કેમ ન કહી રહ્યા હોય, 'અરે ! બીજા લોકો તો વ્યાકુળ થાય તે સમજી શકાય તેમ છે, પણ સ્વામી ચિદાનંદજી તમો પણ ! અને સ્વામી ચિદાનંદજીના મનમાં શબ્દોની વણઝાર ચાલી...

**અહં નિર્વિકલ્પો નિરાકાર રૂપો વિભુર્વ્યાપ્ય સર્વત્ર સર્વેન્દ્રિયાણામ્ ।**
**સદા મે સમત્વં ન મુક્તિર્ન બન્ધઃ ચિદાનંદરૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્ ॥**

સોળ દિવસ સુધી આશ્રમમાં ષોડશી માટેની તૈયારીઓ ચાલી. હૃષીકેશ-હરિદ્વારના વિશાળ સંત સમુદાયનો ભંડારો કરવામાં આવ્યો. સોળ વિશિષ્ટ સંતોની વિશેષ પૂજા અર્ચના દાન દક્ષિણા કરવામાં આવ્યાં.

તમામ સંસ્કાર ખૂબ જ આદર અને સન્માન સાથે સમ્પન્ન થયા.

ચિદાનંદજીએ ડિવાઈન લાઈફમાં સમગ્ર પ્રસંગનું શબ્દચિત્ર અદ્‌ભુત રીતે પ્રસ્તુત કર્યું. પરંતુ લેખની નીચે કે ઉપર લેખકનું નામ-પોતાનું નામ-ન લખ્યું, પરંતુ લેખકના શબ્દોમાં કૃષ્ણાનંદજી પ્રત્યે ભરેલા પ્યાર અને આદરથી જ જણાઈ આવતું હતું કે આ લેખ ચિદાનંદજીએ જ લખ્યો છે.

ઓરિસ્સામાં દિવ્ય જીવન સંઘનું વિશ્વસંમેલન સમાપ્ત થતાંની સાથે જ સ્વામીજી આશ્રમમાં પાછા ફર્યા. દેવાનંદજી અને કૃષ્ણાનંદજીની વિદાયથી આશ્રમ હજુ એ પ્રત્યાઘાતમાંથી બહાર આવ્યો ન હતો. પરંતુ સ્વામીજીના આશ્રમમાં પુનરાગમનથી સમગ્ર આશ્રમમાં માનો કે ચૈતન્યનો પુનર્જન્મ થયો. અનેક વર્ષો પછી હવે સ્વામીજી આશ્રમમાં સતત ત્રણ મહિના સુધી રહ્યા. આશ્રમના પ્રત્યેક દૈનિક કાર્યક્રમમાં તેમણે હાજરી આપી. આ દરમિયાન તેઓ ફરીથી દેશ કે વિદેશની યાત્રાએ ન પધાર્યા. આશ્રમમાં સૌને અચરજ તો થયું પરંતુ આનંદ પણ થયો. સવારની પ્રાર્થનાસભામાં ફરીથી તેમનાં દિવ્ય પ્રવચનોની અમૃતધારા વહેવા લાગી. એવું લાગતું હતું કે બહુ લાંબાગાળા સુધી ગૃહકાર્યમાં રોકાયેલી માતાને હવે સંતાન માટે થોડો સમય મળ્યો હોય. અને હવે બાળકને ખોળામાં લઈને તે શાંતિથી કેમ ન બેઠી હોય ? એ દિવસોમાં જ સ્વામીજીનું સ્વાસ્થ્ય ફરીથી બગડ્યું. ઉપચાર માટે તેઓ દહેરાદૂન આવ્યા. હવે તેઓ કોઈને મળતા ન હતા, કોઈ તેમને મળી શકતું નહીં. એવામાં એક દિવસે સ્વામીજીએ તેમના શિષ્ય પ્રણવસ્વરૂપાનંદજીને એક પત્ર આપ્યો. કહ્યું...

આ પત્ર મેં નવેમ્બર બે હજારમાં લખ્યો છે. તેને હવે સૌની જાણ માટે ઈન્ટરનેટ પર મૂકો અને દિવ્ય જીવનમાં પ્રકાશિત પણ કરો.

આ પત્રમાં શું લખ્યું હતું ?

સ્વામીજીના પ્રત્યેક શબ્દોથી લોકોએ આજ સુધી પ્રેરણા જ મેળવી છે. મનને શાંતિ અને ઉત્સાહ જ મળ્યાં છે. તેમના પ્રત્યેક શબ્દ સદૈવ મંત્રસ્વરૂપ વરદાન સ્વરૂપ અને જીવનદાયી જ નીવડ્યા છે. પરંતુ તે પત્રમાં સ્વામીજીએ જે કંઈ લખ્યું હતું તેથી દિવ્ય જીવનના શિવાનંદ પરિવારનો પ્રત્યેક સદસ્ય બેચેન થયો.



સ્વામીજીએ પોતાની મહાસમાધિ સંબંધી સૂચના આપી હતી. તેમાં કહ્યું હતું : ‘જ્યારે પણ હું આ દેહનો ત્યાગ કરું, ત્યારે કોઈ પણ સમારોહ કરવામાં ન આવે. તેની ભૂસમાધિ પણ કરવામાં ન આવે. આ દેહ જ્યાં પડે, ત્યાંથી નિકટ દેહના વિલય પછી ત્રણ જ કલાકમાં વહેતા પાણીમાં તેને જળસમાધિ આપી દેવામાં આવે. દેહને દર્શન માટે ન રાખવામાં આવે, અને જળસમાધિ આપતી વખતે મારા નામનો જયજયકાર ન કરવામાં આવે... મારા નામનું ઉચ્ચારણ પણ ન કરવામાં આવે. દેહવિલયના સમાચાર કોઈને પણ કોઈએ પણ ફોન, પત્ર કે ઈ-મેઈલ દ્વારા ન આપવા. આવતા મહિનાના ડિવાઈન લાઈફ અંકમાં જ આ સમાચાર ભક્તોની સૂચનાર્થે જણાવવા.

આ દેહ પર ઈશ્વર અને મારાં માતા-પિતાનો હક છે. તદુપરાંત મારો પોતાનો હક છે, કારણ કે આટલાં વર્ષોથી હું આમાં વસી રહ્યો છું. આ દેહના સાધનનો મેં ઉપયોગ કર્યો છે. માટે આ દેહ સંબંધી મેં જે અને જેમ કહ્યું છે, તે અને તેમ જ કરવું. સમાધિ પછી સાધુ, સંતો, બ્રાહ્મણો, ગરીબ બાળકો, અથવા તો આશ્રમની આજુબાજુના ગરીબ ભિખારીઓ કે કુષ્ઠરોગીઓ, પશુપંખીઓને અન્નદાન કરવું.

મુનિ-કી-રેતીમાં ચાલતી શાળાના બાળકો, શિક્ષકોને સંતોષથી જમાડવા. આશ્રમની સાથે આવેલી પોલીસ ચોકીના પોલીસ મિત્રોને મીઠાઈ અને ફળનો પ્રસાદ મોકલવો. ટેક્ષી, ટેમ્પો, રિક્ષા, ટાંગાવાળાઓને પણ જમાડવા.

આ સિવાય આ સાથે નીચે જણાવેલ પાંચેય વ્યક્તિઓને મારી સમાધિ સંબંધી કંઈ પણ કરવાનો અધિકાર નથી. તેઓ દૂરથી જોઈ શકે પરંતુ તેમણે કંઈ પણ કરવું નહીં.

(૧) શ્રી સ્વામી રામસ્વરૂપાનંદ સરસ્વતી
(૨) શ્રી સ્વામી શિવચિદાનંદ સરસ્વતી
(૩) શ્રી એચ.ડી. શર્માજી (ન્યુ દિલ્હી)
(૪) શ્રી કે. આરુમુગમ (પટ્ટમડાઈ)
(૫) શ્રી વી.એલ. નાગરાજ (બંગલુરુ)

વરસો પહેલાં હિમાલયની ગિરિકંદરાઓમાં તપ કરતી વખતે પણ અનંતમાં મળી જવાની ઇચ્છા સ્વામીજીના મનમાં જાગી હતી અને તે પણ કોઈને પણ જાણ કર્યા વગર એક ગુમનામની જેમ જ... તે સમયે ગુરુદેવે વિશ્વનું કાર્ય કરવા માટે તેમને બોલાવ્યા. આટલાં વરસો પછી તેમના મનમાં ફરીથી એ જ ભાવના જાગી હતી.

સ્વામીજીની આ સૂચના વાચતાં વાચતાં સૌ સાધકો ખેદ મિશ્રિત અચંબામાં પડી ગયા.

આજ સુધી જીવનયાપન માટે સીધી સાદી સરળ સૂચનાઓ આપનાર સ્વામીજીએ કેવી કઠોર સૂચનાઓ આપેલ હતી. તેમની વિદાય સમયે જીભ ઉપર તેમનું નામ નહીં લેવાનું... તે માટે કેટલો કઠોર સંયમ કરવો પડશે ? અને દૂર દૂરના સાધકોને તો આ સૂચના મળશે 'ડિવાઈન લાઈફ' માસિક દ્વારા... અને તેમનું કોઈ સ્મૃતિ મંદિર કે સમાધિ મંદિર પણ નહીં ?

ન યાદગાર સ્થળ !!!

સ્વામીજી તો માત્ર બે કલાકમાં જ જળસમાધિ આપી દેવાનું કહેતા હતા. પરંતુ સ્વામીજીના અંગત સેવકોએ બેને બદલે ત્રણ કલાકનો સમય માગ્યો. આ બધા હતા સદૈવ સ્વામીજીની સાથે તેમની સેવાર્થે રહેતા હતા તે... તેમનાં જીવનની સાધના કે આરાધના એ માત્ર સ્વામીજીનું નામ જ હતું. કદાચ સ્વામીજીની સૂચનાઓનું પાલન કરવાનું સૌથી વધારે મુશ્કેલ તો તેમને માટે જ હતું. અને કદાચ એટલા માટે જ સ્વામીજીએ તેમને સમાધિના સર્વ અધિકારથી વંચિત રાખ્યા. માતાની ગેરહાજરીમાં જે દીકરો વધુ આક્રંદ કરવાનો હોય તેનાથી જ સંતાઈ-લપાઈને માતા ઘરમાંથી બહાર નીકળે છે ને ?

આ સૂચનાપત્ર વાંચીને ભાવિક ભક્તોએ નિર્ણય કર્યો કે સમગ્ર વિશ્વમાં શિવાનંદ પરિવારનાં સૌ ભક્તો ચોવીસ કલાક અખંડ મૃત્યુંજય મંત્રનો જપ કરે. ઇન્ટરનેટ પર આ સૂચના વહેતી થતાં જ ભૂમંડળના સાતેય ખંડોમાં અડતાલીસ કલાક મૃત્યુંજય મંત્રના જપ થયા. ગ્રીનીચ રેખા સાથે ઘડિયાળ મેળવી સૌ સત્ સંકલ્પ થયા કે કોઈ પણ પળ જપ



વગર ખાલી ન રહે. એકમેકને ઓળખતા ન હોય, અપરિચિત, જુદા દેશ, જુદા વેશ, જુદા રાષ્ટ્રોના સૌ ભક્તો... અમો સૌ એક જ પિતાનાં સંતાન છીએ તેવા ભાવથી સ્વામીજી માટે મૃત્યુંજય મંત્રનો અખંડ જપ કરવા લાગ્યા. નિર્ધારિત જપ માટે કલાકો પૂરા થયા પરંતુ પ્રાર્થના અને જપ તો અખંડ ચાલુ જ રહ્યાં.

સાગરમાં મળેલી નદીઓએ આ વાત ગંગાજીને કહી અને ગંગા ધન્ય થઈ ગઈ. તેની લહેરો ગણગણતી હતી.

આ તો સ્વર્ગમાં ખીલેલું પુષ્પ છે. સાકેત પુષ્પ. જે ચિદાનંદ નામ ધારણ કરીને ધરતી પર ખીલ્યું છે.

**સાકેત પુષ્પ આ કેમ ધરતી પર આજ ખીલ્યું છે ?**
**કે ચિદાનંદ થઈને ઈશ્વર જ અવતરણ કરી આવ્યા છે ?**
**આંખોથી કરુણાનો આ શ્રાવણ વરસતો આવ્યો.**
**જીવનમાં આશાઓનાં પુષ્પોની તે સુગંધ લાવ્યો.**
**અમે તો ચકોર, આ ચંદ્રમા ચાંદની જ્ઞાનની લાવ્યો.**
**જે ખલ, અજ્ઞાની નિર્બળ પર પણ નીતરી રહી છે.**
**વાણીમાં ધૂન પ્રણવની કે જેથી જગ જાગી રહ્યું છે.**
**અનમોલ બોલ આ જેમાં મંત્રોનું સાત્ત્વિક બળ છે.**
**નિદ્રાધીન, વિસ્મિત માનવમાં વ્યક્તિત્વ નૂતન નીતર્યું છે.**
**જ્યારે અમરત્વથી તેણે માનવની દોરી તેમાં બાંધી છે.**
**આ જ્ઞાનરવિ અર્પે છે આલોક જે સ્વકીયનો**
**ધર્મના વાડાઓની વાડથી નથી હાર કદી તેણે માની.**
**ભલે માર્ગ હો જુદા પણ, મંજીલ તો સૌએ છે મેળવવાની**
**સંદેશ પ્રેમ-સેવાનો સૌને તેમાંથી જ મળ્યો છે.**
**આ પુષ્પ સ્વર્ગથી ઊતર્યું, ધરતી પર ડોલી રહ્યું છે.**
**જેના દર્શનથી સઘળા ભવભય પણ ભૂલી રહ્યા છે.**
**વિશ્વાસ છે આ, છે આશા, છે આ પરિમલ શ્રદ્ધા તણો;**
**આ ભારતભોમનાં સઘળાં પુણ્યોનું અમૃતફળ છે.**

ગંગાજી મનમાં જ કદાચ ગણગણતાં હશે;

નેત્રાવતી, જુઓ, આ તમારો દીકરો, તમે મારે ખોળે પોઢાડ્યો છે. આજે તે કેટલો મોટો થઈ ગયો છે. આજે મારું જળ તેનાં ચરણોનાં સ્પર્શથી તીર્થ બન્યું છે.

સ્વયં ગંગા જેને પરબ્રહ્મ માને છે, તે સ્વામી ચિદાનંદજી આજે પણ ગંગામૈયામાં પગ સ્પર્શ કરતાં પૂર્વે એક લોટો ગંગાજળ લઈને દૂર જઈને પોતાના પગ ગંગામૈયાને પ્રણામ કરીને ધોયા પછી ગંગામાં પગ મૂકે છે. આજે પણ તેઓ જ્યારે તેઓ પ્રાર્થના કરે છે, ત્યારે તેમના શ્રીમુખમાંથી શબ્દો ઝરે છે...

**હે પ્રભો ! મને શાંતિનું વાહન બનાવ.**
**જ્યાં ઘૃણા હોય, ત્યાં સ્નેહસિંચન કરું.**
**જ્યાં આઘાત હોય ત્યાં ક્ષમા**
**જ્યાં વિસંવાદ હોય; ત્યાં એકાત્મતા**
**જ્યાં શંકા હોય, ત્યાં શ્રદ્ધા**
**જ્યાં નિરાશા હોય, ત્યાં વિશ્વાસ**
**અને જ્યાં દુઃખ હોય ત્યાં શાશ્વત ચિરંતન આનંદ !**
**હે શ્રેષ્ઠ પ્રભો ! વરદાન આપો કે**
**હું એટલી પણ આશા ન રાખું; સાંત્વનાની કે**
**જ્યાં સાંત્વના કરવાની હોય.**
**જેટલી સમજ લોકો કરે, તેથી વિશેષ સમજી લેવાનું; કારણ કે**
**બીજાઓને આપવામાં જ અમોને કંઈક મળે છે.**
**બીજાઓને ક્ષમા આપવામાં જ અમોને ક્ષમા મળે છે**
**અને મૃત્યુથી જ અમને ચિરંતન જીવન પ્રાપ્ત થાય છે.**

'સેન્ટ ફ્રાન્સિસ !' પશ્ચિમનો વાયરો બોલ્યો !

'ઈસુ !' આફ્રિકન દેશોએ કહ્યું !

'પરવરદિગાર !' અરે ! આ તો ખુદા !' ઈસ્લામી રાષ્ટ્રો બોલ્યાં !

'જી ના ! આ તો સ્વામી ચિદાનંદ !' ગંગા સમગ્ર જગતને કહી રહી હતી.



## ૧૩

# દહેરાદૂનમાં બ્રહ્મલીન

**[૬૫]**

બીજી આંતરરાષ્ટ્રીય દિવ્ય જીવન પરિષદ અને પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી કૃષ્ણાનંદજી મહારાજના મહાપ્રયાણ પછી ત્રણેક મહિના શિવાનંદ આશ્રમ ખાતે રહી, સ્વામી ચિદાનંદ સ્વાસ્થ્ય સુવિધા અને ચિકિત્સા માટે દહેરાદૂન જઈને રહ્યા. ૨૪, તેગબહાદુર રોડ, શાંતિનિવાસ આરાઘર પાસે, શિવાનંદ આશ્રમને સ્નેહપ્રેમમાં મળેલ એક વિશાળ ભવન છે. ત્યાં શાંતિથી તેઓ રહ્યા. લોકોની અવરજવર, ભક્તોથી દૂર, સંસારને સમેટી, આશ્રમ સંચાલનની વ્યવસ્થાથી મુક્ત ધીરે ધીરે તેમની દુનિયા બહારથી અંદર તરફ સંકેલાતી ગઈ. લોકોને મળવાનું બંધ કર્યા પછી આહાર પણ બંધ જ કર્યો. સવારે બનાવેલી છાશનું નિતારેલું આછનું પાણી બપોરે એક ગ્લાસ-ગરમ કરીને પીતા.

ઈ.સ. બે હજારની બેની શિવરાત્રી પછી એક વખત સ્કંદષષ્ટિ ઉત્સવમાં છ દિવસ, એક શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની મહાનિશામાં મોહરાત્રીમાં, એકાદ વાર શિવરાત્રીની રાત્રે તેમનાં આકસ્મિક દર્શન થતાં, સૌ ભક્તોનાં હૃદયમાં આનંદની હેલી જાગતી.

ગુરુદેવ સ્વામી શિવાનંદજીની સ્મૃતિમાં વિશાળ સત્સંગભવનના

મંગળ ગૃહપ્રવેશ હેતુ ગુરુપૂર્ણિમામાં તેમનું આગમન થયું. આ સ-શરીરે પ્રાણમાં પ્રાણ ભરી તેઓએ અંતિમ દર્શન આપ્યાં અને કર્યાં. કાયા કૃશ થઈ ગઈ હતી. શરીર સેવકોના આધારે જ ઊભું રહી શકતું હતું. બેઠા પછી વાણી છૂટક છૂટક ત્રુટક ત્રુટક નીકળતી હતી. હજારો ભક્તોનો મહેરામણ આ દર્શન માટે મહિનાઓ અગાઉ આશ્રમમાં આવીને રહેલો.

તેમની સાધના અનવરત હતી. સૃષ્ટિનો પટ સંકેલાઈ રહ્યો હતો. સ્થૂળથી તેઓ સૂક્ષ્મ અને સૂક્ષ્માતિસૂક્ષ્મમાં પ્રવેશી રહ્યા હતા. તેમનો દેહ હવે માત્ર અસ્થિપીંજર થઈને રહ્યો હતો... અને એક સાંજે અઠ્ઠાવીસ ઓગસ્ટ બે હજારને આઠ (તા.૨૮-૮-૨૦૦૮)ના દિને આઠને અગિયાર મિનિટે તેઓએ સદા સર્વદા માટે આ દશ્યમાન ભૌતિક જગતમાંથી ‘યદ્‌ગત્વા ન નિવર્તન્તે તદ્‌ધામ પરમં મમ’ની મહાયાત્રા કરી.

રાત્રે તેમના દેહને હૃષીકેશ શિવાનંદ આશ્રમમાં લાવી, તેમની ઈચ્છા પ્રમામે બ્રાહ્મમુહૂર્તમાં જ સવારે પાંચ વાગ્યા પૂર્વે ગંગાનાં પવિત્ર જળમાં જળસમાધિ આપવામાં આવી. ગંગાએ આજ પવિત્રતાનો વિશેષ અનુભવ કર્યો.

સ્વામી ચિદાનંદજીનું શરીર રહ્યું નથી. ચેતના શાશ્વત છે.

તેમના અગણિત શિષ્યોમાં, તેમના સ્પર્શથી પાવન થયેલી પ્રત્યેક અટ્ટાલિકાની દરેક ઈંટોમાં તેઓ જીવંત છે. તેમનો પ્રાણ ધબકે છે. તેઓ અખંડ છે, કારણ તેમને આવાગમન જ નથી... તેઓ તો

*બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્*
*દ્વન્દ્વાતીતં ગગનસદશં તત્ત્વમસિ-આદિલક્ષ્યમ્ ।*
*એકં નિત્યં વિમલં અચલં સર્વધીસાક્ષીભૂતં,*
*ભાવાતીતં (એવા) ત્રિગુણરહિતં (તેવા) સદ્‌ગુરુને પુનઃ પુનઃ પ્રણામ.*
*ૐ નમો ભગવતે ચિદાનંદાય । ૐ નમો ભગવતે ચિદાનંદાય ॥*
***॥ ૐ નમો ભગવતે ચિદાનંદાય ॥***